પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH
FRIDAY, 10 NOVEMBER, 2023 Vol. 20, No. 43 Pages 64 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### કાયદાના ઘડતેયાઓ સામેના 5000 કરતા વધુ ફોજદારી કેસોની કાર્યવાહી પડતર રહેતાં કાર્યવાહી

# સાંસદો, MLA સામેના કેસ ઝડપી ચલાવવા SCનો નિર્દેશ

## જરૂર જણાય તો હાઈકોર્ટ ખાસ બેંચની રચના કરે : સુઓમોટો કેસ દાખલ કરવા તાકીદ : આરોપીને પુરાવા આધિન સજા કરવા સૂચન

**નવી દિલ્હી**

ભારતમાં કાયદાના ઘડવૈયાઓ સામેના ૫૦૦૦ કરતા વધુ ફોજદારી કેસોની કાર્યવાહી ઝડપી બને તે હેતુસરના એક નોંધપાત્ર આદેશમાં સર્વોચ્ચ અદાલતે ગુરુવારે વડી અદાલતોને જણાવ્યું હતું કે તેઓ આ કેસોના ઝડપી નિકાલ માટે તેમના પર દેખરેખ માટે એક ખાસ બેન્ચની સ્થાપના કરે. તેણે ખાસ અદાલતોને પણ જણાવ્યું હતું કે તેઓ આવી બાબતોમાં જવલ્લે જ બને તેવા અને મજબૂરીના કારણો સિવાય સુનાવણી મોકુફ રાખે નહીં.

અશ્વિની ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલ જાહેર હિતની અરજીની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે આ આદેશો જારી કર્યા હતા. આ અરજીમાં ફોજદારી કેસોમાં દોષિત ઠરેલા રાજકારણીઓ માટે આજીવન પ્રતિબંધ સહિત વિવિધ માગણીઓ કરવામાં આવી હતી. અરજી સંદર્ભે હાઈકોર્ટો, જિલ્લા જજો અને ધારા રચયિતાઓને લગતી



બાબતોની સુનાવણી માટેની સ્પેશ્યલ કોર્ટોને સંખ્યાબંધ આદેશો જારી કરતા સર્વોચ્ચ અદાલતે આદેશ આપ્યો હતો કે સંસદ, ધારાસભાઓ અને વિધાન પરિષદોના સભ્યો સામેના ક્રિમિનલ કેસોને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. હાઈકોર્ટના વિદ્વાન વડા ન્યાયમૂર્તિએ એક સુઓ મોટો કેસ રી ડેઝિગ્નેટેડ કોર્ટ્સ ફોર એમપીઝ/એમએમએઝના નામે સંસદ અને વિધાનસભાઓના સભ્યો સામે પેન્ડિંગ પડેલા ક્રિમિનલ કેસોના નિકાલ પર દેખરેખ રાખવા માટે નોંધવો જોઈએ એમ ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસો જે.બી. પારડીવાલા તથા મનોજ મિશ્રાની બેન્ચે પસાર કરેલા આદેશોમાંથી એક આદેશમાં જણાવાયું હતું. બેન્ચે જણાવ્યું હતું સુઓમોટો કેસ હાઈકોર્ટના ૨ ચીફ જસ્ટિસની અધ્યક્ષતા હેઠળની ખાસ બેન્ચ દ્વારા ચાલવો જોઈએ. ઉપરાંત તેઓને આરોપીને પુરાવા આધિન સજા કરવા સૂચન કર્યું હતું.

વાચકો તથા વિજ્ઞાપનદાતાઓને
સ્વદેશ
પરિવાર તરફથી
દિપાવલીના પર્વની
હાર્દિક શુભેચ્છા અને
નુતન વર્ષાભિનંદન

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

Happy Diwali & Prosperous New Year
In-Store biggest Diwali sale
Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

દિપાવલીની હાર્દિક શુભેચ્છા
સહ નૂતન વર્ષાભિનંદન
MARCHE Bhane
ગુજરાતીઓ માટે સ્ટોર
KIBI Basmati rice
તાજા ફળો તથા શાકભાજી મળશે
755 Jarry west, Montreal, Quebec
Tel: 514-271-2822

HAPPY DIWALI! MAY THIS FESTIVAL OF JOY BRINGS MORE HAPPINESS TO YOUR LIFE.
SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*Conditions apply ...... ASK NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph. : 416-890-3232
Email : sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS/ NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
SAVE MAX
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- urshilamehulrealtor@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

Royal Rajasthan
16 days 13 nights
All-inclusive price starts at
Cad 3587 pp occ dbl.
Including: Flights (from Toronto or Montreal) Hotels 4 and 5 stars all meals, guide and monuments fees
Visit: Delhi, Agra, Ranthambore, Jaipur, Deogarh, Udaipur, Ranakpur and Jodhpur.
Serving Canadians for over 22-years
Airline Tickets (worldwide) & Travel insurance, Indian passport renewal, OCI, Indian Visa, Surrender Certificate
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec Permis du Québec
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઑન્ટેરિયોમાં જોબ પોસ્ટિંગમાં સેલેરી રેન્જના સમાવેશની તૈયારી

## પ્રાંતમાં વસતા પુરુષોની કમાણીનાં દરેક ડોલર સામે મહિલાને સરેરાશ 87 સેન્ટની જ આવક

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો એમ્પ્લોયરોને જોબ પોસ્ટિંગમાં સેલેરી રેન્જનો સમાવેશ કરવાનું અને નોકરીની પ્રક્રિયા દરમિયાન એ.આઈનો ઉપયોગ કરવામાં આવે છે કે કેમ તે જણાવવાનું આયોજન કરી રહ્યું છે. લેબર વિભાગના મિનિસ્ટર ડેવિડ પિકિનીએ કહ્યું હતુ કે, આ ફેરફારો કાયદાનો ભાગ હશે, જે તેઓ ટૂંક સમયમાં રજૂ કરશે અને કામદારોને યોગ્ય નિર્ણય લેવામાં મદદ કરશે. પિકિનીએ એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, તે એક અસ્વીકાર્ય વાસ્તવિકતા છે કે, ઓન્ટારિયોમાં આજે મહિલાઓ પુરુષોની કમાણીનાં દરેક ડોલર સામે સરેરાશ 87 સેન્ટની કમાણી કરે છે. જોબ પોસ્ટિંગ સાથે સેલેરીની રેન્જનો સમાવેશ કરવાથી જેન્ડર પેનો તફાવત દૂર કરવામાં મદદ મળી શકે છે, વળી, એનાથી કંપનીઓને લાયકાત ધરાવતા ઉમેદવારોને ઝડપથી શોધવાની અને જાળવણીમાં સુધારો કરવાની તક મળે છે અને મજૂરની અછત દૂર કરવામાં પણ મદદ મળે છે.

પિકિનીએ તાજેતરમાં જ મોન્ટે મેકનૉટને રાજીનામું આપ્યા પછી અને સરકાર છોડ્યા પછી ફાઈલનો કબજો સંભાળ્યો છે અને નવો કાયદો બહાર પાડ્યો છે કે, એમ્પ્લોયર નોકરી શોધનારાઓને જ્યારે તેઓ AIનો ઉપયોગ કરી રહ્યા હોય ત્યારે તેમને



નોકરી પર રાખવાના નિર્ણયોની જાણ કરવાની પણ દરખાસ્ત કરે છે.

તેમણે કહ્યું કે, જે કાર્યકર આજે ઓનલાઈન જાહેરાત માટે અરજી કરે છે, તે રીઝ્યૂમ ઉપર મોકલવાની સેકન્ડમાં રિક્રુટરની AI સિસ્ટમ તેમને યોગ્ય ઉમેદવાર તરીકે પસંદ કરી શકે છે અને હજારો અન્ય અરજદારોની તપાસ કરી શકે છે. એઆઈ સિસ્ટમ્સ ઉંમર, લિંગ, જાતિ, ધર્મ, રાજકીય જોડાણ જણાવવામાં સક્ષમ છે અને કોઈના વ્યક્તિગત લક્ષણો કંપનીની સંસ્કૃતિ માટે યોગ્ય છે કે કેમ એ જોવા માટે તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનું મૂલ્યાંકન પણ કરી શકે છે.

તદુપરાંત નિષ્ણાતોને ડેટા સંગ્રહ અને પર્સનલ પ્રાઈવસી અંગે ખૂબ જ ચિંતા છે. પિકિનીએ એવી પણ જાહેરાત કરી કે, પ્રાંત કાર્યસ્થળ ઉપર જાતીય સતામણી, ગેરવર્તણૂંક અથવા હિંસાના કેસોમાં બિનશરતી કરારના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવાની વિચારણા કરી રહ્યો છે. તે કહે છે કે, નોન-ડિસ્ક્લોઝર એગ્રીમેન્ટ્સ (NDAs)નો ઉપયોગ પીડિતોને ચૂપ કરવા અથવા જવાબદારીને દૂર કરવા માટે ક્યારેય થવો જોઈએ નહીં.

# ઑન્ટેરિયોના બગીચાઓમાંથી સફરજનની નવી જાત આવશે, ફળ રસીયાઓને લાભ

### ઓક્ટોબરમાં પ્રાંતના પસંદગીના લોબ્લોઝ અને વોલમાર્ટ સ્ટોર્સમાં નવી જાતના સફરજનું નોંધપાત્ર વેચાણ

**ઓન્ટેરિયો**

હવે ઑન્ટેરિયોના એક બગીચામાંથી નવી જાતના સફરજન આવ્યાં છે. સ્નોવફ્લેક નામે ઓળખાતું આ સફરજન ગુલાબી-લાલ છાલ સાથે સફેદ ડાઘવાળું છે. બગીચાના સ્થાપકોમાંના એક કહે છે કે, તે એક અલગ છતાં વિશિષ્ટ સ્વાદ ધરાવે છે, જે રસદાર છે અને મીઠી ટેંજીનેસ ધરાવે છે.

આ નવી જાતનું ઓક્ટોબરમાં પ્રાંતના પસંદગીના લોબ્લોઝ અને વોલમાર્ટ સ્ટોર્સમાં વેચાણ વધુ હતું. જો કે, તેને ત્યાં પહોંચવામાં લગભગ બે દાયકા લાગ્યા હતા. કિર્ક કેમ્પના જણાવ્યા અનુસાર સફરજન નિયમિત રીતે ઉગાડવામાં અને લાયસન્સની



વિધિ તેમજ દક્ષિણ ઑન્ટેરિયોની ઠંડી અને ખરાબ સ્થિતિને ધ્યાનમાં લેતા આ બહુ વધારે સમય ન કહેવાય. કેમ્પ, ન્યૂકેસલ, ઓન્ટેરિયોમાં અલ્ગોમા ઓર્ચાર્ડ્સના સ્થાપકોમાંના એક શખ્સ સ્નોવફ્લેક સફરજન ઉગાડે છે અને તેનું માર્કેટિંગ કરે છે. તેમણે કહ્યું કે, આ બધું ત્યારે શરૂ થયું, જ્યારે તેણે કેટલીક નવી જાતો જોવા માટે બી.સી. માં એગ્રીકલ્ચર એન્ડ એગ્રી-ફૂડ કેનેડાના સમરલેન્ડ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લીધી હતી. કેમ્પે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, તેમણે મને તેમના રિસર્ચ સ્ટોરેજ યુનિટમાં જવા દીધો, જ્યાં તેમની પાસે 100 જેટલી જાતો હતી. જો કે, એમાં ક્યાંય બિઝનેસ દેખાતો નહોતો. મને એમણે પાંચ સફરજન ચખાડ્યા, તેનો સ્વાદ સારો હતો. અલ્ગોમા ઓર્ચાર્ડ્સે ત્યાંથી પાછા આવ્યા બાદ પાંચ વૃક્ષો વાવ્યા હતા, એવું કેમ્પે જણાવ્યું હતું. જેમ જેમ સફરજનનું વૃક્ષ વધવા લાગ્યું, ત્યારે તેમણે કંઈક અનોખું જોયું.

કેમ્પે સમજાવ્યું કે, સફરજનમાં લેન્ટિસલ્સ હોય છે. વળી, તેના પર આછા નાના ટપકાં હોય છે. તે લગભગ તમારી ત્વચા પરની રુંવાટીના ફોલિકલ્સ જેવું છે, અને આ લેન્ટિસલ્સ વિશિષ્ટ રીતે સફેદ હતા. આ રીતે આ એક ખાસ સફરજન બની ગયું. એક ફિલ્ડ વર્કરે સરખામણી કરતાં કહ્યું કે, સ્નોવફ્લેક જેવું દેખાય છે. કેમ્પે જણાવ્યું હતું કે, પાંચ વૃક્ષોથી શરૂ કરીને હવે જમીનમાં 50,000 જેટલાં વૃક્ષો છે. હાલમાં માત્ર ઓન્ટેરિયોમાં જ એનું વેચાણ થાય છે,

# ઑન્ટેરિયોમાં નર્સ પણ હવે જન્મ નિયંત્રણની દવાઓ લખી શકશે

### નર્સો ફ્લૂના શૉટ્સ અને COVID-19ની રસી પણ લખી શકે તેવા સર્ટિફિકેટ કોર્ષ વિકસાવવા વિચારણા

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં રજિસ્ટર્ડ નર્સો ટૂંક સમયમાં સ્વતંત્ર રીતે જન્મ નિયંત્રણ જેવી કેટલીક દવાઓ લખી શકશે, એવી જાહેરાત પ્રાંતના આરોગ્ય પ્રધાને સોમવારે કરી હતી.

એક સમાચાર પ્રકાશન અનુસાર જાન્યુઆરી 2024થી શરૂ કરીને, નર્સો એડિશનલ ટ્રેનિંગ અને સર્ટિફિકેશન કોર્ષ કરી શકશે જે તેમને જન્મ નિયંત્રણ, ધૂમ્રપાન બંધ કરવા માટેની દવાઓ અને મેલેરિયા અને પ્રવાસીઓના ઝાડા જેવી વસ્તુઓની સારવાર અથવા એ અટકાવવા માટે મુસાફરી માટેની દવાઓ જેવી વસ્તુઓ સૂચવવા દેશે. નર્સો ફ્લૂના શૉટ્સ અને COVID-19ની રસી પણ લખી શકે તેવા સર્ટિફિકેટ કોર્ષ વિકસાવવામાં આવી રહ્યા છે અને તેને કાઉન્સિલ ઑફ ધ કૉલેજ ઑફ નર્સ ઑફ ઓન્ટેરિયોની મંજૂરીની જરૂર પડશે.

આરોગ્ય પ્રધાન સિલ્વિયા જોન્સે જાહેરાતમાં જણાવ્યું હતું કે, અમે હેલ્થ કેર પ્રોફેશનલ્સ માટે તેમની તાલીમ અને કુશળતાની સંપૂર્ણ મર્યાદા સુધી કામ કરવાનું સરળ બનાવી રહ્યા છીએ, જ્યારે લોકોને ઘરની નજીક સંભાળ માટે વધુ અનુકૂળ ઍક્સેસ પ્રદાન કરીએ છીએ. ઑન્ટેરિયોમાં દર્દીઓ નોંધાયેલી નર્સો પાસેથી ઉલ્લેખિત પ્રિસ્ક્રિપ્શનો મેળવવાની અપેક્ષા ક્યારે રાખી શકે તે અંગે પૂછવામાં આવતા, મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, તાલીમ કાર્યક્રમો વિકાસ હેઠળ છે. એક ઈમેઈલમાં પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જ્યારે તાલીમ ઉપલબ્ધ થશે, ત્યારે કેટલો સમય લાગી શકે છે તે વિશે વધુ માહિતી શેર કરવામાં આવશે. ડોરિસ ગ્રિન્સપન, રજિસ્ટર્ડ નર્સીસ એસોસિએશન ઓફ ઓન્ટેરિયોના સીઈઓ - જેણે લાંબા સમયથી નર્સોને પ્રિસ્ક્રિપ્શન પાવર રાખવાની હાકલ કરી છે.

# ગુજરાતી સીનિયર્સ સમાજ ઓફ મિસીસાગા દ્વારા દિવાળીનો કાર્યક્રમ

## રામાયણના પ્રંસગો અને નાટકની પ્રસ્તુતિ, સંસ્થાના સહયોગીઓને બિરદાવાયા, રાસ-ગરબા, ડાન્સની રમઝટ જામી

**મિસીસાગા**

ગુજરાતી સીનિયર્સ સમાજ ઓફ મિસીસાગા દ્વારા દિવાળીનો કાર્યક્રમ ગત શનિવાર તા.4 નવેમ્બરના રોજ Sugan Banquet Hall, Mississauga, ON. ખાતે યોજાયો હતો. સૌપ્રથમ સૌએ એકબીજાને મળીને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. સ્વયંસેવકોએ સુંદર સંચાલન કરી સભ્યોને નાસ્તામાં ફાફડા જલેબી સમોસા તથા ચાનું વિતરણ કર્યું હતુ. MCભરતભાઈ મિસ્ત્રીએ આવનાર સભ્યોનું સ્વાગત કર્યું હતું અને દિવાળીના તહેવારના મહત્વ વિશે પોતાનો અભિ પ્રાય આપ્યો હતો. સંસ્થાના પ્રમખુ કલાબને પટેલે આમંત્રિત મહેમાનો તથા સભ્યોનો આભાર માન્યો હતો. જે બાદ પાર્લામેન્ટના મિનિસ્ટર Rechie Valdgzનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં જેમણે જેમણે સંસ્થાને મદદ કરી હતી એવા મધુભાઈ ગજરીયા, મુકેશભાઈ ગજરીયા, રસીલાબેન ગજરીયા,





ટ્રેઝરર જયેશભાઈ મહેતા, બેલાબેન મહેતા તથા કેમ્પમાં કનુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સહયોગ આપનારા અને ટ્રીલીયમ હોસ્પિટલ માટે વધુ ફંડ આપનાર હરિભાઈ અને ઈન્દુબેન દેસાઈ, નરેન્દ્રભાઈ, ભદ્રાબેન ભટ્ટ, કનુભાઈ પટેલ અને સવિતાબેન પટેલનો તથા કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો. જે બાદ પ્રથમ ડાયરેક્ટર સુધાબેન પંચમતિયા દ્વારા દીવા ડાન્સ હતો જેમાં "હરી સુંદર દેવ મુકુંદ હરે, નારાયણ હરિ ઓમ" ગીત પર ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉષાબેન કોટ દ્વારા નિર્દેશિત સુંદર નાટક રજૂ થયું હતું. જે બાદ દિવાળી ઉત્સવની ઢોલ, નગારા વગાડીને ઉજવણી કરાઈ હતી. આ સાથે ધામધૂમથી ગરબા રમાયા હતા. આ સાથે જ રામાયણના પ્રસંગો પણ આગળ ધપતા રહ્યા હતા. ત્યારબાદ સ્ટેજ પરથી લલીતભાઈ ઠાકરે જોક્સ કહ્યા હતા. ત્યારબાદ બધાને જમવામા પુરણપોળી, ઊંધિયું, બે શાક, લચકો દાળ અને મોહનથાળ તથા કઢી-ભાત અથાણું આપવામાં આવ્યા હતા. ત્યારબાદ રાસ-ગરબાની રમઝટ જામી હતી.


EZ FINANCIAL
Trusted Partner for LIFE
Happy Diwali
INSURANCE
LIFE INSURANCE | HEALTH & DENTAL INSURANCE
CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
TRAVEL INSURANCE
VISITOR'S INSURANCE | SUPER VISA INSURANCE
TRAVEL INSURANCE | STUDENTS INSURANCE
INVESTMENTS
RESP | RRSP | TFSA
MORTGAGE AGENT (Lic#M11001157)
Pineapple
Residential & Commercial Mortgage | Renewals & Refinances
Business & Equity Loans | Debt Consolidation
Licensed in Ontario & Alberta
Serving the community since last 15 years
BHAVIN SHAH
FINANCIAL SERVICE ADVISOR
416-818-1972
bhavin@ezfinancial.ca
www.ezfinancial.ca

# મિસીસાગામાં ગેરકાયદે ફટાકડા ફોડનારાને $ 100K દંડ થશે

## સિટી કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણયનો પહેલી ડિસેમ્બરથી અમલ થશે

**મિસીસાગા**

મિસીસાગામાં ગેરકાયદેસર ફટાકડા ફોડવા માટેનો દંડ હજાર ડોલર સુધી પહોંચ્યો છે. ગયા અઠવાડિયે સિટી કાઉન્સિલની બેઠકમાં અધિકારીઓએ કહ્યું હતુ કે, જે જાહેર મિલકત અથવા મિલકત પર અયોગ્ય રીતે ફટાકડા ફોડવામાં આવે અને તેની ફરિયાદ બાદ કોઈ દોષિત ઠરે તો તેવી વ્યક્તિઓ પર મહત્તમ $100,000નો દંડ કરાશે. કાઉન્સિલર મેટ માહોનીએ 25 ઓક્ટોબરની સિટી કાઉન્સિલની મીટિંગમાં તેમના સાથીદારોને કહ્યું કે, $ 100,000 દંડ ફક્ત એવા લોકો માટે છે કે, જેઓ નિયમોનો ભંગ કરી રહ્યા છે. અમે હવે તેના માટે ઊભા રહેવાના નથી. ગેરકાયદેસર ફટાકડા ફોડવા માટેનો દંડ અગાઉ $ 5,000 હતો. નવો ફેરફાર 1 ડિસેમ્બરથી અમલમાં આવશે. એક મહિલા કાઉન્સિલર આ દરખાસ્ત પર મતદાન કરવાથી દૂર રહ્યા



હતા. કારણ કે તે દિવાળી આટલી નજીક હોવા સમયે કાઉન્સિલે લીધેલા નિર્ણયથી ચિંતિત હતી. કાઉન્સિલર દીપિકા ડેમરલાએ કહ્યું હતું કે, “મને લાગે છે કે સમય મહત્વપૂર્ણ છે અને તે કમનસીબ છે કે આ કાઉન્સિલ તેને ઓળખતી નથી, પરંતુ તે એકમાત્ર કારણ હશે, જેના કારણે હું તેની વિરુદ્ધ મતદાન કરીશ,” આ પ્રસ્તાવ દિવાળીની ઉજવણી કરનારાઓને લક્ષ્ય બનાવવાનો નથી. કારણ કે આ ફેરફાર રજા પછી અમલમાં આવવાનો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે શહેરમાં ઘોંઘાટ અને ઉપદ્રવ અંગે તેઓ જે આશા રાખે છે તેમાં આ પહેલો પ્રસ્તાવ છે. તેણે કહ્યું કે, આ ખરેખર મારું પ્રથમ પગલું છે. મને લાગે છે કે જેઓ અનિવાર્યપણે અમારા બાયલોઝનો ભંગ કરી રહ્યા છે, પાયમાલ કરી રહ્યા છે અને સમસ્યાઓ ઊભી કરી રહ્યા છે. તેમને દંડ કરવામાં સક્ષમ થવા માટે અમને અમારા બાયલોઝમાં વધુ તાકાતની જરૂર છે. મિસીસાગામાં ઓછામાં ઓછી મધરાત સુધી ફટાકડા ફોડવાની મંજૂરી માત્ર કેનેડા ડે, વિક્ટોરિયા ડે, લુનર ન્યૂ યર અને દિવાળી પર છે.

# ગાઝામાં ફસાયેલા લોકોને કારણે કેનેડાના કેટલાક વિસ્તારમાં ચિંતાનો માહોલ ફેલાયો

**ટોરોન્ટો**

ગ્લોબલ અફેર્સ કેનેડાએ રવિવારે જણાવ્યું હતું કે, જો ઈજિપ્તમાં સરહદ ક્રોસિંગ ફરીથી ખોલવામાં આવે તો યુદ્ધગ્રસ્ત ગાઝામાં કેનેડિયનો મંગળવારથી વહેલી તકે પ્રયાણ કરી શકે છે. આ જાહેરાત ઈજિપ્તથી ગાઝા પટ્ટીને વિભાજિત કરતી સરહદ સાથે રફાહ ક્રોસિંગ અને ઈઝરાયેલ દ્વારા નિયંત્રિત ન હોય તેવા યુદ્ધગ્રસ્ત પેલેસ્ટિનિયન પ્રદેશમાંથી એકમાત્ર ભૂમિ બહાર નીકળતી વખતે આવે છે, તે રવિવારે બંધ રહ્યું હતું.

આ વિકાસે સેંકડો કેનેડિયનોને પાછળ છોડી દીધા છે જેઓ ગાઝા છોડવા માંગે છે. ગ્લોબલ અફેર્સ કેનેડા (GAC) એ અગાઉ તેમને કહ્યું હતું કે તેઓને રવિવારની શરૂઆતમાં ઈજિપ્તમાં પ્રવેશ આપવામાં આવશે, પરંતુ ક્રોસિંગ આખા સપ્તાહના અંતમાં બંધ રહ્યું છે. સમાહ અલ-સબાગ, લંડન, ઓન્ટ.થી સીબીસીની રોઝમેરી બાર્ટને રવિવારે જણાવ્યું હતું કે તેના 73 વર્ષીય પિતા ગાઝા છોડવા માટે ગ્લોબલ અફેર્સ લિસ્ટમાં છે, પરંતુ તેઓ ગાઝામાં જ છે અને તેમની તબિયત બગડી રહી છે. તેણીએ કહ્યું કે, આ ખૂબ જ નિરાશાજનક સમય છે. તેના પરિવારે અપડેટ મેળવવા માટે શુક્રવારે અને ફરીથી શનિવારે ગ્લોબલ અફેર્સનો સંપર્ક કર્યો હતો. શરૂઆતમાં, કેનેડિયન અધિકારીઓએ કહ્યું કે તે સોમવારે નીકળી શકશે, પરંતુ શનિવારે બહાર નીકળવાની તારીખ મંગળવાર પર ઠેલાઈ ગઈ હતી.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com

Happy Diwali & Prosperous New Year
Imperial PEST CONTROL



Residential • Commercial • Industrial
24 Hour Service. • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol ca • info@imperialpestcontrol.ca
(We speak English, Hindi, Gujarati)
Call: Ramesh Kanani 416-837-1820



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# ખર્ચમાં $500 મિલિયન સુધી ઘટાડો કરવાની ટ્રૂડો સરકારની વિશેષ યોજના

## સંસદના એજન્ટો અને 25 મિલિયન ડોલરથી ઓછા બજેટવાળા વિભાગોને અસર નહીં થાય



**ઓન્ટેરિયો**

વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોની સરકારે ગુરુવારે સરકારી ખર્ચમાંથી $500 મિલિયન ઘટાડવાની તેની યોજનાની વિગતો જાહેર કરી હતી. સરકારે જણાવ્યું હતું કે, ખર્ચ ઘટાડવાની પહેલમાં સંસદના એજન્ટો અને વાર્ષિક $25 મિલિયનથી ઓછા બજેટવાળા નાના વિભાગોને બાકાત રાખવામાં આવ્યા છે. પરંતુ અસરગ્રસ્ત સંસ્થાઓની યાદીમાં સામેલ ન હોય તેવા ઘણા - જેમ કે કેનેડિયન એર ટ્રાન્સપોર્ટ સિક્યુરિટી ઓથોરિટી, કેનેડિયન સિક્યોરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ અને નેશનલ કેપિટલ કમિશન -નું બજેટ $25 મિલિયન કરતાં ઘણું વધારે છે.

જ્યારે કેનેડિયન મ્યુઝિયમ ઓફ નેચર અને કેનેડિયન મ્યુઝિયમ ફોર હ્યુમન રાઈટ્સ - જેવા કે કેનેડિયન મ્યુઝિયમ ઓફ નેચર અને નેશનલ મ્યુઝિયમ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, જે વર્ષે $39.5 મિલિયન ખર્ચે છે, માટે સરકાર અંદાજે 0.2 ટકા બજેટ ફ્રીઝ કરી રહી છે, તે અસરગ્રસ્ત સંસ્થાઓની યાદીમાં. દેખાતું નથી. સૂચિમાં દેખાતા સરકારી વિભાગોમાંથી, નાણા વિભાગ તેના $118 બિલિયનના બજેટ કટમાંથી માત્ર $827,000 સાથે તેના અંદાજના લગભગ 0.0007 ટકાનાનો હિટ લઈ રહ્યો છે. 2023નું બજેટ જે એપ્રિલમાં રજૂ કરવામાં આવ્યું હતું, તે અંગે નાણાં પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે જણાવ્યું હતું કે, સરકારી ખર્ચમાં ઘટાડો "આગામી પાંચ વર્ષમાં $15.4 બિલિયનની બચત માટેનું પ્રાથમિક પગલું છે. ડૉલરના સંદર્ભમાં, ડિપાર્ટમેન્ટ ઑફ નેશનલ ડિફેન્સ (DND) સૌથી વધુ નાણાં ગુમાવી રહ્યું છે. સરકાર પૂરક અંદાજો દરમિયાન DNDને $1.5 બિલિયન વધારાની ટ્રાન્સફર કરે છે તેમાંથી હવે $500 મિલિયન યુક્રેનને લશ્કરી સહાય તરીકે આપવા અનામત રખાયા છે.

# બી.સી. ખાતે, સ્કૂલ બસ અથડાયા પછી 11ને હોસ્પિટલમાં ખસેડાયા

**બીસી**

બર્નાબીમાં સ્કૂલ બસ ઘર સાથે અથડાયા પછી 11ને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુરુવારે સવારે બર્નાબી, બીસીમાં એક ઘર સાથે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પરિવહન કરતી બસ અથડાતા અગિયાર લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. BC ઈમરજન્સી સર્વિસે ઈમેલમાં જણાવ્યું હતું કે, સવારે 7:55 વાગ્યે 16મી એવન્યુ નજીક કેનેડા વે પર છ એમ્બ્યુલન્સ, એક સુપરવાઈઝર અને એક લિંક અને રેફરલ યુનિટને ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા. જે "પેરામેડિક્સે સ્થિર સ્થિતિમાં 11 દર્દીઓની સંભાળ રાખી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. બર્નાબી આરસીએમપીનું કહેવું છે કે બસમાં કે ઘરમાં કોઈને ગંભીર ઈજા થઈ હોય તેવું લાગતું નથી. એડ્રિયન સ્ટ્રિગા ઘરમાં ગ્રાઉન્ડ-ફ્લોર સ્યુટમાં રહે છે, તેમણે કહ્યું હતું કે યુનિટને થયેલા વ્યાપક નુકસાનને કારણે તે ક્યાં રહેવા જઈ રહ્યો છે તેની કોઈ જાણ નથી. "હું અસ્વસ્થ હતો, ગુસ્સે હતો પણ લાગણીશીલ હતો,"

પોલીસે હજુ સુધી અકસ્માતના શંકાસ્પદ કારણ વિશે કોઈ માહિતી આપી નથી, પરંતુ કહ્યું છે કે ત્યાં બીજી કાર હતી અને તે સામેલ હતી અને તે ડ્રાઈવરને કોઈ ઈજા થઈ ન હતી.

# પિયર્સન એરપોર્ટ ખાતે કામગીરી ખોરવાઈ

**પિયર્સન**

ગુરુવારે સવારે હજારો મુસાફરોને ગ્રાઉન્ડ કર્યા પછી પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નિયમિત કામગીરી ફરી શરૂ થઈ હતી. ગ્રેટર ટોરોન્ટો એરપોર્ટ ઓથોરિટીના પ્રવક્તાએ સવારે 11 વાગ્યા પછી તરત જ પુષ્ટિ કરી કે એરપોર્ટ પરનો મુદ્દો ઉકેલાઈ ગયો છે, અને નિયમિત કામગીરી ફરી શરૂ થઈ રહી છે, એરલાઈન સ્ટાફના સભ્યએ અકસ્માતે મુસાફરોને ખોટા દરવાજાથી લઈ જવાના કલાકો પછી. ગ્રેટર ટોરોન્ટો એરપોર્ટ ઓથોરિટી (GTAA) ના પ્રવક્તા સીન ડેવિડસને ગુરુવારે અગાઉ જણાવ્યું હતું કે, "એરલાઈન્સમાંથી એક દ્વારા કરાર કરાયેલા ગ્રાઉન્ડ હેન્ડલરે ફ્લાઈટમાંથી એરપોર્ટના ખોટા વિસ્તારમાં આવતા મુસાફરોને નિર્દેશિત કર્યા હતા." આ ઘટનાને કારણે ટર્મિનલ 1 ટ્રાન્સબોર્ડર વિસ્તારમાં કેટલાક કલાકો સુધી ફ્લાઈટ્સ ખોરવાઈ ગઈ હતી.










# ‘આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ’ : લાભ સાથે માનવીને માથે જોખમનો વર્તારો

## તંત્રી સ્થાનેથી

### સુજ્ઞ વાચકો, વિજ્ઞાનદાતાઓ તથા સહયોગીઓ,

રોશની એક ભગવતી શક્તિ છે અને તેના પરિવેશમાં જ મનુષ્યની ઈચ્છા, જ્ઞાન અને ક્રિયાઓનો સમુચિત વિકાસ થાય છે. માનવજીવનમાં કપટ, અસત્ય, કુટિલતા, વ્યાભિચાર અને ક્રુરતાને અંધકારના પ્રતિક તરીકે પણ લેખાવાઈ છે. એટલે જ ભારતવર્ષમાં પ્રકાશના પર્વ એવી દિવાળીનું વિશેષ મહત્વ રહ્યું છે. દિવાળી એ માત્ર ભૌતિક અંધકાર જ નહીં, પરંતુ મનમાં રહેલી અજ્ઞાનતાના અંધકારને દુર કરવાનો અવસર છે. એકાદશીથી શરૂ થતો આ પર્વ આપના આનંદ-ઉલ્લાસમાં વધારો કરે તેવી આશા છે. આ સાથે જ હિંદુઓના શરૂ થતા વિક્રમ સવંત 2080ના વર્ષમાં આપ સૌ નિરામય જીવન વીતાવો, આપના જીવનમાં આશા-આકાંક્ષા અને ઈચ્છાઓની પૂર્તિ થાય તથા સુખ-શાંતિ અને સમુદ્ધિમાં વધારો થાય તેવી અભ્યર્થના. આપ સૌને દિવાળીના પર્વની હાર્દિક શૂભેચ્છા અને નુતનવર્ષના અભિનંદન.

આખી દુનિયામાં આજકાલ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની ચર્ચા પૂરજોશમાં ચાલી રહી છે. AIના ગેરલાભની વાતો બહાર



તંત્રી - સ્વદેશ

આવતાં જ સર્વત્ર ચિંતાનો માહોલ ઉભો થયો છે. ગત અઠવાડિયે જ લંડનમાં યોજાયેલી એઆઈ સંદર્ભેની બેઠકમાં ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચિલી, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, આયર્લેન્ડ, ઈઝરાયેલ, ઈટાલી, જાપાન, કેન્યા, સાઉદી અરેબિયા, નેધરલેન્ડ, નાઈજિરિયા, ફિલિપાઈન્સ, કોરિયા રિપબ્લિક, રવાન્ડા, સિંગાપોર, સ્પેન, સ્વિટ્ઝર્લેન્ડ, તુર્કી, યુક્રેન, સંયુક્ત આરબ અમીરાત, બ્રિટન, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયન સહિતના દેશોએ ભાગ લીધો હતો.

આ તમામ દેશો AIનાં જોખમોની સમીક્ષા કરવાના પ્રસ્તાવ મુદ્દે સહમત થયા હતા. આ પ્રતિનિધિઓએ આંતરરાષ્ટ્રીય ઘોષણાપત્ર પર પણ હસ્તાક્ષર કર્યા હતા. 28 દેશોની આ ચિંતાનું કારણ કેટલાક વૈજ્ઞાનિકોએ આપેલી ચેતવણી છે. થોડા મહિના પહેલાં જ અનેક નિષ્ણાંતોએ AI ખૂબ જ અનોખી વસ્તુ ગણાવી દાવો કર્યો હતો કે, માણસને આ નવી ટેકનોલોજી મોટાપાયે મદદરૂપ થશે. તેની મદદથી મહિનાઓનું કામ એક દિવસમાં કરી શકાશે. જો કે, હવે આ નવી ટેકનોલોજી માનવીના અસ્તિત્વ સામે પણ જોખમ ઊભું કરી શકે છે તેવી વાતોથી સમગ્ર વિશ્વમાં ગભરાટ ફેલાયો છે. લંડનમાં યોજાયેલી કોન્ફરન્સમાં મજાની વાત એ રહી કે, અમેરિકા પણ તેમાં સામેલ હતું. પરંતુ અમેરિકાનો મત તદ્દન જુદો હતો. US વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે બ્રિટન અને અન્ય દેશોને AI અંગે ઝડપથી આગળ વધવા વિનંતી કરતા કહ્યું હતું કે, તેને અટકાવવાની જરૂર નથી. તેના પર કામ થવું જોઈએ. પરંતુ ટેક કંપનીઓને કાયદાકીય રીતે જવાબદાર બનાવવાની જરૂર છે. ફક્ત AI થી મોટાપાયે સાયબર હુમલાઓ અથવા AI દ્વારા નિર્મિત બાયોવેપન્સ જેવાં અસ્તિત્વનાં જોખમોને લઈને જ વાત કરવાનો કોઈ મતલબ નથી. વિશ્વે AI જોખમોના ‘સંપૂર્ણ સ્પેક્ટ્રમ’ પર ફોક્સ કરીને જરૂરી પગલાં લેવાનું શરૂ કરવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે દીપફેક વડિયો અને ફોટોગ્રાફ્સ મોટાં જોખમો ઊભાં કરી રહ્યાં છે. તેના દ્વારા કોઈને ધમકાવી શકાય છે અને બ્લેકમેલ પણ કરી શકાય છે.

હવે AI વિશેના જોખમોથી આટલા દેશોમાં ગભરાટ કેમ છે તે બાબત પણ સમજવા જેવી છે. અમેરિકન કમ્પ્યુટર સાયન્ટિસ્ટ જોન મેકકાર્થીને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના પિતા માનવામાં આવે છે. મેકકાર્થીએ 1956માં ડાર્ટમાઉથ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ કોન્ફરન્સમાં તેમણે પ્રથમ વખત AIના ખ્યાલ અને શક્યતાઓ વિશે ચર્ચા કરી હતી. જ્હોન મેકકાર્થીએ તે સમયે કહ્યું હતુ કે, AI એ બુદ્ધિશાળી મશીનો બનાવવાનું વિજ્ઞાન અને એન્જિનિયરિંગ છે.

વાસ્તવમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ એ કમ્પ્યુટર વિજ્ઞાનનું અદ્યતન નજરાણું છે. જેમાં કમ્પ્યુટર પ્રોગ્રામિંગ દ્વારા મશીનને એટલું બુદ્ધિશાળી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી તે માણસની જેમ વિચારી શકે અને નિર્ણય લઈ શકે.

બીજા શબ્દોમાં કહીએ તો આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા કમ્પ્યુટર સિસ્ટમ અથવા રોબોટિક સિસ્ટમ બનાવવામાં આવે છે, જેને એ જ તર્કના આધારે ચલાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. AIનો અર્થ થાય છે કૃત્રિમ રીતે વિકસિત બૌદ્ધિક ક્ષમતા.

તાજેતરમાં ChATGPT નામના AI ટૂલની પણ ખૂબ ચર્ચા થઈ હતી. CHAITGPT એક એવું પ્લેટફોર્મ છે જ્યાં તમે કોઈ પ્રશ્ન પૂછો છો તો તમને તેનો લેખિત જવાબ મળે છે. જો તમારે કોઈ પણ વિષય પર 400 શબ્દોનો નિબંધ લખવો હોય, તો ChATGPT તે તરત જ લખી આપશે. બાળકો તેમનાં હોમવર્ક કરવા માટે આ સાધનનો સૌથી વધુ ઉપયોગ કરી રહ્યા છે. કેટલાંક લોકો એવું પણ માને છે કે, તે Googleનું રિપ્લેસમેન્ટ છે. જો કે, CHATGPTમાં હજુ પણ ઘણી ખામીઓ છે અને તેના પર સંપૂર્ણ વિશ્વાસ કરી શકાતો તેમ નથી. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ રોજિંદા જીવનમાં વધી રહ્યો છે. અને તેની અવગણના કરવી લગભગ અશક્ય છે.

AIની શરૂઆત 1950ના દાયકામાં થઈ હોવા છતાં તેને 1980ના દાયકાની શરૂઆતમાં માન્યતા મળી હતી. 1981માં જાપાને આ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ફિફ્થ જનરેશન નામની યોજના શરૂ કરી હતી, જેમાં સુપર કમ્પ્યુટરના વિકાસ માટે 10 વર્ષના કાર્યક્રમની રૂપરેખા રજૂ કરાઈ હતી.

જાપાન બાદ અન્ય દેશોએ પણ આ તરફ ધ્યાન આપ્યું હતું. બ્રિટને આ માટે ‘એલવી’ નામનો પ્રોજેક્ટ બનાવ્યો હતો. યુરોપિયન યુનિયનના દેશોએ પણ ‘એસ્પિટ’ નામનો કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ પછી 1983માં કેટલીક ખાનગી સંસ્થાઓએ સાથે મળીને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ પર લાગુ થતી અદ્યતન તકનીકો વિકસાવવા માટે એક સંગઠન ‘માઈક્રો-ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્પ્યુટર ટેકનોલોજી’ની સ્થાપના કરી હતી.

જો તમે ફેસબુક અથવા ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ ધ્યાનથી વીડિયો જુઓ છો, તો પછી તે જ વીડિયોઝ તમારા ફીડમાં સતત કેવી રીતે દેખાય છે? અથવા જો તમે ફ્લિપકાર્ટ કે એમેઝોન પર કંઈક સર્ચ કરો છો, જો તમે તે વસ્તુ ખરીદી નથી તો પછી તમે તમારાં ફેસબુક-ઈન્સ્ટાગ્રામમાં અથવા કોઈ પણ ગેમમાં તેની જાહેરાતો વારંવાર કેવી રીતે જોવાનું શરૂ કરો છો ? આ બધું AIના કારણે થાય છે. વાસ્તવમાં સોશિયલ મીડિયા કંપનીઓ AIનો ઉપયોગ વપરાશકર્તાઓની રૂચિના પેટર્નને સમજવા અને તેમનો ડેટા એકત્રિત કરવા માટે કરે છે. આ ડેટાનો ઉપયોગ કરીને તેઓ યુઝર્સને આવી જાહેરાતો અથવા ફીડ્સ બતાવે છે. અનુસંધાન પેજ 40 પર

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca

Happy Diwali & Happy New Year
SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com

Happy Diwali

Happy New Year

DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Every Tuesday 5-6 PM
Adult Yoga Class
Every Saturday 9-10 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta


Happy Diwali &
Propserous New Year
Ashok Jewellers
"Only One Location to Serve"
(MALTON)
ધનતેરસ અને દિવાળીના શુભ અવસરે
દાગીના ખરીદવા અવશ્ય પધારો
Authorized Dealer of
RADO Watches
એકવાર પધારો, દિલ ખુશ ના થઈ જાય તો કહેજો
Only one location in Mississauga
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
www.ashokjewelers.com
ashokjewellersofficial

# ઓટ્ટાવામાં દિવાળીની ઉજવણી, સંસદ હિલ પર ધ્વજ લહેરાવાયો

## વડાપ્રધાન ટ્રુડોએ કાર્યક્રમમાં ભાગ લઈ તસ્વીરો વાયરલ કરી, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકે નિવાસ સ્થાન 10 ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે પત્ની અક્ષતા સાથે દિવાળીની ઉજવણી કરી






**ઓટાવા**

કેનેડાના વડાપ્રધઆન જસ્ટિન ટ્રુડોએ દિવાળીની ઉજવણી કરી હતી. તેમણે રાજધાની ઓટાવામાં પાર્લામેન્ટ હિલ પર દીવો પ્રગટાવ્યો હતો. ટ્રુડોએ સોશિયલ મીડિયા પર તહેવારની ઉજવણી કરતી તસવીરો પણ શેર કરી હતી. ઓટાવામાં ભારતીય મૂળના સાંસદ ચંદ્રશેખર આર્ય દ્વારા દિવાળી પાર્ટીના કરાયેલા આયોજનમાં વિપક્ષના નેતા પિયર પોઈલીવરે પણ ભાગ લીધો હતો. દિવાળીની ઉજવણી દરમિયાન સંસદ હિલ પર ઓમ ધ્વજ પણ ફરકાવવામાં આવ્યો હતો.

2021ની વસતિ ગણતરી મુજબ કેનેડાની વસતિ 3.70 કરોડ છે. તેમાંથી 16 લાખ એટલે કે લગભગ ચાર ટકા ભારતીય મૂળના છે. તેમાંથી લગભગ 8.28 લાખ લોકો હિન્દુ છે. એટલે કે કેનેડાની કુલ વસતિમાં હિંદુઓનો હિસ્સો 2.3% છે. કેનેડાની વોટ બેંકની રાજનીતિ પર પણ તેમનો ઊંડો પ્રભાવ છે.

આ ઉપરાંત બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકે બુધવારે તેમના નિવાસસ્થાન 10 ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે પત્ની અક્ષતા સાથે દિવાળીની ઉજવણી કરી હતી. આ દરમિયાન તેમણે હિન્દુ સમુદાયના ઘણા લોકોને આમંત્રણ આપ્યું હતું. બ્રિટનના પીએમ ઓફિસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું- 'અંધકાર પર પ્રકાશની જીતના અવસર પર વડાપ્રધાન સુનક હિન્દુ સમુદાયના લોકો સાથે દિવાળીની ઉજવણી કરી રહ્યા છે.'

આ સિવાય અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે પણ પોતાના સત્તાવાર ઘરે દિવાળીની ઉજવણી કરી હતી. આ દરમિયાન હેરિસે પોતાના મહેમાનોને આ તહેવારના મહત્વ વિશે વાત કરતા કહ્યું હતુ કે, અમે એવા સમયે દિવાળીની ઉજવણી કરી રહ્યા છીએ જ્યારે દુનિયામાં ઘણું બધું થઈ રહ્યું છે. વિશ્વ મુશ્કેલ અને અંધકારમય સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. આ રોશની ઉજવવાનો તહેવાર છે. આ તહેવાર આપણને અંધકાર અને પ્રકાશ વચ્ચેનો તફાવત શીખવે છે.


*Happy Diwali & Prosperous New Year*

**Beyond Accounting Coaching Services**
Brampton Canada, www.cpafinal.com
Email : pcdesai1454@gmail.com
Paresh Desai,CPA-CGA,CMA(USA), FCMA(India)

**CPA CORE 1&2 2023**
- Online & in person coaching for all tested competencies
- Mock test with marking
- Exclusive book, Core 1 $ 175, Core2 $165
- Book contains MCQ (fore Practice),Cases & Technical

**CPA CFE May 2024**
- Online & in person coaching for all tested competencies
- Case writing
- 2 Mock test with marking for Day 1 to Day 3
- Cost $ 900 for Coaching
- Exclusive book, C$ 185

Cell : 647-505-6648

**OM INDIA FOOD CENTRE**

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી, અનોજ, કઠોળ, મસાલા, વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો, ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

**OM INDIA FOOD CENTRE**

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd, Etobicoke, ON
416-743-1100

139 Charing Cross, Brantford Ontario
519-758-9999

5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4
519-954-1110

3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON
416-297-8383

71 West Drive, Unit#42, Brampton, ON
905-452-1100

293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3
514-426-1100


"May the festival of lights bring joy, prosperity, and endless blessings."
HAPPY DIWALI
SkyRoute TRAVEL SERVICES INC.
106 - 1200 Markham Rd,
Toronto ON, M1H 3C3
contact@skyroutetravel.com
(416) 439 - 4000 • skyroutetravel.com (Toll Free) 1 - 877 - go to sky
TICO REG. 50023235 TICO REG. 04488805
CONSUMER PROTECTION BC
tico.ca ONTARIO'S TRAVEL REGULATOR
IATA


AASTHA LAWYERS
Let's celebrate the festival in the true sense by spreading joy and light up the world of others. Have a happy, safe and blessed
Diwali!
Canadian Lawyers for Immigration & All Legal Matters
BARRISTERS, SOLICITORS & NOTARIES
Sanjeev K. Chadha
M.A.L.L.B.
Nirav U. Bhatt
B.Sc., LL.B. (Hons.), LL.M
Surya K. Sasan
B.Com.(Hons.) MBA. LL.B.
Hetav U. Dave
B.Com., LL.B. (Hons.)
905.564.8200
1339 Khalsa Drive, Suite 107, Mississauga
Email : info@aasthalaw.ca Website : www.aasthalaw.ca
"Aastha lawyers is a regitered business name of Aastha Lawyers Professional Corporation."


Happy Diwali
New Year
Sweets Sale
from oct 28 2023
Stroll through the aisles of our freshly made sweets and snacks. Make your Diwali and New Year celebrations even more festive.
BAPS SHAYONA
Swaminarayan Vegetarian
BAPS Shri Swaminarayan Mandir
333 Speedsville Road
Cambridge, ON N3H 4R6
Tel: +1 (519) 219 - 4820
BAPS Shri Swaminarayan Mandir
46 Claireville Drive
Toronto, ON M9W 5Z7
Tel: +1 (647) 794 - 6662
BAPS Shri Swaminarayan Mandir
1840 Birchmount Rd,
Scarborough, ON M1P 2H7
Tel: +1 (416) 321 - 2277
BAPS Shayona provides sanctified, vegetarian cuisine prepared and offered to the divine image of God in accordance with the dietary beliefs of the Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan denomination of the Hindu religion.
To learn more about Swaminarayan Vegetarianism and Hindu Dietary Practices visit: www.shayona.org

This Diwali I pray for good health for our family, our friends and the blessings of God lifetime. Happy Diwali!

Bunty Patel
REALTOR®

C: 905.872.1456
O: 905.497.6701
F: 905.497.6700
E: Realtorbuntyp@gmail.com



SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated

170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 4Z5

BUY • SELL • LEASE

"The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust."


HAPPY
Diwali
FESTIVAL OF LIGHTS
May The Millions of Lamps of Diwali Illuminate Your Life
with Happiness, Joy, Peace and Health.



F
B C
P T E O
B Z F E D
O F C L T B
T E P O L F D Z
L P C T Z D B F E O
EYECONE
OPTICAL
EYE GLASSES • CONTACT LENSES • SUN GLASSES
416-299-1472
5633 Finch Ave. East, Unit # 1, Scarborough, ON M1B 5K9
416-299-1533
6055 Steeles Ave. E., Suite C-101, Toronto, ON M1X 0A7


HAPPY
diwali
May the mirth and merriment of the magical festival of lights give you endless moments of joy and love.
Happy Diwali
સ્વદેશ
પરિવાર
MANOJ GANDHI
EDITOR & PUBLISHER
RAMESH VYASH
DIRECOR & PUBLISHER
NILESH TAILOR
DIRECTOR - MARKETING
PARESH PESHWA
DIRECTOR - MARKETING


Happy Diwali &
Prosperous New Year
May the beauty of Diwali fill
your world And your heart
and may the love that is Always
yours, bring you endless joy.
Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX
Achievers Realty
REALTOR
MLS
MULTIPLE LISTING SERVICE


Happy Diwali &
Prosperous New Year
Vinayak Patel
Sales Representative
647.222.3549
905.497.6701 • 905.497.6700
Vinayakpatel61@gmail.com
www.vinayakpatel.realtor
170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 425
SAVE MAX
Achievers Realty
BUY • SELL • LEASE


Happy Diwali
Happy Diwali
THIS DIWALI ILLUMINATES YOUR
LIFE WITH LIGHTS AND COLOURS.
HAVE A SAFE AND GREEN DIWALI
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
SAVE MAX
Achievers Realty
Brokerage* Each Office Independently Owned & Operated
170 WILKINSON RD., UNIT #3, BRAMPTON, OM L6T 4Z5
TEL : 416-997-6949, FAX : 905-497-6700
EMAIL :- URSHILAMEHULREALTOR@GMAIL.COM

# Happy Diwali & Prosperous New Year

**FOR YOU IMMIGRATION**

* NEWS * } LMIA / PNP / EXPRESS ENTRY PERMANENT VISA / PARENTS SPONSORSHIP

ACCEPTING APPLICATIONS FOR PERMANENT VISA IN ALL OCCUPATIONS
(Finance/Account, Sales/Mktg, Computer/IT, Engineer, Doctor, Teacher, Lecturer, Nurse and more

BOOK APPOINTMENT FOR DETAILS

- ✓ Express Entry
  - ✓ Federal Skilled worker
  - ✓ Federal Skilled Trade
  - ✓ Canadian Experience Class
- ✓ Work permit and renewals
- ✓ Study permit and renewals
- ✓ Labour Market Impact Assessment (LMIA)
- ✓ Super VISA, Visitor - 10 Years Visa
- ✓ Provincial Nominee Prog. (PNP)
- ✓ Investor Visa
- ✓ Citizenship/ PR Card Renewal
- ✓ Family Sponsorship (Parents, Spouse)
- ✓ US Visa

Scarborough / Markham Location
30 Karachi Dr., Unit 67
(across Costco)
Markham, ON L3S 0B6

Brampton Location
7900 Hurontario St., Unit 6,
Brampton ON L64 OP6
www.foryouimmigration.com

RCIC Regulated Canadian Immigration Consultant CRIC Consultant réglementé en immigration canadienne


Rajeev (Tony) Narang

NOTARY FROM $20

Tel: (416) 619-0108
Email: foryoucanada@yahoo.ca

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)
**Cell: 647-866-2790**
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

**35 Room Motel For Sale Asking $3.3 Millon (price reduced)**
Located in Cochrane on Hwy 11 in northern Ontario, about 1 hour from Timmins &8 hours north of Toronto.
18 Room with full kitchennet. Year round business. Heated Garage for Snowmobilers. 6.5 Acres of Commercial Land right on Trans Canada Hwy 11.
Room Revenue: over $750,000 (Net sales - before taxes). Net Operating Income: over $500,000. Cap Rate: over 10%
All numbers of income & expenses are 100% provable.
Seller is retiring after sucessfully operating of 15 years. Great opportunity to invest in a profitable motel. Good for LMIA, WP etc.

**Burrito Boyz For Sale Asking $375,000 Dundas St & Appleby Rd, Burlington**
New Store- started in 2022. All chattles & eqipments are new and owned.
Current monthly sales: over $50,000 , Rent + TMI $5600/month, Lease 8 years remaining & 5 + 5 years option to renew. Royalty only 2%. About 1400 sq ft store. New residential projects & developmnet on Dundas & Appleby. Very busy area. Customer based set in 15 months & third party sales also growing. New buyer can definetly make good money with growing income month by month.

**Small Motels For Sale**
Northern Ontario, Call for info

**Burrito Boyz SOLD**
Plains Rd, Burlington

**30 Room Motel**
With Restaurant & Bar (on lease)
Near Ottawa- Asking $2.4M

**Franchise Hotels For Sale**
Coming up in Fall/Winter
1 to 4 Hrs From Toronto
Asking: $6M to $9M

**Working Partner in Motels**
Small to Mid size Motel in North
Min Investment $100K to $200K
% Partnership + Good Salary to Stay and Operate the Motel

**Motel Jobs Available**
Location: 6 hrs north of Toronto
On-site Manager/Front desk
Housekeepers/General work

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

"Thinking and Doing, Without One the Other Cannot be"

*May this Diwali fill into our lives new hopes for the future and new dreams for tomorrow. With lots of love, wishing you a very Happy Diwali.*

# Prakash Bharucha
**BROKER**

Cell : 647-802-1835
905-497-6701
905-497-7000

realtorprakash1@gmail.com

$AVE MAX Achievers Realty, Brokerage
Each Office Independently Owned & Operated

170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 4Z5



Residential & Commercial

*"The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust."*

BUY • SELL • LEASE


Happy Diwali &
Prosperous New Year
HOMES BY KISHAN
BUY • SELL • INVEST
KISHAN PATEL
Sales Representative
$AVE MAX
Achievers Realty
Brokerage* Each Office Independently Owned & Operated
Cell : 416-569-7427
Office : 905-497-6701
170 Wilkinson Road, Unit # 3,
Brampton, ON L6T 4Z5
www.homesbykishan.com
HOMESBYKISHAN
HOMESBYKISHAN@GMAIL.COM

# ભેમાપુર ગામે સગીરાની ઘાતકી હત્યાનો ભેદ ઉકેલાયો : સાત આરોપીઓને ઝડપી લેવાયા

**મોડાસા/મેઘરજ**

વર્ષ ૨૦૧૯માં મેઘરજ પોલીસ સ્ટેશને ભેમાપુર(સાથરીયા)ગામની સગીરા રાત્રે આખ્યાન જોવા ગઈ હતી. ત્યારે ગુમ થઈ જતાં થઈ હતી. આ ગૂમ થયેલી સગીરાનો ચાર વર્ષ પણ પત્તો નહી લાગતાં અરવલ્લી એલસીબીને તપાસ સોંપાઈ હતી. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસ ઈન્સ્પેકટર કે. ડી. ગોહીલે આ પ્રકરણે, એસઓજી અને મેઘરજ પોલીસની ટીમો સાથે સઘન તપાસ હાથ ધરાઈ હતી.એલસીબી દ્વારા ગુનાવાળી જગ્યાની આજુબાજુ તેમજ અન્ય જગાએ બાતમીદારો રોકી ટેકનીકલ એનાલીસીસ તથા ખાનગી બાતમીદારો મારફતે ચોક્કસ બાતમી મેળવી હાથ ધરાયેલ તપાસમાં ૪ વર્ષ અગાઉ ગૂમ થયેલી કે ભગાડી જવાયેલ સગીરાની આજ ગામના મોહન ગલા કટારાએ હાથમાંની લોખંડની કોદાળી આ સગીરાના માથે મારી દઈ તેમજ ભરત ધીરા કટારાએ આ સગીરાના માથે લાકડી ફટકારી દેતાં આ સગીરાનું મોત થયું હોવાનું જણાઈ આવ્યું હતું.અને આ બે હત્યારા સહિત ગામના અન્ય છ ઈસમોએ ભેગા થઈ આ સગીરાની લાશ મોહન ગલા કટારાના ઘર નજીક કૂવામાં ફેંકી દીધી હતી.બે દિવસ બાદ આ આરોપીઓએ પુરાવાનો નાશ કરવા લાશને સગેવગે કરવા કૂવામાંથી બહાર કાઢી લાશ ટ્રેકટરમાં મૂકી ઉપર ઘાસ પાથરી આ ટ્રેકટર છાયા મહુડી તા.કડાણા ગામના અશોક ડામોરનો સંપર્ક શાધી મહિસાગર જિલ્લાના વરસડા ગામે ગયા હતા.અને ગામની સીમમાં ભાદર નદીના ઊંડા ધરામાં આ સગીરા સંગીતાની લાશ પથ્થરો તથા ઘંટીના પડ સાથે બાંધી ફેંકી દીધી હતી. એલસીબી પોલીસે આ આરોપીઓને મોડાસા લાવી પૂછપરછ કરતાં આ આરોપીઓએ ગુનાની કબુલાત કરી લીધી હતી.

# નડિયાદમાં પીજ ચોકડી પાસે સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા, 8 લાખની મત્તાની ચોરી

**નડિયાદ**

નડિયાદની શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને પીજ ચોકડી નજીક ધરણીધર સોસાયટીમાં રહેતા અનિલભાઈ ગઢવીએ પોતાના પરિવાર સાથે ઘરના ઉપલા માળે આવેલા બેડરૂમમાં સુતા હતા. મંગળવારે 4.00 વાગ્યાના અરસામાં તેઓ નીચે આવ્યા ત્યારે નીચેના માળે બધો સામાન વેરણછેરણ હાલતમાં જોઈને તેઓ ચોંકી ઉઠયા હતા.

ઘરમાં તપાસ કરતા નીચેના માળે લોકરમાં મુકેલ સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા ૫૦,૦૦૦ અને અનિલભાઈ તેમજ તેમના પત્નીનું પર્સ મળી આવ્યું ન હતું. અંદાજે ૧૨ તોલા જેટલા સોના ચાંદીના દાગીના તેમજ રોકડની ચોરી થવા મામલે વસો પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર દોડી આવી હતી અને ડોગ સ્કવોડ તેમજ એફ.એસ.એલ.ની મદદથી તસ્કરોનું પગેરું મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. તપાસ દરમિયાન સોસાયટીના અન્ય બે મકાનોમાં પણ તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો, જેમાંથી એક મકાનમાં મકાન માલિક જાગી જતા તસ્કરો ફરાર થઈ ગયા હતા. સોસાયટીમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા કામ કરતા ન હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

# કેનેડામાં ડોલર ચૂકવી આપવાને બહાને ૨૫ લાખની છેતરપિંડી, 2 સામે ફરિયાદ

## ભાઈને ભાવનગરમાં આંગડિયા મારફતે રૂપિયા મોકલાવ્યા હતા

**ગાંધીનગર**

ગાંધીનગર રહેતા બીપીનભાઈ પ્રજાપતિ એરફોર્સમાં જુનિયર કમિશન ઓફિસર તરીકે નિવૃત્ત થયા છે જ્યારે તેમના નાના ભાઈ ગીરીશભાઈ પ્રજાપતિ પરિવાર સાથે છેલ્લા ૨૦ વર્ષથી કેનેડામાં રહે છે. બંને ભાઈઓ વચ્ચે આથક વ્યવહાર થતો રહેતો હતો ત્યારે કેનેડામાં રહેતા ગીરીશભાઈને રૃપિયાની જરૃર પડતા તેમણે મોટાભાઈ બીપીનભાઈ પાસેથી રૃપિયા માગ્યા હતા. ગીરીશભાઈનો ગૂરપ મારફતે પ્રિયાંક જોગાણી સાથે સંપર્ક થયો હતો અને તેણે ભારતમાં ૨૫ લાખ રૃપિયા ચૂકવી આપો તો કેનેડામાં ડોલર ટ્રાન્સફર કરી આપવાની વાત કરી હતી. જેના પગલે પ્રિયાંક જોગાણીએ ભાવનગરમાં રહેતા કુલદીપ નામના વ્યક્તિને રૃપિયા પહોંચાડવા માટે કહ્યું હતું. જે અંગે ગીરીશભાઈએ તેમના ભાઈ બીપીનભાઈને જાણ કરી હતી અને જેના પગલે બીપીનભાઈએ કુલદીપ સાથે સંપર્ક કરીને સેક્ટર ૩ની આંગડિયા પેઢી મારફતે ૨૫ લાખ મોકલી આપ્યા હતા. જોકે કેનેડામાં ગીરીશભાઈને ડોલર મળ્યા ન હતા. જેથી ગીરીશભાઈએ પ્રિયાંકનો સંપર્ક કર્યો હતો અને તેનો નંબર બંધ આવતો હતો. જેના પગલે છેતરપિંડી થયાનો અહેસાસ થતા ફરિયાદ કરી હતી.

# નડિયાદના યુવક ઉપર અમેરિકામાં લૂંટના ઇરાદે ફાયરિંગ, તપાસ શરૂ

## ઘરની બહાર જ લૂંટારુંઓ દ્વારા હુમલો, પેટમાં 3 ગોળીઓ ધરબી દીધી

**નડિયાદ**

મૂળ નડિયાદના કિશન સમોસાના ખાંચામાં રહેતા મેનગર પરિવારનો પુત્ર ઉજાસ શૈલેષભાઈ મેનગર અમેરિકામાં સ્થાયી થયો છે. ઉજાસનો પરિવાર પણ નોર્થ અમેરિકામાં જ છે. પોતાની ખાનગી કારમાં ઉજાસ સ્ટોર બંધ કરીને ઘર તરફ આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં તે કોઈ વસ્તુ લેવા ઉભો હતો. બાદમાં જ્યારે તે ઘરે પહોંચ્યો ત્યારે અજાણ્યા ઈસમો દ્વારા તેની સાથે લૂંટના ઈરાદે ઝપાઝપી કરવામાં આવી હતી. ઉજાસે પ્રતિકાર કરતાં લૂંટારુંઓએ તેની ઉપર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું અને બાદમાં લુંટારા ત્યાંથી ભાગી ગયા હતા.

ઘટનાને પગલે આસપાસથી દોડી આવેલા લોકોની મદદથી પરિવારે ઉજાસને સારવાર અર્થે ખસેડયો હતો. જ્યાં હાલમાં ઉજાસની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. ઉજાસને પેટમાં ત્રણ ગોળી વાગી હતી. જેમાંથી બે ગોળી કાઢી લેવામાં આવી છે, જ્યારે હજી એક ગોળી ઉજાસના શરીરમાં જ છે. હાલમાં આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ઉજાસનો પરિવાર સતત તે જલદી સાજો થઈને ઘરે આવે તે માટે પ્રાર્થના કરી રહ્યો છે.


દિવાળી તથા નવા વર્ષની શુભકામનાઓ...

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited (with sweet & Farsan) $10.00 +Tax

Limited (without sweet & Farsan) $8.50 +Tax

CATERING SPECIAL

$ 14.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$15.99 (M-T) / $17.99 (F-S)

Call us for details

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

| SCARBOROUGH | BRAMPTON | THORNHILL | PICKERING |
|---|---|---|---|
| 840 Markham Road | 90 Eastern Ave Unit 20B | 1470 Centre Street Unit 13 | 512 KINGSTON RD. UNIT 2, |
| 416-438-0544 | 905-799-0013 | 905-597-5777 | 905-839-3277 |

# બનાસકાંઠામાં સામૂહિક આપઘાત: 4 લોકોને મોતના મુખમાં ધકેલનાર સસરા-પતિની અટક

## પતિ અને સસરાના અમાનુશી ત્રાસથી કંટાળી પરિવારે દાંતીવાડા ડેમમાં ઝંપલાવ્યું હતું

**બનાસકાંઠા**

પાલનપુરમાં નાની ભટામલ ગામે સસરા અને પતિના ત્રાસથી પરણીતાએ બે સંતાનો અને સાસુ સાથે એકબીજાના હાથ દોરડાથી બાંધી દાંતીવાડા ડેમમાં આપઘાત કરી લીધો હતો. જોકે સ્થાનિક લોકોએ દાંતીવાડા ડેમમાંથી એક જ પરિવારના ચાર લોકોની લાશોને બહાર કાઢતા તેમની લાશોને પોસમોર્ટમ માટે ખસેડાઈ હતી. આ કેસમાં સસરા અને પતિની અટક થઈ છે. દાંતીવાડાના ભાડલી ગામના નયનાબાના લગ્ન 11 વર્ષ અગાઉ પાલનપુર તાલુકાના નાની ભટામલ ખાતે થયા હતા. જોકે સંયુક્ત પરિવારમાં રહેતા પતિ અને સસરા વગર વાંકે મારઝુડ કરતા હતા અને આમાનુશિય ત્રાસ આપતા અને ઘરેથી કાઢી મુકતા અને તેની સાસુ પર પણ ત્રાસ ગુજારતા આખરે પુત્રવધુથી સહન ન થતાં તેને બે સંતાનો અને સાસુ સાથે ઘર છોડી દીધું હતી. જોકે તેનો એક પુત્ર સ્કુલે ગયો હોવાથી તે તેમની સાથે ન જતા તે બચી ગયો હતો.

જોકે પુત્રવધુ, સાસુ અને બે સંતાનોએ દાંતીવાડા ડેમમાં પડીને આપઘાત કરી લેતા તેના ભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે તેના બહેનના પતિ અને સસરા સામે ફરિયાદ નોંધાવી હતી. મૃતકોમાં નયનાબા નારણસિંગ ચૌહાણ (ઉ.વ.30) પુત્રવધુ, કનુબા ગેનસિંગ ચૌહાણ (ઉ.વ.55)- સાસુ, સપનાબા નારણસિંગ ચૌહાણ (ઉ.વ.8) પુત્રી તથા વિરમસિંગ નારણસિંગ ચૌહાણ (ઉ.વ.5)-પુત્રનો સમાવેશ થાય છે. ઘટના અંગે પાલનપુર તાલુકા પોલીસે પતિ નારણસિંહ ચૌહાણ અને સસરા ગેંનસીહ સ્વરૂપસિંહ ચૌહાણની અટકાયત કરી છે.

# વડોદરાની ઉન્નતીએ ઇન્ટરનેશનલ બ્યૂટી પેજન્ટમાં મિસિસ એશિયા ટાઇટલ જીત્યું

**વડોદરા**

દિલ્હી ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ બ્યુટી પેજન્ટમાં વડોદરાના ઉન્નતિ દેસાઈએ મિસિસ એશિયા ટાઈટલ જીતી લીધુ છે. ઉન્નતિ ગુજરાતી પરંપરાગત સાડી પહેરીને રેમ્પ પર ઉતરી હતી અને તેણે ગુજરાતના લોક નૃત્ય સમાન ગરબાને પણ સ્ટેજ પર રજૂ કરીને પેનલના ૧૫ જજોને પ્રભાવિત કરી દીધા હતા. ૪૭ વર્ષના ઉન્નતિ દેસાઈ કહે છે કે ૪૫ વર્ષ પછી મહિલાઓને એવુ લાગતુ હોય છે કે હવે નિવૃત્તિનો સમય છે. હકિકત એ છે કે ૪૫ વર્ષ પછી જ સેકન્ડ ઈનિંગ ચાલુ થાય છે. બાળકો અને પરિવારની જવાબદારીમાંથી




મહિલાઓ ૪૫ વર્ષ પછી મુક્ત થઈ જતી હોય છે એટલે તેને પોતાના માટે સમય મળે છે. આ મેસેજ આપવા જ મે આ બ્યુટી પેજન્ટમાં ભાગ લીધો હતો. ૩૬ દેશના ૧૭૦૦ સ્પર્ધકોમાંથી ૩૬ સ્પર્ધકો ફાઈનલ થયા હતા જેમાં ફાઈનલમાં આફ્રિકા અને જાપાનની સ્પર્ધકને હરાવીને મે ટાઈટલ જીત્યુ છે.

# નડિયાદની હોસ્પિટલમાં પ્રસુતિના બે કલાક બાદ પ્રસુતા-નવજાતનું મોત

**નડિયાદ**

નડિયાદ તાલુકાના દવાપુરા ખાતે રામદેવજીવાળું ફળિયામાં રહેતા મહેશભાઈ સુરેશભાઈ વાઘેલાના પત્ની અસ્મિતાબેન (ઉમર વર્ષ ૨૩) ને પ્રસુતિની પીડા ઉપડતાં પરિવારજનો તેમને વહેલી સવારે નડિયાદની શુભમ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તપાસ્યા બાદ તેમને પ્રસુતિ માટે દાખલ કરવામાં આવ્યા હતા. સવારે ૪.૩૦ વાગે અસ્મિતાબેને નોર્મલ ડિલિવરી થકી પુત્રને જન્મ આપ્યો હતો. પુત્રના આગમનને લઈને પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, આ ખુશી લાંબી ટકી ન હતી. સુધીના બે કલાક બાદ ૬થ૩૦ વાગ્યાના અરસામાં અસ્મિતાબેનનું મોત થયું હતું. જ્યારે તેના થોડા જ સમય બાદ તાજા જન્મેલા નવજાત શિશુનું પણ ૭.૦૦ વાગ્યાના અરસામાં મોત થતા પરિવાર આઘાત પામ્યો હતો. માતા પુત્રના મૃત્યુ બાબતે હોસ્પિટલ દ્વારા કોઈ સંતોષકારક જવાબ આપવામાં ન આવતા પરિવારજનો રોષે ભરાયા હતા અને હોસ્પિટલમાં ભારે હોબાળો મચાવ્યો હતો. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ દ્વારા સમગ્ર મામલે મહેશભાઈ સુરેશભાઈ વાઘેલાની ફરિયાદના આધારે ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે.

# ખૂન કા બદલા ખૂન :બનાસકાંઠાના સણવાલમાં પેરોલ પર છૂટેલા શખ્સ દ્વારા એકની હત્યા

**બનાસકાંઠા**

માવસરીના સણવાલ ગામે 2016માં થયેલી વરધાજી બારોટની હત્યા કેસમાં આરોપી મીઠાવિચારણા ગામનો મફાભાઈ દુધાભાઈ ચૌધરી છેલ્લા કેટલાક સમયથી જેલમાં કેદ હતો. જો કે 27 ઓક્ટોબરે મફાભાઈ પેરોલ પર મુક્ત થઈ પોતાની પત્ની સાથે થરાદ સેશન કોર્ટમાંથી બાઈક ઉપર પરત ઘરે જઈ રહ્યો હતો. તે સમયે જ ટડાવ ગામ નજીક કેટલાક શખ્સોએ મફાભાઈના બાઈકને ટક્કર મારી તો બાઈક પાછળ બેઠેલી મફાભાઈની પત્ની રોડ પર પટકાઈ ગઈ પરંતુ મફાભાઈ બાઈક લઈ આગળ દોડતા રહ્યા અને તે બાદ આ શખ્સોએ ફરી મફાભાઈના બાઈકને ગાડીથી ટક્કર મારતા મફાભાઈ રોડ પર પટકાયા અને તે બાદ શખ્સોએ મફાભાઈના શરીર પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેમની પર ફાયરિંગ કરી દીધું અને મફાભાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

ઘટના બાદ વિસ્તારના સોશિયલ મીડિયામાં તળાવ રોડ ઉપરથી અજાણ્યા શખ્સની લાશ મળ્યાના સમાચાર વહેતા થતા ચકચાર મચી હતી. જો કે મૃતદેહના ફોટા સોશિયલ મીડિયામાં જોવા મળતા મફાભાઈની પત્ની હરિબેનને પોતાના જ પતિની હત્યા થઈ હોવાની જાણ થતા હરીબેને ફરિયાદ નોંધાવી હતી. જો કે મફાભાઈના બાઈકને ટક્કર મારનારા શખ્સો મફાજી જે વર્ધાજી બારોટ હત્યા કેસમાં જેલમાં હતા, તેમના દીકરા જ હોવાનું ખુલતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસે 8 દિવસને અંતે યુપી પહોંચી મફાભાઈની હત્યા કરનારા ભરત ઉર્ફે પિન્ટુ વર્ધાજી બારોટ, દશરથ બાબુજી બારોટ, કિરણ ભમરજી બારોટ અને દિનેશ હીરાજી બારોટને ઝડપી લીધા હતા.

# બનાસકાંઠામાં ડ્રગ્સ વેચવા નીકળેલી વિદેશી મહિલા પકડાઈ, મુદ્દામાલ જપ્ત

**બનાસકાંઠા**

રાજસ્થાનમાં વિધાનસભાંની ચૂંટણીઓને લઈ મોડી રાત્રે બનાસકાંઠાની અમીરગઢ, એલસીબી અને એસઓજી પોલીસ અમીરગઢ ચેકપોસ્ટ પર તપાસમાં હતી, તે દરમિયાન બોર્ડર પરથી શ્રીનાથ નામની એક ખાનગી ટ્રાવેલ્સ બસ પસાર થઈ હતી. જો કે બોર્ડર પરથી પસાર થઇ રહેલી આ ખાનગી બસની પોલીસએ તલાસી લીધી તો પોલીસ તપાસ દરમિયાન બસમાં સવાર એક મહિલાની હિલચાલ શંકાસ્પદ લાગતા પોલીસને આ મહિલા પર શંકા ગઈ અને પોલીસે તેની તપાસ કરી તો મહિલા પાસેથી અલગ અલગ જગ્યાએથી 4.268 કિલોગ્રામ જોક્સ મળી આવ્યું હતું. જેની અંદાજીત બજાર કિંમત 4,26,80000 રૂપિયા થાય છે.

જોકે, ખાનગી બસમાં મુસાફરી કરી રહેલી વિદેશી મહિલા પાસેથી આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો મળી આવતા પોલીસે મહિલાને ડ્રગ્સના મુદ્દામાલ સાથે દબોચી લીધી અને અમીરગઢ પોલીસ મથકે લાવી મહિલાની પૂછપરછ કરી તો મહિલા ઘાના દેશની હોવાનું અને તેનું નામ વાકાઈગો રીજોઈશ પોલ હોવાનું સામે આવ્યું હતું. જો કે પોલીસે મહિલા પાસે રહેલા પર્સની તપાસ કરી તો પર્સમાંથી એક પાસપોર્ટ મળી આવ્યો જે પાસપોર્ટ નાઈઝોરિયન હોવાનું સામે આવતા પોલીસ અસમજસમાં પડી હતી. જોકે પોલીસે મહિલાની વધુ પૂછપરછ કરી તો આ મહિલા આ ડ્રગ્સ દિલ્હીથી લાવી હોવાનું અને મુંબઈ લઈ જતી હોવાનું કબુલ્યું હતું.

# પાદરા નાગરિક બેંકના 2 ડિફોલ્ટરોને 2 વર્ષની કેદની સજાનો કોર્ટનો હુકમ

**પાદરા**

પાદરા નગર નાગરિક સહકારી બેંકમાંથી નિશાંત દિલીપભાઈ પટેલે રૂ.૨૮ લાખ તથા ભૈરવી અપૂર્વ પટેલે રૂ.૨૮ લાખની લોન લીધી હતી. લોન લીધા બાદ નિયમિત રીતે હપ્તા નહીં ભરતા બેંકના અધિકૃત અધિકારીઓ દ્વારા બંનેને લોનની રકમ ભરપાઈ કરી દેવા જણાવાયું હતું. તેમ છતાં લોનના નાણા નહીં ભરતાં બેંક દ્વારા બંનેએ આપેલા ચેક ખાતામાં જમા કરાયા હતાં. જે ચેક પરત ફરતાં બેંક દ્વારા બંનેને કાનૂની નોટિસ આપી હતી. તેમ છતાં બંનેએ તેને નહીં ગણકારતાં બેંક દ્વારા બંને સામે પાદરાના એડિશનલ ચીફ મેજિસ્ટ્રેટની કોર્ટમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ હેઠળ કેસ દાખલ કરાયો હતો. જે બાદ કોર્ટે બંનેને કોર્ટમાં હાજર થવા સમન્સ બજાતાં બંને સદર કેસ દાખલ થતા ચીફ મેજિસ્ટ્રેટ ઝેડ. એન.મુન્શીની કોર્ટમાં કેસ ચાલી જતાં બેંકના વકીલ જીગર પંડયાની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે નિશાત દિલીપ પટેલ અને ભૈરવી અપૂર્વ પટેલને લોનની રકમ ઉપરાંત ૨૭,૪૭,૦૦૦ વળતરરૂપે ચૂકવવા તેમજ બે વર્ષની જેલની સજાનો હુકમ કર્યો હતો. તેમજ વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. બંને આરોપી કોર્ટના હુકમ વખતે કોર્ટ સમક્ષ હાજર નહીં હોવાથી બંને વિરુદ્ધનું સર્ચ વોરંટ પાદરા પોલીસ સ્ટેશનમાં બજવણી કરવાનો હુકમ કરાયો છે.

# ઈન્દ્રોડા પાર્કમાં વધુ એક પ્રાણીએ જીવ ગુમાવ્યો : વાઘ બાદ વાઘણનું મોત

**ગાંધીનગર**

ગાંધીનગરના પાદરે આવેલા ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સફેદ વાઘ સાથે જોડી જમાવતા ફિમેલ બેંગોલ ટાઈગરનું લાંબી માંદગી બાદ મોત નિપજયુ હતું. પ્રાથમિક દ્રષ્ટિએ વાઘણનું વૃધ્ધાવસ્થાને કારણે મૃત્યું થયું હોવાનું માનવામાં આવે છે તેમ છતાં મોતનું સાચું કારણ શોધવા માટે પેનલ ડોક્ટર્સ દ્વારા વાઘણના મૃતદેહનું પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવ્યું છે. ઓગસ્ટ માસના પ્રારંભે જ સુત્રા નામના ડાલામથા સિંહનું મોત થયું હતું. ૧૯ વર્ષિય ફિમેલ બેંગોલ ટાઈગરે છેલ્લા ૧૦થી ૧૫ દિવસથી ખોરાક છોડી દિધો હતો.પાર્કમાં સતત ટ્રીટમેન્ટ પણ આ વૃધ્ધ વાઘણની કરવામાં આવી હતી.

# વડોદરામાં પિતાએ પોતાની જીવતી દીકરીને સમાજ સામે મૃત જાહેર કરી

**વડોદરા**

વડોદરાના વાઘોડિયા પાસે આવેલા લીલોર ગામમાં એક દીકરી ગામના યુવક સાથે કોર્ટ મેરેજ કરીને પ્રેમ લગ્ન કરી લેતા પિતા એટલી હદે નારાજ થયા હતા કે તેમણે દીકરી જીવંત હોવા છતાં સમાજના લોકોને બોલાવીને બેસણું યોજી તેને મૃત જાહેર કરી દીધી હતી, અને દીકરી સાથેના તમામ સંબંધોનો અંત લાવી દીધો હતો.

ગ્રામ્ય સ્તરે હજુ પણ કેટલીક જ્ઞાતિઓમાં પ્રેમલગ્નને એક દૂષણ ગણવામાં આવે છે. દેશના બંધારણે દરેક વ્યક્તિને હક આપ્યો છે, તેમ છતાં અનેક કુટુંબોમાં પરિવારની મરજી વિરુદ્ધ જઈને લગ્ન કરતા યુવક-યુવતીઓએ માઠા પરિણામ ભોગવવા પડે છે.

આ ઘટનામાં દીકરીના માતાપિતાએ જણાવ્યું હતું કે તેમણે તકલીફો વેઠીને તેને ઉછેરી, ભણાવી-ગણાવી અને હવે દીકરીએ ગામના યુવક સાથે ભાગીને કોર્ટ મેરેજ કરી લેતા પરિવારની આબરુને નુકસાન પહોંચ્યું હતું. આથી તેઓ અત્યંત દુઃખી અને વ્યથિત થયા હતા અને સમાજના આગેવાનોને બોલાવી બેસણું-અંતિમક્રિયા જેવી વિધિઓ કરી તેને મૃત જાહેર કરી દીધી હતી જેથી તેઓ તેને ભૂલી શકે.

# બોડેલીમાં સિંચાઈ વિભાગની નકલી સરકારી કચેરી કૌભાંડ: વધુ એકની ધરપકડ

**છોટા ઉદેપુર**

બોડેલીમાં નકલી સરકારી કચેરી કૌભાંડમાં પોલીસે સંદીપ રાજપૂત અને અબુ બકર સૈયદની ધરપકડ કરીને તેઓની પૂછપરછ શરૂ કરી દેવામાં આવી હતી. તેઓના છોટા ઉદેપુર તથા વડોદરાના સંપર્ક સ્થાનો પર દરોડા પાડીને દસ્તાવેજો કબ્જે કર્યા હતા. સમગ્ર કૌભાંડમાં સિંચાઈ વિભાગનાં કર્મચારીઓ સંકળાયેલા છે કે નથી તેની પણ તપાસ શરૂ કરી દેવાઈ હતી. નકલી સરકારી ઑફિસ ઉભી કરવાના આ ચકચારી કૌભાંડમાં મૂળ પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના બિલિયા ગામના મૂળ વતની અને હાલ વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા અંકિત સુથારની ધરપકડ કરી હતી.

# રશિયામાં પોરબંદરની ડોક્ટર યુવતી સાથે લગ્નની લાલચ આપી બળાત્કાર

## ધમકી આપી નરોડામાં પણ કારમાં દુષ્કર્મ આચરાયું

**અમદાવાદ**

પોરબંદરની ડોકટર યુવતી ઉપર નરોડાના યુવકે અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું. મહિલાએ આક્ષેપ કર્યો છે કે તે રશિયામાં અભ્યાસ કરતી તે સમયે નરોડાના યુવક સાથે પરિચય થયો હતો. રશિયાની હોસ્ટેલમાં યુવતી એકલી હતી ત્યારે દુષ્કર્મ આચરી વિડીયો બનાવી લીધો હતો. થોડા મહિના બાદ બંને ભારત પરત આવી ગયા હતા. બાદ વિડીયો વાઈરલ કરવાની ધમકી આપીને શખ્સે અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતુ.

પોરબંદર રહેતી ૨૩ વર્ષીય યુવતીએ નરોડા પોલીસ સ્ટેશનમાં નરોડામાં રહેતા મિતેન પટેલ સામે ફરિયાદ નોંધાવી છે કે છ વર્ષ પહેલાં રશિયા ખાતે એમબીબીએસનો અભ્યાસ કર્યા બાદ ભારત પરત ફરી હતી. ત્યારે મેડિકલ યુનિ. ખાતે તેની સાથે નરોડા ખાતે રહેતો યુવક પણ અભ્યાસ કરતો હતો. ૨૦૧૭માં યુવક પણ હોસ્ટેલમાં યુવતી સાથે રહેતો હોવાથી બન્ને સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ બન્ને ફોન પર વાતચીત કરતા હતા. ૨૦૧૮માં હોસ્ટેલમાં યુવતી એકલી હતી ત્યારે યુવક તેના રૂમમાં ગયો હતો અને ફોન જોતા જોતા દુષ્કર્મ આચર્યુ હતું. યુવતીએ વિરોધ કરતા માફી માગીને મારી ભૂલ થઈ ગઈ અને હું તારી સાથે લગ્ન કરીશ તેમ કહ્યું હતું. જો કે થોડા દિવસ બાદ યુવકે તેના મોબાઈલમાં યુવતીને વિડિયો બતાવ્યો હતો. એટલું જ નહી વાઈરલ કરવાની ધમકી આપીને અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું, ૨૦૧૯માં યુવતીને દિલ્હી ખાતે અભ્યાસ માટે જવાનું હોવાની વાત યુવકને હતી. જેથી યુવકે તેને અમદાવાદ ખાતે મળવા બોલાવી હતી જેને લઈને યુવતી નરોડા આવી હતી. ત્યારે યુવકે તેને કારમાં નાના ચિલોડા રીંગ રોડ તરફ લઈ ગયો હતો અને અવાવરું સ્થળે કારમાં બળાત્કાર ગુજાર્યો હતો અને કોઈને વાત કરીશ તો તારો વ વિડિયો વાઈરલ કરી બરબાદ કરવાની ધમકી આપી હતી.

# અંજારમાં ટીમ્બરના વેપારીના પુત્રનું અપહરણ : સવા કરોડની ખંડણી માગી

**ભુજ**

કચ્છના અંજારના મેઘપર બોરિચી વિસ્તારમાં રહેતાં ૧૯ વર્ષીય યુવાન યશ સંજીવકુમાર તોમરનું અપહરણ કરી સવા કરોડ રૂ. ની ખંડણી માંગવાના બનાવે સમગ્ર જિલ્લામાં ચકચાર મચાવી છે.

પોતાને ઘેર મંગલમ સોસાયટીથી નીકળી યશ આદિપુર કોલેજ જવા નીકળ્યો હતો. પણ, કોલેજ પહોંચ્યો નહોતો. દરમ્યાન તેના પરિવારજનો ને અજાણ્યા શખ્સો એ ફોન કરી સવા કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. આ સમગ્ર ઘટનાથી ડર અનુભવી પરિવારજનોએ અંજાર પોલીસ મથકે ફરિયાદ કરી છે.

પોલીસે આ અંગે ફરિયાદ નોધી સઘન તપાસ શરૂ કરી છે. અપહૃત કરાયેલ યુવાનનો પરિવાર ટીમ્બરના વ્યવસાય સાથે સંકળાયેલ છે. જોકે, અપહરણકારો દ્વારા એક જ વખત ફોન કરાયો છે. બીજી વખત ફોન આવ્યો નથી.

# ગાંધીધામ પાસે કાર રેલિંગ સાથે અથડાતાં બેના ઘટના સ્થળે મોત

## મોડી રાત્રે અજાણ્યા વાહને ટક્કર મારતાં ગંભીર અકસ્માત

**ગાંધીધામ**

ભચાઉ તાલુકાના ચોપડવા પાસે આઈ-૨૦ કારને કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે ભટકાડતા કાર ધડાકાભેર માર્ગની રેલિંગ સાથે આથડાઈ હતી. જેથી કારનો આગળનો ભાગ સંપૂર્ણ નાશ પામ્યો હતો અને કારમાં સવાર બે યુવકોના ઘટના સૃથળે જ ગંભીર ઈજાઓને કારણે કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા.

રાત્રે સાડા ત્રણ વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનામાં આદીપુરના ૫-વાડી, રામદેવપીર મંદિર પાસે રહેતા ૨૬ વર્ષીય મનીષ રસીકભાઈ કાતરીયા અને આદિપુરના સીડીએક્સ-એ-૧૩૪, ૪ વાડીમાં રહેતા ૨૬ વર્ષીય ભાવેશ શામજીભાઈ પરમાર આઈ-૨૦ કારાથી રાપરાથી આદિપુર તરફ આવી રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે તેમની કારને ટક્કર મારી હતી. જેથી કાર ધડાકાભેર માર્ગની રેલિંગ સાથે આથડાતાં યુવકોના ઘટના સ્થળે જ



મોત થયા હતા. આ ઘટના અંગે તાત્કાલિક ધોરણે ત્યાંથી પસાર થતાં અન્ય વાહન ચાલકો દ્વારા ૧૦૮નો સંપર્ક સાધવામાં આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ આવી પણ ગઈ હતી પરંતુ બંને યુવાનોનું ઘટના સૃથળે જ મૃત્યુ થઈ ચૂક્યું હતું. ત્યાં ઉભેલા લોકો દ્વારા કારને સાઈડમાં મૂકી દેવાતા ટ્રાફિક જામ હળવો બન્યો હતો. ભચાઉ પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતક બંને યુવકો આદિપુર મધ્યે કાર રિપેરિંગનું કામ કરે છે, તે રાપર ખાતે કોઈ કામસર ગયા હતા ત્યારે ત્યાથી પરત આવતા સમયે આ બનાવ બન્યો છે. હાલે આ અંગે ફરિયાદ નોંધવાની તજવીજ ચાલુમાં છે.

# ભુજમાં બે પરિવાર વચ્ચે ધોકા ટામી વડે મારામારી : 18 લોકો સામે ફરિયાદ

## ખીરસરામાં મકાન ખાલી કરવા મુદે આધેડ પર ત્રણ શખ્સનો હુમલો

**ભુજ**

ભુજમાં ઘર પાસે શેરીના વિવાદમાં બે પરિવાર વચ્ચે ધોકા ટામીથી મારા મારી થતાં બન્ને પક્ષે અઠાર સામે ફરિયાદ નોંધાવાઈ હતી. તો, ખીરસરા ગામે મકાનની નોટીશના મનદુખે આધેડને ત્રણ શખ્સોએ ધોકાથી માર માર્યો હતો.

બી ડિવિઝન પોલીસ મથકે ભુજીયા તળેટી રામનગરીમાં રહેતા બાબુ નારાણ પટ્ટણીએ ગોવિંદ મોહન દેવીપુજક, ભરત મોહન દેવીપુજક, નરેશ મોહન દેવીપુજક, અશોક મોહન દેવીપુજક, પુજાબેન મોહન દેવીપુજક, તેજુબેન ગોવિંદ દેવીપુજક, ધનુબેન અશોક દેવીપુજક, ગીતાબેન નરેશ દેવીપુજક, સવિતાબેન રાજુ દેવીપુજક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી અને આરોપીના ઘર વચ્ચે શેરી મુદે વિવાદ ચાલતો હોઈ આરોપીઓએ શેરીમાં લાકડા અને કેરેટ મુક્યા હોઈ આરોપીઓને ઠપકો દેતાં આરોપીઓએ ફરિયાદી અને તેમના પરિવારના સભ્યોને ધોકા લોખંડના પાઈપમાં માર મારી ઈજા પહોંચાડી હતી. તો, પ્રતિ ફરિયાદમાં ગોવિંદ મોહન દેવીપુજકે બાબુ નારાણ પટ્ટણી, કાન્તિ નારાણ પટ્ટણી, અનિલ બાબુ પટ્ટણી, દિપક બાબુ પટ્ટણી, અજય બાબુ પટ્ટણી, ભાવેશ કાન્તિ પટ્ટણી, સોનીબેન બાબુ પટ્ટણી, લીલાબેન નટુ પટ્ટણી, મંજુબેન કાન્તિ પટ્ટણી, સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ શેરીમાં લાકડા અને કેરેટ મુક્યા બાબતે ફરિયાદી અને તેમના પરિવારના સભ્યોને માર મારી ઈજા પહોંચાડી હતી. પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. તો, બીજીતફર અબડાસા તાલુકાના ખીરસરા ગામે ગામે રહેતા રહેતા આધમ ઈબ્રાહિમ સુમરા (ઉ.વ.૪૨)એ ગામના સુમરા સુમાર આદમ, સુમરા લતિફ ઈબ્રાહિમ, ઈલીયાસ હાજીસાલે મામદ સામે કોટારા પોલીસમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, આરોપીઓએ મકાન ખાલી કરવાની નોટીશનું મનદુથખ રાખી ફરિયાદીને ધોકાથી માર મારી ઈજા પહોંચાડી હતી.

# સરકારની કોઈપણ આર્થિક મદદ લીધા વિના ઉપલેટામાં એનિમલ હોસ્ટેલ બની

**રાજકોટ**

ઉપલેટા પાલિકા દ્વારા જિલ્લા કલેકટર પાસે એનિમલ હોસ્ટેલ બનાવવા માટે ગૌચરની જમીન ફાળવવા માંગણી કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર તંત્ર દ્વારા ઉપલેટા પાલિકાને ૨૫,૭૦૦ ચોરસ મીટર જમીન ફાળવી દીધા બાદ નગરપાલિકા તંત્રએ સ્થાનિક વેપારીઓના સાથ સહકારથી એનિમલ હોસ્ટેલ કાર્યરત કરી છે.

ઉપલેટા પાલિકાએ શહેરમાં રખડતા, ભટકતા 790 પશુઓને ઝડપી એનિમલ હોસ્ટેલમાં આશ્રય આપવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર ઝોનની નગરપાલિકામાં એનિમલ હોસ્ટેલ બનાવવામાં ઉપલેટા પાલિકા પ્રથમ હોવાનું સરકારી સૂત્રોએ જણાવ્યું છે. ઉપલેટા નગરપાલિકા દ્વારા શહેરીજનોની વાંચન તૃષા સંતોષવા માટે ત્રણ માળનું વાંચન કેન્દ્ર બનાવવામાં આવ્યું છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door
Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વાપીમાં DRIના સર્ચ ઓપરેશનમાં 180 કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ કબજે કરાયું

**વલસાડ**

ગુજરાતમાં ફરીવાર ડ્રગ્સનો કાળો કારોબાર ઝડપાયો છે. DRIના અધિકારીઓએ વાપી GIDCમાં આવેલી ખાનગી કંપની પ્રાઈમ પોલિમર્સમાં દરોડા પાડતા 121.75 કિલો જેટલું મેફેડ્રોન લિક્વિડ ફોર્મમાં કબ્જે કર્યું હતું. જેની કિંમત અંદાજે 180 કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં કેમિકલના વેપારની આડમાં ડ્રગ્સની હેરાફેરીના ચોંકાવનારા કિસ્સા સામે આવી રહ્યા છે જેની સામે તંત્ર સતત એલર્ટ રહીને કામગીરી કરી



રહ્યું છે. નવાઈની વાત એ છે કે ઔદ્યોગિક કંપનીઓ પોતાના રસાયણો બનાવવાના ધંધાની આડમાં ગેરકાયદે ડ્રગ્સની હેરાફેરીને પ્રોત્સાહન આપી રહ્યા છે. જેથી નશાનું નેટવર્ક વધુને વધુ ફેલાઈ રહ્યું છે.

ચોક્કસ બાતમીને આધારે DRIના અધિકારીઓએ કંપનીના સ્થળે દરોડા પાડ્યા હતા ઉપરાંત કંપનીના માલિકના ઘરે પણ તપાસ કરાતા ઘરમાંથી 18 લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ કાર્યવાહીમાં કંપનીના માલિક રાજુસિંહ, એકાઉન્ટન્ટ કેયુર પટેલ અને કુંદન યાદવ નામના કામદારની નશાબંધી અને આબકારી અધિનિયમ કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. મેજિસ્ટ્રેટ કોર્ટે મંગળવારે ત્રણેય આરોપીઓને ૧૦ નવેમ્બર સુધી ડીઆરઆઈની કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો.

# હરખાવો હવે સુરતવાસીઓઃ નૌકાદળમાં સામેલ કરાયું 'સુરત' નામનું યુદ્ધ જહાજ

**સુરત**

સીએમ ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ભારતીય નૌ સેનાના યુદ્ધજહાજ 'સુરત'ના ક્રેસ્ટના અનાવરણનો કાર્યક્રમ યોજાયો હતો. ભારતીય નૌકાદળ દ્વારા તેના અત્યાધુનિક ચોથા મિસાઈલ ડિસ્ટ્રોયર યુદ્ધજહાજના ક્રેસ્ટ(ચિહ્ન) ને 'સુરત' નામ આપીને સુરત શહેરના પ્રાચીન શિપબિલ્ડિંગના વારસાનું બહુમાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળના લેટેસ્ટ વોરશિપ પ્રોજેક્ટ-બી અંતર્ગત 4 નેક્સ્ટ જનરેશન મિસાઈલ ડિસ્ટ્રોયર તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજે ચોથા યુદ્ધજહાજ તરીકે 'સુરત'નું નામકરણ કરવામાં આવ્યું છે, આ સમગ્ર રાજ્ય માટે ગર્વની ક્ષણ છે. આ પ્રથમ એવી ઘટના છે, જેમાં કોઈ યુદ્ધજહાજને ગુજરાતના કોઈ શહેરનું નામ આપવામાં આવ્યું હોય. ગુજરાતના પ્રાચીન દરિયાઈ વ્યાપારનો ઉલ્લેખ કરતાં સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સુરત, લોથલ, ઘોઘા, ભરૂચ એક સમયે સમુદ્રી વ્યાપારના મહત્વપૂર્ણ કેન્દ્રો હતા. એક સમયે સુરતમાં ચોર્યાસી બંદરોના વાવટા ફરકતા હતા. પ્રાચીન કાળમાં સુરતે દેશવિદેશમાં દરિયાઈ વ્યાપાર અને વ્યાપારી સંબંધો જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી.

# જૂની-ખંડિત દેવી-દેવતાની મૂર્તિઓ માટે સુરત મનપાની અનોખી પહેલ

**સુરત**

ઘરોમાં ભગવાનના જૂના ફોટો તથા ખંડિત થયેલી મૂર્તિઓનો કઇ રીતે ધાર્મિક પરંપરાઓને અનુસરીને વિસર્જિત કરવું તેનો લોકોને ખ્યાલ હોતો નથી. આ બાબતમાં વધી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાએ એક નવતર પ્રયોગ કર્યો છે જેમાં શહેરીજનો પાસેથી ભગવાનના ક્ષતિગ્રસ્ત મૂર્તિઓ તથા ફોટો પાલિકાની વોર્ડ ઓફિસ પાસે સ્વીકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલું જ નહીં, એકત્રિત કરાયેલા આ ફોટો તથા મૂર્તિઓનું લોકોની લાગણી દુભાય નહીં એ રીતે યોગ્ય પ્રકારે વિસર્જન કરવામાં આવશે. આ અંગે સુરતના મેયર દક્ષેશ માવાણીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અઠવાલાઈન્સ વોર્ડ ઓફિસ ખાતેથી દેવી-દેવતાઓના જુના ફોટા સ્વીકારવા માટેનું અભિયાન શરૂ કરાવ્યું છે. આ અભિયાનને લોકો તરફથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં લોકો અલગ અલગ ઓફિસમાં 180 જૂના ફોટા જમા કરાવી ગયા છે અને વોર્ડ ઓફિસ દ્વારા લોકોની લાગણી ન દૂભાય તેમ રીતે ધાર્મિક વિધિથી ફોટાનું વિસર્જન કરવા તથા રિસાયકલિંગની પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવી છે.

# સુરતના સામૂહિક આપઘાતનું મુખ્ય કારણ મનીષે લીધેલી લાખો રૂપિયાની લોનનો હપ્તો

## દિવાળી પહેલાં 20 લાખ આપવા દબાણ કરનાર ઈન્દરપાલ શર્માની ધરપકડ કરાઈ

**સુરત**

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા મનીષ સોલંકીએ પરિવારના 6 લોકોને ઝેર આપ્યા પછી પોતે પણ આત્મહત્યા કરી હતી. સુરતના અડાજણ વિસ્તારમાં મનીષ સોલંકી પરિવાર 7 લોકોના સામુહિક આપઘાત મામલામાં રોજ નવા નવા વળાંક આવી રહ્યાં છે. આર્થિક સંકડામણ અનુભવતા પરિવારના મોભી મનીષ સોલંકીએ આ પગલુ ભર્યુ હતું. પરંતુ તપાસમાં સામે આવ્યું કે, મનીષ સોલંકી દર મહિને જુદી જુદી બેંકમાં 1.40 લાખનો લોનનો હપ્તો ભરતો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, મનીષ સોલંકીએ બેન્કના હપ્તા ભરવાની ચિંતામાં પગલું ભર્યું હોવાની આશંકા છે. માસિક 1.40 લાખ જેટલો હપતો મનીષ જુદી જુદી બેંકમાં ભરતો હતો. પોલીસ દ્વારા SIT બનાવી નજીકના લોકોના નિવેદન લેવામાં આવી રહ્યાં છે.

સિવિલના આરએમઓ ડો. કેતન જણાવ્યું હતું કે, શનિવારે બપોરે લગભગ 3 થી 4 કલાક સુધી પોસ્ટમોર્ટમ ચાલ્યું હતું. છ મૃતદેહોમાંથી, બેની ગરદન પર દબાણના નિશાન હતા, એટલે કે ગળું દબાવવામું આવ્યું હતું. બાકીના ચારનું ઓર્ગેનોકેમિકલ એનાલિસિસ કરવામાં આવ્યું હતું, જેમાં પ્રાથમિક દ્દષ્ટિએ ઝેર હોવાનું જણાય છે. આ ઘટનામાં પોલીસે મનીષના ભાગીદાર ઈન્દ્રપાલ શર્માની ધરપકડ કરી છે. આ શખ્સે દિવાળી લાખ 20 લાખ રૂપિયા આપવા દબાણ કરતો હતો.

# કડોદરામાં મેટલ બનાવતી ધનલક્ષ્મી ફેક્ટરીમાં એક કરોડના કોપરની લૂંટ

## મેનેજર, વોચમેન સહિતના કર્મચારીઓને બંધક બનાવી ધમકી અપાઈ

**પલસાણા**

રવિવારે કડોદરામાં આવેલી ધનલક્ષ્મી મેટલ ઈન્ડસ્ટ્રીઝમાં ૧૦થી ૧૫ લૂંટારુઓ આવ્યા હતા. આ સમયે ગભરાયેલા વોચમેન અનુપભાઈએ તાત્કાલિક ફેક્ટરીના રૂમમાં જ પરિવાર સાથે રહેતા મેનેજર ઉમાશંકર કશ્યપની રૂમનો દરવાજો ખખડાવી ચોર ચોરની બૂમો પાડી હતી. તેથી મેનેજર અને તેમનો પરિવાર જાગી ગયો હતો. મેનેજરે રૂમનો દરવાજો ખોલતા જ વોચમેન અનુપની પાછળ આવેલા ચાર અજાણ્યા ઈસમોએ અનુપ અને ઉમાશંકરને ધારિયું બતાવી તેમના હાથ બાંધી તે બંને જણાને રૂમમાં પૂરી દીધા હતા. ત્યારબાદ અન્ય સ્ટાફ સુનિલ ચંદ્રશેખર ગુપ્તા, આશિષ ગયાપ્રસાદ પ્રજાપતિ તથા કાલીશંકર અને રામખીલવાન કશ્યપને પણ પકડી લાવી હાથપગ બાંધી રૂમમાં પૂરી દેવાયા હતા. જયારે રૂમની બહાર માણસો ધારિયું લઈને ઊભા રહી ગયા હતા. ત્યારબાદ ૧૦થી ૧૫ ઈસમો ફેક્ટરીમાં રાખેલ ૧૭ ટન જેટલો કોપર સ્ક્રેપ ટ્રકમાં ભરી નાસી છૂટયા હતા. લુંટારુંઓએ કંપનીના કર્મચારીઓને પાંચ મોબાઈલ પણ લૂંટી લીધા હતા.

# રાજપીપળા ખાતે પોસ્ટ ઓફિસની બારીના સળિયા કાપી તિજોરીમાંથી 21 લાખની ચોરી

## તસ્કરોએ બારી કાપ્યા બાદ તિજોરીનું તાળુ કટરથી કાપી નાંખ્યું

**રાજપીપળા**

રાજપીપળા શહેરની પોસ્ટ ઓફિસમાંથી રોકડા રૂ.૨૧ લાખની ચોરી થતા પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. રાજપીપળા પોસ્ટ ઓફિસનાં પોસ્ટ માસ્ટર નરવતભાઈ રામસીંગભાઈ કોલચા (હાલ રહે. કરજણ કોલોની, રાજપીપળા)એ નોંધાવેલી પોલિસ ફરિયાદ મુજબ રાજપીપલા ટેકરા ફળિયા ખાતે આવેલી નવી પોસ્ટ ઓફિસના પાછળના ભાગે આવેલી બારીના સળીયા કોઈ અજાણ્યા તસ્કરોએ કાપી અંદર પ્રવેશ કરી મુખ્ય ઓફિસના સળીયા કાપી તિજોરીના તાળા કટરથી કાપી વિવિધ ચલણી નોટો મળી કુલ રૂ.૨૧,૫૨,૭૯૦ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. તેમની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોસ્ટ ઓફિસમાં દિવાળીના તહેવારને પગલે બેન્કમાં કેશ જમા કરાવવામાં આવી ન હતી. રવિવારે પોસ્ટ માસ્તર પોસ્ટમાં આવ્યા ત્યારે ખબર પડી કે ચોરી થઈ છે.પોસ્ટ ઓફિસ માં સી સી ટીવી કેમેરાની માંગ છેલ્લા ૧૦ વર્ષ થી કરાઈ રહી છે, પણ હજુ સુધી લાગ્યા નથી. આ પહેલા વર્ષ ૨૦૧૧માં પણ પોસ્ટ ઓફિસમાં ચોરી થઈ હતી.

# સુરતમાં 7800 કરોડના સટ્ટાકાંડમાં સુનાવણી પૂર્ણ

## સરકારપક્ષે ગુનાની ગંભીરતા તથા વર્તણૂંકને ધ્યાને લઈ જામીન રદ કરવા માંગ કરી

**સુરત**

એકાદ વર્ષ પહેલાં આચરવામાં આવેલા 7800 કરોડના ઓનલાઈન સટ્ટાકાંડમાં સુરત ક્રાઈમ બ્રાંચના ઈકો સેલે પાછળથી ઝડપેલા ચાર આરોપીઓએ સમન્યાયના સિધ્ધાંત હેઠળ કરેલી જામીનની માંગની સુનાવણી આજે પુરી થતાં એડીશ્નલ સેશન્સ કોર્ટે આરોપીઓ ના ચુકાદો મુલત્વી રાખ્યો છે.

સુરત ઈકો સેલ દ્વારા ગત ઓક્ટોબર માસમાં ડીંડોલી રાજમહલ મોલ શિવ એન્ટરપ્રાઈઝ નામે ટેક્સટાઈલ પેઢીની ઓફીસની આડમાં ચાલતા કરોડો રૂપિયાની ઓનલાઈન સટ્ટાકાંડનો પર્દાફાશ કર્યો હતો. યુક્રેન તથા દુબઈથી ચાલતાં સંભવિત 7800 કરોડના સટ્ટાકાંડમાં હિમાચલ ફરાર થઈ



ગયેલા આરોપી હુશેન કૌશર મકાસરવાળા(રે. ઝૈની કોમ્પ્લેક્ષ,લક્કડ કોટ સ્ટેશન રોડ)ની ગયા એપ્રિલ માસમાં ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા.જેમાં પાટણના હાર્દિક મહેતા તથા દુબઈના કિશન નામના બુકી દ્વારા ઓનલાઈન બેટીંગ એપની મદદથી ગેરકાયદે નાણાંકીય ટ્રાન્જેકશન થયા હોવાનું તથા ડમી એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર થયા હોવાનું બહાર આવ્યુ હતુ.

આ કેસમાં અગાઉ પકડાયેલા આરોપીઓની ધરપકડ અને રિમાન્ડ બાદ શરતોને આધીન જામીન મળ્યા બાદ આ કેસમાં ગઈ તા.29મી ઓકટોબરના રોજ ઈકો સેલની ટીમે વધુ ચાર આરોપી બકુલ કીર્તિલાલ શાહ(રે.ક્રિષ એપાર્ટમેન્ટ,પાલ)હર્ષ કમલેશ શાહ(રે.અંકુર એપાર્ટમેન્ટ,મજુરાગેટ),પાર્થ શૈલેશ જોશી(રે. આદિપુર ગાંધીધામ કચ્છ) તથા આકાશ પારેખ (રે.ભાગ્યરત્ન હાઈટ્સ,પાલ)ની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા બાદ જેલભેગા કર્યા હતા.

આરોપીઓએ આ કેસના સહઆરોપીઓને શરતી જામીન પર મુક્ત કરવામાં આવ્યા હોઈ પ્રથમ દર્શનીય કેસના અભાવે સમન્યાયના સિધ્ધાંત હેઠળ જામીન આપવા માંગ કરી હતી. જેના વિરોધમાં મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાએ દલીલો રજૂ કરી હતી.

# આપના ધારાસભ્ય વસાવા સામે પોલીસ ફરિયાદથી આદિવાસી બેલ્ટમાં વિરોધ

**અમદાવાદ**

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની એકતરફી જાહેરાત કરીને વિવાદ ઊભો કરનારા રાજ્યના આદિવાસી વિસ્તારના એક માત્ર આપના ધારાસભ્ય ચૈતર વસાવા સામે પોલીસે બે વનકર્મીઓને ધમકાવવા સહિતના આરોપ સાથે તાજેતરમાં ફરિયાદ નોંધતા દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં ઘેરાં પ્રત્યાઘાત પડ્યા છે. વસાવા સામેની પોલીસ ફરિયાદને પગલે રાજપિપળા બંધનું એલાન આપીને સરકાર સામે મોરચો માંડવામાં આવ્યો હતો. નર્મદા જિલ્લાના એક ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, દેડિયાપાડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વિસ્તારમાં ગત ૨૯મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ વન વિભાગના વિસ્તારમાં દબાણની સાથે જંગલની જમીનમાં ખેડાણ દૂર કરાતા વિવાદ થયો હતો.

# રાજકોટમાં બોગસ બિલિંગનું દૂષણ નિવારવા માટે બાયોમેટ્રિક સિસ્ટમથી દસ્તાવેજ ચકાસણી

## રાજકોટ અને જૂનાગઢ સહિત 11 GST ડિવિઝનમાં બાયોમેટ્રિક સેન્ટર કાર્યરત

**રાજકોટ**

જીએસટી તંત્રને વેપારીઓ દ્વારા આપવામાં આવતા દસ્તાવેજની ચકાસણી માટે બાયોમેટ્રીક સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જે બાયોમેટ્રીક સેન્ટરનું આવતીકાલ તા.૭ના વાપીથી કેન્દ્રીય નાણાંમંત્રી લોકાર્પણ કરનાર છે. બાયોમેટ્રીક સિસ્ટમથી દસ્તાવેજની ચકાસણી થતાં નકલી દસ્તાવેજોનું દૂષણ અટકાવી શકાશે. બોગસ બિલીંગ ઉપર નિયંત્રણ આવશે.

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વિભાગ દ્વારા વેપારીઓના રજીસ્ટ્રેશન




માટે નવી નોંધણી પ્રણાલી લાગુ કરવાની તૈયારી કરી લેવામાં આવી છે, ખાસ કરીને આ સિસ્ટમમાં વેપારીઓ દ્વારા જીએસટી તંત્રને આપવામાં આવતા દસ્તાવેજ કે ડેટાની બાયોમેટ્રીકથી ચકાસણી કરવામાં આવશે, અત્યાર સુધી આ પ્રક્રિયા મેન્યુઅલી થતી હતી તે હવે ઓનલાઇન કરવામાં આવશે. દેશના કેન્દ્રીય નાણાંમંત્રી વાપીથી આ સિસ્ટમનું તા. 7ના લોન્ચીંગ કરશે અને રાજ્યનાં 12 GST ડિવીઝનમાં વચ્યુઅલથી લોકાર્પણ કરવામાં આવશે. તેમાં રાજકોટ, જૂનાગઢ, ગાંધીધામ, ભાવનગર સહિતના ડિવીઝનનો સમાવેશ થાય છે. હવે તમામ દસ્તાવેજની ચકાસણી હવે કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમ કરશે તેથી બોગસ બિલીંગનું દૂષણ અટકાવી શકાશે.

# ભાવનગરમાં સગીરે બેફામ સ્કોર્પિયો ભગાવી 6 વાહનોને અડફેટમાં લીધા

**ભાવનગર**

ભાવનગરમાં એક 16 વર્ષના સગીરે રસ્તા પર આડેધડ સ્કોર્પિયો ચલાવીને 6 વાહનચાલકોને કચડી નાખ્યા હતા. આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નથી પરંતુ આશરે 6થી 7 વાહનચાલકો ઈજાગ્રસ્ત થયા છે. સ્કોર્પિયો કારને પણ સારું એવું નુકસાન પહોચ્યું છે.

કાર ચલાવતી વખતે આ સગીર સાથે તેના જેટલી જ ઉમરનો તેનો દોસ્ત પણ તેની સાથે હતો. સગીરે રસ્તામાં આડીઅવળી કાર ચલાવવાને પગલે કેટલાક રાહદારીઓને પણ સામાન્ય ઇજા પહોંચી હતી જેમણે પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે તેની ગાડીનો પીછો કર્યો હતો અને તેને તેના દોસ્ત સાથે પકડી પાડી પોલીસ સ્ટેશને લઇ જવાયો હતો. પોલીસે પૂછપરછ હાથ ધરતા તેના જન્મદિવસ નિમિત્તે માતપિતાએ ગાડી ચલાવવા આપી હોવાનું તેણે જણાવ્યું હતું. સગીરે સર્જેલા અકસ્માતમાં 6 વાહનચાલકોને ઈજાને પગલે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર જગુઆર કાર વડે અકસ્માત કરીને 19 વર્ષના તથ્ય પટેલે 9 લોકોને મારી નાખ્યા હતા. એ ઘટના પરથી સૌથી વધુ જો કોઈએ બોધપાઠ લેવાનો હોય તો એ માતાપિતાએ લેવાનો છે.

# ખેતરમાં ખેડૂત અને શ્રમજીવીઓ પર દીપડા દ્વારા હુમલો, બેને ગંભીર ઇજા

**તાલાલા ગીર**

તાલાલા તાલુકાનાં જશાપુર ગીર ગામના ખેડૂત નારણભાઈ વેલજીભાઈ ભંડેરી ગાત્રાળીયા ધાર વિસ્તારમાં આવેલ તેમના કેસર કેરીના બગીચામાં કામગીરી કરાવવા ચાર શ્રમજીવીઓને સાથે લઈ બગીચા ઉપર ગયેલ ત્યારે શ્રમજીવીઓ સાથે લાવેલ ટિફિન બગીચામાં આવેલ મકાનની ઓસરીમાં મુકતાં હતાં. આ દરમ્યાન રાત્રે મકાનની ઓસરીમાં ઘુસી ગયેલ દીપડાએ ખેડૂત તથા ચાર શ્રમજીવી ઉપર છલાંગ લગાવી હુમલો કર્યો હતો. જેમાં નારણભાઈ ભંડેરી (ઉ.વ. 70) તથા શૈલેષભાઈ રૂડાભાઈ (ઉ.વ. 40)ને ગંભીર ઈજા થઈ હતી. બંનેને તુરંત સારવાર માટે તાલાલા હોસ્પિટલે ખસેડતા ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપી ખેડૂત તથા શ્રમજીવીને વધુ સારવાર માટે જૂનાગઢ રીફર કર્યા હતા.

બનાવ બાદ તાલાલા વનવિભાગના ફોરેસ્ટર પ્રવિણભાઈ વાળા, ગાર્ડ મનીષભાઈ રવિયા તથા સાસણ એનિમલ કેર સેન્ટરનાં તબિબોની ટીમ બનાવના સ્થળે દોડી ગઈ હતી. આ દરમ્યાન દીપડો બગીચામાં આંટાફેરા કરતો હોવાથી વનવિભાગની ટીમે વેટરનરી તબીબ ટીમ સાથે રાખી ટ્રાન્કિવલાઈઝર ગનથી દીપડાને બેશુદ્ધ કરી પકડી પાડયો હતો. દીપડાને પકડી એનિમલ કેર સેન્ટર-સાસણ ગીર લઈ જવામાં આવેલ છે.

# અમરેલીમાં વિકૃત પ્રેમીનાં અમાનવીય ત્રાસથી કંટાળી વિદ્યાર્થિનીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## ખરાબ ફોટા વાયરલ કરવાની ધમકી આપીશરીરે ડામ દેવડાવ્યાનો સ્યૂસાઇડ નોટમાં ઉલ્લેખ

**અમરેલી**

અમરેલીમાં આવેલા ગજેરા શૈક્ષણિક સંકુલમાં છેલ્લા પાંચ વર્ષથી સાયન્સમાં અભ્યાસ કરતી અને ત્યાંજ લક્ષ્મી ડાયમંડ ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી બોટાદ પંથકની અર્ચના મેહુલભાઈ તલસાણીયા હાલ બીએસસીના ત્રીજા વર્ષમાં ભણી રહી હતી. જેણે ગઈકાલે સાંજે ૬ વાગ્યાના અરસામાં પોતાના હોસ્ટેલના રૂમમાં ગળાફાંસો ખાઈને જીંદગીનો અંત આણી દીધો હતો.

આ ઘટના બાદ મૃતક અર્ચનાના દાદા સવાઈલાલ નાનજીભાઈ તલસાણીયા સહિતના પરિવારજનોએ



ગર્લ્સ હોસ્ટેલમાં અર્ચના જયાં રહેતી હતી તે રૂમમાં સામાન લેવા માટે ગયા હતા. તેઓએ મૃતક અર્ચનાનો થેલો ખોલીને જોયું તો તેમાં ત્રણ કાગળો મળ્યા હતા. જે સ્યૂસાઈડ નોટ હતી. આ કાગળમાં અર્ચનાએ લખેલું હતું કે ‘મારી જિંદગીથી અતિશય કંટાળી આ પગલું ભરી રહી છું. અત્યાર સુધી મે ખૂબ સહન કર્યું હવે મારાથી સહન નથી થતું. સોરી બા, બાપુજી, પપ્પા મેં તમારાથી એક વાત સંતાડી રાખી કે સિહોરા આકાશ સાથે હું વાત કરતી હતી, મારા શરીર પર કેટલા ડામ છે એ મને ખુદને નથી ખબર. હવે તે માણસ મારી પર્સનલ જગ્યા પર ડામ દેવાનું કહે છે. તે એમ કહે છે કે તું ડામ દે નહીંતર હું તારા ખરાબ ફોટા વાઈરલ કરી બદનામ કરીશ. આ સ્યૂસાઈડ નોટ મળતાં મૃતક અર્ચનાના પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. બાદમાં તેમણે તુરંત અમરેલી પોલીસને પુરાવા આપ્યા હતા.

# 8 નવેમ્બરનો ઈતિહાસ : પોરબંદર દરિયામાં પહેલી જ ટ્રીપમાં ‘વીજળી’ની જળસમાધિ!

## તોફાન વચ્ચે પ્રવાસ થંભાવી દેવા અંગ્રેજ અધિકારીએ ચેતવણી આપી પરંતુ કેપ્ટને ગણકારી ન હતી

**પ્રભાસપાટણ**

ભૂતકાળમાં માંડવી બંદરેથી તા. 8ના રોજ બપોરે બાર વાગ્યે વીજળીને લાંગરી હતી. બોટનો એટલો બધો ઝળહળાટ હતો કે લોકોએ જ આગબોટનું નામાભિધાન વીજળી કરી દીધું હતું. આ બોટ મુંબઈના હાજી હાસમ જુસબ નામના શેઠે કેપ્ટન જેમ્સ શેફર્ડ નામના અંગ્રેજ સાથે ભાગીદારીમાં બોમ્બે સ્ટમી નેવિગેશન કંપની બનાવી હતી. આ દિવસે વીજળીની પ્રથમ સફર હતી, જેમાં કચ્છના જુદા જુદા ગામોના લોકોએ બોટમાં સવાર હતા. સાગરમાં વીજળીએ દ્વારકાનો સાગરકિનારો છોડી દીધા બાદ દરિયામાં ચક્રવાત જેવા વાવાઝોડાની અસર થતાં પવનના આંચકાઓ અને ઝપાટાઓ ચાલુ થયા હતા. આની વચ્ચે વીજળી પોરબંદર સુધી પહોંચી ગઈ એ વખતે બંદરના ઓફિસર લેલીએ આગળ ન વધવા અનેક વાર ચેતવણી આપી દરિયામાં આગળ ન વધવા કહ્યું હતુ પણ કેપ્ટનને એમની વીજળી પર ઓવરકોન્ફિડેન્સ હતો. આથી ચેતવણી અને કાળા વાવટાની ચેતવણીને અવગણીને સ્ટીમરને પૂરપાટવેગે દરિયામાં દોડાવી હતી. થોડી જ વારમાં યમદૂત સમાન બનેલા સાગરમાં તોતિંગ મોજાઓ ઉછળવા લાગ્યા, જેમાં વીજળી હાલક ડોલક થવા લાગી હતી એ વખતે બોટના ઉતારૂઓની નીકળી જતી હતી. આખરે આ વીજળી દરીયાઈ તોફાન સામે હારી ગઈ તથા અનેક ઉતારૂઓ સાથે જળસમાધિ લઈ લીધી હતી.

# દ્વારકામાં યુવતી સાથે મિત્રતા ભારે પડી, 22 વર્ષીય યુવકે ગુમાવ્યો જીવ

**દેવભૂમિ દ્વારકા**

દ્વારકામાં એક 22 વર્ષીય યુવકે યુવતી સાથે મિત્રતા કરી હતી. આ વાતની જાણ યુવતીના પિતાને થઈ હતી. યુવતીના પિતાએ હાર્દિક બારીયા નામના 22 વર્ષીય યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ આ યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં સારૂ ન થતાં જામનગર લઈ જવામાં આવ્યો હતો.

જામનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવકની તબીયતમાં




સુધારો ન થતાં તેને રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત યુવકનું મોત થયું હતું. યુવકના મોત બાદ હુમલાની ઘટના હત્યામાં પલ્ટી છે. યુવકના મોત બાદ તેના માતા દ્વારા દ્વારકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# જામનગરના મહિલા કોર્પોરેટરના પતિને ધાક-ધમકી અપાતા ફરિયાદ

**જામનગર**

જામનગરમાં સત્યમ કોલોની વિસ્તારમાં રહેતા અને જામનગર મહાનગર પાલિકાના વોર્ડ નં.-૧ ના કોંગી કોર્પોરેટર સમજુબેન પારિયાના પતિ દિપુભાઈ પારીયાએ પોતાને ધાક ધમકી આપી સમાજમાં હલકા પાડવા માટે હડધૂત કરવા અંગે વોર્ડ નં. ૧ના કોંગી કોર્પોરેટરના કાકા હારુન પાલેજા સામે ફરિયાદ નોંધાવી છે. સૂત્રો મૂજબ ફરિયાદી દીપુભાઈના પત્ની વોર્ડમાં નગરસેવક હોય અને લોક કલ્યાણના કામો તથા લોકોની પ્રાથમિક સુવિધા પૂરી પાડવા માટેનું કાર્ય કરતા હોવાથી અને આરોપીના ભત્રીજા પણ કોર્પોરેટર હોવાથી તેઓને આ લોકચાહના પસંદ ન હોવાના કારણે જાહેરમાં હડધૂત કરાયા છે.

# અમરેલીમાં હવે નાનાં વિમાનો બનશે 1 વર્ષમાં ૨૫ વિમાનોનું પ્રોડક્શન થશે

**અમરેલી**

એક વિમાન ઉત્પાદક કંપની દ્વારા અમરેલી ખાતે નાના વિમાન બનાવવાના પ્રોજેક્ટનું અમરેલીના લાઠી રોડ ઉપર ખાત મુહૂર્ત કરાયું હતું. જેમાં કેન્દ્રીય પ્રધાન પરષોત્તમ રૂપાલા અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના હાથે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. વલ્લભ કુલભૂષણ વૈષ્ણવાચાર્યના વરદ હસ્તે ભૂમિપૂજન કરાયું હતું. આ કંપની દ્વારા ફોર સિટર સિક્સ સીટરનાં નાનાં વિમાનો બનાવવાનો પ્રોજેકટ એક વર્ષમાં કાર્યરત થઈ જશે અને વાર્ષિક ૨૫ વિમાનોનું પ્રોડક્શન થશે અને દર વર્ષે આ પ્રોડક્શનમાં વધારો થશે. પ્રાથમિક તબક્કે ૩૦૦ વ્યક્તિઓને રોજગારી મળશે. આ ઉપરાંત અહીંયા વિમાન રિપેરિંગ અને પાર્ટ્સ બનાવવાનું પણ ધીમે ધીમે હાથ ધરવામાં આવશે. તેમજ પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર પણ ઊભું કરાશે. ગુજરાતના રાજકારણમાં અગ્રેસર પણ વિકાસમાં પછાત ગણાતા અમરેલી જિલ્લાને આ કંપની દ્વારા એક નવી રોજગારીની તક મળે અને પીએમ નરેન્દ્ર મોદીના સ્ટાર્ટઅપ ઈન્ડિયાના હેતુને સિદ્ધ કરવા આ પ્રોજેક્ટ હાથ ધરાયો છે.

# ગીર સોમનાથમાં ભાજપ નેતાને ત્યાં ઘરના તાળા તૂટયા

**ગીરસોમનાથ**

અગાઉ અરવલ્લીમાં એક નેતાના ઘરે ચોરી બાદ હવે ગીર સોમનાથ ભાજપ નેતાના ઘરે ચોરીની ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. વિગતો મુજબ તસ્કરોએ ભાજપ નેતાના ઘરને નિશાન બનાવીને રૂ.૨૧ લાખની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. ગીર સોમનાથના સૂત્રાપાડાના પસનાવાડા ગામમાં ભાજપ નેતાના ઘરે ચોરીની ઘટના બની છે. માહિતી મુજબ ભાજપ નેતા નેતા કેશુભાઈ જાદવના ઘરે રૂ.૨૧ લાખની ચોરી થઈ છે. અજાણ્યા તસ્કરોએ મકાનનું લોકર તોડી ચોરીને અંજામ આપ્યો હતો. જેમાં તસ્કરો રૂ,૬ લાખ રોકડા અને રૂ.૧૫ લાખના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. કેશુભાઈ જાદવ જિ.પંના બાંધકામ સમિતિના ચેરમેન રહી ચુકયા છે.

# સહકાર વિભાગનો સપાટો! 10 વર્ષથી કાગળ પર ચાલતી 500થી વધુ મંડળીઓ રદ કરાઈ

**અમદાવાદ**

ગુજરાત સરકારના સહકાર વિભાગે હાલ સપાટો બોલાવ્યો છે. ઘણી સહકારી સંસ્થાઓ માત્ર કાગળ પર જ ચાલતી હોય છે. જોકે, વાસ્તવિક રીતે તેનું કોઈ કામ હોતું નથી. છેલ્લાં 10 વર્ષથી કોઈ કામગીરી ન કરતી હોય તેવી 506 સહકારી મંડળી રાજ્ય સરકારે રદ કરી દીધી છે. સહકાર વિભાગે બિનકાર્યરત 6116 મંડળીની તપાસ કરી અંતે આ નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છેકે, ધિરાણ, બિયારણ સહિતની વિવિધ પ્રવૃત્તિ કરી 75,967 મંડળીઓ હાલ



ગુજરાતમાં કાર્યરત છે.

રાજ્યના સહકાર વિભાગે બિનકાર્યરત છે હજાર મંડળી સાથે ચર્ચા કર્યા બાદ મંડળીઓને ફરી કાર્યરત કરવામાં આવી છે. આ પૈકી 704 મંડળીઓ હતી કે, જેમની પર લોન હોય અથવા તો તેમણે લોન આપી હોય આવા સંજોગોમાં તેને સીધી બંધ કરી શકાય નહીં એટલે તેમને ફડચામાં નાખવામાં આવે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો.

હાલ સમગ્ર ગુજરાત રાજ્યમાં કુલ 75,967 સહકારીઓ છે. આ સહકારી 463 મંડળીઓમાંથી કેટલી કાર્યરત છે એવી અને કેટલી બિનકાર્યરત છે તેની તપાસ રાજ્યના સહકાર વિભાગે હાથ ધરી હતી. આ તપાસમાં 6116 બિન કાર્યરત જણાઈ હતી. જેના પગલે 506 સહકારી મંડળીઓને રદ કરી નાખવાનો રાજ્યના સહકાર વિભાગે નિર્ણય લીધો છે.

# હવે મુકેશ અંબાણીએ ગુજરાતની અરવિંદ ફેશન કંપનીને ખરીદી લીધી

**અમદાવાદ**

અરવિંદ ફેશન દ્વારા શેરબજારને આપવામાં આવેલી માહિતીમાં એવું કહેવામાં આવ્યું છે કે તેઓ તેમની કંપનીના બ્યુટી પ્રોડક્ટ્સ વિભાગ સેફોરાનો સંપૂર્ણ હિસ્સો રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રિલાયન્સ બ્યુટી એન્ડ પર્સનલ કેર લિમિટેડને વેચવા અને ટ્રાન્સફર કરવા માટે સંમત થયા છે. આ અંગેના કરાર થઈ ગયા છે. આ કરાર વિશે માહિતી શેર કરતી વખતે, ફેશન કંપની અરવિંદ ફેશને કહ્યું છે કે આ ડીલની તમામ ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી, અરવિંદ બ્યુટી બ્રાન્ડ્સ રિટેલ તેમની કંપની નહીં રહે. કંપની દ્વારા ફાઈલિંગમાં આ ડીલની રકમનો પણ ખુલાસો કરવામાં આવ્યો છે. અરવિંદ ફેશનના જણાવ્યા અનુસાર, કંપનીના બ્યુટી પ્રોડક્ટ્સ વિભાગનો સમગ્ર ઈક્વિટી હિસ્સો મુકેશ અંબાણીની રિલાયન્સ રિટેલ દ્વારા રૂ. 99.02 કરોડ અથવા $11.89 મિલિયનમાં ખરીદવામાં આવશે.

નાણાકીય વર્ષ 2022-23માં અરવિંદ બ્યુટી બ્રાન્ડ્સ રિટેલનું ટર્નઓવર રૂ. 336.70 કરોડ હતું. અરવિંદ ફેશનની કુલ આવકમાં બ્યુટી સેગમેન્ટ બિઝનેસનો ફાળો 7.60 ટકા હતો.

# અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કોલેરા - કમળાનો કાળો કેર

**અમદાવાદ**

શહેરમાં મનપા દ્વારા સપ્લાય થતાં પ્રદૂષિત પાણી અને બેરોકટોક વેચાણ થઈ રહેલાં બિનઆરોગ્યપ્રદ આહારને કારણે કમળો, કોલેરા અને ટાઈફોઈડનાં રોગમાં અસામાન્ય વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદ શહેરમાં ચાલુ વર્ષે છેલ્લાં ત્રણ વર્ષમાં કોલેરાનાં સૌથી વધુ કેસ નોંધાયા છે. ૨૦૨૩માં ૨૯ ઓક્ટો. સુધી કોલેરાના ૮૨ કેસ કન્ફર્મ થયાં છે. જે પૈકી મોટાભાગના કેસ પૂર્વ વિસ્તારમાં જ નોંધાયા છે. શહેરના દક્ષિણ ઝોનમાં ૪૨, પૂર્વ ઝોનમાં ૩૭ કેસ નોંધાયા છે. વોર્ડ મુજબ જોવામાં આવે તો, બહેરામપુરામાં ૧૮, લાંભામાં ૧૦ અને રામોલ-હાથીજણમાં ૩૨ કેસ કોલેરાના કન્ફર્મ થયા છે.બીજી બાજુ ૨૦૨૧ના સમગ્ર વર્ષ દરમ્યાન કમળાના ૧૪૩૯ કેસ નોંધાયા હતા જેની સામે ૨૦૨૩માં માત્ર ૧૦ મહિનામાં જ ૧૭૬૪ કેસ કન્ફર્મ થયા છે. ટાઈફોઈડના રોચગાળાએ પણ કાળો કેર વર્તાવ્યો છે.

એક સપ્તાહ દરમિયાન ટાઈફોઈડના ૨૪૨ કેસ નવા નોંધાયા છે. તેમજ ચાલુ વર્ષ દરમિયાન ટાઈફોઈડના ૩૮૨૬ કેસ નોંધાયા છે. જે પૈકી દક્ષિણ ઝોનમાં ૧૫૭૬, પૂર્વ ઝોનમાં ૯૨૯ અને ઉત્તર ઝોનમાં ૪૧૩ કેસ નોંધાયા છે.

# 80 લાખના વીમાની રકમ માટે ભિખારીની હત્યા કર્યાના 17 વર્ષ બાદ આરોપી ગુજરાતમાંથી ઝબ્બે

**અમદાવાદ**

કોઈ ફિલ્મ કે વેબ સ્ટોરીને પણ ટક્કર મારે એવી આ ઘટનામાં ઉત્તરપ્રદેશના એક વ્યક્તિએ તેના પિતા સાથે મળીને એક્સીડેન્ટલ ડેથનો વીમો પકવવા માટે પોતાના મૃત્યુની બનાવટી વાર્તા ઘડી કાઢી પોલીસ અને વીમા કંપનીને છેતરી 80 લાખની વીમાની રકમ પડાવી લીધી હતી. જો કે પોલીસે બાતમીને આધારે આરોપીને ઝડપી પાડ્યો હતો.

ઉત્તરપ્રદેશના આગ્રામાં રકાબગંજ પોલીસ સ્ટેશનમાં આજથી 17 વર્ષ પહેલા વર્ષ 2006માં એક કાર વ્યક્તિ સહિત સળગીને ખાક થઈ ગઈ હતી તેવી વિગતોને આધારે એક્સીડેન્ટલ ડેથનો કેસ નોંધાયો હતો. પોલીસે કેસની તપાસ કરતા મૃતદેહ પાસેથી મળેલી વિગતોને આધારે તેની અનિલસિંહ ચૌધરી નામથી ઓળખ કરી હતી અને તેના પિતાને મૃતદેહ સોંપી દીધો હતો. એ પછી અનિલસિંહના પિતાએ પુત્ર મૃત્યુ પામ્યો હોવાનું વીમા કંપનીને જણાવી 80 લાખ રૂપિયાની વીમાની રકમ મેળવી લીધી હતી.

ઘટનાના 17 વર્ષ બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને એક બાતમી મળી હતી જેના આધારે તપાસ કરતા વિગતો ખુલી હતી કે અનિલસિંહ નામનો આ વ્યક્તિ નામ બદલીને રાજકુમાર તરીકે અમદાવાદમાં રહે છે. જેના પરથી પોલીસે તેને પકડી પૂછપરછ હાથ ધરી હતી. આ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે મૂળ ઉત્તરપ્રદેશના ગૌતમબુદ્ધ નગર પાસેના એક ગામડાનો રહેવાસી છે.

2006 બાદ જાણે આરોપીએ જીવતેજીવ પુનર્જન્મ ધારણ કરી લીધો હોય તેમ પોતાની ઓળખ બદલીને રાજકુમાર નામથી ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવ્યું હતું અને તેના પરથી તેણે આધાર કાર્ડ-પાનકાર્ડ મેળવીને લોન પર રિક્ષા તથા કાર ખરીદી હતી.

# નકલી અધિકારીઓનો રાફડોઃ સુરત અને ગાંધીનગરથી બે ઠગો પકડાયા

**અમદાવાદ**

ગાંધીનગરમાંથી નકલી એફસીઆઈનો ડાયરેક્ટર પકડાયો હતો. એફસીઆઈ ડાયરેક્ટરની ઓળખ આપતા જમાદાર પુણ્યદેવ રાયની ધરપકડ કરાઈ હતી. પુણ્યદેવ રાય ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરીનું વિઝિટિંગ કાર્ડ બતાવી રોફ જમાવતો હતો. પોલીસ ભવનમાં સિનિયર આઈપીએસ અધિકારીને વિઝિટિંગ કાર્ડ આપી કાર્યક્રમનું આમંત્રણ આપવા પહોંચ્યો હતો, પરંતુ આઈપીએસ અધિકારીને શંકા જતા તેણે તપાસ કરાવી હતી, જેથી આ નકલી અધિકારીનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે જમાદાર પુણ્યદેવ રાય સામે ખોટા રાજ્ય સેવકનો ઢોંગ કરવા બદલ ગુનો નોંધ્યો હતો. દરમિયાન સુરત શહેરના ઉધના વિસ્તારના પોલીસે ડુપ્લિકેટ આઈપીએસ અધિકારી ઝડપી પાડ્યો હતો. સંચા ખાતામાં કામ કરતો શખ્સ આઈપીએસની વર્દી પહેરી ફરતો હતો. જે અંગેની જાણ સુરત પોલીસને થતા પોલીસે મોહમ્મદ શરમાઝ નામનાં શખ્સની ધરપકડ કરી હતી. જે ચાર રસ્તા પર વાહનોને પકડી મેમો આપતો હતો. એટલું જ નહિ, તેની પાસેથી વોકી ટોકી સહિતના સાધનો કબ્જે કરાયા હતા. પોલીસે તેની અટકાયત કરી તેની પૂછપરછ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતુ કે, આરોપી મોહમ્મદ શર્માઝ મૂળ બિહારનો વતની છે અને હાલ સુરતના ઉધના વિસ્તારમાં રહે છે.રાજ્યમાં નકલી અધિકારીઓનો રાફડો ફાટ્યો છે.

# ગુજરાત સરકારને વીજશુલ્કમાંથી ત્રણ વર્ષમાં ૨૨ હજાર કરોડથી વધુની આવક

**અમદાવાદ**

ગુજરાત સરકારને ઉદ્યોગો અને ઘરવપરાશ થકી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૨-૨૩ દરમિયાન વીજશુલ્ક પેટે રૂ. ૨૨૪૫૨ કરોડની આવક થઈ છે. આ સમયગાળા દરમિયાન ઘરવપરાશ થકી વીજશુલ્ક પેટે સરકારને ૪૦૮૦ કરોડની આવક થઈ હતી જ્યારે તેનાથી સાડા ચાર ગણી આવક રૂ. ૧૮૩૭૧ કરોડ ઉદ્યોગો થકી સરકારને થઈ છે. સુરતમાંથી સૌથી વધુ ૪૯૩૫ કરોડ અને સૌથી ઓછા ડાંગમાંથી રૂ. ત્રણ કરોડ વીજશુલ્ક પેટે સરકારી તિજોરીમાં જમા થયા હતાં.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૨-૨૩ દરમિયાન આ ત્રણ વર્ષ દરમિયાન સરકારને વીજશુલ્કથી થતી આવકમાં ૪૨ ટકાનો વધારો થયો છે. ત્રણ વર્ષ દરમિયાન કુલ ૨૨ હજાર કરોડ વીજ શુલ્ક આવકમાંથી ૮૨ ટકા એટલે કે ૧૮ હજાર કરોડથી વધુ આવક ઉદ્યોગો થકી સરકારને થઈ હતી. જ્યારે ઘરવપરાશ થકી રૂ. ચાર હજાર કરોડથી વધુ સરકારી તિજોરીમાં ગયા હતા. ઉદ્યોગોમાંથી વીજ શુલ્ક આવકમાં ૨૦૨૨-૨૩માં ૪૮ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે આ ત્રણ વર્ષમાં ઘરવપરાશથી થતી આવકમાં ૧૮ ટકાનો ઉછાળો આવ્યો હતો. સામાજિક -આર્થિક સમીક્ષા મુજબ, રાજ્યમાં સૌથી વધુ ૫૭.૯૧ ટકા વીજ વપરાશ ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ ક્ષેત્રે થાય છે. કૃષિ ક્ષેત્રે ૨૦.૫૫ ટકા, જ્યારે ૧૭.૩૭ ટકા વીજળી ઘરગથ્થુ વપરાશમાં ખર્ચાય છે.

# જાહેર સમસ્યાઓના સમાધાન માટે AMCનું નવું શસ્ત્ર ડ્રોન રાખશે ખરાબ રસ્તા, પાર્કિંગ, દબાણ ઉપર નજર

**અમદાવાદ**

જાહેર સમસ્યાઓના નિરાકરણ માટે અમદાવાદ મહાનગર પાલિકાએ હવે ડ્રોનનો સહારો લીધો છે. રખડતાં ઢોર, રસ્તા પર દબાણ, પાર્કિંગ અને ખરાબ રસ્તાની સમસ્યા તેમજ સ્વચ્છતા જેવા મુદ્દાનું નિરાકરણ હવે ડ્રોન દ્વારા લાવવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે તેની શરૂઆત પણ કરાઈ છે. નજીકના ભવિષ્યમાં આ પ્રકારના દ્રશ્યો તમને અમદાવાદ શહેરના દરેક વિસ્તારમાં જોવા



મળે તેવી શક્યતા છે. જેમાં કોર્પોરેશનની ટીમ જમીનની સાથે આકાશમાંથી પણ શહેર પર નજર રાખશે. જો તમે શહેરના આકાશમાં ઉડતું ડ્રોન જુઓ તો સમજી લેજો કે તંત્રની ત્રીજી આંખ કામ કરી રહી છે.

રખડતાં ઢોરોની સમસ્યા હોય કે માર્ગો પર દબાણ, પાર્કિંગની સમસ્યા હોય કે તૂટેલા રોડ, BRTSની રેલિંગ તૂટેલી હોય કે કચરાના ઢગલા પર નજર રાખવાનું કામ, આ તમામ કવાયત ડ્રોનની મદદથી કરવાની શરૂઆત કરાઈ છે. મહાનગર પાલિકાએ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ આ પ્રયોગ હાથ ધર્યો છે. બુધવારે પાંજરાપોળ ચાર રસ્તાથી એલડી કોલેજ સુધી આ માટેનું ટ્રાયલ રન કરવામાં આવ્યું. ડ્રોનની મદદથી આ પટ્ટા પર નજર રાખવામાં આવી. રિવરફ્રન્ટ હાઉસમાં આ લાઈવ દ્રશ્યોને મ્યુનિસિપલ કમિશનર સહિત મનપાની ટીમે જોયા હતા. મોટી સ્ક્રીન પર પાયલટ પ્રોજેક્ટનું મોનિટરિંગ કરવામાં આવ્યું. ૩ મહિના સુધી પાયલટ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવશે, જેના આધારે પ્રોજેક્ટના અમલીકરણનો માર્ગ મોકળો થશે. આ સમગ્ર કવાયત માટે ખાસ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે.

# CMO અને ચાર મંત્રીઓના અંગત સ્ટાફને પ્રમોશન, 27 અધિકારીઓને લોટરી લાગી

**છોટા ઉદેપુર**

સરકારના GAD વિભાગે ગુજરાત વહીવટી સેવાના એક સાથે ૨૭ અધિકારીઓને સિનિયર ગ્રેડમાં બઢતી આપી છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કૈપી જેઠવા, પ્રવાસન વિભાગના કે. એસ મોદી અને જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રીના એડિશનલ પર્સનલ સેક્રેટરી એસડી ગીલવા, રાજ્યકક્ષાના સહકાર મંત્રીના ઓએસડી આઈએચ પંચાલ, રાજ્યકક્ષાના રમતગમત મંત્રીના પર્સનલ આસિસ્ટન્ટ વીએન રબારીને પ્રમોશન અપાયું છે. આ ઉપરાંત જીપીએસસીના ડેપ્યુટી સેક્રેટરી ડીએમ ચૌહાણ, અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર ડીઆઈ દેસાઈ, વીએ પટેલ, બીજી વાઘેલાને પણ યથાવત જગ્યાએ પ્રમોશન મળ્યું છે.

# ગુજરાત પોલીસ પાંચ વર્ષના ચોરીના 50 ટકા કેસ ઉકેલવા અસમર્થ, 50 હજાર કેસ વણઉકેલ્યા

**અમદાવાદ**



તાજેતરમાં જાહેર થયેલા ડેટા અનુસાર ગુજરાત પોલીસ છેલ્લા પાંચ વર્ષમાં ચોરી અને ઘરફોડ ચોરીના 50% ગુનાઓ ઉકેલવામાં સફળ થઈ શકી નથી. રાજ્યમાં 2018 અને 2023 ની વચ્ચે 97,950 ચોરીઓ અને ઘરફોડ ચોરીઓ નોંધાઈ હતી. તેમાંથી માત્ર 46,636 કેસમાં જ આરોપીઓ ઝડપાયા હતા. 2020 અને 2021ના પાનડેમિક વર્ષો દરમિયાન જ્યારે લોકો મોટાભાગે લોકડાઉન અને કર્ફ્યુને કારણે ઘરે જ રહેતા હતા ત્યારે ચોરીની ઘટનાઓ ઓછી બની હતી. આ બે વર્ષમાં રાજ્યભરમાં ચોરીની 10,000 જેટલી ઘટના બની હતી. 2018 માં 14,170 ચોરીના કેસ નોંધાયા હતા જેમાંથી માત્ર 42% કેસ ઉકેલાયા હતા. જ્યારે 2023ના સપ્ટેમ્બર મહિના સુધીમાં 16,529 ચોરીના કેસ નોંધાયા હતા, જેમાંથી માત્ર 50% જેટલા કેસ ઉકેલાયા છે. ઘરફોડ ચોરીઓ માટે ગુના ઉકેલવાનો દર 2018માં 39% થી 2023 માં 55% ની વચ્ચે રહ્યો હતો.

ગુજરાત પોલીસના આંકડા પણ દર્શાવે છે કે 2018 થી 30 સપ્ટેમ્બર, 2023 વચ્ચે રાજ્યમાં દરરોજ સરેરાશ 38 ચોરી અને નવ ઘરફોડ ચોરીઓ નોંધાઈ છે. પોલીસ દળની કામગીરીનો બચાવ કરતાં એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ગુજરાતના કેસ સોલ્વિંગના આંકડા રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ સારા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) એ છેલ્લે 2021 માં ડેટા બહાર પાડ્યો હતો.

# ભેળસેળિયાઓ બેફામ:સેમ્પલના રિપોર્ટ પહેલાં જ લાખોનો વેપાર

**ગાંધીનગર**

ગુજરાતમાં ભેળસેળિયા તત્વો બેફામ બની ગયા છે. ત્યારે નકલી ઘી નકલી, નકલી હળદર, નકલી માવો, નકલી મરચાનો જથ્થો પકડવાની સાથે મિલાવટી ખાદ્ય પદાર્થોના નમુના લેબોરેટરીમાં મોકલ્યા બાદ ૧૪થી ૧૫ દિવસે પરિણામો આવે છે. જોકે, ત્યાં સુધીમાં તો મીઠાઈ હોય કે ફરસાણ તેનો લાખોનો વેપાર થઈ જાય છે,જયારે રાજય સરકાર દવારા કરોડોના ખર્ચ વસાવેલી ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરી ઓન વ્હીલ ઉપયોગ થતો નથી. આ તમામ વાહનો સરકારી કચેરી સામે ધૂળ ખાઈ રહ્યા છે. કેન્દ્રીય એજન્સી દ્વારા લોટ, મીઠાઈ, દૂધ ,દૂધની બનાવટો તળેલા ફરસાણ ઘી અને પનીર જેવી ચીજોમાં થતી ભેળસેળ રોકવા વિશિષ્ટ ડ્રાઈવ શરૂ કરવાની રાજ્યોને સૂચના આપી હતી, પરિણામે ગુજરાત રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાસે સ્ટાફની કમી હોવાથી રાજ્યભરમાં છાપા મારી શકાતા નથી. એજન્સીએ રાજ્યભરમાંથી છૂટક મીઠાઈ પર ફરજિયાત તારીખ લખવાનું આદેશ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવેલી ડ્રાઈવ દરમ્યાન ઘી, તેલ સહિતના પદાર્થના નમુના લઈને વડોદરા સ્થિત લેબોરેટરીમાં મોકલાય છે આ નમૂનાનું પરિણામ ૧૪ દિવસ પછી આવે છે.

# ભાજપના 2 નેતાઓના લેટરબોમ્બ શિસ્તબદ્ધ પાર્ટીમાં આબરૂના ધજાગરા

**અમદાવાદ**

ભાજપના એક સમયના પૂર્વ મંત્રી કુમાર કાનાણી અને રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ લેટર બોમ્બથી ગુજરાતની ભાજપ સરકારને આડેહાથ લઈ કઠેડામાં ઉભી કરી દીધી છે.

ગુજરાતમાં ગુણવત્તાયુક્ત બિયારણની ખેડૂતો બુમરાણ પાડી રહ્યાં છે. આ મામલે સરકારમાં અનેક રજૂઆતો થઈ છે અને બહેરા કાને અથડાઈ છે. આજે રાજકોટના રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ સરકારના કાન આમળતાં રાજ્ય અને કેન્દ્રીય કૃષિ મંત્રીને પત્ર લખી આ અંગેની રજૂઆત કરતો પત્ર વાયરલ કરતાં કૃષિવિભાગ સાણસામાં મૂકાઈ ગયો છે. સરકારે આ મામલે ખુલાસો કરવો પડ્યો છે કે આ અંગે કાર્યવાહી થઈ રહી છે. આ લેટર બોમ્બથી સરકારની કામગીરીની આબરૂના ધજાગરા થયા છે. ભાજપના નેતાઓ સરકારની કામગીરીને છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડવા સભાઓ કરી રહ્યાં છે ત્યારે મોકરિયાના આ લેટર બોમ્બે સાબિત કરી દીધું છે કે ભાજપમાં બધુ સરખું ચાલી રહ્યું નથી. આ જ સ્થિતિ ભાજપના પૂર્વ મંત્રી અને હાલના ધારાસભ્ય કુમાર કાનાણીએ ઉભી કરી છે. કાનાણીએ પણ લેટર બોમ્બ ફેંકીને ગુજરાત પોલીસ તોડપાણી કરતી હોવાના સીધા આક્ષેપો કર્યા છે.

# હાર્ટએટેકના કેસમાં કોઈ જ નોંધપાત્ર વધારો જોવા મળ્યો નથી: નિષ્ણાત તબીબોનું તારણ

## સરકારની સૂચનાને પગલે યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલનું એનાલિસિસ

**અમદાવાદ**

ગુજરાતમાં હૃદયરોગ-કાર્ડિયાક એરેસ્ટના કારણે મોતની સતત ઘટનાઓ વધી રહી હોવાના પ્રચાર અને ચર્ચાઓને રાજ્ય સરકારની જાણીતી એવી યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલનાં નિયામકે ફગાવી દીધી છે. ડો. ચિરાગ દોશીએ દાવો કર્યો હતો કે, કોરોનાકાળ બાદ રાજ્યની કાર્ડિયાક હોસ્પિટલ્સમાં સરેરાશ કોઈ જ નોંધપાત્ર વધારો જોવા મળ્યો નથી. યુએન મહેતામાં કોરોના પહેલાં હૃદયરોગના દર્દીમાં હાર્ટએટેકના દર્દીઓની સરેરાશ સંખ્યા ૮થી ૧૧ ટકા પ્રતિ વર્ષ હતી, જે કોરોના બાદ વર્ષ ૨૦૨૩ સુધીના આંકડા પ્રમાણે સરેરાશ ૧૨ ટકા જોવા મળી છે. કોરોના ઈન્ફેક્શન અને કોરોના વેક્સિનને હાર્ટએટેક કે કાર્ડિયાક એરેસ્ટ સાથે સંબંધ નથી. ડો. દોશી સહિત હૃદયરોગના જાણીતા તબીબોએ શનિવારે યોજેલી પત્રકાર પરિષદમાં એવું જાહેર કર્યું હતું કે, એક ખાનગી હોસ્પિટલમાં કોરોના પહેલા હાર્ટ એટેકના દર્દીઓની સરેરાશ ટકાવારી ૯.૬ ટકા હતી, જે કોરોના બાદ પણ ૯.૭ ટકા જેટલી જોવા મળી હતી. અન્ય એક હોસ્પિટલમાં ૧૧ ટકા હતી, હવે ૧૧.૨ ટકા જેટલી છે, જ્યાં ૬.૩ ટકા કેસ હતા ત્યાં ૬.૧ ટકા થયા છે. યુવાનોમાં સડન ડેથ માટે ઘણા કારણો જવાબદાર છે, દરેક સડન ડેથ એ કાર્ડિયાક ડેથ હોતું નથી. મહેતા હોસ્પિટલમાં કોવિડ પહેલાં યંગ કાર્ડિયાક માયોકાર્ડિયાક ઈન્ફાર્કસન ૪૦ વર્ષ અથવા એની નીચેની વયની વ્યક્તિમાં ૮થી ૧૧ ટકા લોકોમાં હતું, એ પછીના ત્રણ વર્ષમાં ૯થી ૧૨ ટકા સુધી જોવા મળ્યો છે.

# ગુજરાતમાં દર હજાર નવજાતમાંથી 23ના મોત થાય છે

## શીશુ મૃત્યુ દર મામલે ગુજરાત ભારતમાં 10 માં ક્રમાંકે, ગુજરાત માટે ચિંતાજનક સ્થિતિ

**અમદાવાદ**



ભારતમાં સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમના મે-૨૦૨૨ના રિપોર્ટ મુજબ શીશુ મૃત્યુ દરમાં ૩૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતમાં શીશુ મૃત્યુ દર ૪૪ થી ઘટીને ૨૮ સુધી પહોંચ્યો છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૮થી ઘટીને ૩૧ તથા શહેરી વિસ્તારમાં ૨૯થી ઘટીને ૧૯ સુધી પહોંચ્યો છે. વર્ષ ૨૦૨૦માં શહેરી વિસ્તારમાં ૧૭, ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ તથા ગુજરાત રાજ્યમાં કુલ શીશુ મૃત્યુ દર ૨૩ નોંધાયો હતો. જેથી ગુજરાત દેશમાં શહેરી વિસ્તારમાં ૮માં ક્રમાંકે, ગ્રામ્ય વિસ્તારમાં ૮માં ક્રમાંકે તથા કુલ ૧૦માં ક્રમાંકે રહ્યું હતું. જેમાં શહેરી વિસ્તારમાં બાળકીઓમાં ૪.૭, બાળકોમાં ૫.૩ તથા ગ્રામ્ય વિસ્તારમાં બાળકીઓમાં ૫, બાળકોમાં ૭ શીશુ મૃત્યુ દર નોંધાયો હતો.

વર્ષ ૨૦૧૯માં ભારતના સંદર્ભે ગુજરાતમાં શહેરી વિસ્તારમાં કર્ણાટક, પંજાબ, તેલંગણા, પશ્ચિમ બંગાળ અને મેઘાલય સાથે ૧૨માં ક્રમાંકે, ગ્રામ્ય વિસ્તારમાં ૭માં ક્રમાંકે તેમજ કુલ ૯માં ક્રમાંકે રહ્યું હતું. જેમાં શહેરી વિસ્તારમાં બાળકીઓમાં ૫, બાળકોમાં ૫.૫ તથા ગ્રામ્ય વિસ્તારોમાં બાળકીઓમાં ૫, બાળકોમાં ૬.૯ શીશુ મૃત્યુ દર નોંધાયો હતો. વર્ષ ૨૦૧૮માં ગુજરાત દેશમાં ૧૧માં ક્રમાંકે, શહેરી વિસ્તારમાં ૧૪માં ક્રમાંકે તથા ગ્રામ્ય વિસ્તારમાં આંધ્રપ્રદેશ અને હરિયાણા સાથે ૮માં ક્રમાંકે રહ્યું હતું. જેમાં શહેરી વિસ્તારમાં બાળકીઓમાં ૫, બાળકોમાં ૫.૬ તથા ગ્રામ્ય વિસ્તારોમાં બાળકીઓમાં ૫.૨, બાળકોમાં ૭.૪ શીશુ મૃત્યુ દર નોંધાયો હતો.

# ગેરવર્તણૂંકના કેસમાં ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલને રાહત ન મળી

**વિરમગામ**

હાર્દિક પટેલને પાટીદાર આંદોલન દરમિયાન આમરણાંત ઉપવાસ સમયે પોલીસ સાથે ગેરવર્તણૂંકના કેસમાં રાહત મળી નથી. ભાજપના વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ સહિત કુલ ૭ લોકો સામે વર્ષ 2018માં નિકોલમાં કેસ નોંધાયો હતો. આ કેસની ટ્રાયલ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાલી રહી છે જેમાં હાર્દિક પટેલે કેસમાંથી મુક્ત થવા માટે અરજી કરી હતી જેમાં લાંબી દલીલો બાદ કોઈ રાહત આપી નથી. આ કેસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે કેસ મુક્તિ મામલે મૌખિક હુકમ કર્યો છે. ઉલ્લેખનીય છે કે હાર્દિક પટેલને આ કેસમાં રાહત ન મળતા હવે આ કેસ આગળ પણ ચાલુ રહેશે.

# NIDના પૂર્વ ડિરેક્ટર વર્લ્ડ ડિઝાઈન ઓર્ગે.ના પ્રમુખ બન્યાં

**અમદાવાદ**

તાજેતરમાં જ જાપાનના ટોકિયોમાં વર્લ્ડ ડિઝાઈન ઓર્ગેનાઈઝેશનની બેઠક યોજાઈ હતી. વિશ્વના ૪૦ દેશો તેના સભ્ય છે અને આ સંસ્થા સમગ્ર વિશ્વમાં ડિઝાઈન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને અન્ય કામગીરી પણ કરી રહી છે. એનઆઈડી અમદાવાદના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રદ્યુમ્ન વ્યાસ ૫૮ ટકા મતો સાથે ડબલ્યુડીઓના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તેઓ વર્ષ ૨૦૨૩-૨૫ માટે પ્રેસિડેન્ટ ઈલેક્ટ તરીકે સેવા આપશે અને બાદમાં વર્ષ ૨૦૨૫-૨૭ માટે પ્રેસિડેન્ટ રહેશે. ડબલ્યુડીઓમાં પ્રેસિડેન્ટ ઈલેક્ટની ચૂંટણી કરવામાં આવે છે, જ્યારે તે જ વ્યક્તિ બે વર્ષ પછી આપમેળે પ્રમુખ બને છે.

# ૪૫૦૦ તલાટી, જુનિ. ક્લાર્ક, સ્ટેનોગ્રાફરોને નિમણૂકપત્ર અપાયા

**અમદાવાદ**

ગાંધીનગરમાં તલાટી કમ મંત્રી અને જૂનિયર ક્લાર્કને નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. સોમવારે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. જેમાં પંચાયત સેવાના ૩૦૧૪ તલાટી કમ મંત્રીને અને ૯૯૮ જૂનિયર ક્લાર્કને નિમણુક પત્ર અપાયા હતા. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. તલાટી, જુનિયર ક્લાર્ક ઈંગલિશ સ્ટેનોગ્રાફર સહિત આશરે ૪૫૦૦ ઉમેદવારને નિમણુક પત્ર અપાયા હતા.

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૦ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-99246 34078
www.shivshraddhaastro.com

# દિલ્હીથી બંગાળ સુધી ઝેરી ધુમાડો : નાસાની તસવીરોમાં ઘટસ્ફોટ

## પ્રદૂષણ અટકાવવા કૃત્રિમ વરસાદ કરાશે, શાળાઓમાં 18મી સુધી નોઇડા-ગાઝિયાબાદમાં બે દિવસ માટે રજાઓ જાહેર, ઓનલાઇન શિક્ષણ અપાશે

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હીમાં પ્રદૂષણ ચરમસીમાએ પહોંચ્યું છે અને હવે અન્ય રાજ્યોમાં ફેલાઈ રહ્યું છે. એવામાં દિલ્હી અને ભારતના અન્ય હિસ્સાઓમાં પ્રદૂષણ નાસાની સેટેલાઇટની તસવીરોમાં કેદ થયું છે. દેશમાં પ્રદૂષણની આ તસવીરો સામે આવી છે જે ડરાવનારી છે. નાસાની તસવીરોમાં દિલ્હી, એનસીઆર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ પર ઝેરી ધુમાડાના થર જામી ગયા છે. પ્રદૂષણ હવે માત્ર દિલ્હી અને તેની આસપાસ જ સિમિત નથી રહ્યું પણ તે દેશના અન્ય હિસ્સામાં ફેલાઈ રહ્યું હોવાનો ખુલાસો પણ આ તસવીરો પરથી થયો છે. સેટેલાઇટ તસવીરોમાં આ ઝેરી ધુમાડો પાકિસ્તાનથી લઈને ભારતની બંગાળની ખાડી સુધી ફેલાયેલો હોવાનું સામે આવ્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે દિલ્હી સરકારે પ્રદૂષણને પહોંચી વળવા માટે કૃત્રિમ વરસાદ



એટલે કે આર્ટિફિશિયલ રેન કરાવવાનું નક્કી કર્યું છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે આ માટે એક ઇમર્જન્સી બેઠક બોલાવી હતી જેમાં નિષ્ણાતોની પણ મદદ લેવામાં આવી હતી. ગોપાલ રાયે જણાવ્યું હતું કે દિલ્હીમાં ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ કૃત્રિમ વરસાદ કરાવવામાં આવી શકે છે.

### 70 ટકા બાળકો નેબ્યુલાઇઝર પર છે : ગૌતમ ગંભીર

બીજેપી સાંસદ અને પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીરે દિલ્હી NCRમાં વધી રહેલા વાયુ પ્રદૂષણ પર ટિપ્પણી કરતા કહ્યું કે દિલ્હીમાં 70% બાળકો નેબ્યુલાઇઝર પર છે. તેમણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધતા જણાવ્યું કે તેઓ વોટ બેંકની રાજનીતિ કરવા માંગે છે, જેનું પરિણામ દિલ્હીના બાળકો ભોગવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે બાળકોની હાલત જુઓ. હું ગઈકાલે એક ડોક્ટર સાથે વાત કરી રહ્યો હતો, દિલ્હીમાં 70% બાળકો નેબ્યુલાઇઝર પર છે. તેમની ભૂલ શું ? માત્ર એક માણસ મતબેંકની રાજનીતિ કરવા અને મૂર્ખ બનાવવા માંગે છે, તેથી દિલ્હીના બાળકોને તેનો ભોગ બનવું પડી રહ્યું છે.

### આર્થિક રાજધાની મુંબઈની હવા દિલ્હી જેટલી જ પ્રદૂષિત

દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં 8 નવેમ્બરના રોજ બંદરમાં પ્રદુષણનું સ્તર 200 નોંધાયું હતું. નિષ્ણાતો અનુસાર મુંબઈમાં વાયુ પ્રદુષણ માટે ત્યાં થતા બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન, કાર અને ટ્રકોમાંથી નીકળતો ધુમાડો છે. દિલ્હી અને મુંબઈમાં તફાવત એટલો છે કે મુંબઈ ગેસ ચેમ્બર બનતું નથી. આ સંજોગોમાં સવાલ ઉપસ્થિત થયા છે કે જ્યારે મુંબઈમાં દિલ્હી જેટલું પ્રદૂષણ છે, તો પછી AQI ચાર્ટ દિલ્હી કરતાં ઓછું પ્રદૂષણ કેમ દર્શાવે છે? તો તેનું સૌથી મોટું કારણ તેની ભૂગોળ છે.

# ચા નહીં મળતા નાગપુરનો ડોક્ટર ચિડાઈને ઓપરેશન અધુરું મૂકી ગાયબ

## ઓપરેશન માટે તાત્કાલિક બીજા ડોક્ટર બોલાવાયા

**નાગપુર**

નાગપુરની એક સરકારી હોસ્પિટલના ડોક્ટરની વર્તણૂકથી વહીવટીતંત્ર ડઘાઈ ગયું છે. ચાના શોખીન ડોક્ટર નસબંધીનાં ઓપરેશન કરતા હતા તે દરમિયાન ચા ન મળતાં ઓપરેશન અધવચ્ચે છોડીને જતા રહ્યા હતા.

નાગપુર તાલુકાના સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં પરિવાર નિયોજન માટે આઠ મહિલાઓને નસબંધી માટે બોલાવવામાં આવી હતી. આ મહિલાઓનાં ઓપરેશન ડો. તેજરંગ ભાલવી કરવાના હતા. શરૂઆતનાં ચાર ઓપરેશન તો ડોક્ટરે કરી નાખ્યાં પણ પછી તેમને ચા પીવાનું મન થયું. પરંતુ હોસ્પિટલમાં ચા ન મળતાં તે ચિડાઈ ગયા અને નારાજ થયેલા ડોક્ટર ઓપરેશન અધવચ્ચે છોડીને જતા રહ્યા હતા.

ડોક્ટર જતા રહ્યા ત્યારે બાકીની ચાર મહિલાઓને એનેસ્થેશિયા આપી દેવાયો હતો. આ ઘટનાની માહિતી મળતાં જ જિલ્લાના સીઈઓ સૌમ્યા શર્માએ જિલ્લા પરિષદના અધિકારીને જાણ કરીને તરત જ ડોક્ટર્સની બીજી ટીમને ઓપરેશન માટે મોકલી દેવાઈ હતી.

# હ્યુમન ટ્રાફિકિંગ કેસમાં NIAના દેશવ્યાપી દરોડા : શંકાસ્પદ 44 લોકોની ધરપકડ કરાઈ

નવી દિલ્હી-જમ્મુ : નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઈએ) એ માનવ તસ્કરીને લઈને દેશવ્યાપી દરોડા પાડીને ૪૪ની ધરપકડ કરી છે. આ દરોડા સાથે તેણે માનવ તસ્કરીના રાષ્ટ્રવ્યાપી પાંચ મોડ્યુલ ધ્વસ્ત કર્યા હતા. બોર્ડ સિક્યોરિટી ફોર્સ અને સ્ટેટ પોલીસ ફોર્સની મદદથી આ આઠ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ ૫૫ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

એનઆઈએના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઘૂસણખોરી અને ભારત-બાંગ્લાદેશ સરહદે વસતા




ગેરકાયદેસરના વસાહતીઓને દૂર કરવાના ભાગરુપે માનવ તસ્કરીને ધ્વસ્ત કરવા માટે આ દરોડા પાડવામાં આવ્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે ત્રિપુરા, આસામ, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, તમિલનાડુ, તેલંગણા, હરિયાણા, રાજસ્થાન અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુકાશ્મીર અને પુડુચેરીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. એનઆઈએના દરોડા માનવ તસ્કરીના નેટવર્ક માટે મોટો પ્રહાર માનવામાં આવે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં કુલ ૪૪ ઓપરેટર પકડાયા છે અને તેમાથી ૨૧ ત્રિપુરાના છે, દસ કર્ણાટકના છે, આસામના પાંચ, પશ્ચિમ બંગાળના ત્રણ અને તમિલનાડુના બે છે. આ સિવાય પુડુચેરી, તેલંગણા અને હરિયાણામાં એક-એક પકડાયા છે.

# જયપુરથી દિલ્હી જઈ રહેલી બસમાં લાગી ભીષણ આગથી 2 લોકોના મોત, 12 ઘાયલ

**જયપુર**

રાજસ્થાનના જયપુરથી દિલ્હી આવી રહેલી એક સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં 2 લોકોના મોત થયા છે. સાથે જ 12 લોકો દાઝી ગયા છે. આ ઘટના ગુરુગ્રામના સિગ્નેચર ટાવર ફ્લાયઓવર પર બની હતી. દાઝી ગયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બસ અત્યંત ખરાબ રીતે સળગી ગઈ છે. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. પોલીસ આ મામલે તપાસ



કરી રહી છે. જો કે બસમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી બહાર આવ્યું નથી.

કહેવાઈ રહ્યું છે કે જ્યારે જયપુરથી દિલ્હી સ્લીપર બસ (AR 01 K 7707) બુધવારે મોડી સાંજે ગુરુગ્રામમાં સિગ્નેચર ટાવર ફ્લાયઓવર પર પહોંચી ત્યારે બસમાંથી આગની જ્વાળાઓ ઉઠવા લાગી હતી. આગને કારણે બસમાં ચીસાચીસ મચી ગઈ હતી. બસમાં અનેક મુસાફરો હાજર હતા. બસમાં આગ લાગેલી જોઈને તાત્કાલિક ફાયર વિભાગ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. ફાયરના જવાનોએ ઘટના સ્થળે પહોંચીને બસમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને ભારે જહેમત બાદ બસમાં લાગેલી આગને કાબુમાં લીધી હતી.

# જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ - સૈન્ય વચ્ચે ઘર્ષણ, 1 આતંકી ઠાર મરાયો

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના શોપિયાંના કેથોહલાન વિસ્તારમાં સેનાએ TRFS સાથે જોડાયેલા એક આતંકવાદીને ઠાર માર્યો હોવાનો દાવો કર્યો છે. અહેવાલ અનુસાર, અધિકારીઓએ જણાવ્યું કે ગુરુવારે જમ્મુ-કાશ્મીરના શોપિયાંના કેથોહેલાન વિસ્તારમાં આ અથડામણની ઘટના બની હતી.

કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યા અનુસાર આતંકવાદીના કબજામાંથી હથિયારો અને દારૂગોળો સહિત અનેક ગુનાહિત સામગ્રી મળી આવી છે. કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટર પર પોસ્ટ



કરીને કહ્યું કે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન TRF સાથે જોડાયેલા એક આતંકવાદીને ઠાર માર્યો હતો. હુમલામાં હથિયારો અને દારૂગોળો સહિતની ગુનાહિત સામગ્રી મળી આવી છે. જોકે શોધખોળ ચાલુ છે.

# ટીએમસીના મહુઆનું સંસદ સભ્યપદ રદ કરવા એથિક્સ કમિટીની ભલામણ

**નવી દિલ્હી**

તૃણમૂલ કોંગ્રેસના લોકસભા સાંસદ મહુઆ મોઈત્રાની મુશ્કેલીઓ ખતમ થવાનું નામ નથી લઈ રહી. લોકસભામાં પૈસા લઈને પ્રશ્નો પૂછવાના આરોપોની તપાસ કરી રહેલી સંસદની એથિક્સ કમિટીએ પોતાનો રિપોર્ટ સોંપ્યો છે. આ રિપોર્ટમાં મહુઆ મોઈત્રાનું સંસદ સભ્યપદ રદ કરવાની ભલામણ કરવામાં આવી છે. તેમજ આ મામલે કાયદાકીય અને સંસ્થાકીય તપાસની ભલામણ કરવામાં આવી છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા પર ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાનીના કહેવા પ્રમાણે સંસદમાં પ્રશ્નો પૂછવાનો આરોપ લાગ્યો છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ તેમની સામે ફરિયાદ નોંધાવી હતી.

# સુપ્રીમકોર્ટને મળ્યાં ત્રણ નવા જજ કોલેજિયમની ભલામણને લીલીઝંડી

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટની આકરી ટીપ્પણી બાદ આખરે કેન્દ્ર સરકારે ત્રણ જજોની નિમણૂક પર નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટમાં ત્રણ જજોની નિમણૂક કરવામાં આવી છે. આ સાથે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમની ભલામણને મંજૂરી આપી છે. મુખ્ય ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્મા, મુખ્ય ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહ અને મુખ્ય ન્યાયાધીશ સંદીપ મહેતાની સુપ્રીમ કોર્ટમાં નિમણૂક કરવામાં આવી છે.

આ તમામ ન્યાયાધીશો આજે સાંજે 4.15 કલાકે શપથ લેશે. તેમની નિમણૂક સાથે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધીને 34 થઈ જશે. ઉલ્લેખનીય છે કે જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા, જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસિહ અને જસ્ટિસ સંદીપ મહેતા હાલમાં દિલ્હી, રાજસ્થાન અને ગુવાહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ છે. અગાઉ મંગળવારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પર આકરી ટીપ્પણી કરી હતી અને કહ્યું હતું કે ઉચ્ચ ન્યાયપાલિકામાં કોલેજિયમ દ્વારા ભલામણ કરાયેલા ન્યાયાધીશોની નિમણૂકમાં કેન્દ્રનું પસંદગીયુક્ત વલણ સમસ્યા ઊભી કરશે.

# નીતીશ 'સી ગ્રેડ' મૂવી ડાયલોગ બોલતા રહ્યા ને નેતા હસતા રહ્યા: મહિલા આયોગ અધ્યક્ષ

**નવી દિલ્હી**

બિહારના સીએમ નીતીશ કુમારે વિધાનસભામાં વસતી નિયંત્રણ અંગે આપેલા વાંધાજનક નિવેદનની ચારે બાજુ ટીકા થઈ રહી છે. આ મુદ્દે રાષ્ટ્રીય મહિલા આયોગે આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું કે, નીતીશ કુમારનું નિવેદન ગંદુ મજાક જેવું છે. નીતીશ કુમાર હજુ પણ ગૃહનો હિસ્સો છે. તેમણે કહ્યું કે, નીતીશ કુમાર બોલતા રહ્યા અને તેમની પાર્ટીના નેતા હસતા રહ્યા. તેમનો ડાયલોગ 'C ગ્રેડ' ફિલ્મના જેમ હતો. મારો સવાલ છે કે, ગૃહમાં મહિલાઓએ તે જ સમયે અવાજ કેમ ન ઉઠાવ્યો. અમે સ્પીકર પર માંગ કરી રહ્યા છે કે, તે નિવેદનોને સદનની કાર્યવાહીમાંથી હટાવવામાં આવે.


રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
May this Diwali mark the start of a happy and prosperous year for you.
Happy Diwali
IP
IKRAM PATEL
REALTOR ®
647 228 9323
IkramPatelEstate@gmail.com
@IkramPatelRealtor
"I SPECIALISE IN SETTING UP THE MEDICAL CLINICS, PHARMACIES, REHAB CLINICS,OPTICAL STORES AND DENTIST OFFICES"
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS


May millions of lamps illuminate
your lives with endless happiness,
prosperity, health and wealth.
May you have a safe and
Happy Diwali
SAVE MAX
Achievers Realty
Abhi Thakor
Sales Representative
C : 647-879-9248
O : 905-497-6701
F : 905-497-6700
E : abhithakor1234@gmail.com
170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 4Z5

# યમુનાનગરમાં ઝેરી દારુ પીવાથી 9 લોકોના મોત બાદ પોલીસ એક્શનમાં, ફેક્ટરી ઝડપી પાડી

## ગ્રામજનોએ પોલીસને જાણ કર્યા વિના પાંચ વ્યક્તિઓના અંતિમ સંસ્કાર પણ કરી દીધા હતા

**ચંડીગઢ**

હરિયાણાના યમુનાનગરમાં ઝેરી દારુ પીવાથી 9 લોકોના મોત થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટના બાદ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. અંબાલા પોલીસે ધનૌરા-બિંજલપુર ગામના શેરડીના ખેતરોમાં આજે દરોડો પાડ્યો છે, જેમાં દારુની ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. ફેક્ટરીમાંથી 200 લીટર દારુના 20થી 30 ડ્રમ અને દારુની ખાલી બોટલો જપ્ત કરાઈ છે. આ સાથે એસપી જશનદીપ સિંહ રંધાવાએ લોકોને દેશી દારુ ન પીવાની અપીલ કરી છે.

એસપી જશનદીપ સિંહ રંધાવાએ બેચ નંબર-16 નવેમ્બર 2021 ઓએસિસ ઓવરસીઝ ડિસ્ટલરી દ્વારા બનાવાતી બ્રાન્ડ માલ્ટાની દેશી દારુ ન પીવા લોકોને અપીલ કરી છે. આ દારુ ઝેરી હોવાની આશંકાના કારણે અપીલ કરવામાં આવી છે. ઉપરાંત તેમણે માલ્ટા બ્રાન્ડની દારુ ક્યાં પણ વેચાતી જોવા



મળે, તો તુરંત પોલીસને જાણ કરવા કહ્યું છે. ઘટનાની જાણ થતાં જ યમુનાનગરના એસપી ગંગા રામ પૂનિયાએ કહ્યું કે, ઝેરી દારુ પીવાથી એકનું મોત થયું હોવાની તેમને સૂચના મળી હતી. આ અગાઉ પાંચ દર્દીઓના મોત થયા હતા. પોલીસને જાણ કર્યા વિના પાંચેય વ્યક્તિઓના અંતિમ સંસ્કાર પણ કરી દેવાયા હતા.

# બિહારમાં અનામતનો વ્યાપ 60થી 75 ટકા કરવાનું બિલ સર્વસંમતીથી મંજૂર

**પટના**

બિહાર વિધાનસભામાંથી અનામત વધારવાનું બિલ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું છે. બિહાર સરકારે અનામતનો વ્યાપ ૬૦ ટકાથી વધારીને ૭૫ ટકા કરવાનો વિધાનસભામાં પ્રસ્તાવ મુકયો હતો જે ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યો છે.

બિહારની નીતિશ સરકારે આજે વિધાનસભામાં અનામતનો વ્યાપ વધારવાનો પ્રસ્તાવ મૂકયો હતો જે સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો છે. આ બિલ મુજબ હવે બિહારમાં પછાત વર્ગો, અત્યંત પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે ૬૫% અનામતની જોગવાઈ છે. હાલમાં બિહારમાં આરક્ષણ મર્યાદા ૫૦ ટકા છે. ઈડબલ્યુએસને આનાથી અલગથી ૧૦ ટકા અનામત મળતું હતું.

હવે આ બિલ પસાર થવાથી ૫૦ ટકાની અનામતની મર્યાદા તૂટી ગઈ છે. હવે બિહારમાં કુલ ૬૫ ટકા અનામત મળશે. આ સિવાય ઈડબલ્યુએસમાટે ૧૦ ટકા અનામત અલગ રહેશે. એટલે કે હવે અનામતનો વ્યાપ ૬૦ ટકાથી વધીને ૭૫ ટકા થયો છે. આ પહેલા બિહારમાં નીતિશ કુમારની કેબિનેટે અનામતનો વિસ્તાર વધારવાની મંજૂરી આપી હતી. બિહાર વિધાનસભામાંથી અનામતનો વ્યાપ ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાના પ્રસ્તાવને સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો છે.

# મરાઠા અનામત અંગે મનોજ જરાંગેનું સરકારને 24 ડિસેમ્બર સુધીનું અલ્ટિમેટમ

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણને લઈ માંગ ઉઠી છે. એવામાં સમાજિક કાર્યકર્તા મનોજ જરાંગે અલ્ટીમેટમ જાહેર કર્યું છે. જરાંગે સ્પષ્ટપણે કહ્યું કે જો ૨૪ ડિસેમ્બર સુધીમાં મરાઠા આરક્ષણની માંગ પૂરી નહીં થાય તો તે એવા નેતાઓના નામ જાહેર કરશે જે વર્ષોથી તેની વિરુદ્ધ છે. જરાંગે એ પણ દાવો કર્યો હતો કે ઘણા મરાઠા નેતાઓ તેમના સમુદાય માટે આરક્ષણને સમર્થન આપતા નથી. મરાઠાઓને અનામત ન આપવા માટે સરકાર પર ૩૦-૪૦ વર્ષથી ઓબીસી નેતાઓનું દબાણ હતું. મનોજ જરાંગે પત્રકાર સાથેની વાતચીતમાં દરમિયાન સામાજિક કાર્યકર્તા મનોજ જરાંગેએ જણાવ્યું હતું કે મરાઠા અને ઓબીસી સમુદાયના લોકો કેટલાક રાજકીય નેતાઓના ઉશ્કેરણીજનક નિવેદનોથી પ્રભાવિત થશે નહીં. ઉપરાંત તેમણે અલ્ટીમેટમ આપતા કહ્યું કે, ૨૪ ડિસેમ્બર સુધીમાં આરક્ષણ આપવામાં નહીં આવે, તો અમે તે નેતાઓના નામ જાહેર કરીશું જેમણે વર્ષોથી મરાઠા આરક્ષણ અટકાવ્યું છે.

# ભારતનો આર્થિક વૃદ્ધિ દર 6.7 % પર સ્થિર રહેવાનું મૂડીઝનું અનુમાન, ઘરેલું માંગમાં વધારો મુખ્ય કારણ

**નવી દિલ્હી**

ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો આર્થિક વૃદ્ધિદર 6.7 ટકા રહેવાની ધારણા વૈશ્વિક સ્તરની રેટિંગ એજન્સી મૂડીઝે વ્યક્ત કરી છે. પ્રતિકૂળ વૈશ્વિક આર્થિક પૃષ્ઠભૂમિ સામે નબળી નિકાસ વચ્ચે, મૂડીઝે તેના ગ્લોબલ મેક્રોઈકોનોમિક આઉટલુક 2024-25માં જણાવ્યું હતું કે સતત ઘરેલું માંગમાં થઈ રહેલી વૃદ્ધિથી ભારતના અર્થતંત્રને વેગ મળી રહ્યો છે. મૂડીઝે કહ્યું કે, ભારતનો વાસ્તવિક GDP 2023માં 6.7 ટકા, 2024માં 6.1 ટકા અને 2025માં 6.3 ટકા વધવાનું અનુમાન છે. ભારતનો વાસ્તવિક GDP જૂન ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે 7.8 ટકા વધ્યો હતો જે માર્ચ ક્વાર્ટરમાં 6.1 ટકા હતો.

મૂડીઝના જણાવ્યા અનુસાર, GST કલેક્શનમાં વૃદ્ધિ, વાહનોના વેચાણમાં વધારો, ગ્રાહક સેન્ટિમેન્ટમાં વધારો અને બે આંકડામાં ક્રેડિટ ગ્રોથ દર્શાવે છે કે તહેવારોની સિઝનમાં શહેરી વપરાશની માંગમાં સ્થિતિસ્થાપક રહેશે. આ ઉપરાંત તેમણે ગ્રામીણ માંગમાં પણ સુધારાના સંકેત આપ્યા હતા.

તાજેતરમાં Fitch Ratings એજન્સી દ્વારા પણ ભારતની અર્થવ્યવસ્થાના સંદર્ભમાં એક રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં ભારતના ગ્રોથ રેટને 0.7 ટકા વધારીને 6.2 ટકા અંદાજવામાં આવ્યો છે. આ સિવાય આ રેટિંગ એજન્સીએ ચીનને એક મોટો ઝટકો આપ્યો છે, જેમાં તેના ગ્રોથ રેટમાં મોટા પ્રમાણમાં ઘટાડાનું અંદાજ છે.




# ‘તું કોઈ બીજી સ્ત્રી સાથે રહે તે મને પસંદ નથી!’

બીમલ આમ તો એફ.વાય.બી. એ સુધી ભણેલો હતો. ઉત્તર પ્રદેશના એક નાનકડા ગામના સુખી ખેડૂતનો પુત્ર હતો. ગામમાં જ રહીને તે પિતાને ખેતીમાં મદદ કરતો હતો.

એક દિવસ તેના ઘેર તેના દૂરના સગાની ત્રણ દીકરીઓ મહેમાન બનીને આવી. તેમાં મોહિની સૌથી મોટી હતી. મોહિનીની વય ૧૮ વર્ષની હતી. તેના ચહેરા પર ગજબનું સૌંદર્ય હતું. તેનું યૌવન પણ પૂરબહારમં ખીલી ઊઠ્યું હતું. બીમલ અને મોહિનીને ખૂબ બનતું હતું. બંને સાથે રમતાં, સાથે પિક્ચર જોવા જતાં બંને યુવાન થતાં બીમલ હવે મોહિનીને અલગ નજરે જોવા લાગ્યો. પરંતુ તે સગાની દીકરી છે તે સંબંધનો ખ્યાલ આવતાં તે મોહિની પરથી નજર હટાવી લેતો. તેણે મનને વશ કરી સંયમ જાળવવા કોશિશ કરી. પરંતુ મન એ મન છે. આસક્તિ પર મનનો કાબૂ ઘણીવાર રહેતો નથી. એક દિવસ તેને લાગ્યું કે તે મોહિનીને ચાહવા લાગ્યો છે. તે જ્યાં સુધી મોહિનીને જોઈ ના લે કે વાત કરી ના લે ત્યાં સુધી તેના મનને શાંતિ થતી નહીં. એક દિવસ તેણે

નક્કી કરી લીધું કે તે તેના મનની વાત મોહિનીને કહી જ દેશે. તે દુનિયાદારી અને સંબંધોનું વિવેકભાન ભૂલી ચૂક્યો હતો.

એક દિવસ તેણે કોઈ ને કોઈ બહાનું કરી મોહિનીને તેના ઘેર બોલાવી લીધી. રાત્રે મોહિની તેના રૂમમાં એકલી જ બેઠી હતી ત્યારે બીમલ તેના રૂમમાં ગયો. તે મોહિનીની પાસે જ બેસી ગયો અને કહેવા લાગ્યો, ‘મોહિની, આજે

તને હું એક વાત કહેવા આવ્યો છું.’

‘કહોને ’

‘પણ મને ડર લાગે છે કે તું નારાજ તો નહીં થઈ જાય ને?’

‘એવી તો શું વાત છે?’

બીમલે હિંમત કરીને કહી દીધું, ‘મોહિની, હું તને ચાહું છું. તને પ્રેમ કરું છું.’

‘શું?’ મોહિનીએ ચોંકી જતાં પૂછ્યું.

‘હા મોહિની, હું તને ચાહું છું.’

મોહિની બોલી, ‘કેવી વાત કરે છે તું? તને ખબર નથી કે આપણે એક બીજાનાં સગાં થઈએ છીએ?’

બીમલ બોલ્યો, ‘હું કાંઈ જાણતો નથી, બસ હું તો એટલું જ જાણું છું કે હું તને ચાહું છું.’

‘તને સમાજનો કોઈ ડર નથી?’

‘હું કાંઈ ના સમજું. હું કાલે ફરી મળીશ, તારા જવાબનો ઈન્તજાર કરીશ.’ કહી બીમલ જતો રહ્યો.

રાત્રે ભોજન લીધા બાદ મોહિની તેના રૂમમાં જઈ પલંગ પર સૂઈ ગઈ, પરંતુ તેનું મન હવે ચકડોળે ચડ્યું. બીમલના શબ્દો તેના કાનમાં ગુંજી રહ્યા હતા. એણે પોતાના દિલમાં પણ ડોકિયું કરવા કોશિશ કરી. એ રાતભર વિચારતી રહી એ કોઈક નિર્ણય પર આવી.

બીજા દિવસે રાત્રે બીમલ ફરી તેના રૂમમાં આવ્યો. તેણે મોહિનીને પૂછ્યું, ‘પછી તેં શું વિચાર કર્યો?’

મોહિનીએ નીચે નજર રાખતાં કહ્યું, ‘હું પણ તારા જેવું જ વિચારું છું.’ ‘એટલે?’

મોહિની બોલી, ‘મને લાગે છે કે હું પણ તને..?’

બીમલ સમજી ગયો. મોહિનીની હા હતી. બંને હસી પડ્યાં હતાં. કેટલીક વાર બાદ મોહિની બોલી, ‘પરંતુ સામાજિક સંબંધથી લોકો આપણાં લગ્ન થવા દેશે નહીં.’

બીમલ બોલ્યો, ‘એ તો સમય સમયની વાત છે. દેખા જાયેગા.’

સમય વીતતો રહ્યો.

મોહિની અવારનવાર આવવા લાગી. તે અને બીમલ સાથે જ ફરવા જવા લાગ્યાં. સાથે જ ફિલ્મ જોવા જતાં. મોહિની બીમલના મામાની દીકરી હોઈ શરૂઆતમાં કોઈને શક નહોતો પરંતુ બંનેને વારંવાર સાથે ફરતાં જોઈ લોકોને પણ હવે વહેમ પડ્યો. બંને વચ્ચેની નીકટતા હવે સમાજની નજરમાં આવવા લાગી. ધીમે ધીમે આ વાતની ખબર બંનેના ઘરવાળાઓ સુધી પહોંચી. સચ્ચાઈ બહાર આવતાં બંનેના પરિવારોમાં તોફાન મચી ગયું.




**નીલમ ભોળી અને સરળ હતી. પિયર અને સાસરીના ગામ વચ્ચે ઝાઝું અંતર નહોતું. તે સાઇકલ પર બેસીને પતિના ખેતરે ગઈ. સાથે તે તેની નાની બહેન ઊર્મિને પણ લઈ ગઈ. શેરડીનાં ખેતરોમાં બીમલ તેની રાહ જોતો હતો**

ભારતીય સમાજ આ પ્રકારના સંબંધોને કદી માન્ય કરતો નથી. પરિવારના લોકોએ બંનેને ઘરમાં જ બેસાડી ખૂબ સમજાવ્યાં. પરંતુ એની કોઈ અસર તેમના પર થઈ નહીં.

સમય જતાં તેઓ હવે છાનાંછપનાં મળવા લાગ્યાં. છેવટે બીમલના ઘરવાળાઓએ નક્કી કરી નાખ્યું કે, છોકરાને ક્યાંક સારી છોકરી જોડે પરણાવી દેવો તેથી તે ધીમે ધીમે મોહિનીને ભૂલી જશે. પિતાએ નજીકના જ ગામના એક પરિવારની નીલમ નામની છોકરી સાથે તેની સગાઈ કરી નાંખી. બે જ દિવસમાં બીમલ અને નીલમનાં લગ્ન કરી નાંખવામાં આવ્યાં. બીમલ ભારે દબાણ હેઠળ હતો. વળી તે પરિપક્વ પણ નહોતો. એણે ઉતાવળે ઉતાવળે નીલમ સાથે લગ્ન કરી લીધાં, નીલમ એક શાંત અને સરળ સ્વભાવની યુવતી હતી. બીમલ પણ ઘરમાં એક પત્ની આવતાં થોડો તેની તરફ આકર્ષાયો. તે હવે નીલમ સાથે દાંપત્યજીવનમાં વ્યસ્ત થઈ ગયો.

એ વાત મોહિનીને ખૂંચવા લાગી.

એક દિવસ મોહિનીએ ફોન કરીને બીમલને ખેતરમાં મળવા બોલાવ્યો. મોહિનીએ પોતાની નારાજગી દર્શાવી. એણે બીમલને કહ્યું, ‘બીમલ, તેં જિંદગીભર મારી સાથે રહેવાનો વાયદો કર્યો હતો એ વાત તું કેમ ભૂલી ગયો?’

‘હું તને હજુ પણ યાદ કરું છું.’ ‘ના. તું મારા સિવાય કોઈ બીજી સ્ત્રી સાથે રહે તે મને પસંદ નથી. એને છોડી દે, નહીંતર હું આપઘાત કરી લઈશ.’

બીમલ ગભરાયો.

તે બોલ્યો, ‘ના, ના, એમ ના કર. તું કહે એમ કરવા હું તૈયાર છું.’

‘તો તું નીલમને મારા રસ્તામાંથી હટાવી દે.’

‘પણ કેવી રીતે?’

‘તે હું ના જાણું. રસ્તો કેવી રીતે કાઢવો તે તારે નક્કી કરવાનું છે.’ મોહિની બોલી.

એટલું કહી તે નારાજ થઈ જતી રહી.

એ આખી રાત સૂઈ શક્યો નહીં, રાતભર તે વિચારતો રહ્યો કે હવે શું કરવું? છેવટે એણે એક યોજના વિચારી. તેની યોજના એક સાજીશ હતી. શ્રાવણ મહિનો આવ્યો. એ દિવસોમાં વ્રત કરવા નીલમ તેના પિયર ગયેલી હતી. એક દિવસ બીમલે ફોન કરીને પત્ની નીલમને ખેતરમાં આવવા કહ્યું.

તેણે કહ્યું કે, તે કોઈ અંગત વાત રૂબરૂમાં જ કરવા માંગે છે.

નીલમ ભોળી અને સરળ હતી. પિયર અને સાસરીના ગામ વચ્ચે ઝાઝું અંતર નહોતું. તે સાઈકલ પર બેસીને પતિના ખેતરે ગઈ. સાથે તે તેની નાની બહેન ઊર્મિને પણ લઈ ગઈ. શેરડીનાં ખેતરોમાં બીમલ તેની રાહ જોતો હતો.

ખેતરમાં પહોંચતાં જ બીમલે કહ્યું, ‘ઊર્મિ, તું અહીં શેઢા પર જ બેસ. હું અને તારી બહેન ખેતરમાં આંટો મારી આવીએ.’

ઊર્મિને શેઢા પર બેસાડી બીમલ તેની પત્ની નીલમને લઈ ગયો. નીલમે તે દિવસે સલવાર, કુર્તો પહેરેલાં હતાં. ખેતરની અંદર દૂર સુધી ગયા બાદ બીમલે પત્ની નીલમનો દુપટ્ટો ખેંચી એ જ દુપટ્ટા વડે નીલમને ગળાફાંસો કરી તેનું ગળું દબાવી તેની હત્યા કરી નાંખી. નીલમ તરફડીને મૃત્યુ પામી. તેના મૃતદેહને ખેતરમાં જ રહેવા દઈ તે બહાર આવ્યો. શેઢા પર બેઠેલી તેની નાની સાળી ઊર્મિનું પણ ગળું દબાવી તેની હત્યા કરી નાંખી.

તે ભાગી ગયો.

પરંતુ નીલમ અને ઊર્મિ ગુમ થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી. પોલીસે બીમલના મોબાઈલ ફોન કૉલની ડિટેઈલના આધારે શોધી કાઢ્યું કે નીલમ સાથે છેલ્લી વાત પણ તેના પતિ બીમલે જ કરી હતી. બીમલને પકડી લેવાયો. તેણે પત્ની નીલમ અને તેની સાળી ઊર્મિની હત્યા કર્યાનું કબૂલ કરી લીધું. બીમલ હવે જેલમાં છે.

આ ઘટના પરથી લાગે છે કે સમાજમાં કેટલાક લોકો સમાજનાં તમામ મૂલ્યો નેવે મૂકી રહ્યા છે.

કળીયુગ તેની પરાકાષ્ઠાએ છે.

દેવેન્દ્ર પટેલ સંપર્ક : 91 98792 07102

## જાણવા જેવું

### સ્લોવેનિયાની અદભૂત ગુફા : પોસ્ટોના કેવ



મધ્ય યુરોપમાં ઇટાલીની નજીક આવેલું સ્લોવેનિયા તેની કુદરતી અજાયબીઓ માટે જાણીતો છે. પર્વતો, ગુફાઓ અને તળાવોથી સમૃદ્ધ આ દેશમાં વિશ્વપ્રસિદ્ધ ગુફાઓ આવેલી છે તેમાં પોસ્ટોના કેવ સહેલાણીઓ માટે લોકપ્રિય ભૂગર્ભ ગુફા છે. પૃથ્વીના પેટાળમાં ૧૧૫ મીટરની ઊંડાઈએ આવેલી ૨૪૧૨૦ મીટર લાંબી પોસ્ટોના ગુફા ચુનાના ખડકોની બનેલી છે. પીવકા નદીએ કોતરેલી આ ગુફા ૧૭મી સદીમાં શોધાયેલી આ ગુફા કુદરતી અજાયબી છે અને પ્રવાસીઓની સુવિધા માટે તેમાં રેલગાડી અને લાઇટની સુવિધા ઉમેરવામાં આવી છે. ગુફામાં પાંચ કિલોમીટરની રેલ્વે લાઇન છે જે પ્રવાસીઓને ગુફાની સહેલગાહ કરાવે છે. તમે નહિ માનો પણ આ ગુફામાં વિશ્વની એકમાત્ર અન્ડરગ્રાઉન્ડ પોસ્ટ ઓફિસ અન્ડરગ્રાઉન્ડ પોસ્ટ ઓફિસ પણ છે. ગુફાની દીવાલો સુંદર રેશમી પડદા લટકાવ્યા હોય તેવી સુંવાળી દેખાય છે. ગુફા વચ્ચે નદીનું વહેણ છે અને બંને તરફ ચાલવા માટેના રસ્તા છે. ગુફામાં કેટલીક નાની માછલી પણ જોવા મળે છે. ગુફામાં સુંદર એક્વેરિયમ પણ છે. યુરોપની આ સૌથી મોટી અન્ડરગ્રાઉન્ડ ગુફા જોવા સંખ્યાબંધ સહેલાણીઓ આવે છે.

### પાનમાં વૃક્ષો માટે ખોરાક કેવી રીતે બને છે?



વનસ્પતિ સજીવ છે. તે ખોરાક અને પાણીથી મોટી થાય છે. વૃક્ષો, વેલા, છોડ, બધા જ મૂળિયા દ્વારા જમીનમાંથી પાણી તેમજ પ્રવાહી પોષક દ્રવ્યો શોષે પરંતુ તેનો મુખ્ય ખોરાક તેના પાંદડામાં તૈયાર થાય છે. નાળિયેરી કે કેળાના લાંબા પટ્ટા જેવા કદાવર પાન હોય કે આમલીના ઝીણા પાન હોય પણ ખોરાક બનાવવા માટે એકસરખી જ પ્રક્રિયા કરે. શુગર અને સ્ટાર્ચ વનસ્પતિનો ખોરાક છે. આ ખોરાક પાનમાં તૈયાર થાય છે. પાનમાં સૂર્યપ્રકાશની હાજરીમાં ફોટો સિન્થેસિસ નામની રસાયણિક પ્રક્રિયા થાય છે. પાન ત્રણ પડનું બનેલું હોય છે. સૌથી ઊપલુ પડ પારદર્શક અને સુંવાળુ હોય છે તે રક્ષણ માટે છે. તેની નીચેના પડમાં બે ભાગ હોય છે. તેમાં વચ્ચે સ્પોન્જ જેવા કોષો હોય છે. પાનમાં લીલા રંગનું ક્લોરોફિલ નામનું દ્રવ્ય હોય છે. ક્લોરોફિલ ઉપર સૂર્યપ્રકાશ પડે ત્યારે રાસાયણિક પ્રક્રિયા થઈ મૂળ દ્વારા મેળવેલા પાણી અને પોષક દ્રવ્યોનું સ્ટાર્ચ અને શુગરમાં રૂપાંતર થાય છે. સૂર્યપ્રકાશમાંથી તે શક્તિ મેળવે છે. અને કાર્બનડાયોક્સાઈડ છુટો પાડે છે. પાનમાં બનેલો ખોરાક ફુલ અને ફળ સ્વરૂપે વિકસે છે. આથી વનસ્પતિ પોતાના માટે જ નહીં પણ પ્રાણીઓ અને વનસ્પતિ માટે પણ ખોરાક બનાવે છે.

## સેક્સ સમસ્યા

# લુબ્રિકેશનને લીધે સેક્સમાં તકલીફ પડે તો શું કરવું?

**પ્રશ્ન : હું ૪૦ વર્ષની પરિણીતા છું. પતિ છ મહિના પહેલાં બે વર્ષ માટે પરદેશ ગયા છે. મારે ૧૫ વરસનો પુત્ર અને ૧૨ વરસની પુત્રી છે. તેઓ શાળાએ જાય તે પછી હું પાડોશમાં રહેતા એમ.એ.ના એક વિદ્યાર્થી સાથે અનૈતિક સંબંધ બાંધું છું. બે માસથી હું ગર્ભવતી બની છું. તે યુવાન ગર્ભપાત કરાવવા ના કહે છે તથા લગ્ન કરવા દબાણ કરે છે. એ યુવકને હું બેહદ ચાહું છું. કોઈ કિંમત પર તેને ગુમાવવા તૈયાર નથી. મારે શું કરવું?**

જવાબ : તમે આધેડ ઉંમરની સ્ત્રી છો. તમારો પુત્ર યુવાનીના ઉંબર પર ઊભો છે તથા પુત્રી કિશોરાવસ્થામાં છે. પતિ માત્ર બે વર્ષ માટે પરદેશ ગયા છે. આ સમયમાં તમારે બાળકોની સારસંભાળ રાખીને ઉછેરવા જોઈએ. તેના બદલે બે મહિનામાં જ તમે તમારો માર્ગ ભૂલી ગયાં? જો માતા બદચલન હોય તો તેની બાળકો પર શી અસર પડશે એનો કદી વિચાર કર્યો છે ખરો? હજુ પણ તમારી ભલાઈ માટે તથા કુટુંબને પતનમાંથી બચાવવાની ઈચ્છા હોય તો ચૂપચાપ ગર્ભપાત કરાવી લો અને વ્યભિચાર છોડી દો, નહીં તો ક્યાંયના નહીં રહો.

**સવાલ મારી ઉંમર ૨૦ વર્ષ છે. સગાઈ થઈ ગઈ છે અને થોડા મહિના પછી લગ્ન થવાનાં છે. મારી એક મૂંઝવણ છે. ખોટી સોબતે ચડીને હું હસ્તમૈથુન કરવા લાગી. હવે મને ખૂબ બીક લાગે છે કે મારા શરીરમાં કોઈ જાતની ખામી ન આવી ગઈ હોય. મેં એવુંય સાંભળ્યું છે કે આનાથી ગર્ભધારણમાં મુશ્કેલી પડે છે. એ સાચું છે?**

જવાબ : તમે 'મૂંઝવણ કોલમ' નિયમિત વાચતાં નથી લાગતાં, નહીંતર સેક્સની બાબતે તમે આવી અધૂરી માહિતી ધરાવતાં ન હોત. 'મૂંઝવણ કોલમ'માં અવારનવાર જણાવાતું હોય છે કે કુંવારાં છોકરા-છોકરીઓમાં સામાન્ય રીતે જોવા મળતી એ અકુદરતી જાતીય ક્રિયા છે. લગ્ન પછી આ કુટેવ આપમેળે છૂટી જાય છે. તેનાથી શરીરમાં કોઈ જાતની ખામી કે વિકાર ઉત્પન્ન થતાં નથી. સાંભળેલી વાતોથી ભરમાયા વિના સંપૂર્ણપણે સુખમય ભાવી જીવનની કલ્પના કરો.

**પ્રશ્ન : મારી ઉંમર 40 વર્ષ છે. મારી સમસ્યા એવી છે કે મારા પતિ બહુ રૂડ અને સ્ટ્રીક્ટ છે. પ્રેમ નામનું તત્ત્વ એમની અંદર નથી, લાગણીથી કામ કરવાનું હોય, પત્નીને લાગણી આપવી જોઇએ, હૂંફ આપવી જોઇએ એવું એમના સ્વભાવમાં નથી. મારી અંદર હવે એમના માટે લાગણી નથી રહી. આ સમયગાળામાં હું**



**એક પુરુષના સંપર્કમાં આવી છું. એ મને જોઇતી લાગણી આપે છે. મને એની સાથે સેક્સ કરવાનું ખૂબ મન થાય છે, અમે એ વાતો પણ કરીએ છીએ પણ હજુ એકબીજાને મળ્યાં નથી. તે મળવાનું કહે છે, મને પણ બહુ ઇચ્છા છે. તેની લાગણીમાં મારે રંગાવું છે પણ ડર લાગે છે, મારે શું કરવું જોઇએ?**

જવાબ : તમારો પ્રશ્ન ધર્મસંકટવાળો છે. એક તરફ તમારા પતિ છે, જેણે તમારી સાથે સાત ફેરા ફર્યાં છે. આમ તો જીવનસાથી સાથે ચીટિંગ ન કરવી એ જ સાચી રીત છે પણ તમારા પતિ તમને લાગણી નથી આપી રહ્યાં એવું તમારું કહેવું છે એટલે તમે બીજી વ્યક્તિ તરફ આકર્ષાયા છો. જોકે એક વાર તમે તમારા પતિને તમારા દિલની વાત જણાવવા પ્રયત્ન કરો. તમે એમને કહો કે તમે તેમના પ્રેમને ઝંખો છો. તેમને જણાવો કે તમે તેમની લાગણીની આશા રાખો છો. પતિને તમારા દિલની સમસ્યા સમજાવો.

**પ્રશ્ન : મારા લગ્નને 6 વર્ષ થયા છે. મને લાગી રહ્યું છે કે મારા પતિને હવે મારામાં કે મારી સાથે સેક્સ કરવામાં રસ ઓછો થતો જાય છે. તેઓ મારી સાથે જ્યારે પણ સંબંધ બાંધે છે ત્યારે જાણે મૂડ વગર કરતા હોય એવું લાગે છે, આ કારણે મને ચિંતા થવા લાગી છે કોઇ ઉપાય જણાવશો?**

ઉત્તર : તમારે તમારા લગ્ન જીવનમાં રોમાંચ અને રોમાન્સની જરૂર છે. તમારા પતિ માટે સરપ્રાઈઝ પ્લાન કરો. તેમના માટે ભાવતું ભોજન બનાવો તેમજ તમારા રૂમને ફૂલો, ફ્રેગરન્સ કેન્ડલ તેમજ એલઈડી લાઈટથી સુંદર રીતે સજાવો. રૂમમાં રોમેન્ટિક વાતાવરણ ક્રિએટ કરો. તેનાથી તમારા પતિમાં પણ રોમાન્સનો ઉત્સાહ જાગશે. નીરસ સેક્સ લાઈફનું બીજું કારણ એ પણ હોઈ શકે કે સતત એક જ પ્રકારે સેક્સ કરવાથી કંટાળી ગયા હશે, આ કારણે સેક્સમાં પણ વેરિએશન લાવો. આજકાલ તો માર્કેટમાં પણ ઘણા સેક્સ ટુલ ઉપલબ્ધ છે તેનો પણ તમે ઉપયોગ કરી શકો છો. પુરુષો જ સેક્સ માટે પહેલ કરે તેવી તમારી માન્યતાને ભૂસીને ક્યારેક તમે પણ પતિને સેક્સ માટે ઉત્તેજિત કરવાનો પ્રયત્ન કરો. તમારા લગ્નના શરૂઆતના દિવસોને યાદ કરો. આ ઉપરાંત ભલે તમે ઘરમાં જ રહેતા હો તો પણ વ્યવસ્થિત કપડાં સાથે તૈયાર થયેલા રહો. તમારી સુંદરતાથી મોહિત થઈને તમારા પતિને તમારામાં અને તમારી સાથે સેક્સ કરવામાં ચોક્કસથી રસ પડશે.

**પ્રશ્ન : મારી ઉંમર 23 વર્ષની છે મેં પહેલી વખત મારા બોયફ્રેન્ડ સાથે સેક્સ માણ્યું હતું જોકે અમે સુરક્ષાનું પૂરું ધ્યાન રાખ્યું હતું, પણ હવે મને યોનિમાં દુખાવો થાય છે. તેમાં પણ પેશાબ જતા તો ખૂબ બળતરા થાય છે. મમ્મીને હું કહી શકતી નથી અને ડોક્ટર પાસે જતા શરમ આવે છે અને બીક પણ લાગે છે. મને ખૂબ જ ચિંતા થાય છે. ઝડપથી કોઇ ઉપાય જણાવશો.**

ઉત્તર : પહેલાં તો તમને જણાવી દઉં કે હાલ તમારી ઉંમર તમારા કરિયર પર ધ્યાન આપવાની છે તેના બદલે તમે અલગ જ રસ્તે ફંટાયા છો જે યોગ્ય નથી. રહી વાત યોનિમાં બળતરાની તો પહેલાં તો તમારે રોજ યોનિની સારી રીતે સફાઇ કરવી જરૂરી છે. રોજ હૂંફાળા પાણી અને માઈલ્ડ સાબુથી યોનિની સફાઈ કરવી જેથી ઈન્ફેક્શનથી બચી શકાય. આ સિવાય ખચકાટ વગર તમારી સમસ્યાની વાત તમારા માતાને કહેવી જેથી તેઓ તમને ડોક્ટર પાસે લઈ જાય. સમયસર તબીબી સારવાર લઈ લેવાથી અનેક મોટી સમસ્યાઓથી બચી શકાય છે.

**પ્રશ્ન : મને લુબ્રિકેશનની ઊણપ છે. યોનિમાં ચીકણું પ્રવાહી ઘણું ઓછું આવે છે. જેનાથી સેક્સમાં પણ તકલીફ પડે છે. આ અંગે કોઇ ઉપાય જણાવશો?**

ઉત્તર : પહેલાં તો તમે તમારી ઉંમર જણાવી નથી આ કારણે તમારી સમસ્યાનું કારણ જણાવવું મુશ્કેલ છે. ઉંમર વધવાની સાથે મહિલાઓમાં લુબ્રિકેશનની ઊણપ હોવી સામાન્ય છે, પણ જો ઓછી ઉંમરમાં આ સમસ્યા થતી હોય તો તેનો ઉપચાર કરવો જરૂરી છે. પાર્ટનરનો ટચ લુબ્રિકેશનમાં ઘણો મદદરૂપ રહે છે. આ ઉપરાંત બજારમાં પણ ઘણા લુબ્રિકન્ટ ઉપલબ્ધ છે, જોકે તેના ઉપયોગ પહેલાં એક વખત ડોક્ટરની સલાહ લેવી જરૂરી છે. ડોક્ટરની સલાહ વગર કોઈ પણ પ્રોડક્ટનો ઉપયોગ કરવો નહીં.

# એક પદાર્થથી રાખો ત્વચા અને કેશની દેખભાળ

માનુનીઓને પોતાની કાળજી કરવા થોડો સમય મળી રહે. ચાહે તે કૉલેજ કન્યા હોય કે નોકરી કરતી સ્ત્રી. આખું અઠવાડિયું, એટલે કે સોમવારથી શુક્રવાર સુધી સવારથી રાત પર્યંત સતત દોડધામ કરતી મહિલાઓને શનિ-રવિની રજાઓ દરમિયાન પોરો ખાવાનો વખત મળે ત્યારે તેમને કે તેમની ત્વચા ફિક્કી પડી રહી છે અને તેમના કેશ પણ ચમક ગુમાવી રહાં છે. તેવો અહેસાસ થાય છે. પરંતુ પાર્લરમાં જવા સમય હોતો નથી. આવી સ્થિતિમાં કરવું શું? આના જવાબમાં ત્વચા નિષ્ણાતો કહે છે કે, તમે ઘરમાં રહીને જાતે જ કેટલાંક સરળ ઉપાયો વડે ત્વચા અને વાળમાં નવી ચમક લાવી શકો. કેટલાંક પદાર્થો એવા છે જે ચામડી અને વાળ, બંનેમાં ખપ લાગે. તેથી તમને અલગ અલગ પેક બનાવવાની જરૂર પણ ન રહે.



**એવોકેડો :** આમાં ભરપૂર પ્રમાણમાં ઓમેગા ૩, ૬ ફેટી એસિડ હોય છે. ત્વચા અને વાળમાં આવેલી શુષ્કતા દૂર કરવા સાથે ખિલ સામે લડવામાં સહાયક બને છે. તે કોલેજનના ઉત્પાદનમાં વૃદ્ધિ કરે છે તેમાં રહેલુ બાયોટીન વાળને સુંવાળા, ચમકદાર અને મજબૂત બનાવે છે.

**રીત :** પાકી ગયેલા એવોકેડોને ચમચી વડે છુંદી નાખો. ત્યાર બાદ તે ચહેરા પર લગાવો. વાળમાં તે લગાવવાથી પહેલા તેમાં એક ચમચી જેટલું ઓલિવ ઓઈલ પણ ઉમેરી શકાય. એવોર્કડો લગાવ્યા પછી ૨૦ મિનિટ રહીને ચહેરો અને વાળ ધોઈ લો.



**પપૈયું :** પાકા પપૈયામાં ખાસ્સા પ્રમાણમાં રહેલા એન્ઝાઈમ્સ ત્વચાને હળવેથી એક્સફોલિપેટ કરે છે. પરિણામે તમારો ચહેરો ચમકી ઉઠે છે. તદુપરાંત પપૈયામાં રહેલા વિટામીન એ અને સી ચહેરા પર પડેલા ડાઘ-ધબ્બા દૂર કરવામાં અને ગુમાવેલું તેજ પાછું લાવવામાં સહાયક બને છે.

**રીત :** પાકા પપૈયાને સમારીને છુંદી નાખો. હવે તે ચહેરા અને વાળ પર લગાવીને ૧૫થી ૨૦ મિનિટ રહેવા દો. ત્યાર પછી માથે નાહી લો. તમારો ચહેરો અને કેશ ચમકી ઉઠશે.



**કેળું :** એ વાત સર્વવિદિત છે કે કેળાં ખાવાથી ત્વચા અને વાળને ફાયદો થાય છે. પરંતુ વધારે પડતું પાકી ગયેલું કેળું ભાગ્યે જ કોઈને ભાવે. જો તમારા ઘરમાં કેળાં પાકી ગયા હોય તો તે ફેંકી દેવાને બદલે તેનો ઉપયોગ ચહેરા અને વાળની ગુમાવેલી ચમક પાછી લાવવામાં કરો. કેળાંમાં રહેલા પોટેશિયમ અને સિલિકા ત્વચા અને કેશને સુંવાળા, મજબૂત, ચમકદાર બનાવે છે.

**રીત :** કેળાં સારી રીતે છૂંદી લો. હવે તે ચહેરા, ગરદન અને વાળમાં એકસમાન રીતે લગાવો. ૨૦ મિનિટ પછી ચહેરો અને વાળ ધોઈ લો.



**બટાકાં :** બટાકાંમાં પ્રચૂર માત્રામાં લોહ તત્વ રહેલું હોય છે. આયર્ન ત્વચા અને કેશને નવી ચમક આપવામાં મહત્વનો ભાગ ભજવે છે. બટાકાંમાં રહેલું એઝેલેક એસિડ પણ ત્વચાને કાંતિવાન બનાવે છે. જ્યારે બટાકાંનો રસ વાળ મજબૂત અને ઘટ્ટ બનાવી તેને ખરતાં રોકે છે.

**રીત :** બટાકાં સમારીને મિક્સરમાં નાખો. તેમાં થોડું પાણી ઉમેરીને મિક્સર ચલાવો. તે સારી રીતે પીસાઈ જાય એટલે તે ગાળીને ચહેરા તેમ જ વાળમાં લગાવો. સુકાઈ ગયા પછી ચહેરો અને કેશ ધોઈ લો.



**ટામેટાં :** ટામેટાંમાં રહેલા એન્ટિઓક્સિડંટ્સ, ખાસ કરીને લાયકોપેન ત્વચાનું સમારકામ કરીને તેમાં કોલેજનની વૃદ્ધિ કરે છે. તદુપરાંત તેમાં રહેલા પ્રકારના એસિડ રોમછિદ્રો મજબૂત બનાવે છે.

**રીત :** ટામેટાંને સારી રીતે છૂંદી નાખો. હવે તે ચહેરા અને ગરદન પર એકસમાન રીતે લગાવો. વાળમાં લગાવવાના ટામેટાંમાં બેથી ત્રણ ચમચી જેટલું તેલ પણ ઉમેરી શકાય. ચહેરા અને વાળ પર છૂંદેલા ટામેટાં લગાવી ૨૦ મિનિટે બાદ ચહેરો અને કેશ ધોઈ લો.



## ॥ સંસ્કૃતિ ॥



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH


### વિકાસશીલ ભારત માટે વિકરાળ બનતી પ્રદૂષણની સમસ્યા સૌથી મોટો પડકાર

# ભારતમાં વાયુ પ્રદૂષણથી દર વર્ષે 16 લાખ લોકોના મોત

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

તાજેતરમાં ભારતની રાજધાની દિલ્હી સહિતના અનેક શહેરોમાં પ્રદૂષણની માત્રા ભયંકર રહી છે. વિશ્વનાં છ સૌથી વધુ પ્રદૂષિત નગરોમાં દિલ્હી ટોચ પર રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પુષ્ટિ કરી છે કે, દર વર્ષે વિશ્વભરમાં લગભગ ૭૦ લાખ લોકો વાયુ પ્રદૂષણને કારણે મૃત્યુ પામે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આપવામાં આવેલા સ્ટાન્ડર્ડ મુજબ AQI ૧૦૦ સુધી હોવો જોઈએ, પરંતુ દિલ્હીમાં તે ૩૦૦નો આંકડો વટાવી રહ્યો છે.

આકાશમાં રહેલું ધુમ્મસ અને ધુમાડો લોકોના જીવન માટે મોટો ખતરો છે, જેના કારણે લોકો સ્ટ્રોક, હૃદય રોગ, ફેફસાંના કેન્સર તેમ જ તીવ્ર અને ક્રોનિક શ્વસન રોગોનો શિકાર બની રહ્યા છે. પરિણામે વાયુ પ્રદૂષણ દર વર્ષે લગભગ ૭૦ લાખ લોકોના અકાળ મૃત્યુનું કારણ છે. ખાસ કરીને ભારતમાં તેનું સૌથી વધુ જોખમ છે. બોસ્ટન કોલેજની ગ્લોબલ ઓબ્ઝર્વેટરી ઓન પોલ્યુશનના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૧૯માં એકલા ભારતમાં જ વાયુ પ્રદૂષણને કારણે મૃત્યુ પામનારની સંખ્યા ૧૬ લાખ હતી. જો વિશ્વના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો કુલ મૃત્યુના ૧૮ ટકા મૃત્યુ એકલા ભારતમાં થયાં છે. આ મામલામાં ચીન બીજા સ્થાને છે.

માત્ર બોસ્ટન કોલેજ દ્વારા જ નહીં પરંતુ શિકાગો યુનિવર્સિટી દ્વારા પણ વાયુ પ્રદૂષણ પર કરવામાં આવેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે વાયુ પ્રદૂષણને કારણે લોકોની સરેરાશ ઉંમર ૧૦ વર્ષ ઘટી રહી છે. રિપોર્ટમાં દિલ્હીના વાયુ પ્રદૂષણનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૨૦૨૧માં હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલા સંશોધન મુજબ ભારતમાં કુલ અકાળ મૃત્યુમાંથી ત્રીજા ભાગના મૃત્યુ એકલાં પ્રદૂષણને કારણે થાય છે.

દિલ્હીમાં પ્રદૂષણનું સૌથી મોટું કારણ હરિયાણા અને પંજાબમાં ખેતરોમાં પરાળ સળગાવવાને માનવામાં આવે છે. આ વર્ષના હિસાબે ૨૩ ઓક્ટોબર સુધીમાં પંજાબમાં માત્ર ૭૧૪ અને હરિયાણામાં ૧૭૯૪ પરાળ સળગાવવાની ઘટનાઓ નોંધાઈ છે, જૂના જમાનામાં ખેડૂતો પોતાના ઘરમાં ઢોર રાખતા હતા, જેને પરાળ ખવડાવી દેવામાં આવતી હોવાથી તેને બાળવાની જરૂર પડતી નહોતી. હવે ખેડૂતો ટ્રેક્ટરથી ખેતી કરતા હોવાથી તેમને બળદની જરૂર પડતી નથી. જો તેઓ ડાંગરની



લણણી પછી પરાળ કાપીને બજારમાં વેચવા જાય તો તેની મજૂરી મોંઘી પડે છે. બજારમાં પરાળનો ભાવ મળતો નથી. આ કારણે ખેડૂતો પરાળ બાળીને જમીન સાફ કરી નાખે છે. પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં બાળવામાં આવતી પરાળનો ધુમાડો દિલ્હી પહોંચીને તેની હવાને પ્રદૂષિત કરી નાખે છે. નાસાએ પોલ્યુશન અંગે તેના સેટેલાઈટ દ્વારા લેવાયેલી તસ્વીરો પ્રસિધ્ધ કરી છે. તે ઉપરથી જાણવા મળે છે કે આ પોલ્યુશન માત્ર દિલ્હી એનસીઆર પૂરતું જ મર્યાદિત નથી રહ્યું, પરંતુ પાકિસ્તાનનાં પંજાબથી શરૂ કરી બંગાળના ઉપસાગર સુધીના પટ્ટામાં છવાઈ રહ્યું છે. દિલ્હી સરકારના પર્યાવરણ વિભાગના જણાવ્યા અનુસાર દિવાળી પહેલાં દિલ્હીમાં થઈ રહેલા પ્રદૂષણ માટે બાયોમાસ જવાબદાર છે. તેણે ૨૧ ઓક્ટોબરે દિલ્હીના પ્રદૂષણમાં ૨૧.૫ ટકા યોગદાન આપ્યું હતું. ૨૪ ઓક્ટોબર સુધીમાં આ આંકડો વધીને ૩૨.૭ ટકા થઈ ગયો હતો. આ ઉપરાંત વાહનોનું પ્રદૂષણ અને બાંધકામનાં કામોમાંથી ઊડતી ધૂળ પણ પ્રદૂષણનાં મુખ્ય કારણો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઠંડીમાં વધારો થવાને કારણે વાતાવરણમાં પીએમ ૨.૫નું પ્રમાણ વધ્યું છે. પવનની ધીમી ગતિને કારણે ધુમ્મસનું પ્રમાણ વધ્યું છે. આથી સરકારે પગલાં લેવાં શરૂ કર્યાં છે. દિલ્હી સરકારે પ્રદૂષણ સામે લડવા માટે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) સ્ટેજ II લાગુ કર્યો છે. આ અંતર્ગત શહેરમાં જાહેર પરિવહન સેવાઓ વધારવામાં આવી રહી છે અને બે મેટ્રો ટ્રેન વચ્ચેનો સમયગાળો ઘટાડવા માટે સૂચનાઓ જારી કરવામાં આવી છે. જ્યાં અત્યાર સુધી તફાવત પાંચથી છ મિનિટનો સમયગાળો હતો તે ઘટાડીને ૨થી ૩ મિનિટ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાનગી બસો પણ ભાડે લેવામાં આવી રહી છે. હાલ કેજરીવાલ સરકારે પ્રદૂષણને રોકવા માટે કલાઉડ સીડિંગ એટલે કે કુત્રિમ વરસાદ કરાવવાનું પણ વિચાર્યું છે. આ ઉપરાંત દિલ્હી સરકારે વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખી નવેમ્બર મહિનામાં જ વિન્ટર વેકેશનનું એલાન કરી દીધુ છે.

આ પૂર્વે મંગળવારે સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્ર સરકારનો ઉધડો લઈ આકરી ટિપ્પણી કરતા કહ્યું હતું. પ્રદૂષણ અટકાવવા સરકાર દ્વારા માત્ર કાગળ પર કામગીરી ચાલી રહી છે. જે નહીં ચલાવી લેવાય. આ સાથે જ સુપ્રીમ કોર્ટે રાજસ્થાન, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ સરકારને આદેશ આપ્યો છે કે, તાત્કાલીક પરાળી સળગાવવાનું અટકાવવામાં આવે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એસ. કે. કૌલ, ન્યાયાધીશ સુધાંશુ ધુલિયાની બેંચે કહ્યું હતું કે પ્રદૂષણ મામલે રાજકારણ બંધ કરો, અમને માફ કરજો પણ પરાળી સળગાવતી અટકાવવાના આદેશ આપવા સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી, લોકોના સ્વાસ્થ્યની હત્યા થઈ રહી છે.

છેલ્લાં પાંચ વર્ષમાં હવાની ગુણવત્તાના વિશ્લેષણ ઉપર બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ દેશનાં ચાર મોટાં શહેરોમાં વાયુ પ્રદૂષણમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. જો કે, લખનૌ અને પટના જેવાં શહેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષની સરખામણીમાં ઓક્ટોબર ૨૦૨૩માં દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને કોલકાતામાં પીએમ ૨.૫માં વધારો થયો છે.

આ ઉપરાંત મુંબઈમાં 8 નવેમ્બરના રોજ બંદરમાં પ્રદુષણનું સ્તર 200 નોંધાયું હતું. નિષ્ણાતો અનુસાર મુંબઈમાં વાયુ પ્રદુષણ માટે ત્યાં થતા બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન, કાર અને ટ્રકોમાંથી નીકળતો ધુમાડો છે. દિલ્હી અને મુંબઈમાં તફાવત એટલો છે કે મુંબઈ ગેસ ચેમ્બર બનતું નથી. પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા દુનિયાના કેટલાક દેશોમાં જે ઉપાયો થઈ રહ્યા છે તેમાં ન્યુયોર્કમાં સાયકલ ચલાવતા લોકોને પ્રોત્સાહન આપવામાં આવે છે. તેમજ ચાલીને જતા લોકોને પણ પ્રોસાહિત કરવાની કોશિશ કરવામાં આવે છે. આ સિવાય શહેરમાં પરિવહનના માધ્યમ તરીકે સાયકલ, સબવે અને બસોનો ઉપયોગ વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. સાન ફ્રાન્સિસ્કોમાં 2017થી શહેરના 2.2 માઈલના સૌથી વ્યસ્ત રસ્તા પર સ્ટ્રીટ માર્કેટ પર સંપૂર્ણરીતે કાર પર પ્રતિબંધ લગાવીને મહત્વપૂર્ણ પગલાઓ લેવામાં આવ્યા હતા. શહેરમાં 125 માઈલનું સાયકલ લેનનું વ્યાપક નેટવર્ક છે, અને બિન-મોટરાઈઝ્ડ ગતિશીલતા વધારવા માટે રાહદારીને ધ્યાનમાં રાખીને રસ્તાઓ પણ તૈયાર કરવામાં આવ્યા છે.

જ્યારે બર્લિનમાં 2008માં કાર્બન ઉત્સર્જન ઘટાડવાની શરૂઆત કરવામાં આવી હતી, દેશમાં જે વાહનો કાર્બન ઉત્સર્જનના ધોરણો પ્રમાણે નથી તેવા ગેસ અને ડીઝલ વાહનોના ઉપયોગ પર પ્રતિબંધ પણ મુકાયા હતા. બર્લિનમાં ઘણા સાયકલ સુપર-હાઈવે બનાવવામાં આવ્યા છે, જેમાં ખાસ કરીને સાયકલ માટે 13 ફૂટ પહોળી લેન છે જ્યારે આ માર્ગો પર કારની મંજૂરી નથી. આ ઉપરાંત મોટાભાગના દેશ સાયકલ કે ચાલીને જતા લોકોને પ્રોત્સાહન આપવા માટે અલગ રસ્તા કે અમુક વિસ્તારમાં પ્રાઈવેટ વાહનો પર પ્રતિબંધ મુકવા જેવા પગલાઓ લે છે.ભારતમાં પ્રદૂષણની સમસ્યાને નિયંત્રણમાં રાખવું હશે તો સરકાર વિદેશ જેવા પગલા લેવા પડશે.

**WHOના રિપોર્ટ અનુસાર ધુમ્મસ અને ધુમાડાથી લોકો સ્ટ્રોક, હૃદય રોગ, ફેફસાંના કેન્સર તેમજ તીવ્ર અને ક્રોનિક શ્વસન રોગોનો શિકાર બની રહ્યા છે, બોસ્ટન કોલેજ અને શિકાગો યુનિવર્સિટીના સંશોધનમાં પણ વાયુ પ્રદૂષણને કારણે લોકોની સરેરાશ ઉંમર 10 વર્ષ ઘટી રહી હોવાનું તારણ નીકળ્યું**


May the light that we celebrate at Diwali show us the way and lead us together on the path of peace and social harmony.
Happy Diwali & Happy New Year
BUY • SELL • LEASE • INVEST
Chirag Patel
Sales Representative
C: 647-471-6261
O: 905-497-6701
F: 905-497-6700
E: c290182@gmail.com
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
170 Wilkinson Rd.,
Unit # 3, Brampton,
ON L6T 4Z5
"The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust."

# વિધાનસભા ચૂંટણી : છત્તીસગઢમાં પ્રથમ તબક્કાની 20 બેઠકો માટે 71 ટકાથી વધુ મતદાન નોંધાયું

## બીજા તબક્કાની 70 બેઠકો માટે 17 નવેમ્બરે મતદાન થશે : ત્રણ ડિસેમ્બરે પરિણામ

**રાયપુર**

છત્તીસગઢમાં પ્રથમ તબક્કા હેઠળ યોજાયેલ ૨૦ વિધાનસભા બેઠકો માટે થયેલ ચૂંટણીમાં લગભગ ૭૧ ટકા મતદાન થયું છે. નકસલી હિંસા અને ચૂંટણીના બહિષ્કાર વચ્ચે ભારે સુરક્ષા સાથે આજનું મતદાન પૂર્ણ થયું હતું.

ઉલ્લેખનીય છે કે દસ બેઠકો માટે મતદાનનો સમય સવારે સાત થી બપોરે ત્રણ વાગ્યા સુધીનો હતો. જ્યારે અન્ય દસ બેઠકો પર મતદાનનો સમય સવારે આઠ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધીનો હતો.

નકસલવાદ અસરગ્રસ્ત બસ્તર વિસ્તારમાં મોટા પાયે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પ્રથમ તબક્કાના મતદાન માટે એક લાખથી વધારે સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતાં. બુધવારે યોજાયેલ ૨૦ બેઠકો પૈકી ૧૨ બેઠકો એસટી માટે અનામત હતી. આજે ૨૫ મહિલાઓ



સહિત ૨૨૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. આજના મતદાન પછી પૂર્વ મુખ્યપ્રધાન અને ભાજપ નેતા રમણ સિંહ, છત્તીસગઢ કોંગ્રેસ પ્રમુખ અને સાંસદ દીપક બૈજ અને ભૂપેશ બઘેલ કેબિનેટના ત્રણ પ્રધાનોનું ઈવીએમમાં સીલ થઈ ગયું છે.

# QS એશિયા રેન્કિંગ 2024: IIT બોમ્બે ફરીવાર દેશની સર્વશ્રેષ્ઠ સંસ્થાન બની

**મુંબઈ**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) બોમ્બેને ક્યૂએસ રેન્કિંગ 2024માં સતત બીજી વખત દેશમાં સર્વશ્રેષ્ઠ સંસ્થાન તરીકેનો દરજ્જો આપ્યો છે. આટલું જ નહીં ભારતે રેન્કિંગ યુનિવર્સિટીની સંખ્યા મામલે ચીનને પણ પછાડી દીધું છે. ક્યૂએસ એશિયાની રેન્કિંગ 2024માં અહીં રેકોર્ડ 148 યુનિવર્સિટીઓએ સ્થાન મેળવ્યું છે. ક્યૂએસ વિશ્લેષકો દ્વારા જારી એક નિવેદનમાં જણાવાયું કે ભારત હવે ક્યૂએસ એશિયા રેન્કિંગમાં 148 વિશેષ યુનિવર્સિટીઓ સાથે સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતી હાયર એજ્યુકેશન સિસ્ટમ ધરાવે છે જે ગત વર્ષની તુલનાએ 37 વધુ છે. તેના પછી 133 સાથે ચીન અને 96 સાથે જાપાનનો નંબર આવે છે. આ ઉપરાંત કમ્બોડિયા, મ્યાનમાર અને નેપાળ પહેલીવાર આ યાદીમાં સામેલ થયા છે.

IIT બોમ્બે, કાનપુર, મદ્રાસ, દિલ્હી, ખડગપુર ઉપરાંત IISC બેંગ્લોર અને દિલ્હી યુનિવર્સિટી પણ દેશની ટોચની 100 સંસ્થાઓમાં સામેલ છે. ક્યૂએસના રિપોર્ટની માનીએ તો ભારતની આઉટબાઉન્ડ સ્ટુડન્ટ્સ ગતિશીલતા એક સીમાચિહ્ન છે. આઈઆઈટી બોમ્બેએ 40મું સ્થાન મેળવ્યું છે. તેના પછી IIT દિલ્હીએ 46મું અને આઈઆઈટી મદ્રાસે 53મું રેન્ક મેળવ્યું છે.

# લખનઉમાં BJP ધારાસભ્ય તેમજ પૂર્વ મંત્રી આશુતોષ ટંડનનું નિધન

**લખનૌ**

લખનૌમાં બીજેપીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી આશુતોષ ટંડનનું નિધન થઈ ગયુ છે. આશુતોષ ટંડન લખનૌ પૂર્વી બેઠક પરથી ધારાસભ્ય હતા. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને મેદાંતા હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. આશુતોષ ટંડન કેન્સરની બીમારીથી પાડિત હતા. તેમના નિધનથી પાર્ટીમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

આશુતોષ ટંડન લખનૌના સાંસદ લાલજી ટંડનના પુત્ર હતા. તેઓ ઘણા સમયથી બીમાર હતા. તેમને આઈસીયુમાં ઓક્સિજન સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. આશુતોષ ટંડન હાલમાં લખનૌ પૂર્વી બેઠક પરથી ભાજપના ધારાસભ્ય હતા. આ પહેલા તેઓ યુપી સરકારમાં મંત્રી પણ રહી ચુક્યા છે.

ટંડનના નિધન પર સીએમ યોગીએ શોક વ્યક્ત કર્યો છે. તેમણે X પર લખ્યું કે, પૂર્વ મંત્રી અને લખનૌ(પૂર્વ)ના ધારાસભ્ય આશુતોષ ટંડન 'ગોપાલજી'નું નિધન અત્યંત દુઃખદ છે. એક લોકપ્રિય, મહેનતુ રાજકારણી તરીકે તેઓ હંમેશા યાદ રહેશે. ભગવાન શ્રી રામ દિવંગત આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે અને શોકગ્રસ્ત પરિવારજનોને આ અપાર દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

# ઝારખંડમાં એટીએસની કાર્યવાહી: ISISના બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી

**રાંચી**

ઈઝરાયલ-હમાસ યુદ્ધની વચ્ચે ઝારખંડ ATSને મોટી સફળતા મળી છે. ATS ટીમે ISISના બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. તેઓ યહૂદીઓ પર હુમલો કરવા અને અલ અક્સા મસ્જિદને આઝાદ કરવા પેલેસ્ટાઈનમાં આત્મઘાતી હુમલાની તૈયારી કરી રહ્યા હતા. મળતી જાણકારી અનુસાર ATS મોટા હમલાના કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે.

ATSને આ અંગે માહિતી મળી હતી કે, ઝારખંડના ગોડ્ડા જિલ્લાનો રહેવાસી હસનૈન સોશિયલ મીડિયા



દ્વારા ISISની વિચારધારા ફેલાવી રહ્યો છે. ATSએ તેને પકડીને પૂછપરછ કરી હતી. આ દરમિયાન હસનૈને નસીમ નામના તેના એક સહયોગી વિશે માહિતી આપી હતી. હસનૈન ISISની વિચારધારાને સોશિયલ મીડિયાના માધ્યમો પર ફેલાવી યુવાનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરતો હતો. ઉપરાંત તે દેશવિરોધી પ્રવૃત્તિઓમાં પણ સામેલ હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી અને તેની પૂછપરછ કરી હતી. આ દરમિયાન જાણકારી મળી કે તે વિવિધ ટેલિગ્રામ ચેનલો પર એક્ટીવ હતો. હસનૈને સાથે હજારીબાગનો રહેવાસી નસીમ પણ ISIS સાથે જોડાયેલો હોવાની જાણકારી મળી છે. તે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના આતંકવાદી સંગઠનોના સંપર્કમાં પણ હતો.

# મણિપુરમાં હિંસા: મૈતેઈ ઉગ્રવાદીઓએ ચાર લોકોનું અપહરણ, સૈનિક પરિવારના સભ્યો પણ સામેલ

**ઈમ્ફાલ**

મે મહિનામાં દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં ભડકેલી હિંસાની આગ શાંત થવાનું નામ લઈ રહી નથી. તાજેતરના ઘટનાક્રમમાં મૈતેઈ ઉગ્રવાદીઓએ 4 લોકોના અપહરણ કરી લીધા હતા જેમાં સૈનિક પરિવારના ત્રણ લોકો પણ સામેલ છે. આ ઘટના મંગળવારે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં બની હતી. જેના પછી ફરી હિંસાનો માહોલ સર્જાયો હતો.

જેવા જ અપહરણના અહેવાલ ફરતા થયા કે હથિયારોથી લેસ કુકી આતંકીઓએ ઈમ્ફાલ પશ્ચિમ અને કાંગપોકપી જિલ્લા સાથે કાંગચુપ વિસ્તારમાં લોકોના સમૂહ પર ગોળીબાર કરી દીધો હતો જેમાં બે પોલીસકર્મીઓ અને એક મહિલા સહિત સાત લોકો ઘવાયા હતા. અહેવાલ અનુસાર અગાઉ ઉગ્રવાદીઓએ ચાર લોકોના અપહરણ કરી લીધા



હતા જેમાં એક 65 વર્ષીય વૃદ્ધ સામેલ હતા. જોકે આ વૃદ્ધને ઉગ્રવાદીઓના ચુંગાલથી મુક્ત કરી લેવામાં આવ્યા હતા પણ અન્યોની કોઈ ભાળ મળી નથી. અપહરણ કરાયેલા લોકોમાં પુરુષ અને મહિલાઓ બંને સામેલ છે.

# રામના સ્વાગતમાં સજ્યું અયોધ્યા શાનદાર લેઝર-શોનું રિહર્સલ કરાયું

## મંચન, વાર્તા-સંવાદોથી અયોધ્યાના માર્ગો ગુંજી ઉઠ્યા મેગા દીપોત્સવ પહેલા રામ કી પૈડી રોશની ઝળહળી

**અયોધ્યા**

ભગવાન શ્રી રામના સ્વાગત માટે અયોધ્યા સોળ શણગારે સજાવવામાં આવી છે. રામલીલાના મંચન, વાર્તા-સંવાદોથી અયોધ્યાના માર્ગો ગુંજી ઉઠ્યા છે, દિવાળીના અવસરે આયોજિત મેગા દીપોત્સવ પહેલા રામ કી પૈડી રોશની અને લેસર શોથી ઝગમગી ઉઠી. સમગ્ર અયોધ્યાને દુલ્હનની જેમ સજાવવાનું કામ અંતિમ ચરણમાં ચાલી રહ્યું છે.

ભગવાન રામની નગરી અયોધ્યા પ્રકાશથી ઝળહળી ઉઠી છે. જે માટે લેસર શો અને લોક સંસ્કૃતિ કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. ભગવાન રામના જીવન ચરિત્ર પર આધારિત વાર્તા અનુસાર લેસર લાઈટ શો કરવામાં આવ્યો હતો. દિવાળી પહેલા રામ અયોધ્યા નગરી રોશનીથી તરબોળ થઈ ગઈ છે અને રંગબેરંગી રોશનીમાં અયોધ્યાની સુંદરતા જોવા જેવી છે.

# કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત, ધરપકડ પર મૂકાયો પ્રતિબંધ

**નવી દિલ્હી**

કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ રણદીપ સુરજેવાલાને સુપ્રીમ કોર્ટમાંથી આજે રાહત મળી છે. દેશની સર્વોચ્ચ અદાલતે તેમની ધરપકડ પર રોક લગાવી દીધી છે. ડિવિઝનલ કમિશનરની કોર્ટ અને ઓફિસ પરિસરમાં હિંસક વિરોધના 23 વર્ષ જૂના કેસમાં કોંગ્રેસના મહાસચિવ વિરુદ્ધ બિન જામીન વોરંટ જારી કર્યું હતું. સુપ્રીમ કોર્ટે બિનજામીનપાત્ર વોરંટને રદ કરવા અને સુરજેવાલાને વારાણસી કોર્ટ માં હાજર થવા માટે 4 અઠવાડિયાનો સમય પણ આપ્યો છે. 7 નવેમ્બરના રોજ વારાણસીની એક ટ્રાયલ કોર્ટે તેમની વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું અને તેમને શારીરિક રીતે કોર્ટમાં હાજર રહેવા કહ્યું હતું.

# 36 કલાકમાં હટાવવી પડશે ખોટી માહિતી', સો. મીડિયા સાઈટ્સ માટે એડવાઈઝરી જાહેર

**નવી દિલ્હી**

હાલમાં ડીપફેક ખૂબ જ ચર્ચામાં છે, જેના દ્વારા લોકોને ભ્રમિત કરતા વીડિયો, ફોટા અને ઓડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવે છે. ડીપફેક અને AI દ્વારા ઘણી એવી માહિતીઓને ખોટી રીતે રજૂ કરી લોકો સુધી પહોંચાડવામાં આવે છે જેનાથી ખૂબ જ નુકશાન થઈ શકે છે. આ તમામ સામગ્રીઓની સોશિયલ મીડિયામાં તરત જ ઓળખ માટે કેન્દ્ર સરકાર દ્વારા એક એડવાઈઝરી તૈયાર કરાઈ છે. ઈલેક્ટ્રોનિક અને IT મંત્રાલયએ જણાવ્યું કે, આવી કોઈ પણ માહિતી સામે આવ્યાના 36 કલાકમાં તેમને દૂર કરવી પડશે. સોશીયલ મીડિયા પ્લેટફોર્મ માટે રજૂ કરવામાં આવેલ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ખોટી માહિતી અને ડીપફેકની ઓળખ માટે સંભવિત પ્રયત્નો કરવા પડશે. નિયમો, નિયામક અને ઉપયોગકર્તા દ્વારા જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી માહિતીઓને રિપોર્ટ કર્યાના 36 કલાકમાં હટાવી અનિવાર્ય છે. આવા કિસ્સાઓમાં, સોશિયલ મીડિયા સાઈટ્સે ખોટી માહિતીના ઍક્સેસને રોકવા માટે IT નિયમો 2021 હેઠળ નિર્ધારિત સમય મર્યાદામાં તાત્કાલિક પગલાં લેવા પડશે.

# PM જાતિના આધાર પર વોટની અપીલ કરે છે પણ OBC સાથે ન્યાય નથી કરી શકતા : ઓવૈસી

**હૈદરાબાદ**

AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર OBC સાથે ભેદભાવ કરવાનો આરોપ લગાવ્યો છે. અસદુદ્દીન ઓવૈસીએ બુધવારે કહ્યું કે, વડા પ્રધાન મોદી જાતિની ઓળખના આધાર પર વોટની અપીલ કરી રહ્યા છે પરંતુ OBC સાથે ન્યાય નથી કરવા માંગતા.

વધુમાં તેમણે પીએમ મોદીએ મંગળ વારે રાત્રે સોશિયલ મીડિયા ટ્વીટર પર એક પોસ્ટમાં કહ્યું કે, તેલંગાણાના ભાજપના મુખ્યમંત્રીનું કાઉન્ટડાઉન શહેરના લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમથી શરૂ થયુ છે. જ્યાં તેમણે એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી.

# હિઝબુલ્લાહના આતંકી ઠેકાણે ઈઝરાયલનો મોટો હુમલો

## ઈઝરાયલી સૈન્ય IDFએ મીડિયા પર એક વીડિયો જારી કર્યો : હિઝબુલ્લાહના આતંકીઓના ઠેકાણાઓને નિશાન બનાવીને જોરદાર હુમલા કરાયા

**જેરુસલેમ**

ઈઝરાયલી સૈન્ય IDFએ સોશિયલ મીડિયા પર એક વીડિયો જારી કર્યો છે. તેમાં તેણે દાવો કર્યો છે કે આખી રાત હિઝબુલ્લાહના આતંકીઓના ઠેકાણાઓને નિશાન બનાવીને જોરદાર હુમલા કરાયા હતા. ફૂટેજમાં દેખાય છે કે હવાઈ હુમલા બાદ કેવી રીતે હિઝબુલ્લાહના આતંકી ઠેકાણાના છોતરાં ઉડી જાય છે અને આગનો મોટો ગોળો જોવા મળે છે. બીજી બાજુ ઈઝરાયલી સૈન્યએ ગ્રાઉન્ડ ઓપરેશન દરમિયાન હમાસના આતંકીઓ પર કેર વર્તાવ્યાનો દાવો કર્યો છે. ઈઝરાયલી સૈન્યનું કહેવું છે કે તેણે હમાસ સામેની લડત દરમિયાન 130 ટનલને નષ્ટ કરી નાખી છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં બંને બાજુથી લગભગ 12000 લોકો માર્યા ગયા છે.

ઉલ્લેખનીય છે કે યુદ્ધની શરૂઆત થયા બાદથી જ ઈઝરાયલ એવો આરોપ મૂકે છે કે હિઝબુલ્લાહ દ્વારા હમાસ સંગઠનને સતત સાથ આપવામાં આવી રહ્યો છે. જેના પગલે તેની સામે પણ ઈઝરાયલ દ્વારા આક્રમક કાર્યવાહી કરવામાં આવી રહી છે. હવાઈ હુમલામાં તેણે લેબેનોનમાં આતંકી ઠેકાણાઓને નષ્ટ કર્યાનો દાવો કર્યો હતો.



### પરમાણુ શસ્ત્રના ઉપયોગનું જોખમ વધી ગયું છે, રશિયાના અધિકારીની USને ચેતવણી

રશિયાની સલામતી સમિતિના મહામંત્રી નિકોલાઈ પાટ્રુશેવે બુધવારે ચેતવણી ઉચ્ચારી હતી કે પશ્ચિમની વિનાશક નીતીઓએ પરમાણુ રાસાયણિક કે જૈવિક શસ્ત્રોના ઉપયોગનું જોખમ વધારી દીધું છે. પ્રમુખ પુતિનના નિકટવર્તી સાથીને ટાંકતાં રશિયાની સત્તાવાર ન્યૂઝ એજન્સી તાસ જણાવે છે કે પરમાણુ, રાસાયણિક અને જૈવિક શસ્ત્રોના ઉપયોગની સંભાવના વધી રહી છે. ત્યાં અંતરરાષ્ટ્રીય શસ્ત્ર નિયમનો ભંગ પણ થવાની પૂરી શક્યતા છે યુક્રેને રશિયાના ત્રણ ન્યુક્લિયર પાવર પ્લાન્ટસ ઉપર હુમલા કરવાના પ્રયાસો કર્યા હતા. જ્યારે મોલ્ડોવા તો તેનું સાર્વભૌમત્વ ગુમાવવાના માર્ગે છે, તે પશ્ચિમના સંસ્થાનવાદનું એક વધુ બલિ બની જવાનું છે. આ પૂર્વે મંગળવારે સાંજે પ્રમુખ પુતિને કહ્યું હતું કે પશ્ચિમના દેશોએ યુક્રેનને આપેલાં શસ્ત્રો, ગેરકાયદે શસ્ત્ર સોદાગરો દ્વારા મધ્ય-પૂર્વમાં પહોંચી રહ્યાં છે.

### ગાઝાના અડધા વિસ્તાર પર કર્યો કબજો, હમાસના આતંકી અબૂ જિનાને ઠાર માર્યો

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા એક મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઈઝરાયલનો દાવો છે કે, યુદ્ધ હવે નિર્માયિક મોડ પર પહોંચી ચૂક્યું છે. આ દરમિયાન ઈઝરાયલની સેનાએ ગાઝા પટ્ટીની નજીક અડધા વિસ્તાર પર કબજો જમાવી લીધો છે. જમીની અભિયાનમાં હમાસના ગણ્યાગાંઠ્યા અડ્ડાઓને નષ્ટ કરવામાં આવી રહ્યા છે. હમાસના 20થી વધુ કમાન્ડર અને 1000થી વધુ આતંકવાદી માર્યા ગયા છે. આ તબક્કામાં ઈઝરાયલની સેનાએ આજે હમાસના રોકેટ મેન કહેવાતા ખતરનાક આતંવાદી મોહસિન અબૂ જિનાને ઠાર માર્યો છે. અબૂ જિના હમાસની રોકેટ ફેક્ટરીનો હેડ હતો, જ્યાં એકથી વધુ અત્યાધુનિક હથિયાર અને રોકેટ બનાવવામાં આવતા હતા. ઈઝરાયલમાં 7 ઓક્ટોબરે હમાસના આતંકવાદી હુમલામાં અબૂ જિનાની મહત્વની ભૂમિકા હતી. તેના બનાવેલા રોકેટથી હમાસે ઈઝરાયલનું સૌથી વધુ નુકસાન કર્યું હતું.

### ઈઝરાયલ અને હમાસ યુદ્ધનું કવરેજ કરતા ૩૯ મીડિયાકર્મીનાં મોત

હમાસે ઈઝરાયલ વિરુદ્ધ મોટાપાયે હુમલા કરાયા બાદથી હમાસ અને ઈઝરાયલના યુદ્ધમાં કવરેજ કરનારા ૩૯ મીડિયાકર્મીઓ હિંસામાં જીવ ગુમાવી ચૂકયા છે. કમિટી ટૂ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ (સીપીજે) એ એક રિપોર્ટમાં આ માહિતી આપી હતી. ન્યુયોર્કમાં આવેલા એનજીઓએ ૧૯૯૨માં રેકોર્ડ રાખવાની શરૂઆત કરી હતી. તેણે તેના તાજેતરના રિપોર્ટમાં દાવો કર્યો હતો કે છેલ્લાં ૩૨ વર્ષોમાં ઓક્ટોબર ૨૦૨૩ વૈશ્વિક સ્તરે પત્રકારો માટે સૌથી ઘાતક મહિનો રહ્યો. માર્યા ગયેલા ૩૯ મીડિયાકર્મીઓમાંથી ૩૪ પેલેસ્ટિની, ચાર ઈઝરાયલી અને એક લેબનાની હતો. સીપીજેએ એમ પણ કહ્યું કે અન્ય આઠ પત્રકારો ઘાયલ થયા હતા અને ત્રણ હજુ ગુમ છે જ્યારે ૧૩ની ધરપકડ કરી લેવામાં આવી હતી. દરમિયાન અનેક હુમલા, ધમકીઓ, સાઈબર હુમલા, સેન્સરશીપ અને પત્રકારોના પરિવારના સભ્યોની હત્યાના પણ અહેવાલ હતા.

### ઈરાનના પ્રમુખ ઈબ્રાહીમને મોદી પર વિશ્વાસ, ઈઝરાયેલ-હમાસ યુદ્ધ રોકવા અપીલ કરી

ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે ઈરાનના પ્રમુખ ઈબ્રાહીમ રયસીએ ભારત ઉપર ઘણો વિશ્વાસ દર્શાવ્યો છે. તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન ઉપર વાત કરી હતી અને ઇઝરાયલ-હમાસ-યુદ્ધ રોકવા માટે પોતાની તમામ ક્ષમતાનો ઉપયોગ કરવા ભારતના વડાપ્રધાનને અનુરોધ કર્યો હતો. તેઓ કહે છે કે ભારત ઈચ્છે તો આ યુદ્ધ રોકી શકે તેમ છે. સાથે વધુમાં કહ્યું કે ''આપને (મોદીને) ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂ સાથે ઘણા સારા સંબંધો છે. તેથી આપ તે યુદ્ધ અટકાવી શકો તેમ છો તેટલો મને વિશ્વાસ છે.'' તે સર્વવિદિત છે કે, ૭મી ઓક્ટોબરે દક્ષિણ ઈઝરાયલમાં હમાસે તબાહી મચાવ્યા પછી ઈઝરાયલે હમાસ વિરૂદ્ધ યુદ્ધની ઘોષણા કરી હતી. તે પછી તો યુદ્ધ ઘમાસણ બની રહ્યું. દરમિયાન વડાપ્રધાન મોદીએ વિશ્વના અગ્રીમ દેશોના વડાઓ સાથે સતત સંપર્ક ચાલુ રાખ્યો જ છે. ફોન ઉપર લંબાણ મંત્રણા પણ કરી છે.

## ભારતીય મૂળના વિન ગોપાલ સતત ત્રીજીવાર ચૂંટણી જીત્યા

**ન્યુયોર્ક**

ભારતીય મૂળના અને અમેરિકી રાજ્યના સીનેટર વિન ગોપાલની ન્યુજર્સી સેનેટમાં ત્રીજા કાર્યકાળ માટે પસંદગી થઈ છે. ન્યુજર્સીના 11માં કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં મંગળવારે પરિણામ જાહેર થયું છે, જેમાં 38 વર્ષિક ડેમોક્રેટ સેનેટર ગોપાલે રિપબ્લિકન ચેલેન્જર સ્ટીવ ડિનિસ્ટ્રિયનને હરાવ્યા છે. ગોપાલે હરિફ ઉમેદવાર કરતા 60 ટકા વધુ મતો મેળવ્યા છે. આ જીત સાથે ગોપાલે ડેમોક્રેટ્સ માટે બંને વિધાનસભા બેઠકો પર કબજો જમાવ્યો છે. ગોપાલના નામે એક રેકોર્ડ પણ નોંધાયો છે, તેઓ વર્તમાન ન્યુજર્સી રાજ્યના સેનેટરમાં સૌથી નાની ઉંમરના સભ્ય છે અને રાજ્યના ઈતિહાસમાં સેનેટર તરીકે પસંદગી પામેલા પ્રથમ દક્ષિણ-એશિયા અમેરિકી છે. અમેરિકામાં લગભગ 37 રાજ્યોમાં મંગળવારે પરિણામ જાહેર થયા હતા.

ન્યુજર્સી વિધાનસભામાં રાજ્ય સેનેટ અને વિધાનસભાનો સમાવેશ થાય છે, જેમાં 40 જિલ્લાના 120 સભ્યો છે. પ્રત્યે જિલ્લાની સેનેટમાં એક પ્રતિનિધિ અને વિધાનસભામાં 2 પ્રતિનિધિ હોય છે, જેઓ 4 અને 2 વર્ષના કાર્યકાળ માટે કાર્ય કરે છે. ધ ફિલાડેલ્ફિયા ઈન્ક્વાયરરના અહેવાલો મુજબ નવેમ્બરમાં યોજાનાર સામાન્ય ચૂંટણીમાં તમામ 120 બેઠકો પર મતદાન થશે.

## ઓસ્ટ્રેલિયામાં એક કરોડ લોકોની ઈન્ટરનેટ અને ફોન સર્વિસ ખોરવાઈ, સાયબર એટેકની આશંકા

**મેલબોર્ન**

ઓસ્ટ્રેલિયા પર મોટો સાયબર એટેક થયો હોવાની આંશકા વ્યક્ત કરાઈ રહી છે. કારણકે ઓસ્ટ્રેલિયામાં અચાનક એક કરોડથી વધારે લોકોની ઈન્ટરનેટ અને ફોન સેવાઓ ખોરવાઈ ગઈ છે.

કોઈના ફોન અને ઈન્ટરનેટ કામ નથી કરી રહ્યા અને લોકો એક બીજાનો સંપર્ક પણ નથી કરી શકતા. બેન્કિંગ અને બીજી ઓનલાઈન સેવાઓ પણ ખોરંભે પડી છે. ઓસ્ટ્રેલિયાના જાણકારોના કહેવા પ્રમાણે ઈન્ટરનેટ કે ફોન સર્વિસ બંધ થાય તેવી કોઈ ખામી જોવા મળી નહોતી. આ અચાનક જ થયુ છે અને તે હેકિંગ અથવા સાયબર એટેકનુ પરિણામ હોઈ શકે છે.

દેશની સૌથી મોટી ટેલિકોમ્યુનિકેશન કંપની પૈકીની એક ઓપ્ટસે કહ્યુ હતુ કે, સેવાઓ કેમ ખોરંભે પડી છે તેની તપાસ કરવામાં આવી રહી છે. ઈ પેમેન્ટ સિસ્ટમ તેમજ ઈમરટન્સી ટેલિફોન સર્વિસ પણ ખોરવાઈ છે. અત્યારે અમારી ટીમ દરેક શક્યતા પર કામ કરી રહી છે. જોકે અત્યાર સુધી જે પણ પ્રયાસો અમે કર્યા છે તેમાં મૂળ સમસ્યાનુ સમાધાન થયુ નથી. શક્ય છે કે, તેની પાછળ હેકર્સ કે સાયબર એટેક જવાબદાર છે. ઓસ્ટ્રેલિયાની સરકારનુ કહેવુ છે કે, મોબાઈલ, લેન્ડ લાઈન અને ઈન્ટરનેટ સહિતની તમામ સેવાઓ પર અસર પડી છે. હોસ્પિટલો પણ ફોન રિસિવ કરી શકતા નથી અને ઓપ્ટસના નેટવર્ક પર ઈમરજન્સી સર્વિસ પર પછણ કોલ કરી શકાતો નથી. મેલબોર્ન શહેરમાં તો તેના કારણે ટ્રેન સેવાઓ ઠપ થઈ છે અને અફરા તફરીનો માહોલ છે.




## અઝરબૈજાનનો સામનો કરવા આર્મેનિયા ભારત પાસેથી એન્ટી ડ્રોન સિસ્ટમ ખરીદશે

**નવી દિલ્હી**

અઝરબૈજાન અને તેના મદદગાર દેશ તુર્કી તેમજ પાકિસ્તાન સામે ઝઝૂમી રહેલા આર્મેનિયાએ ભારત પાસેથી હવે એન્ટી ડ્રોન સિસ્ટમ પણ ખરીદી છે. આ પહેલા આર્મેનિયા પિનાકા રોકેટ સિસ્ટમ પણ ભારત પાસેથી મેળવી ચુકયુ છે. આર્મેનિયા પર તાજેતરમાં જ અઝરબૈજાને હુમલો કર્યો હતો અને અત્યારે આ દેશો વચ્ચે શાંતિ વાર્તા ચાલી રહી છે પણ આર્મેનિયા અઝરબૈજાન પર ભરોસો કરતા નથી માંગતુ અને તેના કારણે તે હથિયારો ખરીદવા માટે ભારત તરફ નજર દોડાવી રહ્યુ છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે આર્મેનિયાએ ભારતમાં વિકસિત થયેલી ઝેન એન્ટી ડ્રોન સિસ્ટમ ખરીદવા માટે કરાર કર્યો છે.

## ઓસ્ટ્રેલિયા નશામાં ચૂર વૃદ્ધે અકસ્માત સર્જતાં બાળકો સહિત 5 ભારતીયનાં મોત

**વિક્ટોરિયા**

ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયામાં એક વૃદ્ધ વ્યક્તિની કાર પબના બિયર ગાર્ડનમાં ફરી વળી હતી જેમાં 9 અને 11 વર્ષના બે બાળકો સહિત કુલ 5 ભારતીયો મૃત્યુ પામ્યાના અહેવાલ મળી રહ્યા છે. આ કારની અડફેટે આવતાં અનેક લોકો ઘવાયા હતા. પોલીસે આ માહિતી આપી હતી. વિવેક ભાટિયા (38), તેમનો દીકરો વિહાન(11), પ્રતિભા શર્મા(44), તેમની દીકરી અન્વી(9) અને સાથી જતિન ચુઘ (30) મૃત્યુ પામી ગયા. ઘટના અનુસાર એક એસયુવી રોડ કિનારે બનેલા ફૂટપાથ પર ચઢી ગઈ હતી અને પછી તે રોયલ ડેલેસફોર્ડ હોટેલના લોનમાં બેસેલા ગ્રાહકો પર ફરી વળી હતી. ભાટિયાની પત્ની રુચિ (36), નાનો દીકરો અબીર (6) અને 11 મહિનાના બાળકો સહિત પાંચ અન્ય લોકો ઘાયલ થયા હતા અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.



## આઈએમએફની યુરોપને ફુગાવા પર વિજયની ઉજવણી કરવા સામે ચેતવણી

**ફ્રેન્કફર્ટ**

યુરોપિયન સેન્ટ્રલ બેંક અને યુરોપની અન્ય પોલીસી નિર્માતાઓએ હાલના ઉચા દરે વ્યાજ દર ત્યાં સુધી જાળવી રાખવાની જરૂર છે કે જ્યાં સુધી ફુગાવો અંકુશમાં આવી ગયાની સંપૂર્ણ ખાતરી ન થઈ જાય તેમ આઈએમએફએ એક નિવેદનમાં જણાવ્યું છે. આઈએમએફએ યુરોપના દેશોને ફુગાવા પર વિજય મેળવવાની ઉજવણી કરવા સામે ચેતવણી આપી છે. આઈએમએફએ જણાવ્યું છે કે હાલના તબક્કે ફુગાવા પર વિજય મળી ગયો હોવાની જાહેરાત કરવી ખૂબ જ વહેલી ગણાશે. આઈએમએફના યુરોપ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અલફ્રેડ કેમરે યુરોપને ફુગાવા અંગે ઉજવણી કરવા સામે ચેતવણી આપી છે.

# અષ્ટ સિદ્ધિની દાત્રી માતા મહાકાળીની આરાધનાનો દિવસ એટલે કાળી ચૌદસ

આસો મહિનાની કૃષ્ણ પક્ષની ચતુર્દશીના દિવસને કાળી ચૌદસ તરીકે મનાવવામાં આવે છે. જેને નરક ચૌદસ (ચતુર્દશી) રૂપચૌદસ અને છોટી દીવાળી તરીકે પણ ઓળખવામાં આવે છે. શાસ્ત્રોના આધારે તેનું મહાત્મય પણ સમજવા જેવું છે.

## પૌરાણિક મહત્વ

◆ નરક ચૌદસનો તહેવાર મનાવવા પાછળ ઘણી કથાઓ છે. જેમાં એક કથા ભગવાન કૃષ્ણ અને નરકાસુરની છે. પુરાણો અનુસાર નરકાસુર પૃથ્વી માતાનો પુત્ર હતો અને તેણે પૃથ્વી પર આતંક મચાવ્યો હતો. ભગવાન ઈન્દ્રએ આ રાક્ષસથી લોકોને બચાવવા માટે ભગવાન વિષ્ણુને વિનંતી કરી હતી અને ભગવાન વિષ્ણુએ ઈન્દ્રદેવને વચન આપ્યું હતું કે, તે કૃષ્ણનો અવતાર લઈને તેને મારી નાંખશે. તે જ સમયે જ્યારે ભગવાન વિષ્ણુએ પૃથ્વી ઉપર કૃષ્ણ તરીકે અવતાર લીધો, ત્યારે તેમણે પોતાનું વચન પૂર્ણ કરવા નરકાસુરનો વધ કર્યો અને હજારો સ્ત્રીઓને તેની કેદમાંથી મુક્ત કરી હતી. અંતે સમાજમાં મહિલાઓને સન્માન આપવા માટે ભગવાન કૃષ્ણએ નરક ચૌદસના દિવસે લગ્ન કર્યાં, ત્યારબાદ આ દિવસે લોકોએ તેમના ઘરોમાં દીવા પ્રગટાવ્યા હતા. આ ઉપરાંત એક અન્ય કથા અનુસાર નરકાસુરને બ્રહ્માજી તરફથી વરદાન મળ્યું હતું કે, તે માત્ર એક સ્ત્રી દ્વારા જ મારી શકાય છે. જેના કારણે ભગવાન શ્રીકૃષ્ણએ તેમની પત્ની સત્યભામાના હાથે તેનો વધ કરાવ્યો હતો.

◆ આમ તો દિવાળીનું પશ્ચિમ સ્વરૂપ કાલી ચૌદસ છે, જેનો અર્થ કાલી એટલે કે કાળી માતા અને ચૌદસ એટલે ચંદ્રનો 14મો તબક્કો એવો થાય છે. અન્ય એક લોકવાયકા મુજબ નરકાસુર રાક્ષસ મા કાલીના હાથે માર્યો ગયો હતો. આમ અધર્મ ઉપર ધર્મનો વિજય થયો હતો. ખાસ કરીને બંગાળમાં રૂપ ચૌદસના



નામે આ તહેવાર પૂરા ઉત્સાહથી ઉજવવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં આ દિવસને મા કાલીના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે.

◆ ભગવાન વિષ્ણુએ વામનઅવતારમાં બલિ રાજા પાસે ત્રણ ચરણમાં પૃથ્વી, આકાશ અને પાતાળ માંગી લીધા હતા. જે બલિએ ખુશીથી દાન કર્યું હતું. તેનાથી પ્રસન્ન થઈને વિષ્ણુએ રાજા બલિને પોતાની ઈચ્છા વ્યક્ત કરવા કહ્યું. ત્યારે રાક્ષસોનાં રાજાએ કહ્યું કે હવે, મેં બધું દાનમાં આપી દીધું છે. તેથી જ મારે કંઈ જોઈતું નથી, પણ લોકોના કલ્યાણ માટે મારે કાળી ચૌદસ, દિવાળી અને એકમ એમ ત્રણ દિવસ પૃથ્વી પર મારી ઈચ્છા પ્રમાણે થાય. આ ત્રણ દિવસ મારા નામે રહે. જે કોઈ પણ શુભ કાર્ય માટે કાલી ચૌદસની તાંત્રિક અથવા સાત્વિક પૂજા કરે છે, તેનો સ્વીકાર કરવો જોઈએ. આ ત્રણ દિવસ લોકો સુખી અને આનંદથી જીવે એવી મારી ઈચ્છા છે. આમ આ ત્રણ દિવસ રાક્ષસ રાજા બલિને સમર્પિત છે.

◆ બીજી એક કથા પ્રમાણે, રંતિ દેવ નામનો એક આદર્શ રાજા હતો. પરંતુ અજાણતા તેણે કેટલાક પાપ કર્યા હતા. જેથી તેને શ્રાપ મળ્યો. અંતે મૃત્યુનો સમય નજીક આવી ગયો. રાજાની પત્નીએ પોતાના પતિની રક્ષા માટે આખા મહેલમાં દીવા પ્રગટાવ્યા અને આભૂષણોને દરવાજા પાસે એક જગ્યાએ એકઠા કર્યા. જ્યારે યમદૂત સાપના રૂપમાં મહેલમાં પ્રવેશ્યા, ત્યારે પ્રકાશની ચમકથી તેની આંખો સમક્ષ અંધકાર છવાઈ ગયો હતો. આમ રાજાનો જીવ બચી ગયો હતો. ત્યારબાદ સાપે યમદૂતના રૂપમાં દર્શન આપ્યા, ત્યારે રાજાએ તેના પાપ વિશે પૂછ્યું. આ સમયે યમદૂતે જવાબ આપ્યો કે, એકવાર તમે તમારા દરવાજેથી એક બ્રાહ્મણને ભૂખ્યો જવા દીધો હતો. આ તમારા પાપોનું ફળ છે. રાજાએ યમરાજ પાસે પાપોમાંથી મુક્તિ મેળવવા થોડી મુદત માંગી. યમદૂતે રાજાને એક વર્ષની મુદત આપી. બીજા દિવસે રાજાએ ઋષિમુનિઓની પાસે જઈને પોતાની પાપોમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય પૂછ્યો. ઋષિએ કહ્યું કે, તમે કારતક મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્દશીનું વ્રત કરીને ઉપવાસ કરી બ્રાહ્મણોને ભોજન કરાવ્યા પછી તેમની સામે થયેલા અપરાધોની માફી માંગો. આ ઉપાયને અંતે રાજાને પાપોમાંથી મુક્તિ મળી અને વિષ્ણુ લોકમાં ઉચ્ચ સ્થાન મળ્યું. ત્યારથી કાળી ચૌદસનો તહેવાર ઉજવવામાં આવે છે.

# મંત્રના જાપથી મન શાંત થાય અને શત્રુ સંબંધી સમસ્યાથી પણ મુક્તિ મળી જાય

**પૂજા વિધિ:-**

***અષ્ટ સિદ્ધિની દાત્રી એટલે માતા મહાકાળી**

આમ જોઈએ તો નરક ચતુર્દશી (કાળી ચૌદસ)ના નામથી જ લોકો ભયભીત થઈ જતા હોય છે. પરંતુ, કાળી ચૌદસ એ ભયભીત કરનારી નહીં, પરંતુ, કલ્યાણની પ્રાપ્તિ કરાવનારી મહાકાળીના પૂજનની આરાધનાનો અમૂલ્ય અવસર છે. જો તમે જીવનમાં અષ્ટ સિદ્ધિને પ્રાપ્ત કરવા ઈચ્છુક હોવ તો તમારે આ દિવસે વહેલી સવારથી સંધ્યા સુધી તેમજ રાત્રે મહાકાળીના ફોટા કે મૂર્તિ સમક્ષ બેસીને નીચેના મંત્રોનો ઓછામાં ઓછો ૧૦૮ વખત અવશ્ય જાપ કરવો જોઈએ. ૧૦૮ મણકાની માળા ૧૧ વખત મંત્ર જાપ કરવો જોઈએ.

**"ૐ ક્રીં ક્રીં ક્રીં હૂં હૂં હ્રીં હ્રીં દક્ષિણે**
**કાલિકે ક્રીં ક્રીં હૂં હૂં હ્રીં હ્રીં સ્વાહા ।"**

માન્યતા અનુસાર આ મંત્રના જાપથી વ્યક્તિનું મન શાંત થઈ જાય છે. અને વ્યક્તિને શત્રુ સંબંધી સમસ્યાથી પણ મુક્તિ મળી જાય છે. કાળી ચૌદસની રાત્રે માતા મહાકાળીને કાળી હળદર અર્પણ કરો. ત્યારબાદ આ હળદરને લાલ અથવા તો કાળા વસ્ત્રમાં લપેટી લો. પછી તેને તમારા હાથની બંન્ને બાજુ પર બાંધી લો. યાદ રાખો, કે આ હળદર કોઈને પણ દેખાવી ન જોઈએ. માન્યતા અનુસાર આ ટોટકાથી વ્યક્તિને અનિષ્ટ તત્વોથી રક્ષણ મળે છે.

કાળી ચૌદસની રાત્રે તમારે દેવી મહાકાળીને લવિંગની જોડ અર્પણ કરવી જોઈએ. રાત્રે દેવી કાલીના પૂજન બાદ તેમને બે લવિંગ જરૂરથી અર્પણ કરો. માન્યતા અનુસાર દેવીને લવિંગ અર્પણ કરવાથી વ્યક્તિની અંદર રહેલી તમામ નકારાત્મક ઊર્જાનો નાશ થઈ જાય છે. દેવી કાલીને જાસૂદનું પુષ્પ અત્યંત પ્રિય છે. આ ફૂલ ખૂબ જ ચમત્કારિક પણ મનાય છે. એટલે તમારે કાળી ચૌદસે દેવી કાલીને એક જાસૂદનું પુષ્પ જરૂરથી અર્પણ કરવું. જાસૂદનું ફૂલ એ સૌભાગ્યનું પ્રતિક છે. અને દેવીને આ ફૂલ અર્પણ કરવાથી વ્યક્તિના જીવનમાંથી તમામ કષ્ટ દૂર થઈ જાય છે. વળી, રાત્રે લોકો હનુમાનજીની મૂર્તિ સમક્ષ સિંદૂર, તેલ અને અડદના વડા ચઢાવીને પૂજા કરે છે. આ ઉપરાંત ૧૧ વાર હનુમાન ચાલીસા અને "ૐ હમ્મ હનુમંત મહા બલ પરાક્રમાય નમઃ મંત્રના ૧૧ વખત જાપ કરવા.

હનુમાનજીના મંદિર પર ધજા ચઢાવે છે. તદુપરાંત રાત્રે માતા લક્ષ્મી, કૃષ્ણ, ગણેશજી, કુળ દેવતા અને કુળદેવીના ફોટા કે પ્રતિમા પાસે જુદા જુદા દીપક પ્રગટાવીને અવશ્ય પૂજા કરવી જોઈએ. આ દિવસે રાત્રે આંખોમાં કાજળ (મેંશ) આંજવાથી દુષ્ટ નજરથી બચી શકાય છે.

**બે મુખી વાટનો દીવો**

કાળી ચૌદસની રાત્રીએ ઘરમાં બેમુખી વાટનો દીવો પ્રજ્વલિત કરવો. આ દીવો સરસવના તેલનો કરવો. કહેવાય છે કે, આ બેમુખી વાટના દીવાને લીધે જીવનમાં સુખ અને શાંતિનું આગમન થાય છે. જો ઘરમાં સતત કોઈ બીમાર રહેતું હોય તો અચૂક આ દીવો પ્રગટાવવો જોઈએ. કારણ કે, આ દીવાના પ્રભાવથી તે વ્યક્તિને પણ રોગમાં રાહતની પ્રાપ્તિ થાય છે.

**યમ દીપક :** નરક ચતુર્દશીના દિવસે એક દીવો પ્રગટાવે છે. જે યમ-દિપક તરીકે પણ ઓળખાય છે, અકાળ મૃત્યુના ભયને નિવારવા રાત્રિ એ પીપળાના ઝાડ પાસે યમ દીપક પ્રગટાવવામાં આવે છે. વિઘ્ન અને બાધા નિવારણ માટે કાળી ચૌદશની રાત્રીએ ભૈરવ, રૂદ્ર, હનુમાનજી, મહાકાળી માતાની પૂજા-પ્રાર્થના કરવામાં આવે છે. આ રાત્રિને સિધ્ધદાયની રાત્રિ પણ માનવામાં આવે છે. તેથી જ આદિ અનાદિકાળથી કાળી ચૌદશની રાત્રે તંત્ર -મંત્ર-યંત્ર સિધ્ધી પ્રયોગો વિશેષ ફળદાયી હોવાની માન્યતા છે.

**અભ્યંગ સ્નાન:-** આ દિવસે સવારે શુભ મુહૂર્ત જોઈને આખા શરીર પર તલના તેલની માલિશ કરીને સ્નાન કરવું, જેને અભ્યંગ સ્નાન કહે છે. તો વળી રાત્રે એક માન્યતા પ્રમાણે ચિર ચિરા નામની વિશેષ ઔષધિના પાંદડાને ઠંડા પાણીમાં મેળવીને સ્નાન કરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ કાલી ચૌદસ પર સૂર્યોદય પહેલા જાગે અને સરસોના તેલના લેપથી સ્નાન કરે તો તેના તમામ રોગો, પાપો અને દુઃખો દૂર થાય છે. જે આ કરે છે તે સ્વર્ગ પ્રાપ્ત કરે છે અને તેના સમસ્ત સાંસારીક દુઃખો દૂર થાય છે. કેટલાક પુરાણોમાં એવું પણ લખ્યું છે કે, સરસોના તેલનો લેપ લગાવવાથી સુંદરતા પણ પ્રાપ્ત થાય છે.

**લોકમાન્યતા:-** ગુજરાતમાં પ્રાયઃ અડદના વડા કાળી ચૌદસની સાંજે બનાવવામાં આવે છે. સૂર્યાસ્ત પછી સાંજે સ્ત્રી ઘરેથી પાણીનો લોટો અને અડદના વડાઓથી ભરેલી કપડાંથી ઢાંકેલી થાળી લઈને ચાર રસ્તે જાય છે. લોટામાં રાખેલા પાણીમાંથી કુંડાળું બનાવે છે. અતૃપ્ત આત્માઓને શાંત કરવા માટે તેમાં વડા મૂકે છે અને દરેક દિશામાં એટલે કે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણમાં એક વડું ફેંકે છે. પછી, પાછળ જોયા વિના તે ઘરમાં આવે છે. રસ્તામાં તે કોઈની સાથે વાત પણ કરતી નથી. એવું માનવામા આવે છે કે, લોકો તેને "કકળાટ કાઢવો" એમ કહે છે.

આમ આ રાત્રિને કાળી ચૌદસ, નરક ચતુર્થી, રૂપ ચતુર્થી, કાલ રાત્રિ અને છોટી દીવાળી તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત કાળી ચૌદસ અઘોરી સાધુઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે. કાળીચૌદસમાં રાત્રિનું મહત્વ વધુ છે. તેથી જ તેને કાલ રાત્રિ કહેવાય છે. મધ્ય રાત્રિએ તાંત્રિક અને અઘોરી સાધુ સ્મશાનમાં જાય છે અને સાધના કરે છે. અંધકારની દેવી અને વીર વૈતાળ (ભૈરવ)અને મહાકાળીની છબી આગળ ૧૦૮ જાસૂદનાફૂલ, બીલીપત્રો, માટીના દીવા, દૂર્વાના પાન, ફળ, પાણી, અડદના વડા, બાકળા, બૂંદીના લાડુનો ભોગ અર્પણ કરીને તાંત્રિક વિદ્યાની આરાધના કરે છે.

**"કાળી ચૌદશ એટલે**

*અનિષ્ટ તત્વો પર ઈષ્ટ તત્વોનો વિજય

* મા કાળીની ઉપાસના કરીને અન્યની રક્ષા કરવા માટે આરાધનાનો દિવસ.

* આળસ અને દુષ્ટતાને દુર કરવાનો દિવસ.

* અષ્ટ સિદ્ધિની દાત્રી માતા મહાકાળીને આરાધવાનો દિવસ.

**- ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક**
**(સંગીતકાર)**

## કાળીચૌદશે આ ઉપાયો કરો

- 108 વાર શ્રી હનુમાના ચાલીસાનો પાઠ કરવો.
- મહાકાળી ચાલીસાના 51 પાઠ કરવા.
- શ્રી કાળભૈરવજીને શ્રીફળ, ખીર તથા લીંબુનો હાર ચઢાવવો.
- એક કાળો દોરો લઈને શ્રી હનુમાનજીને સ્પર્શ કરી શ્રી હનુમાન કવચનો પાઠ કરી તેને હનુમાનજીના મંદિરમાં જમણા હાથના કાંડામાં ધારણ કરવો.
- જૈનોએ કાળીચૌદશના દિવસે ॥ ૐ હ્રીં ઘંટાકર્ણ મહાવીરાય નમઃ ॥ મંત્રની 7 માળા કરવી.
- દક્ષિણાભિમુખ આસન પર કાળા મણકાની માળાથી ॥ ૐ હ્રીં કાળભૈરવાય નમઃ॥ મંત્રની 11 માળા કરવી.
- શ્રી મહાકાળી માતાને શ્રીફળ, હાર, પુષ્પ તેમજ 21 લીંબુનો હાર ચઢાવવો.
- સંધ્યાકાળે છાણાં-કોલસાને સળગાવી તેના પર ગાયનું ઘી નાખી ત્યારબાદ કપૂર-ગૂગળ ધૂપ તેમજ અબરખ મિશ્રિત કરીને હોમ કરવો. આ ધૂપને આખા ઘરમાં ફેરવવાથી ઘર, ઓફિસ કે વ્યવસાયના સ્થાનેથી મલિન તત્ત્વોનો નાશ થશે. (આ ધૂપ કરતાં ॥ ૐ શ્રી મહાકાલ્યૈય નમઃ ॥ આ મંત્રનો જાપ કરવો.)
- મધ્ય રાત્રીએ બટુક ભૈરવનું ધ્યાન કરીને મંત્રજાપ કરવા.
- હનુમાનજીને 11 લવિંગની માળા ચઢાવી બજરંગ બાણનો પાઠ કરવો.
- કાળીચૌદશના દિવસે શ્રી હનુમાનજીને સિંદૂર તલના તેલમાં તેમજ ચમેલીના તેલમાં મિશ્રિત કરીને ॥ ૐ હં હનુમંતે નમઃ॥ મંત્રથી અભિષેક કરવો તેમજ તે સમયે મનની ઈચ્છા હનુમાનજીની સામે પ્રગટ કરવી.
- કાળીચૌદશે શ્રી કાળભૈરવ મંદિરે જઈને વિધિસહિત ધ્વજા ચઢાવવાથી પણ વિશેષ લાભ મળે છે.

# ભાઈબીજ : બહેન યમનાજી દ્વારા યમરાજના સત્કારની અનોખી કથા

ભાઈ બીજના દિવસે બહેનો તેમના ભાઈઓને તિલક લગાવે છે અને આરતી કરે છે અને તેમના લાંબા આયુષ્ય, સુખ અને સમૃદ્ધિ અને જીવનમાં સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. આ પછી ભાઈઓ તેમની બહેનોને ભેટ આપે છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર, ભાઈ દૂજ પર યમરાજ, બહેન યમુનાના આમંત્રણ પર તેમના ઘરે ભોજન કરવા આવે છે.

**ભાઈ બીજની કથા**

યમરાજા અને યમુનાજી બન્ને સગાં ભાઈ બહેન છે. એક વાર યમુનાજી પોતાના ભાઈ યમરાજને ત્યાં ગયાં અને કહ્યું, ‘ભાઈ કાલે મારે ઘરે જમવા આવજો.’ છતાં યમરાજા ન ગયાં. બીજે દિવસે યમુનાજીએ પૂછ્યું ‘ભાઈ તમે જમવા કેમ ન આવ્યા ?’ યમરાજાએ તો બહાનું બતાવ્યું. એટલે યમુનાજી બે વાર, ત્રણ વાર, ચાર વાર નોતરું દઈ ગયાં. છતાં યમરાજા તો ન ગયા તે ન જ ગયા. એમને નવરાશ હોય તો જાય ને. એ તો આખો દિવસ કામમાંથી નવરા જ ન પડે. બહેનને ના તો કહેવાય નહિ એટલે આજે આવીશ, કાલે આવીશ, પરમ દિવસે આવીશ. એમ કહ્યા જ કરે. છેવટે યમુનાજી કંટાળ્યાં. એક દિવસ યમુનાજીએ ભાઈને ઘણા આગ્રહથી આમંત્રણ આપ્યું. યમરાજાએ અતિશય આગ્રહને વશ થઈ બહેનને ત્યાં જમવાનો સંકલ્પ કર્યો, પણ નરકની સંભાળ કોણ રાખે. એટલે એમણે તો નરકમાં પડેલા બધા જીવોને છોડી મૂક્યા. જે બાદ કારતકની અજવાળી બીજના દિવસે યમરાજા પોતાના દૂતો સાથે બહેનને ત્યાં જમવા આવ્યા. યમુનાજીએ તો સુંગંધીદાર તેલથી ભાઈને નવરાવ્યા અને ભાતભાતની રસોઈ કરીને પ્રેમથી જમાડ્યા. બહેનના સત્કારથી યમરાજા પ્રસન્ન થયા અને બહેનને વરદાન માગવા કહ્યું. યમુનાજીએ કહ્યું ‘ભાઈ હંમેશા નહિ તો વરસમાં કારતકની બીજના દિવસે તમારે મારે ત્યાં જમવા આવવું અને પાપીઓને નરકમાંથી છોડી દેવા. કારતક સુદ બીજને દિવસે જે ભાઈ પોતાની બહેનના હાથે જમે તેને સુખ આપવું.’

યમરાજા બોલ્યા ‘બહેન મારું વચન છે કે, હું કારતકની અજવાળી બીજના દિવસે તારે ત્યાં ભોજન કરીશ અને જે ભાઈઓ ભાઈબીજના દિવસે પોતાની બહેનને ત્યાં જમશે તે નરકનું બારણું નહિ જુએ.’ યમુનાજીએ પૂછ્યું ‘કોઈને સગી બહેન ન હોય તો’ યમરાજા બોલ્યા સગી બહેન ન હોય તો પિતરાઈની દીકરી, મામાની દીકરી, માસીની દીકરી અથવા ફોઈની દીકરીને ત્યાં જમવું. એમ પણ બહેન ન હોય તો પોતાના મિત્રની બહેનને ત્યાં જમનાર ભાઈને પણ એવું જ ફળ મળશે. આ પ્રમાણે બહેનને વચન આપી, યથાશક્તિ ભેટ આપી યમરાજા ચાલતા થયા. ભાઈ રોગી હોય, બંધનમાં હોય અથવા તો બહેનને ત્યાં જવાનું ન જ બની શકે તો આ ભાઈબીજની વાર્તાનું સ્મરણ કરનારને પણ ભોજન કર્યા જેટલું જ ફળ મળે છે. આ દિવસે ભાઈ બહેનને ત્યાં જમે અને શક્તિ પ્રમાણે ભેટ આપી બહેનને રાજી કરે.

**ભાઈ બીજનું મહત્વ**

ભાઈ બીજનો તહેવાર ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક છે. આ દિવસે બહેનો તેમના ભાઈના કપાળ પર તિલક લગાવે છે અને પ્રેમપૂર્વક ભોજન કરાવી તેમના લાંબા આયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે મંગળ પ્રાર્થના કરે છે. આ દિવસે યમુના નદીમાં સ્નાન કરવાથી શ્રેષ્ઠ ફળ મળે છે.

# હિન્દુ સમાજમાં લાભ પાંચમનું મહત્વ અને પૂજા વિધિ

લાભ પંચમને ગુજરાતમાં સૌભાગ્ય પંચમી, જ્ઞાન પંચમી અને લાભ પંચમ તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક પ્રદેશોમાં, તેને સૌભાગ્ય-લાભ પંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. સૌભાગ્ય અને લાભનો અર્થ અનુક્રમે સૌભાગ્ય અને લાભ થાય છે. તેથી આ દિવસ લાભ અને સૌભાગ્ય સાથે જોડાયેલો છે. ગુજરાતમાં, દિવાળીના તહેવારો લાભપંચમીના દિવસે પૂર્ણ થાય છે અને આ દિવસ ખૂબ જ શુભ માનવામાં આવે છે.

એવી માન્યતા છે કે, લાભ પંચમીના દિવસે કરવામાં આવતી પૂજા કરનારના જીવનમાં, વ્યવસાયમાં અને પરિવારમાં લાભ, આરામ અને સૌભાગ્ય લાવે છે. ગુજરાતમાં, મોટા ભાગના દુકાન માલિકો અને વેપારીઓ દિવાળીના તહેવારો પછી લાભ પાંચમ પર તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓ ફરી શરૂ કરે છે. તેથી ગુજરાતમાં, લાભ પાંચમ કહેવાય છે. આ દિવસ ગુજરાતી નવા વર્ષનો પ્રથમ કાર્યકારી દિવસ છે. આ દિવસે ઉદ્યોગપતિઓ નવા એકાઉન્ટ લેજર્સનું ઉદ્ઘાટન કરે છે, જેને ગુજરાતીમાં ખાતુ તરીકે ઓળખવામાં આવે છે, જેમાં ડાબી બાજુ શુભ, જમણી બાજુ લાભ લખીને અને પ્રથમ પૃષ્ઠની મધ્યમાં સાથિયા દોરવામાં આવે છે.

**લાભ પાંચમનુ મહત્વ**

આ દિવસે કોઈ પણ નવા કામની શરૂઆત કરવી ખૂબ શુભ અને ફળદાયી હોય છે. હિંદુ ધર્મની પૌરાણિક માન્યતાઓ મુજબ આ દિવસે કોઈ નવુ બિજનેસ શરૂ કરે છે તો તેને ફાયદો થાય છે. આ તહેવાર ગુજરાતમાં ખૂબ ધૂમધામથી ઉજવાય છે.

આ દિવસે વેપારી નવા ખાતાવહી શરૂ કરે છે, ખાતાવહીમાં લાલ કંકુથી શુભ-લાભ લખે છે અને ભગવાન ગણેશનો નામ લખાય છે અને સાથિયો પણ બનાવે છે. આ દિવસે મંત્રો દ્વારા ભગવાન ગણેશનો ધ્યાન કરાય છે. વિધિ વિધાનથી આ પર્વને ઉજવીએ છે. ધન-ધાન્ય અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. આ દિવસથી વેપારીઓ તેમના ધંધો વેપારની શરૂઆત કરે છે અને દુકાન ખોલે છે જેનાથી માતા લક્ષ્મી અને ભગવાન ગણેશની કૃપાથી સુખ- સમૃદ્ધિ મળે છે. આ દિવસે ધનની દેવા લક્ષ્મીની સાથે વિદ્યાની દેવી શારદાની પણ પૂજા કરાય છે.

**લાભ પાંચમ પૂજા વિધિ**

આ દિવસે લોકો સવારે જલ્દી ઉઠીને સ્નાન વગેરે કરીને સૂર્ય દેવતાને જળ અર્પણ કરે છે. ત્યાર બાદ શુભ મુહુર્તમાં ભગવાન ગણેશ શિવની પૂજા કરવામાં આવે છે. ભગવાન ગણેશની પૂજા ચંદન, સિંદૂર, અક્ષત, પુષ્પો, દુર્વાથી કરવી જોઈએ અને ભગવાન આશુતોષ (શિવ)ની પૂજા ભસ્મ, બિલ્વપત્ર, ધતુરા, સફેદ વસ્ત્ર અને અર્પણ કરીને કરવામાં આવે છે. ત્યાર બાદ ગણેશજીને પ્રસાદમાં મોદક અર્પણ કરવામાં આવે છે અને દૂધની સફેદ વાનગીઓ શિવને ભોગ અર્પણ કરવામાં આવે છે. ભોગ-પ્રસાદ ચઢાવ્યા બાદ ભગવાન શિવ અને ગણેશજીની આરતી કરવી જોઈએ. આ દિવસે મંદિરોમાં જઈને ભગવાનની પૂજા અર્ચના કરવી જોઈએ.

# સ્વસ્થ રહેવા દિવાળીના દિવસોમાં આ ઉપાયો કરો

**પહેલું સુખ તે જાતે નર્યા, એ કહેવત પ્રમાણે સુખી જીવન ત્યારે શક્ય છે જ્યારે સંપત્તિ સાથે મનુષ્યનું સ્વાસ્થ્ય પણ સુંદર હોય. આ પંચદિવસીય દિવાળીના પર્વ અંતર્ગત મનુષ્ય જ્યોતિષશાસ્ત્રના કથન અનુસાર પોતાના જીવનને નિરોગી બનાવી આ તહેવારોનો આનંદ માણી શકે તે હેતુને ધ્યાનમાં રાખીને વિવિધ રોગોના નિવારણ માટે ઉપાયોને જાણીએ.**

- સૂર્યની પૂર્ણ શક્તિને પ્રાપ્ત કરવા માટે દિવાળીમાં સૂર્યોદય પહેલાં ઊઠીને સ્નાનકર્મથી પરવારીને સૂર્યને અર્ધ્ય આપવો.
- ત્રાંબાના કળશમાં શુદ્ધ જળ+ લાલ પુષ્પ + કંકુ મિશ્રિત કરીને સૂર્યને અર્ધ્ય આપવો. અર્ધ્ય આપતા સમયે ગાયત્રી મંત્ર અથવા `ૐ ઘૃણિ સૂર્યાય નમઃ’ મંત્રના 21 વાર જાપ કરવાથી શરીરનાં હાડકાંના રોગમાં રાહત મળે છે.
- હૃદયરોગની તકલીફવાળી વ્યક્તિઓએ કાળી ચૌદશના દિવસે 1008 મહામૃત્યુંજયના રુદ્રાક્ષની માળા પર જાપ કરી તે રુદ્રાક્ષને ધારણ કરવાથી હૃદયરોગમાં રાહત મળી શકે.
- ડાયાબિટીસના દર્દીઓએ ધનતેરસના દિવસે સંધ્યાકાળે શ્રી મહાલક્ષ્મીજીનું પૂજન કરી ચોખ્ખા ગાયના ઘીમાંથી બનાવેલી સફેદ રંગની મીઠાઇ ધરાવવાથી રાહત મળી શકે.
- શ્વાસની તકલીફ હોય તેઓ કાળીચૌદશના દિવસે ભૈરવ મંદિરે જઇને ખીર ધરાવે તો રાહત મળે છે.
- પગમાં દુખાવો અસહ્ય રહેતો હોય, ચાલવાની તકલીફ હોય તેમણે કાળીચૌદશે હનુમાનજીના મંદિરે જઇ ચોલો તથા ધ્વજા ચઢાવવાથી પગમાં રાહત જણાય છે.
- ત્વચા રોગથી પીડિત હોય તેમણે દિવાળીના દિવસે એક ગોમતીચક્ર શુદ્ધ જળમાં ઓછામાં ઓછું ત્રણ કલાક રાખવું ત્યારબાદ તે ગોમતીચક્રને બહાર કાઢી લઇ તે જળથી સ્નાન કરવું. ચોક્કસ લાભ થશે.
- યાદશક્તિ ઓછી હોય તેમણે કાળીચૌદશે સવારે શિવલિંગ પર 1 કિલો મગ સ્પર્શ કરાવી જરૂરિયાતમંદોને દાન કરવું. લાભ થશે.



- શરીરમાં અશક્તિ રહેતી હોય તેમણે કાળીચૌદશે પંચમુખી હનુમંત કવચ (પુરુષ) ધારણ કરે તો શક્તિ પ્રદાન થશે.
- પેટસંબંધી ,પાચનસંબંધી કોઇ પણ પ્રકારની તકલીફ હોય તેમણે કાળીચૌદશે મહાકાળી માતાને 21 લીંબુનો હાર ચઢાવી, એક શ્રીફળ ચઢાવવાથી તકલીફ દૂર થાય છે.
- લોહી સંબંધી કોઇ પણ પ્રકારની તકલીફ હોય તેમણે શ્રી મહાલક્ષ્મીજીને દિવાળીએ 21 કમળ ચઢાવી, શ્રી સુક્તમનો પાઠ કરવો જોઈએ.
- આંખ સંબંધી કોઇ પણ તકલીફ હોય તો કાળીચૌદશે બટુક ભૈરવ મંત્ર `ૐ બં બટુક ભૈરવાય નમઃ’ના 1008 વાર જાપ કરવા.
- ધમની (નસ) સંબંધિત કોઇ રોગ હોય તો કાળીચૌદશે ત્રિમુખી રુદ્રાક્ષ સિદ્ધ કરીને લાલ દોરામાં ધારણ કરવાથી રાહત મળી શકે.
- ફેફસાં સંબંધિત કોઇ રોગ હોય તેવી વ્યક્તિઓએ ધનતેરસે મહાલક્ષ્મીજીને 8 આમળા ધરાવીને તે આમળાનો રસ બનાવીને તે રસને ગ્રહણ કરે તો ફેફસાં સંબંધિત રોગમાં રાહત જોવા મળે છે.
- જે કોઇ વ્યક્તિઓને શરીરમાં વિટામિનની અછત હોય તેવી વ્યક્તિઓએ કાળીચૌદશના દિવસે હનુમાનજીને 1 દાડમ ધરાવી તે દાડમનો રસ કાઢી પીવડાવવો જોઈએ.
- માથામાં દુખાવો, માઇગ્રેન જેવા રોગથી પીડાતી વ્યક્તિઓએ કાળીચૌદશે કાળા કૂતરાને દૂધ, બિસ્કિટ ખવડાવવાથી આ રોગમાં રાહત મળે છે.
- નાક સંબંધિત રોગ થયા હોય તેમણે કાળીચૌદશે હનુમાનજીને આકડાનો હાર ચઢાવવો જોઈએ.
- મૂત્ર સંબંધિત રોગ હોય તેજણે કાળીચૌદશે ભૈરવ મંદિર જઇ સવા લિટર દૂધનું દાન કરવું.
- તોતડાપણાની તકલીફ હોય તેવી વ્યક્તિએ ધનતેરસના દિવસે શ્રી હરિ વિષ્ણુને સહસ્ત્રનામ સાથે તુલસીદલ ભગવાન લક્ષ્મીનારાયણને ચઢાવી `ૐ નમો ભગવતે વાસુદેવાય’ આ મંત્રનો જાપ કરવાથી તોતડાપણામાં રાહત જોવા મળે છે.
- કાયમ શરદી, ઉધરસ તેમજ કફની તકલીફ રહેતી હોય તેમણે કાળીચૌદશે હનુમાનજીને 11 લવિંગ ચઢાવી, તે પ્રસાદ રૂપે લઇ થોડાં થોડાં ગ્રહણ કરવામાં આવે તો રોગમાં રાહત જોવા મળે છે.
- હાથની કોઇ પ્રકારની તકલીફ હોય તેમણે કાળીચૌદશે તુલસીદાસજી રચિત `હનુમાન બાહુક’ સ્તોત્રનો 108 વાર પાઠ કરી હનુમાનજીને પ્રાર્થના કરવી.
- જે કોઇ વ્યક્તિને ગળા તેમજ કાનસંબંધિત કોઇ તકલીફ હોય તો તેમણે કાળીચૌદશના દિવસે ભૈરવ મંદિર જઇને બેસનના લાડવાનો નૈવેદ્ય ધરાવવામાં આવે તો આ રોગમાં રાહત જોવા મળે છે.

# સીરિયામાં ઈરાન સાથે સંકળાયેલા સ્થળો પર અમેરિકા દ્વારા એટેક, ૯ લોકોના મોત

**વોશિંગ્ટન**

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન, પૂર્વી સીરિયામાં સ્થિત અમેરિકી સૈન્ય મથકો પર ઈરાન સમર્થિત જૂથ દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો છે. આ હુમલાના જવાબમાં અમેરિકાએ બુધવારના રોજ સીરિયા પર હવાઈ હુમલો કર્યો, જેમાં ઈરાન સમર્થિત જૂથના કુલ ૯ લોકો માર્યા ગયા હતા. અમેરિકાએ આ હુમલો ઈરાન સમર્થિત મિલિશિયા દ્વારા ઉપયોગમાં લેવાતા હથિયારોના વેરહાઉસ પર કર્યો હતો. હવે એ વાત તો નોંધનીય છે કે ઈઝરાયલ-હમાસ યુદ્ધને અમેરિકા ખુલ્લેઆમ સમર્થન આપી રહ્યું છે. અમેરિકા પણ આડકતરી રીતે આ યુદ્ધમાં કૂદી પડયું છે, બુધવારે અમેરિકાએ પૂર્વ સીરિયામાં હમાસને ટેકો આપતા ઈરાન સાથે જોડાયેલા હથિયારોના સંગ્રહ કેન્દ્ર પર હુમલો કર્યો હતો અને બે અઠવાડિયામાં આ બીજી વખત છે જ્યારે અમેરિકાએ સીરિયામાં કોઈ સ્થળને નિશાન બનાવ્યું હોય. આ હુમલામાં ૯ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. આ માહિતી અમેરિકી રક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને આપી છે. તેમણે કહ્યું કે અમેરિકી જવાનો સામેના હુમલાના જવાબમાં અમેરિકી યુદ્ધ જહાજોએ પૂર્વી સીરિયામાં ઈરાન સાથે જોડાયેલ હથિયારોના વેરહાઉસ પર હુમલો કર્યો.આ કાર્યવાહીથી અમે સાબિત કર્યું કે અમેરિકા તેના સૈનિકોના હિત માટે કંઈ પણ કરશે.

અગાઉ ૨૬ ઓક્ટોબરના રોજ યુએસ આર્મીએ સીરિયામાં બે હથિયારો અને સામાનના વેરહાઉસ પર હુમલો કર્યો હતો, જેનો ઉપયોગ સંલગ્ન જૂથો દ્વારા કરવામાં આવતો હોવાનો આરોપ હતો. જોકે, આ હુમલાઓમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ સાથે જ અમેરિકાએ માહિતી આપી હતી કે ઈરાન સમર્થિત જૂથ દ્વારા ૧૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૦ એવા હુમલા કરવામાં આવ્યા છે.

# કતારમાં આઠ ભારતીયોને ફાંસીથી બચાવવા ભારત સરકાર હરકતમાં

**તહેરાન**

કતારમાં આઠ ભારતીયોને અપાયેલી મોતની સજા મામલે આખરે કેન્દ્ર સરકાર એક્શનમાં આવી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે આ કેસમાં ભારત સરકાર દ્વારા આગળ અપીલ કરવામાં આવી છે. જો કે આ નિર્ણય ગોપનીય છે આથી તેને જાહેર કરી શકાશે નહિ. કાયદાકીય ટીમ સાથે અપીલ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. અમે કતારના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છીએ તેમ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

ઓક્ટોબરમાં કતારની એક અદાલતે ભારતીય નૌકાદળના આઠ પૂર્વ અધિકારીઓને ફાંસીની સજા સંભળાવી હતી, તેઓ એક વર્ષ કરતા વધારે સમયથી કતારની જેલમાં કેદ હતા. તેમના પરિવારજનોએ સરકાર પાસે મદદની ગુહાર લગાવી હતી.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર 7 નવેમ્બરે તેમને કોન્સ્યુલર એક્સેસ મળ્યુ હતું. તેઓ અધિકારીઓના પરિવારજનોના સંપર્કમાં છે તમામ કાયદાકીય બાબતોની તેમને મદદ મળી રહે તેવો અમે પ્રયાસ કરી રહ્યા છીએ તેવું વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

ઓગસ્ટ 2022માં કતારની પોલીસે આઠ પૂર્વ ભારતીય નૌકાદળના અધિકારીઓને તેઓ ઈઝરાયલ માટે જાસૂસી કરતા હોવાનો આરોપ મુકીને ધરપકડ કરી લીધી હતી.

# લંડનમાં ભારતીય મૂળના ગુલાટી અને પાક.ના સાદિક વચ્ચે ચૂંટણી જંગ જામશે

**લંડન**

લંડનના બિઝનેસમેન તરુણ ગુલાટીએ મે 2024માં યોજાનારી મેયરની ચૂંટણી માટે દાવેદારી નોંધાવી છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે, હું લંડનનો ભારતીય મૂળનો પહેલો મેયર બનીશ. 63 વર્ષીય ગુલાટી ગત મહિને ભારત આવ્યા હતા અને અહીંથી જ તેમણે મેયર પદ માટે દાવેદારી નોંધાવી હતી. તેમણે તિરુપતિ બાલાજીના દર્શન કર્યા હતા અને હૈદ્રાબાદમાં રોકાણ દરમિયાન મેયર પદની ચૂંટણી અંગે જાહેરાત કરી હતી.

તેમનુ કહેવુ છે કે, હું લંડનને દુનિયાનુ ટોચનુ શહેર બનાવવા માટે મહેનત કરીશ. શહેરમાં લોકો પોતાને સુરક્ષિત મહેસૂસ કરે તેવા મારા પ્રયાસો રહેશે. લંડનના મિડલ ક્લાસ અને લોઅર મિડલ ક્લાસ લોકો માટે હજી ઘણુ કરવાની જરુર છે. મેયર તરીકે તેમનો મુકાબલો પાકિસ્તાની મૂળના લેબર પાર્ટીના નેતા અને હાલના મેયર સાદિક ખાન તેમજ કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા સુઝેન હિલ સાથે થશે. સુઝેન જો ચૂંટણી જીતશે તો તે લંડનના પહેલા મહિલા મેયર બનશે.

# અમેરિકાના ટેક્સાસમાં 2 કાર ધડાકાભેર સામસામે અથડાઈ, 8 લોકો મોતને ભેટ્યા

**ટેક્સાસ**



અમેરિકાના ટેક્સાસમાં બુધવારે 2 કાર વચ્ચેની અકસ્માત થતા8 લોકોના મોત થયા છે. આ દરમિયાન સફેદ રંગની હોન્ડા કારમાં બેઠેલા લોકોએ ધરપકડ ટાળવાનો પ્રયાસ કરતાં તસ્કરો હતા. આ જ ક્રમમાં બીજી કાર સાથે અથડાતાં તેનું મોત થયું હતું અને બીજી કારમાં હાજર દંપતીનું પણ મોત નીપજ્યું છે. ટેક્સાસ પોલીસ અધિકારીઓએ માહિતી આપી હતી કે સફેદ હોન્ડા કારનો ડ્રાઈવર બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને લઈ જઈ રહ્યો હતો. તે મેક્સીકન બોર્ડરથી લગભગ 60 માઈલ (100 કિલોમીટર) દૂર એક રોડ પર પોલીસથી ભાગી રહ્યો હતો. તે જ સમયે, એક ટ્રકથી બચવાનો પ્રયાસ કરતી વખતે, તે અન્ય કાર સાથે અથડાઈ હતી, જેમાં બંને કારમાં હાજર લોકોના મોત થયા હતા. ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટીના પ્રવક્તાએ AFPને જણાવ્યું હતું કે 7 પીડિતોનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું, જ્યારે 8નું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, સફેદ હોન્ડા કારમાં માર્યા ગયેલા પરપ્રાંતિયોમાંથી ઘણા હોન્ડુરાસના હતા.

## આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ...

અનુસંધાન પેજ 6નું ચાલુ

AIનો ઉપયોગ ઘણાં ક્ષેત્રોમાં થઈ રહ્યો છે, જેમ કે તમે ચેટ બોટનું નામ સાંભળ્યું હશે. આજકાલ ઘણી કંપનીઓ કસ્ટમર સપોર્ટ માટે ચેટ બોટ્સનો ઉપયોગ કરે છે. તમને લગભગ દરેક બેંકની ઓનલાઈન સેવામાં ચેટ બોટ મળશે. જ્યારે પણ તમે ઓનલાઈન બેંકિંગનો ઉપયોગ કરો છો અને તમને કંઈ સમજાતું નથી ત્યારે બેંક તમને ત્રણ વિકલ્પો આપે છે

AIના ફાયદા ગણીએ તો તે સૌથી મોટી વિશેષતા ઓટોમેશન છે અને તેની કમ્યુનિકેશન્સ, ટ્રાન્સપોર્ટેશન, કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ પર નોંધપાત્ર અસર છે. ઓટોમેશન માત્ર આ ક્ષેત્રોમાં ઉત્પાદકતામાં વધારો કરતું નથી, પરંતુ કાચા માલના વધુ કાર્યક્ષમ ઉપયોગ, સારી ઉત્પાદન ગુણવત્તા, ટૂંકા લીડ ટાઈમ અને સુધારેલી સલામતી તરફ દોરી જાય છે. ઓટોમેશન સંસાધનોને મુક્ત કરવામાં મદદ કરી શકે છે, જેનો ઉપયોગ વધુ મહત્ત્વપૂર્ણ વસ્તુઓ માટે થઈ શકે છે.

AI ટેક્નોલોજી ડેટા ડિલિવરીનું સંકલન કરી શકે છે, ટ્રેન્ડનું એનાલિસિસ કરી શકે છે, ફ્યુચર માર્કેટની આગાહીઓ કરી શકે છે અને શ્રેષ્ઠ નિર્ણયો લેવા માટે અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લઈ શકે છે. જ્યાં સુધી માનવીય લાગણીઓની નકલ કરવા માટે પ્રોગ્રામ કરવામાં ન આવે ત્યાં સુધી તે આ બાબતે નિષ્પક્ષ રહેશે અને વ્યાવસાયિક યોગ્યતાને ટેકો આપવા માટે યોગ્ય નિર્ણય લેવામાં મદદ કરશે.પણ આ જ ટેકનોલોજીના ગેરફાયદાઓ પણ ઘણાં છે. જેમાં સૌથી મોટો ગેરફાયદો કરોડો લોકોની નોકરી જવાનો છે.

નિષ્ણાતોનું માનવુ છે કે, AIમાં માનવીય લાગણીઓ નથી, તેથી આવા કિસ્સાઓમાં તેનો ઉપયોગ જીવલેણ અને જોખમી સાબિત થઈ શકે છે. ઉપરાંત તેના પર વધુ પડતો આધાર રાખવો પણ નુકસાનકારક નીવડી શકે. તેનાથી વ્યક્તિ આળસુ બની શકે છે, જેની અસર આવનારી પેઢીઓ પર પડી શકે છે. AI એ ડેટા પર આધારિત સિસ્ટમ છે. તેની પાસે જેટલો વધુ ડેટા હશે તેટલો વધુ સચોટ હશે અને જેની પાસે જેટલો ઓછો ડેટા હશે, તેટલી તેની ભૂલો થવાની શક્યતાઓ વધી જશે. સંરક્ષણ ક્ષેત્રમાં AIનો ઉપયોગ સૌથી પડકારજનક રહેશે. વિશ્વના ઘણા દેશો AI આધારિત સોલ્જર એટલે કે, સોલ્જર રોબોટ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો આમ થશે તો તે એક મોટી ઉપલબ્ધિ હશે. પરંતુ કોઈ પણ સમયે મશીનમાં ખરાબી આવી શકે અને આ સ્થિતિમાં તેનાં ખૂબ જ ઘાતક પરિણામ આવી શકે છે.

મહત્વની બાબત એ છે કે, આ સિસ્ટમ કાર્યોને સ્વચાલિત કરવાની ક્ષમતા ધરાવે છે, જેથી ઉદ્યોગકારો જો તેનો ઉપયોગ છુટથી કરે તો કરોડો લોકો બરોજગાર થઈ જાય તે નક્કી છે. એક નાનકડુ ઉદાહરણ સમજીએ. જો ગ્રાહક સપોર્ટ માટે બનાવેલ ચેટબોટ્સ 100% સફળ પરિણામ આપશે તો એ કામ માનવી પાસેથી જતું રહેશે. આવા જ સમાન જોખમ અન્ય ઘણી નોકરીઓ માટે પણ છે. ફિલ્માંકન અને ગ્રાફિક ડિઝાઈનિંગ સાથે સંકળાયેલા લોકોને સૌથી વધુ જોખમની ભીતિ છે. કારણ કે આ ક્ષેત્રમાં અત્યારે AIનો ઝડપથી ઉપયોગ થઈ રહ્યો છે.

આ ઉપરાંત પ્રોગ્રામિંગ કરેલા ડેટામાં પૂર્વગ્રહો કે જેના પર AI સિસ્ટમ પ્રશિક્ષિત છે તે પણ તેની સાથે રહી શકે છે, જેના ભેદભાવપૂર્ણ પરિણામો આવી શકે છે. જો કાળજીપૂર્વક ડિઝાઈન અને નિરીક્ષણ કરવામાં ન આવે તો તે નુકસાન પણ કરી શકે છે, જ્યાં માનવીય મૂલ્યો અને લાગણીઓનો સંબંધ છે ત્યાં AIના નિર્ણયોને કારણે નુકસાન થવાની સંભાવના વધારે છે.

એટલું જ નહીં, વ્યક્તિગત સુરક્ષા માટે પણ ખતરો બની શકે છે! જ્યાં એક તરફ AI વ્યક્તિગત સુરક્ષા માટે મદદરૂપ સાબિત થઈ શકે છે તો બીજી તરફ આ સિસ્ટમ વ્યક્તિગત સુરક્ષાને પણ નુકસાન પહોંચાડી શકે છે. સમગ્ર AI સિસ્ટમ ડેટા પર આધારિત હોવાથી ઈન્ટરનેટનો ઉપયોગ કરતા તમામ લોકોની પ્રાયવસીને પણ ખતરો ઉભો કરે તેવી પ્રબળ સંભાવનાઓ છે.

## પ્રસંશા અને ટીકા



**પ્રસ્તુતિ : સ્મિતા પટેલ**
(Guelph On.)

પ્રસંશા અને ટીકા બંને વિરોધાભાસી શબ્દો લાગતાં હોવા છતાં બંનેનો પ્રભાવ આપણાં જીવનમાં એકંદરે બેય પ્રકારનો-સકારાત્મક તેમજ નકારાત્મક હોઈ શકે છે. સામાન્ય રીતે આપણને એમ જ લાગે કે પ્રસંશાનો પ્રભાવ હંમેશા સકારાત્મક જ હોય અને ટીકાનો નકારાત્મક પણ ના સાવ એવું નથી હોતું. પ્રસંશા - શબ્દ સાંભળીને જ દરેકના કાન સરવા થઈ જાય છે. દરેકને પ્રસંશા, વખાણ કે સ્તુતિ ગમે તે સ્વાભાવિક છે. માનવસહજ સ્વભાવ છે. સ્તુતિ તો પ્રભુને પણ પ્યારી છે. એટલે જ તો આપણને કંઈ પણ અરજ કે માંગણી કરતાં પહેલાં ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ. જ્યારે ટીકા કે નિંદા કોઈને પણ ગમતી હોતી નથી. દરેક જણ ઈચ્છે છે કે સૌ કોઈ મારા માટે સારું જ બોલે, કોઈ ઘસાતું બોલે તો આપણે સહન કરી શકતા નથી. ટીકાને આપણે સ્વીકારી શકતાં નથી. પ્રસંશા અને ટીકા બંનેને પ્રસ્તુત કરવાની પણ યોગ્ય રીત-પદ્ધતિ છે. મોટા ભાગે પ્રસંશા કે ટીકાના સકારાત્મક કે નકારાત્મક પ્રભાવના આધાર તેને કઈ રીતે કરવામાં કે કહેવામાં આવે છે, તેના પર રહેલો છે.

પ્રસંશા અને ટીકાના સકારાત્મક કે નકારાત્મક પ્રભાવનું વિશલેષણ ખૂબ જ લાવી શકે છે અને તેના દ્વારા બંનેનો વિકાસ શક્ય બને છે. આપણે જ્યારે પણ કોઈની પ્રસંશા કરીએ કે તેના સદ્‌ગુણોના વખાણ જણાવીએ, ત્યારે સામાન્ય રીતે એકાદ-બે વાક્યો કે શબ્દોમાં જ વાત પૂરી કરી દઈએ છીએ. કોઈના વિષે ઘસાતું બોલવાનું હોય, તેમની ટીકા કે નિંદા કરવાની હોય ત્યારે સઘળો શબ્દભંડોળ વાપરીએ ચલાવીએ છીએ એટલે કે એકદમ ઉદાર થઈને શબ્દો ને વાક્યોની છુટ્ટા હાથે લ્હાણી કરીએ છીએ. લાંબા લચક વાક્ય પ્રયોગો કરીએ છીએ.

સ્વાભાવિક રીતે જ માનવમાત્રને કોઈને પ્રસંશા કરવા કરતાં ટીકા કે નિંદા કરવામાં વધુ રસ પડતો હોય છે. માત્ર નિંદા કરવામાં જ નહિ, પણ નિંદા સાંભળવામાં પણ અનેરો રસ-આનંદ આવતો હોય છે, શરત માત્ર એટલી જ કે તે નિંદા બીજાની હોવી જોઈએ, આપણી નહિ માનવસહજ સ્વભાવ છે. જ્યારે પણ કોઈ વ્યક્તિના એકદા ગુણ કે વિશેષતા આપણે તેની આગળ રજૂ કરીએ છીએ ત્યારે તે વ્યક્તિના આત્મવિશ્વાસમાં અનેરો વધારો થાય છે. આપણા દ્વારા થયેલી પ્રસંશાથી વ્યક્તિ પ્રસન્ન થાય છે. તેનામાં એક નવા ઉત્સાહ અને ઉમંગ જાગે છે. તેનામાં એક પ્રકારની સકારાત્મકતા આવે છે. જાણ્યે-અજાણ્યે, આપણા દ્વારા તેનામાં આંતરિક ચેતના-ઉર્જાનો સંચાર થાય છે. સાથે સાથે કોઈના પણ માટે આપણે જ્યારે, સારા શબ્દો બોલીએ છીએ ત્યારે આપણું પણ મન-ચિત્ત પ્રસન્ન થાય છે. આપણી પણ આંતરિક ચેતના જાગૃત થાય છે. આપણામાં પણ સકારાત્મકતાના ભાવો જાગે જે આપણા વિકાસમાં મદદરૂપ થાય છે. આ તો વાત થઈ સાચી અને પ્રામાણિક પ્રસંસાની - જેનો પ્રભાવ બંને કરનાર અને સાંબળનાર માટે સકારાત્મક હોય છે. પરંતુ જો અપ્રમાણિક પ્રસંશા, એટલે કે ખોટા વખાણ, ખોટા ઇરાદાથી, સ્વાર્થ, લાલચ કે લાભ લેવાના આશયથી કરવામાં આવી હશે તો તેનો નકારાત્મક પ્રભાવ હશે. માણસ કોટી પ્રસંશાને સમજી શકે છે, પામી જાય છે. સાંભળનાર વ્યક્તિને પ્રસંશા કરનાર વ્યક્તિ માટે કોઈ અહોભાવ જાગતો નથી. ખોટી પ્રસંશા પાછળના આશયને તે ઓલખી શકે કે નહિ, પરંતુ તેને શંકા તો જરૂર થાય છે કે મારા ખોટાં વખાણ કશા સ્વાર્થ, લોભ-લાલચ માટે થઈ રહ્યું છે. એટલે તે વ્યક્તિના શબ્દોને બહુ મહત્ત્વ નહિ આપે, એટલું જ નહિ પણ તેને પ્રસંશા કરનાર વ્યક્તિ માટે અંદરથી અણગમો પણ થશે. તે એ વ્યક્તિથી થોડું અંતર બનાવી દેશે. આ રીતે પ્રસંશાનો નકારાત્મક પ્રભાવ પર હોઈ શકે છે. વખાણ કરનાર વ્યક્તિ પણ જાણતો હોય છો. કે તે ખોટી પ્રસંશા - જે સારા મનથી નથી કરી રહ્યે. એના મનમાં પણ એક પ્રકારના ક્ષોભની લાગણી જન્મે છે. દુર્ભાવનાથી પ્રેરાઈને કરેલાં વખાણની કોઈ સકારાત્મકતા હોતી નથી. હવે જ્યારે નિંદા કે ટીકાની વાત કરીએ, ત્યારે તે કી રીતે રજૂ કરવામાં આવી છે અને ક્યા આશયથી કે કેવા ભાવથી કરવામાં આવી છે અને ક્યા આશયથી કે કેવા ભાવથી કરવામાં આવી છે તેના પર તેના સકારાત્મક કે નકારાત્મક પ્રભાવનો આધાર છે. અવગુણ કે નબળાઈ કહેવાની પદ્ધતિ પણ અંતર પેદા કરે છે.

જીવનમાં કોઈપણ મનુષ્ય હરહંમેશ સર્વગુણ સંપન્ન હોતો નથી. દરેકમાં કોઈક તે કોઈ સદ્‌ગુણ તેમજ દુર્ગુણ કે અવગુણ કોઈ વિશેષતા કે કોઈ નબળાઈ જરૂર હોય છે. જ્યારે પણ કોઈના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવું હોય તો પહેલાં તેને તેના વિશેષ ગુણો વિષે જણાવીને બાદમાં તેના અવગણ કે નબળાઈઓ વિષે અવગત કરાવવો જ્યારે પણ તેને તેની મર્યાદાઓ કે નબળાઈઓથી સભાન કરીએ ત્યારે ધ્યાનમાં રાખવું કે તે નિંદા કે તિરસ્કારના રૂપમાં ના હોય. અવગુણ જણાવતા પહેલાં તેને તેની વિશેષતા જણાવવાથી તેનામાં આત્મવિશ્વાસ અને ઉર્જાનો સંચાર થાય છે. ત્યારબાદ જ તેની નબળાઈઓ તરફ તેનું ધ્યાન દોરવું, અને તે પણ યોગ્ય રીત દ્વારા જેથી તેના આત્મવિશ્વાસ અને આત્મગૌરવને ઠેસ ના પહોંચે. આમ કરવાથી તે પોતે પણ પોતાની મર્યાદા-નબળાઈઓ વિષે જાગૃત-સભાન થાય છે એ તે દૂર કરવા માટે પ્રયત્નશીલ થાય છે. તેનામાં આ નબળાઈ દૂર કરવાની ક્ષમતા આવે છે. આ પ્રકારે ટીકા કરવાથી બંને વ્યક્તિઓ પર સકારાત્મક પ્રભાવ પડે છે. જ્યાં કોઈ પણ પક્ષ કોઈ દુર્ભાવના નથી. બંનેના મનમાં કોઈ ક્ષોભ, ગ્લાનિ, ભય કે તિરસ્કારના ભાવો જન્મતાં નથી. આમ બંને એકબીજાને પોતાના ગુણોનો વિકાસ કરવામાં તેમજ નબળાઈઓને દૂર કરવામાં મદદરૂપ થઈ શકે છે.

કોઈને પણ તેના સદગુણો કે વિશેષતા જણાવવી એટલે કે કોઈની પ્રસંશા કરવી એ ભાવનાત્મક તંદુરસ્તીની નિશાની છે. જ્યારે ખોટા આશય કે ઈર્ષ્યાથી કરેલી નિંદા-ટીકા એ ભાવનાત્મક રોગ-માંદગી કહી શકાય. જ્યારે પણ કોઈના જીવનમાં પરિવર્તન લાવવું હોય કે તેનો વિકાસ કરવો હોય ત્યારે યોગ્ય, પ્રમાણિક પ્રમાણિક પ્રસંશાની સાથોસાથ યોગ્ય ટીકા પણ જરૂરી છે. આ પ્રકારે પ્રસંશા કે ટીકા કરવાથી બંને પક્ષ સકારાત્મકતાના અનુભવ થાય છે. બંનેમાં આત્મવિસ્વાસ, ઉર્જા અને ચેતનાનો સંચાર થાય છે. કોઈપણ પ્રકારની નકારાત્મકતા અનુભવવાની નથી. આમ ભાવનાત્મક તંદુરસ્તીથી આપણામાં જીવન જીવવાનો ઉત્સાહ જન્મ છે આપણી આંતરિક ચેતના જાગૃત થાય છે. એટલે કે આંતરિક Bettery Charge થઈ જાય છે. ક્ષમતામાં વધારો થાય છે. બંનેના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. બંને એકબીજાને જીવનમાં વિકાસમાં મદદરૂપ થઈ શકે છે. આજથી આપણે પણ એક પ્રયત્ન કરવાનો સંકલ્પ કરીએ કે આપણા જીવનમાં આવતી પ્રત્યેક વ્યક્તિને તેની વિશેષતા વિષે સભાન કરીને, તેના અવગુણ દૂર કરવામાં મદદરૂપ થઈએ. તેનામાં નવી ચેતના, ઉર્જા અને આત્મવિસ્વાસનો સંચાર કરીને તેના જીવનમાં યોગ્ય પરિવર્તન કે સુધારો લાવી તેના વિકાસમાં મદદરૂપ થઈએ. શુભકામના.



## રકૂલ પ્રીતને નવી કોમેડી ફિલ્મ મળી

મુંબઇ : પોતાની કેરિયર સેટ કરવા સંઘર્ષ કરી રહેલી રકૂલ  પ્રિત સિંહને નવી કોમેડી ફિલ્મ મળી છે. આ ફિલ્મનું શૂટિંગ આ સપ્તાહમાં શરુ થઈ રહ્યું છે.  તાજેતરમાં 'છત્રીવાલી' તથા 'ડોક્ટર જી' સહિતની ફિલ્મોમાં કામ કરી ચૂકેલી રકૂલ પ્રીતની કેરિયર ડગુમગુ ચાલે છે. જોકે, તેને કમલ હસનની 'ઈન્ડિયન ટૂ'માં પણ ભૂમિકા મળી છે. જોકે, તેની ભૂમિકા કેટલી મહત્વપૂર્ણ હશે તે વિશે અટકળો સેવાય છે.


# સ્વદેશ




## થિયેટરોમાં સતત 7 દિવસ 24 કલાક ચાલશે સલમાનની 'ટાઇગર 3'



બોલિવૂડના મેગા સુપરસ્ટાર સલમાન ખાન અને કેટરીના કૈફની આગામી ફિલ્મ 'ટાઈગર 3' દિવાળીના પર્વ પર સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મને લઈને સલમાન ખાનના ફેન્સ પર જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. ટાઈગર 3ના શો સિનેમાઘરોમાં 24 કલાક ચાલવા માટે તૈયાર છે. આ સ્પાઇ યૂનિવર્સની ફિલ્મ 'ટાઈગર 3'નો લોકોમાં ભારે ક્રેઝ છે. જેને ધ્યાને રાખીને દિલ્હી અને મિડિલ ઈસ્ટના સિનેમાઘરોમાં ટાઈગર 3ના શો 24 કલાક ચાલુ હશે. આ સાથે આ થિયેટર્સ કોઈ ફિલ્મ 24 કલાક ચલાવવનાર પ્રથમ છે. ટાઈગર 3નો ક્રેઝ જોતા નવી દિલ્હી અને મધ્ય પૂર્વના થિયેટર 24 કલાક ફિલ્મ ચાલનારા પ્રથમ થિયેટર બની ગયા છે. 3 નવેમ્બરથી દેશભરના સિનેમાઘરો 'ટાઈગર 3'ને લઈને 25X7નું મોડલ ફોલો કરશે. દેશના તમામ એક્ઝિબિટર્સમાં 'ટાઈગર 3'ની ભારે માંગ છે



## શિખરે વાત વાતમાં જાહ્નવી સાથે ડેટિંગ કન્ફર્મ કરી દીધું

મુંબઈ : જાહ્નવીના બોયફ્રેન્ડ શિખર પહાડિયાએ વાત વાતમાં તેમનાં ડેટિંગને કન્ફર્મ કરી દીધું છે. જાહ્નવીને હું તો માત્ર તારો જ છું એવું લખ્યા બાદ શિખરને ખ્યાલ આવી જતાં તેણે તરત જ પોતાની કોમેન્ટ ડિલીટ કરી દીધી હતી. જોકે, ત્યાં સુધીમાં તો તેની કોમેન્ટનો સ્ક્રીન શોટ વાયરલ થઈ ગયો હતો.  જાહ્નવી  અને શિખરના એક કોમન મિત્ર ઓરીએ એક પાર્ટીનો વીડિયો શેર કર્યો હતો.  જેમાં ખુશી કપૂર, સુહાના ખાન, શિખર પહાડિયા  તેમજ અન્યો જોવા મળ્યા હતા. શિખર કોઈ એક પિન્ક પરિધાન પહેરેલી યુવતી સાથે ડાન્સ કરતો જોવા મળી રહ્યો હતો.  જાહ્નવીએ ક્લિપ જોતાં જ શિખરને ટેગ કરીને આ પિન્ક ગર્લ કોણ છે તેવો પ્રશ્ન પુછ્યો હતો. ઓરીએ તરત જ ` ગુલાબી પોશાકવાળી યુવતીને ત્યાંથી ભાગી છુટવાની  ચેતવણી આપી હતી. શિખરે જોકે જાહ્નવીને એક પ્રેમભર્યો ઉત્તર આપતાં કહ્યુ ંહતું કે, હું  માત્ર તારો જ છું.  જાહ્નવી અને શિખરનાં ડેટિંગની અટકળો લાંબા સમયથી ચાલે છે. જોકે, બંનેમાંથી કોઈએ પણ આ ડેટિંગ વિશે સત્તાવાર રીતે કશું જ કહ્યું નથી. પરંતુ, હવે શિખરની પોસ્ટ પરથી આ વાત કન્ફર્મ થઈ ગઈ છે.



## તારાનો દાવો, હું કોઇ રિલેશનશિપમાં નથી, સિંગલ છું

મુંબઇ  : તારા સુતરિયાએ દાવો કર્યો છે કે પોતે હાલ કોઈ રિલેશનશિપમાં નથી અને અત્યારે તે સિંગલ છે. બોલીવૂડમાં તારા સુતરિયાની ઓળખ જ આદર જૈનની ગર્લફ્રેન્ડ તરીકે હતી. જોકે, વર્ષો સુધી ડેટિંગ બાદ  થોડા મહિનાઓ પહેલાં જ તેમનું બ્રેક અપ થઈ ગયું હતું. તારાનું કપૂર પરિવાર સાથે બોન્ડિંગ જોતાં તે અને આદર પરણી જ જશે એમ નક્કી મનાતું હતું પરંતુ અચાનક કોઈ કારણોસર બંને વચ્ચે બ્રેક અપ થયુ ંહતું.  હાલમાં તારા અને કાર્તિક આર્યન વચ્ચે ડેટિંગની અફવા શરુ થઈ છે. બંને એક ડિનર ડેટ વખતે રોમાન્ટિક મુદ્રામાં જોવા મળ્યાં હતાં. તારા કાર્તિકની સાથે 'આશિકી થ્રી'માં કામ કરી રહી હોવાની વાતો પણ ફેલાઈ હતી. જોકે, હવે તારાએ દાવો કર્યો છે કે હાલ પોતે સિંગલ છે. કાર્તિક સાથે અફેરની વાત તેણે નકારી છે.



## ડોન-થ્રીમાં પ્રિયંકા ચોપરાના પુનરાગમનની અટકળો ફરી શરૂ

મુંબઈ : પ્રિયંકા ચોપરાનો 'ડોન થ્રી' માટે ફરી સંપર્ક કરાયો હોવાનું કહેવાય છે. તાજેરમાં મુંબઈની મુલાકાત દરમિયાન તેણે ફરહાન અખ્તર સાથે મીટિંગ કરતાં આ અટકળો શરુ થઈ છે. ફરહાન અખ્તરે અગાઉ ડોનના બે ભાગ બનાવ્યા ત્યારે તેમાં પ્રિયંકા જ શાહરુખની હિરોઈન હતી. તે સમયમાં શાહરુખ અને પ્રિયંકાનું અફેર ચાલતું હોવાનું કહેવાય છે.

જોકે, ચર્ચાઓ અનુસાર બાદમાં શાહરુખના કેટલાક મિત્રોએ બંને વચ્ચે બ્રેક અપ કરાવ્યું હતું. તે સમયે એવું નક્કી થયું હતું કે પ્રિયંકા ક્યારેય શાહરુખ સાથે કોઈ ફિલ્મમાં કામ નહીં કરે. ફરહાન અખ્તરે 'ડોન થ્રી' બનાવવાની  ચર્ચા શરુ કરી ત્યારે શાહરુખ જ નવો ડોન બનશે એમ મનાતું હતું અને તેના કારણે પ્રિયંકાની આપોઆપ બાદબાકી થઈ ગઈ હતી. પરંતુ શાહરુખ ખાને સ્ક્રિપ્ટના મુદ્દે આ ફિલ્મ છોડયા બાદ રણવીર સિંહને નવા ડોન તરીકે જાહેર કરાયો છે. તે પછી ફરહાને પ્રિયંકાનો સંપર્ક કર્યો છે. હવે શાહરુખની ગેરહાજરીમાં પ્રિયંકા કદાચ આ ફિલ્મ સ્વીકારી લે તેવી તેને આશા છે. પ્રિયંકા ઈનકાર કરે તો કૃતિ સેનન અને કિયારા અડવાણીનાં નામ પણ ચર્ચાય છે.

## નેશનલ ક્રશ રશ્મિકા મંદાનાનો DeepFake વીડિયો વાયરલ



સાઉથની એક્ટ્રેસ અને નેશનલ ક્રશ રશ્મિકા મંદાનાનો હાલમાં જ ડીપફેક વિડીયો વાયરલ થયો હતો. જેને કારણે બોલીવુડમાં ચર્ચાનો માહોલ ગરમ છે. વાયરલ થયેલા વીડિયોને લઈને એક્ટ્રેસ ડરી ગઈ છે. અભિનેત્રીએ આ વીડિયોને લઈને કહ્યું કે, તે ખૂબ જ ડરી ગઈ છે. તેના ચાહકોની સાથે અમિતાભ બચ્ચન પણ અભિનેત્રીના સમર્થનમાં આવીને ટ્વીટ કરવુ પડ્યુ હતુ અને કાયદાકીય કાર્યવાહીની માંગ કરી હતી. ડીપફેક વિડીયો વાયરલ થયા બાદ રશ્મિકા મંદાન્ના પ્રથમ વખત જાહેરમાં જોવા મળી હતી. આ દરમિયાન અભિનેત્રી કેઝ્યુઅલ લુકમાં જોવા મળી હતી. આ લુકમાં પણ અભિનેત્રી ખૂબ જ સુંદર લાગી રહી છે અભિનેત્રી તેના કો-સ્ટાર રણવીર કપૂર સાથે ટી-સિરીઝની ઓફિસમાંથી બહાર નીકળતી જોવા મળી હતી. વીડિયોમાં એક્ટ્રેસ ડરેલી દેખાઈ રહી છે. ડીપફેક વીડિયો વાયરલ થયા બાદ પ્રથમ વાર એક્ટ્રેસ જાહેરમાં જોવા મળી જેનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ચાહકો રશ્મિકા મંદાન્નાને સપોર્ટ કરતા જોવા મળ્યા હતા. એક યુઝરે લખ્યું, 'તમને ઘણો પ્રેમ અને સમર્થન.'

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, એક્ટ્રેસની રણબીર કપુર સાથેની એનિમલ ફિલ્મ 1 ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. એનિમલના ટીઝર જોઈને ફેન્સ પણ ખુશ થઈ ગયા છે. આ ફિલ્મમાં રશ્મિકા મંદન્ના રણબીરની ગર્લફ્રેન્ડના રોલમાં છે. આ ફિલ્મ દ્વારા રણબીર અને રશ્મિકા પહેલીવાર મોટા પડદા પર સાથે જોવા મળવાના છે. આવી સ્થિતિમાં ચાહકો આ બંને સ્ટાર્સને જોવા માટે ખૂબ જ ઉત્સાહિત છે.

## 45 કરોડમાં બનેલી ફિલ્મની કમાણી માત્ર એક લાખ રુપિયા

મુંબઈ : અર્જુન કપૂર તથા ભૂમિ પેડનેકરની થ્રીલર ફિલ્મ 'ધી લેડી કિલર'ના નામે એક અનોખો રેકોર્ડ સર્જાયો છે. કુલ ૪૫ કરોડ રુપિયામાં બનેલી કહેવાતી આ ફિલ્મની બોક્સ ઓફિસ પર કમાણી માંડ એક લાખ રુપિયા થઈ છે. આ ફિલ્મ મૂળ સ્ક્રિપ્ટ કરતાં અડધીપડધી બનાવીને જ રીલીઝ કરી દેવામાં આવી હોવાની કબૂલાત પણ કરવામાં આવી છે. કહેવાય છે કે આ ફિલ્મના ડાયરેક્ટર અજય બહેલ તથા કલાકારો અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકર વચ્ચે ગંભીર મતભેદો સર્જાયા હતા. આથી, આ ફિલ્મ અડધી જ બનાવીને છોડી દેવામાં આવી હતી. એક દિવસ અચાનક તેનું ટ્રેલર રીલીઝ થયું હતું  અને તેના થોડા દિવસોમાં જ ફિલ્મ થિયેટરમાં રીલીઝ કરી દેવામાં આવી હતી. આ ફિલ્મ માટે ખુદ અર્જુન અને ભૂમિએ




પણ કોઈ પ્રચાર કર્યો ન હતો. ફિલ્મ આખા દેશમાં માંડ ૧૨થી ૧૫ થિયેટરમાં રીલીઝ થઈ હોવાનું કહેવાય છે.

પહેલા દિવસે તેને જોવા માટે પૂરા ૩૦૦ પ્રેક્ષકો પણ ન હતા મળ્યા અને તેનું પહેલા દિવસનું કલેકશન ૩૮ હજાર રુપિયા થયું હતું. ઓટીટી પ્લેટફોર્મને વેચવા માટે એક ઔપચારિકતા રુપે જ અધૂરી ફિલ્મ ઉતાવળે થિયેટરમાં રીલીઝ કરી દેવાઈ હોવાનું કહેવાય છે.  અજય બહેલે સ્ક્રિપ્ટના કેટલાય ભાગોનું શૂટિંગ જ નહીં થયું હોવાનું કબૂલ્યું છે.



મેષ (અ, લ, ઈ)

■ **શનિ મહારાજનું ફળ:** વર્ષ દરમિયાન શનિ મહારાજ લાભ સ્થાનમાંથી પસાર થતાં હોવાથી અનેક પ્રકારના નવા લાભો કે આકસ્મિક લાભો પ્રાપ્ત કરાવે. વૈવાહિક જીવનની અડચણો દિવસે દિવસે તંગ પરિસ્થિતિ ધારણ કરે. વિધા તેમજ સંતાન બાબતના પ્રશ્નોમાં વિલંબ કરાવે. ભાગીદારો સાથે અણબનાવ બને. સરકારી કે રાજકીય ક્ષેત્રના લોકોને લાભ મળશે.

■ **ગુરુ મહારાજનું ફળ:** આરોગ્ય બાબતનું વિશેષ ધ્યાન રાખવું. નાની-નાની વાતોમાં ઉગ્ર થઇ જવાની ટેવમાંથી છૂટવું પડશે. કોઇના ચઢાવવાથી ગલત કામો કરવા તરફ પ્રેરાવું નહીં. મે ૨૦૨૪થી વર્ષના અંત સુધી કુટુંબ પરિવાર સાથે વિવાદોથી બચવું. જૂન-જુલાઇમાં શત્રુઓ ઉપર ગુરુ મહારાજ વિજય અપાવશે. ઓગસ્ટથી મોસાળ પક્ષથી કોઇ સુખદ સમાચાર મળશે. સ્વબળે આગળ વધવાની ઇચ્છા પૂરી થશે.

■ **રાહુ મહારાજનું ફળ:** ગુપ્ત વિધાઓ, ગુપ્ત પ્રયોગો તથા શીખવા માટે પ્રેરણા મળશે. દાંપત્ય જીવનમાં ખટરાગ થઈ શકે. જૂન-જુલાઇમાં નવા વેપારની શરૂઆત કરાવે. આ વર્ષમાં શક્ય હોય તેટલા ધંધાઓ સ્વતંત્ર જ કરવા. વાણી-વર્તનમાં ફેરફારો થશે તો ઘરનાં જ દુશ્મનો બનતા વાર નહીં લાગે. કોર્ટ કચેરી કે ખોટા ગુનામાં ફસાવવું ન પડે તેનું ધ્યાન રાખવું. અગત્યના દસ્તાવેજોમાં કોઇ દગાથી સહીઓ ના કરાવે તેનું ધ્યાન રાખવું.

■ **આર્થિક બાબત:** નૂતન વર્ષના પ્રારંભમાં રોકાણ કરો તો મોટો લાભ થશે. તમારો વ્યવહાર જ આર્થિક સ્થિતિ મજબૂત કરશે. કોઇ વ્યાપારી કે ડીલર્સ સાથે અણછાજતું વર્તન કરશો તો આર્થિક ફટકો પડશે. વ્યસનવાળા જાતકો માટે આ વર્ષ આર્થિક રીતે નબળા કરી દેશે. જાવકના પ્રમાણમાં આવક સારી રહેશે. શક્ય હોય ત્યાં સુધી બાકીમાં કે ઉધારીમાં વેપાર કરવો નહીં. પ્રોપર્ટીને લગતા કામકાજમાં સફળતા મળશે.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન:** દાંમ્પત્ય જીવનમાં કોઇના દોરીસંચારથી ખટરાગ ઊભો થાય. પરિવારમાં કોઇ નવા સદસ્યનું આગમન થાય. અવિવાહિતો માટે એપ્રિલથી ઉત્તમ સમય રહેશે. પરિવારના સદસ્યોને ગજા બહારનું આપી દેવાથી કર્જમાં ન ડૂબી જાવ તેનો ખ્યાલ રાખવો. અણધાર્યા ખર્ચાઓ રોકવા પડશે. પારિવારિક ભાવનાને મજબૂત કરવાના પ્રયત્નો કરશો. પરિવારની એકતા માટે ધાર્મિક કાર્યક્રમ કરશો.

■ **સંતાન બાબત:** સંતાનો બાબત આપ હંમેશાં આક્રમક વલણ જ રાખશો. સંતાનોને દૂર નહીં કરવા હોય છતાં પણ વિદેશ અભ્યાસ અર્થે મોકલવા પડશે. બાળકોની જીદ આગળ આપે નમતું મૂકવું પડશે. એપ્રિલથી જૂનની વચ્ચે સંતાનપ્રાપ્તિના ઉત્તમ યોગો બને છે. વિદેશ વસતા સંતાનો તરફથી આર્થિક લાભ મેળવી શકશો. કમ્પ્યૂટર, ઇલેક્ટ્રોનિક એન્જિનિયરિંગ લાઇનના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે.

■ **આરોગ્ય બાબત:** સંવત ૨૦૮૦માં આપને આરોગ્ય બાબતે સૌથી વધારે પીડાકારક માનસિક બેચેની રહેશે. અત્યાર સુધી જે લાપરવાહી આપ રાખતા હતા તે આ વર્ષમાં નહિ ચાલે. આયુર્વેદિક ઉપચારો આરોગ્યમાં સુધારો કરાવશે. એપ્રિલથી જૂન વચ્ચે આંખ તેમજ પેટને લગતા દર્દો થવાની શક્યતા છે. એપ્રિલ મેના તડકામાં પરિશ્રમવાળા કામો ન કરવા. હૃદયને લગતા દુ:ખાવા કે એટેકની સમસ્યા આ સમય દરમિયાન આવી શકે.

■ **નોકરી-ધંધા બાબત:** નૂતન વર્ષના પ્રારંભે નોકરિયાતની પ્રગતિ થાય. પ્રાઇવેટ ક્ષેત્રના કર્મચારીઓના કામની કિંમત આ વર્ષમાં થશે. રાજકીય તેમજ સરકારી લોકોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે. ધંધામાં જમીન-મકાનના ધંધાર્થીઓ, શેર-સટ્ટાવાળા લોકોએ કાયદામાં રહીને ધંધો કરવુ. જૂન-જુલાઇ પછી વતનથી બહાર કે દેશ બહાર ધંધામાં ઇન્વેસ્ટ કરવું. ભાડાની કે વ્યાજની આવક ધરાવનાર માટે વર્ષ સારું રહેશે.

■ **સ્ત્રીઓ બાબત:** કાર-મકાન તેમજ જ્વેલરી ખરીદી કરવાના તથા ગિફ્ટમાં મળવાના ઉત્તમ યોગો છે. પ્રેગ્નન્ટ મહિલાઓએ ખાસ તકેદારી રાખવી. નિ:સંતાન સ્ત્રીઓ માટે એપ્રિલથી ઉત્તમ સંતાન પ્રાપ્તિના યોગો છે. કોર્ટ કેસોમાં જુલાઇથી સારા સમાચારો મળશે. પ્રાઇવેટ ક્ષેત્રની નોકરિયાત સ્ત્રીઓ માટે પ્રવાસના ઉત્તમ યોગનું નિર્માણ થશે. પ્રેમ-વિવાહ કરવા ઇચ્છતી સ્ત્રીઓ ઓગસ્ટથી વર્ષના અંત સુધીમાં પરિવારને સમજાવી શકશે.

■ **યાત્રા-પ્રવાસ:** વિદેશ પ્રવાસ જવા ઇચ્છતા લોકો માટે એપ્રિલથી ખૂબ સારા યોગ છે. પારિવારિક પ્રવાસનો આનંદ માણી શકશો. ઓગસ્ટમાં ધાર્મિક યાત્રા સફળ બનશે. બર્ફીલા પહાડો પર તેમજ પાણીની અંદરના હરવા-ફરવાનું મોકૂફ રાખવું હિતાવહ છે. પ્રવાસ વેળા હેલ્થની કાળજી રાખવી સાથે જરૂરી દવાઓ સાથે રાખવી. પ્રવાસનું બજેટ આ વર્ષમાં બાળકોને ઓછું પડશે. વધારે પડતા ખર્ચાઓ પ્રવાસમાં થશે.

■ **વિદ્યાર્થીઓ માટે:** ફોરેસ્ટ, આર્મી, પોલીસ, રમતગમત, સ્વિમિંગ, દોડ વગેરે ક્ષેત્રના વિદ્યાર્થીઓને આ વર્ષમાં ખૂબ સારી સફળતાઓ પ્રાપ્ત થશે. કોમર્સ અને આર્ટ્સના વિદ્યાર્થીઓ યોગ્ય મંજીલને પામી શકશે. એપ્રિલમાં પેટ-પથરી કે ઝાડા-ઊલટીના કારણે પરીક્ષાઓ ન આપી શકો તેવા યોગ છે. તેથી તબિયતનું ધ્યાન રાખવું. સંગીતકલા, ફિલ્મ, સિરિયલ કે નાટય કલાકારો માટે આ વર્ષ મહેનત માંગી લેશે. બેંક લોનમાં સફળતા મળે.



વૃષભ (બ,વ,ઉ)

■ **શનિ મહારાજનું ફળ:** વાહન, મિલકત ખરીદવાની ઉત્તમ તક મળે. આપને થોડા લોભી તેમજ લાલચુ પ્રકૃતિના બનાવશે. અત્યાર સુધી આપે જે રાજા-મહારાજા જેવું જીવન જીવ્યા હશો તેમાં શનિ મહારાજ આ વર્ષે બ્રેક મરાવશે. શક્ય હોય તો સ્વતંત્ર જ કામો પાર પાડવા. વધારે પડતી બેદરકારી સામાજિક પ્રતિષ્ઠા તેમજ વ્યવસાયિક ક્ષેત્રમાં નુકસાન કરી શકે.

■ **ગુરુ મહારાજનું ફળ:** ગુપ્તવિદ્યાઓ તેમજ ગુરૂકૃપાથી ગુપ્ત પ્રયોગોમાં સફળતા મળે. ફેબ્રુ.થી મે સુધીમાં પ્રેમમાં નિષ્ફળતા મળે. મે માસ સુધીમાં ખોટી બદનામીનો શિકાર ના બનો તેની કાળજી રાખવી. બેંકલોન કે વ્યાજેથી નાણાં લેતા નહીં. મે માસથી વર્ષના અંત સુધીમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં વધુ સુમેળ આવે. નવા લોકો સાથેની મુલાકાત જુલાઇથી વર્ષના અંત સુધીમાં ખૂબ ફળદાયી નીવડે.

■ **રાહુનું ફળ:** પરદેશના તેમજ રાજકીય ક્ષેત્રના મોટા માથાઓ સાથે કામ કરવાથી પ્રતિષ્ઠા મળે. રાજકીય લોકો માટે રાહુ ખૂબ લાભદાયક રહેશે. તમામ પ્રકારના રાજકીય કાવાદાવાઓ સફળતાપૂર્વક પાર કરી શકશો. દુશ્મનોનો આપ બુદ્ધિશક્તિથી સફાયો કરી શકશો. આપે વધારે પડતા અહંકારમાં રહેવાનું નથી. આપે અભિમન્યુની જેમ પોતાની કોઠાસૂઝથી બહાર નીકળવું પડશે.

■ **આર્થિક બાબત:** વર્ષ દરમિયાન પૂર્વમાં આપે જે સંઘર્ષ કરેલો છે, જે વાવેલું છે તે શાંતિથી લણશો તો પણ આર્થિક બાબતમાં ખૂબ મજબૂતી લાવી શકશો. એપ્રિલથી વર્ષના અંત સુધીમાં આપની આર્થિક સ્થિતિ ખૂબ મજબૂત બનવાના યોગ છે. લોકોને મદદરૂપ થવાની ભાવનમાં આપનો કોઇ ગેરફાયદો ઉઠાવી ન જાય તેમનું ધ્યાન રાખવું. પુત્ર કે પિતા, સાળાના નામ પર રોકાણ કરવાથી સારો એવો આર્થિક ફાયદો મેળવી શકશો.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન:** સંવત ૨૦૮૦નું વર્ષ શરૂઆતમાં આપનું કઠોર વલણ પરિવારના સભ્યોને અનુકૂળ નહીં આવે. પતિ-પત્ની વચ્ચેના ખટરાગો વધે. ફેબ્રુઆરીથી જૂનની વચ્ચે પરિવારમાં કોઇ ખુશીનો પ્રસંગ આવે. ફેબ્રુઆરીથી મે માસની વચ્ચે પ્રેમવિવાહ કરવા ઇચ્છતા લોકો માટે યોગ બને છે. પરિવારથી દૂર પૈસા કમાવવા માટે જવાનું થાય. ઓગસ્ટથી વર્ષના અંત સુધીમાં પારિવારિક સંબંધોમાં ભરપૂર સુધારો આવે.

■ **સંતાન બાબત:** નિ:સંતાન દંપતીઓ માટે માર્ચથી ખુશીના સમાચાર આવશે. સંતાનોને દેશમાં કે વિદેશમાં નોકરી મળવાથી આપની ખુશી વધે. અભ્યાસમાં ફાઇનલ વર્ષોમાં હોય તેવા સંતાનો માટે માતા-પિતાએ ઇલેક્ટ્રોનિક ઉપકરણોથી દૂર રાખવા. પરદેશ મોકલવા ઇચ્છતા સંતાનો માટે માર્ચથી પ્રોસેસ શરૂ કરવી. વિવાહ યોગ્ય સંતાનો માટે યોગ્ય પાત્ર ફેબ્રુઆરીથી જૂનની વચ્ચે મળી જાય. વિદેશ વસતા સંતાનોને મળવા માટે જવાનું થાય. આપના

**આરોગ્ય બાબત:** કિડની, પાચન પ્રક્રિયા, ગેસ, એસિડિટી જેવા દર્દોમાંથી રાહત મળે. એપ્રિલથી મણકાને લગતા, કમરને લગતા દર્દોની પીડામાં વધારો થાય તેવા યોગો છે. વધારે પડતું ભોજન, તીખું, તળેલું વસ્તુ આરોગ્ય માટે જોખકારક રહે. માનસિક ઉદ્વેગથી દૂર રહેવું. આરોગ્ય બાબતે બેદરકારી ભારે પડી શકે. યોગ તેમજ યોગ્ય આહાર, નિદ્રા આપનું આરોગ્ય બચાવી શકશે. ડોક્ટરોની સલાહ મુજબ બોડી ચેકઅપ કરાવવું.

■ **નોકરી-ધંધા બાબત:** નોકરિયાત વર્ગ માટે ઉપરી અધિકારીઓ સાથેના સંબંધોમાં સુમેળ સર્જાય. જમીન-મકાન-વાહન-પ્રોપર્ટી-કન્સ્ટ્રક્શન-ફાઇનાન્સર-શેરસટ્ટા વગેરેના વ્યવસાયમાં સફળતા મળશે. ધંધામાં આ વખતે તમે ઊંધું નાખશો તો પણ સીધું પડશે. પ્રાઇવેટ નોકરી કરતા લોકોએ ઉપલા કર્મચારી સાથે હામાં હા કરવુ. વર્ષના મધ્યભાગથી બદલીઓ તેમજ પ્રમોશનો મળે. નોકરી બાબતના કોર્ટના કેસોમાં સફળતા મેળવી શકશો.

■ **સ્ત્રીઓ બાબત:** વિવાહ યોગ્ય સ્ત્રીઓ માટે આખુ વર્ષ ખૂબ સારુ છે. ફેબ્રુઆરીથી મે સુધીમાં વૃષભ રાશિની સ્ત્રીઓ ખૂબ જ ચર્ચામાં રહેશે. મકાન તેમજ વાહનની ખરીદી માટે બર્થ-ડે કે એનિવર્સરી ઉપર ગિફ્ટમાં મેળવી શકશો. વ્યવસાય કરતી તેમજ નોકરિયાત સ્ત્રીઓ માટે સારો સમય છે. કામની વ્યસ્તતાના કારણે આપ સંતાનો ઉપર ધ્યાન નહીં આપી શકો. પ્રેમ પ્રકરણો બહાર આવવાથી પ્રતિષ્ઠાને ધક્કો લાગે.

■ **યાત્રા પ્રવાસ:** નૂતન વર્ષમાં આપના યાત્રા-પ્રવાસોને કોઇ રોકી શકશે નહીં. ખર્ચો બચાવવા માટે આપ જાતે જ પ્રવાસોને ટાળો તે અત્યંત આવશ્યક છે. માર્ચથી જૂનની વચ્ચે બર્ફીલા પહાડો, નદીઓ, દરિયાકિનારા તેમજ કુદરતી સૌંદર્યથી ભરેલા સ્થળો ઉપર પ્રવાસનું આયોજન કરી શકશો. વ્યવસાયિક પ્રવાસ સમજી વિચારીને કરવો. પ્રવાસ દરમિયાન નશીલા દ્રવ્યોનું સેવન હેલ્થ માટે ખૂબ નુકસાનકારક રહેશે.

■ **વિદ્યાર્થીઓ માટે:** ટેક્નિકલ એન્જિનિયરિંગ, ડોક્ટરી લાઇનના વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સફળતા અપાવશે. વિદેશ અભ્યાસાર્થે જવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ લોન તથા વિઝાની પ્રોસેસ ફેબ્રુઆરીથી શરૂ કરી દેવી. આ વર્ષમાં મનોબળ, આત્મવિશ્વાસ મજબૂત રાખવો. અભ્યાસની સાથે નોકરી કરવા ઇચ્છતા હશો તો કરી શકશો. વિદ્યાર્થી સંગઠનો કે સ્કૂલ-કોલેજના ફંક્શનોનું પ્રતિનિધિત્વ કે એન્કરિંગ કરવાની તક મળે તો ઝડપી લેવી.



મિથુન (ક, છ, ઘ)

■ **શનિ મહારાજનું ફળ:** કોર્ટ કચેરી તેમજ શત્રુઓથી નવા પ્રશ્નો ઉદભવશે. શનિદેવની કૃપાથી પ્રસન્ન રહેશે. મંદગતિએ પરંતુ મક્કમ સફળતા પ્રાપ્ત કરશો. એપ્રિલથી ઓગસ્ટની વચ્ચે લાંબાગાળાના પ્રવાસો કે વિદેશયાત્રા થશે. ભાઇ-ભાંડુઓ વચ્ચેના સંબંધોમાં શનિદેવ તિરાડ પડી શકે. વ્યવસાયના ક્ષેત્રમાં, રાજકીય ક્ષેત્રમાં શનિ આપને ખૂબ ફળદાયી નિવડશે.

■ **ગુરુ મહારાજનું ફળ:** મે માસ સુધી ખૂબ સંઘર્ષ થશે, પરંતુ ગુરુ આપને ધનલાભ અપાવશે. મે માસથી નિ:સંતાન દંપતીઓ માટે ગુરુ મહારાજ શુભ ફળ લઈ આવશે. જૂનથી ઓગસ્ટ વચ્ચે નવી પ્રોપર્ટીઓ કે વાહન ખરીદવાનો ઉત્તમ યોગ છે. આપની આભાને કારણે મોટા લોકો પ્રભાવમાં આવે. વિદેશમાં રોકાણ કરવા માટે તક મળે. વેપારમાં હરીફોની સામે સફળતા અપાવશે. અવિવાહિતો માટે ફેબ્રુઆરીથી જૂન સારો સમય છે.

■ **રાહુ મહારાજનું ફળ:** વર્ષના પ્રારંભથી રાહુ આપના દશમાં સ્થાનથી પસાર થતો હોવાથી ખૂબ પ્રગતિ કરશો. રાજકીય ક્ષેત્રના લોકો શેરસટ્ટાના વેપારીઓ, ક્લબો ચલાવનારાઓ, બિયરબાર સાથે જોડાયેલા લોકો, મદીરાના ધંધાર્થી વગેરે માટે આ વર્ષ ખૂબ જ ફળદાયી રહેશે. કાર્યોમાં અવરોધો દૂર કરશે. વિદેશમાં વસતા મિત્રોથી લાભ થાય. સરકારી નોકરિયાતો ખાસ કરી શિક્ષકો, સચિવો વગેરેએ સાવધાની રાખવી.

■ **આર્થિક બાબત:** આર્થિક લાભ મેળવવામાં આપ કોઇ લાલચ-લોભ કે પ્રલોભનમાં આવતા નહીં, નહિતર નુકસાની ભોગવવી પડશે. આપની પાસે પુષ્કળ પ્રમાણમાં સંપત્તિ સુવિધા વગેરે હશે, પરંતુ જો ચોક્કસ પ્લાનિંગ નહીં હોય તો કશું જ નહીં થાય. બધુ વ્યર્થ જશે. મિત્રવર્ગમાં, ભાઇભાંડુઓમાં ઉધારે આપેલા પૈસા પરત મળે. વ્યવસાય ક્ષેત્રે રોકાણ દ્વારા ફાયદો થાય. નવી પાર્ટનરશિપ કરવામાં બહુ સાવચેતી રાખવી.

■ **નોકરી-ધંધા બાબત:** તબીબી વ્યવસાય સાથે સંકળાયેલાઓ, સાયન્સના વિદ્યાર્થીઓ, એન્જિનિયર્સ જેવા કે સિવિલ એન્જિનિયર્સ, બાયોમેડિકલ એન્જિનિયર્સને ઘણો ફાયદો થશે. ફિલ્મમાં કામ કરતા લોકો માટે શ્રેષ્ઠ સમય. સરકારી કર્મચારીઓએ પ્રામાણિકતાથી કાર્ય કરવું. એકાઉન્ટન્ટ્સ માટે આ વર્ષ અનુભવો મેળવવાનું રહેશે. રાહુની કૃપાથી જાતકોને ધંધામાં કોઇ પાછળ નહીં પાડી શકશે.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન:** પત્ની, બાળકો સાથે સંબંધો ખૂબ સારા રહેશે. બાળકો તેમને બહુ સારી રીતે સમજશે અને પતિ-પત્ની વચ્ચે ચાલતા લાંબા સમયના ઝઘડા અથવા ગેરસમજ દૂર થશે, પરંતુ ભાઇભાંડુઓ સાથે નાની નાની બાબતોએ મતભેદ ઊભા થશે. બહેન તરફથી ભાઇને સહયોગ મળી શકશે. પરિવાર માટે સમય કાઢશો તો તેઓ પ્રસન્ન થશે. કાર્યો, પ્રામાણિકતાની પ્રશંસા જોઇને પરિજનો ગર્વ અનુભવશે.

**સંતાન બાબત:** બાળકોના આરોગ્ય વિશે ખાસ કાળજી લેવી. જો આપનું બાળક નવ વર્ષની નીચેનું છે તો અગ્નિયુક્ત સાધનો જેવા કે ગેસ, ફટાકડા વગેરેથી સાવચેતી રાખવી. બાળકને ઉચ્ચતર અભ્યાસ માટે વિદેશ મોકલવાનું વિચારતા હોવ તો ફેબ્રુઆરીથી એપ્રિલનો સમય યોગ્ય છે. બાળકો આપની પરિસ્થિતિને ઘણી સારી રીતે સમજી શકશે. માતા-પિતાથી દૂર રહેતા સંતાનોની ચિંતા આપને ઘણી રહેશે.

■ **આરોગ્ય બાબત:** પારિવારિક ચિંતાને કારણે ડિપ્રેશનના શિકાર બની શકો. શરાબનું સેવન કરતા, ધૂમ્રપાન, સિગારેટના વ્યસનીઓએ આ વર્ષે સુધરી જવા ખાસ સૂચન છે, નહિતર ફેફસાં તથા લીવરના રોગોથી તમે મુશ્કેલીમાં મુકાશો. બેદરકારીઓ તથા શરીર પર ધ્યાન ન દેવાને કારણે નાની-મોટી શસ્ત્રક્રિયાઓ પણ થઈ શકે છે. પ્રવાસ દરમિયાન આપના આરોગ્યનું ધ્યાન રાખવું.

■ **યાત્રા-પ્રવાસ:** એપ્રિલ માસથી ઓગસ્ટ વચ્ચે લાંબાગાળાના પ્રવાસો કરશો. જેમાં આપ બિઝનેસ અંગે વિદેશમાં પ્રવાસો કરશો. ત્યાં વાણી અને પ્રેઝન્ટેશનથી ક્લાયન્ટનું દિલ જીતી લેશો. એપ્રિલ તથા મે માસમાં પરિવાર બાળકો સાથે દરિયાકિનારાના પ્રવાસો કરશો તથા માતા-પિતાને તીર્થયાત્રાધામોના દર્શન કરાવવા આયોજન કરી શકશો. આપ ખુદ આનંદિત રીતે ધંધાકીય અને પારિવારિક પ્રવાસો કરશો.

■ **સ્ત્રીઓ બાબત:** પરિવારમાં તથા કોઇ ક્ષેત્રમાં કામ કરતા હોય ત્યાં તથા પાડોશમાં આપના વાણી વર્તન-વ્યવહારથી લોકો પ્રસન્ન થશે. કોઇપણ વ્યક્તિની વાતોમાં ન આવવું. માર્ચથી એપ્રિલ વચ્ચે આપ ખુશીના સમાચાર પ્રાપ્ત કરી શકો. તેનું કારણ આપની નોકરી લાગવી કે સોના-ચાંદીની ખરીદી હોઈ શકે. બાળકના અભ્યાસ અંગે ચિંતિત જણાશો. સ્ત્રીઓ નાના-મોટા ઝઘડાને નજરઅંદાજ કરશો તો ખુશીથી વર્ષ પસાર થશે.

■ **વિદ્યાર્થીઓ માટે:** કોમર્સના જે વિદ્યાર્થીઓ સીએની તૈયારી કરી રહ્યા છે, તેમને સફળતા મળી શકે છે. મેડિકલ, એગ્રિકલ્ચરના વિદ્યાર્થીઓ માટે થોડી મુશ્કેલી આવશે. પરંતુ થોડી વધારે મહેનત કરી લેવી. હકારાત્મક રહેવું અતિ આવશ્યક બની રહેશે. જે વિદ્યાર્થીઓ વિદેશ જવા ઇચ્છે છે તેને વિઝા લગાડવા માટે ફેબ્રુઆરીથી માર્ચનો સમય ઉત્તમ સમય રહેશે. મનોબળ મક્કમ રાખવું. ઓછા માર્ક સાથે કોમ્પ્રોમાઇઝ કરવું નહીં.



## કર્ક (ડ, હ)

■ **શનિ મહારાજનું ફળ:** નૂતન વર્ષના પ્રારંભથી જ અઢી વર્ષની નાની પનોતી કષ્ટદાયક રહેશે. કોર્ટ કચેરી, આડોશી-પાડોશી સાથે ઝઘડા આપને પોલીસ સ્ટેશન સુધી લઈ જાય. શનિદેવ આર્થિક બાબતે મોટી નુકસાની પ્રદાન કરાવે. ભાઈ ભાંડુઓ સાથેની સંયુક્ત મિલકતો વિભાજિત થતા આપનો હિસ્સો મળવાથી રાહતનો દમ લેશો.

■ **ગુરુ મહારાજનું ફળ :** ફેબ્રુઆરી માર્ચ મહિનામાં નવા કામકાજોની શરૂઆત થશે. મે માસથી વર્ષના અંત સુધી ગુરુ મહારાજ સફળતા પ્રાપ્ત કરાવશે. જૂનથી સપ્ટેમ્બરની વચ્ચે સંતાનપ્રાપ્તિ તથા પ્રેમસંબંધોમાં સફળતા અપાવશે. જૂનથી સપ્ટેમ્બરમાં મિત્રો, સ્નેહીઓ તરફથી ધંધા-રોજગારમાં નવું ઇન્વેસ્ટમેન્ટ આવશે. આપનું કોઈ વ્યક્તિ કે ભાગીદાર નુકસાન કરવા ઈચ્છતા હશે તો પણ કંઈ બગાડી શકશે નહીં.

■ **રાહુ મહારાજનું ફળ :** નૂતન વર્ષના પ્રારંભથી રાહુ દેવ ઓચિંતા લાભ અપાવશે. કોઈપણ પ્રકારના કોર્ટ કેસ કે જામીનમાં પડવું નહિ. જૂના કેસો કે ઝઘડાઓનો ઉકેલ યોગ્ય વ્યક્તિની મધ્યસ્થીથી આવી શકે. ગુપ્ત પ્રયોગો દ્વારા કે તંત્ર પ્રયોગો દ્વારા મુશ્કેલીઓનો અંત આવી શકે. આપે અહંકારમાં આવીને કોઈને દુઃખ લાગે કે વેરઝેર ઊભા થાય તેવા કામો કરવા નહિ. જૂન માસથી વ્યાજમાં ગયેલા પૈસા રાહુ મહારાજ પાછા અપાવશે.

■ **આર્થિક બાબત :** વર્ષની શરૂઆતથી થોડી નાણાભીડ એપ્રિલ સુધી જણાશે પછી આર્થિક સ્થિતિમાં એકધારો વધારો જણાશે. ડોક્ટર્સ-સ્કિન સ્પેશિયાલિસ્ટ, આય સ્પેશિયાલિસ્ટ, બ્યૂટીશિયન, ઈન્ટિરિયલ ડિઝાઇનર્સ માટે આર્થિક બાબતમાં સફળતા મળશે. ફાઇનાન્સર્સ, બેંક કર્મચારીઓ, શિક્ષકો, મિકેનિકલ એન્જિનિયર્સ વગેરે માટે આ સમય કઠીન રહેશે. શનિ મહારાજ આપની પ્રામાણિકતા અનુસાર ફળ આપશે.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન :** નૂતન વર્ષના પ્રારંભમાં પતિ-પત્ની વચ્ચે નાના-મોટા ઝઘડાઓ થતા જણાશે. આ વર્ષે આપ પત્ની તથા પરિવાર બાબતે ચિંતિત રહેશો. કૌટુંબિક તેમજ ધંધાકીય ઝઘડાઓને કારણે કોર્ટ કચેરી સુધી જવુ પડે. પરંતુ જો આપ શાંતિથી કામ કરશો સંભાળશો તો ઘણી મુશ્કેલીનું નિવારણ એમ જ લાવી શકશો. મે માસથી ઓક્ટોબર સુધી વિવાહ યોગ્ય સ્ત્રી-પુરુષ માટે સારું પાત્ર મળવાના યોગ રહેશે.

■ **સંતાન બાબત :** આ વર્ષમાં આપ સંતાનોના ભવિષ્ય માટે થોડા ચિંતિત જણાશો. આર્થિક સ્થિતિ ગમે તેટલી ખરાબ હોવા છતાં પણ તેમને ઉચ્ચ અભ્યાસ માટે બહારગામ મોકલશો. બાળકો ખરાબ સંગતમાં આવીને શેરસટ્ટા કે અન્ય વ્યસનોમાં આવીને સમસ્યા ઊભી ન કરે તે બાબતે સાવચેત રહેવું. બીજા પ્રત્યેનું ખરાબ વર્તન બાળકોના ભવિષ્ય પર અસર કરી શકે છે. નિઃસંતાન દંપતીઓ માટે ડિસે.થી ફેબ્રુઆરી સારો સમય રહેશે.

■ **આરોગ્ય બાબત :** આ વર્ષમાં થોડી કસરત, પ્રાણાયામ, યોગાસન કરવા જરૂરી રહેશે. આપનું હૃદય દિવસે-દિવસે નબળું પડતું જણાશે. જેથી આપે નિયમિત રીતે હાર્ટ સ્પેશિયાલિસ્ટને બતાવતાં રહેવું. ટેન્શનથી દૂર રહેવું. આ વર્ષમાં કોઈ પ્રકારની શસ્ત્રક્રિયાઓ કરાવી શકો છો. આંખ, સ્કિન, પેટ વગેરે અંગેની નાની મોટી બીમારીઓ આવી શકે છે. તો કાળજી રાખવી. આ રાશિના નાના બાળકોને આંખમાં નુકસાની થઈ શકે.

■ **નોકરી ધંધા બાબત :** પાર્ટનરશિપ કરવામાં, ધંધા માટે પૈસા ઉધાર લેવામાં સાવચેતી રાખવી. જો આપ રેસ્ટોરન્ટ, શાકભાજી, ફળ, ફાસ્ટફૂડનું કામ કરો છો તો પ્રામાણિકતાથી કાર્ય કરવું. પ્રાઈવેટ ક્ષેત્રમાં નોકરી કરતા લોકો માટે બઢતી કે પ્રમોશનના યોગ છે. નોકરિયાત સ્ત્રી-પુરુષ નોકરી અર્થે અલગ રહેતા હોય તો સાથે રહીને નોકરી કરવાના યોગ છે. ધંધાના ક્ષેત્રમાં કોઈ ગદ્દાર હોય તો તેમને ઓળખી જશો.

■ **સ્ત્રીઓ બાબત :** સંવત ૨૦૮૦ની શરૂઆતમાં સહકર્મચારીઓ કે આડોશી-પાડોશીઓ, સગા-સંબંધીઓ દ્વારા નિંદા તથા કટુ વચનોનો ભોગ બનશો. આ વર્ષે ઉપલા અધિકારી કે બોસ ઉપર મૂકેલો આંધળો વિશ્વાસ નુકસાનકારક સાબિત થઈ શકે. સહનશીલ સ્વભાવના જાતકોને પરિવારના લોકો તેમજ પતિ દ્વારા વધારેમાં વધારે ટોર્ચરનો ભોગ બનવું પડશે. પ્રેમવિવાહ અથવા પ્રેમસંબંધોમાં પડતા પહેલા કાળજી રાખવી.

■ **યાત્રા પ્રવાસ :** યાત્રા-પ્રવાસોમાં શારીરિક તેમજ આર્થિક વિઘ્નો આવે. માતા-પિતાને પ્રવાસ કરાવવા ઈચ્છતા હશો તો મેથી ઓગસ્ટ વચ્ચે કરાવી શકશો. પહાડી વિસ્તારોના પ્રવાસો આ વર્ષે ટાળવા. દરિયા કિનારાના પ્રવાસો લાભદાયી રહેશે. પ્રવાસ દરમિયાન કે ડ્રાઈવિંગ દરમિયાન કેફી દ્રવ્યોનું સેવન આપના મન તથા આરોગ્ય માટે મુશ્કેલીદાયક રહેશે. વિઝા અને ઈમિગ્રેશનનાં કાર્યોમાં થોડી અડચણ આવે.

■ **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ખૂબ ઓછી મહેનતે સફળતા અપાવનાર રહેશે. જિદ્દી સ્વભાવ બીજા કરતાં શ્રેષ્ઠ કરવાનો વિચાર જ ધારેલુ પરિણામ અપાવશે. સાયન્સના ક્ષેત્રમાં મહેનત કરતા વિદ્યાર્થીઓને ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે ખાસ તકેદારી રાખવી. વિદેશ અભ્યાસાર્થે જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પિતા કે પરિવારના સપોર્ટથી જઈ શકાશે. આચાર્ય કે પ્રોફેસર સાથે મનમુટાવ ન થાય તેનો ખ્યાલ રાખવો.



## સિંહ (મ, ટ)

■ **શનિ મહારાજનું ફળ :** આ વર્ષના પ્રારંભથી જીવનમાં કામ, પરિવાર, અભ્યાસ બધાંમાં ખૂબ લાભ પ્રાપ્ત કરશો. પતિ-પત્ની શબ્દોના સંબંધોમાં સુધાર લાવશે. લોન કે બહારથી ઇન્વેસ્ટરો શોધવા માગતા હોય તો જૂન પહેલાં વધુ શક્ય બનશે. કોર્ટ કચેરી, રાજકીય લોકોના સંપર્કથી દૂર રહેવું. જુલાઈથી પૈતૃક સંપત્તિના કેસમાં શનિ મહારાજ વિજય કરાવશે.

■ **ગુરુ મહારાજનું ફળ :** એપ્રિલ માસ દરમિયાન વિદેશથી કે વિદેશમાં વસતા મિત્રો દ્વારા ધનલાભ થશે. જાન્યુઆરીથી એપ્રિલ વચ્ચે અવિવાહિતો માટે સારા સમાચાર રહેશે. એપ્રિલથી વર્ષના અંત સુધીમાં કામ-ધંધામાં મંદગતિએ પ્રગતિ થાય. જૂના કમાયેલા નાણાં જે ધંધામાં રોકાયા હોય ત્યાંવળતર દેખાતું હશે તેમાં નવું સાહસ કરશો. મોસાળ પક્ષથી લાભ થાય. સાથે મોસાળ પક્ષમાં પ્રસંગો આવતા જવાબદારીઓ નિભાવવી પડશે.

■ **રાહુ મહારાજનું ફળ :** રાહુ આપના આઠમા સ્થાનમાંથી પસાર થતો હોવાથી શેર-સટોડિયાઓ, દારૂના વેપારીઓ, જુગાર કે ક્લબો ચલાવતા, ફાઇનાન્સનું કામ કરતા લોકો માટે રાહુ કાળ બનીને ત્રાટકવાનો છે. રાજકીય કાવાદાવાના ભોગ ન બનો તેનું ધ્યાન રાખવું. વ્યસન તેમજ પરસ્ત્રી સાથેના સંબંધોને કારણે બદનામી થઈ શકે. પારિવારને મહિલા, પત્ની, માતા કે દીકરીના ઓપરેશન પાછળ રાહુ ખર્ચાની સાથે ચિંતા કરાવે.

■ **આર્થિક બાબત:** આ વર્ષમાં આર્થિક બાબતે ઘણી પ્રગતિ થશે. આપના કાર્યક્ષેત્રમાં સારું એવું નામ બનાવશો. આર્થિક રીતે આપની સ્થિતિ પહેલાંના પ્રમાણમાં સારી થતી જણાશે. આપની મહેનત રંગ લાવશે. લાંબી આર્થિક પરિસ્થિતિ જાળવી રાખવા અહંકાર ત્યાગીને પહેલાની જેમ જ મહેનત કરજો. જૂનથી ઓગસ્ટ વચ્ચે ખોટા લોકોની સંગતથી ચેતીને રહેજો. નહિતર વ્યવસાયિક જીવનમાં અસર થશે.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન :** આપની ઘણી પ્રગતિના કારણે આપ પરિવાર સાથે પણ આનંદિત રીતે ખાસો એવો સમય વિતાવશો અને ઘણા પ્રવાસો પણ કરશો. આપના પરિવારમાં બગડેલા સંબંધો પણ ફરીથી જોડાય શકે. ઘરમાં સારા પ્રસંગો મે થી ડિસેમ્બર વચ્ચે થશે. પ્રેમસંબંધ વિવાહમાં પરિવર્તિત થાય. વિવાહ યોગ્ય પુરુષ તથા સ્ત્રીઓ માટે જાન્યુઆરીથી એપ્રિલ વચ્ચે સારા યોગ છે. વડીલોના આરોગ્ય બાબતે ચિંતિત જણાશો.

■ **સંતાન બાબત :** સંતાનોથી ખૂબ સંતુષ્ટ રહેશો. આપનાં બાળકો અભ્યાસના ક્ષેત્રમાં ઉત્તમ ક્રમે આવી આપને ગૌરવની અનુભૂતિ કરાવશે. આપ તેમના ભવિષ્ય માટે જે સપનાઓ જોયા હશે તે માટે કાર્ય કરતા જણાશો. આપને બાળકને વિદેશ અભ્યાસ, નોકરી અંગે મોકલવાની ઇચ્છા થશે. નાની ઉંમરમાં જવાબદારી તથા આપની તરફથી મળેલા સારા સંસ્કારના બેનિફિટથી તે તેના કાર્યક્ષેત્રમાં પણ ખૂબ પ્રશંસાને પાત્ર બનશે.

■ **આરોગ્ય બાબત :** આરોગ્ય, શરીર બાબતે થોડા બેફિકર જણાશો. જો ડાયાબિટીસ, બીપી વગેરે જેવી બીમારીઓ પહેલેથી જ છે અને આપ બેદરકારી દાખવશો તો તેનું ખરાબ પરિણામ ભોગવવું પડશે. નાની-મોટી વાતના ટેન્શનના કારણે હાર્ટને લગતી બીમારીઓ અચાનક આવી શકે. યોગ, પ્રાણાયામ, કપાલભાતી વગેરે કરવાથી હૃદયરોગોમાં રાહત અનુભવશો. શરીર પ્રત્યે કાળજી રાખવી હિતાવહ છે.

■ **નોકરી-ધંધા બાબત :** આ વર્ષે નોકરી-ધંધા બાબતે આપને ઘણા કષ્ટ વેઠવા પડશે. નોકરી કરતાં લોકોએ ઉપરી કર્મચારીઓ તથા બોસ સાથે સારા વાણી વર્તન રાખવા. કોઇ ટ્રસ્ટમાં કે સમાજસેવામાં કામ કરતા લોકોએ ખોટો આળ ન આવે તેનું ખાસ ધ્યાન રાખવું. ભાડાની કે વ્યાજની આવક સારી રીતે આ વર્ષ મળતી રહેશે. આપ વિદેશમાં વસતા મિત્રો, સગાસંબંધીઓ દ્વારા ધંધા રોજગારમાં સારો લાભ મેળવી શકશે.

■ **સ્ત્રીઓ બાબત :** આપનો સારો અને પ્રેમાળ સ્વભાવ આ વર્ષે લોકોમાં આપની સારી એવી ઓળખ ઊભી કરે, પરંતુ પરિવારજનોને કેટલીક ગેરસમજો ઊભી થાય. નોકરી અથવા બિઝનેસ કરતી સ્ત્રીઓ તથા છોકરીઓએ પ્રોફિટની લાલચમાં આવીને ખોટું પગલું ન લેવાય જાય તેનો ખ્યાલ રાખવો. આપ નવી શરૂઆતમાં બ્યૂટીપાર્લર, ટિફિન બનાવવા, સીવણકાર્ય, ટ્યૂશન વગેરે જેવા કાર્યો શરૂ કરીને નામ બનાવી શકો છો.

■ **યાત્રા-પ્રવાસ :** વિદેશમાં અભ્યાસ કરવા અથવા ધંધાર્થે જવાનું વિચારતા હોય તો એપ્રિલ માસથી સારા યોગ છે. આપ આ વર્ષે વિદેશમાં પરિવાર સાથે પ્રવાસ પણ કરી શકો છો. આ સંવત ૨૦૮૦માં આપ વ્યવસાયઅર્થે જો કોઈ પ્રવાસ કરશો તો ચોક્કસ સફળતા પ્રાપ્ત કરશો. માતા-પિતાને આ વર્ષે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન પ્રવાસ કરાવવામાં ખૂબ કાળજી રાખવી. વિદ્યાર્થીઓ શાળા-કોલેજો દ્વારા બર્ફીલા વિસ્તારમાં લાંબા પ્રવાસે જઈ શકે.

■ **વિદ્યાર્થીઓ માટે :** સંસ્કૃત, સંગીત, સાહિત્ય, ઇતિહાસ વગેરેમાં સફળતા મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ખૂબ લાભદાયી રહેશે. ખૂબ પ્રગતિ કરશે. પોલીસ, રમત-ગમત, આર્મી, ફોરેસ્ટ કે અન્ય બળનો ઉપયોગ થતો હોય તેવા ક્ષેત્રમાં જવા મહેનત કરતા વિદ્યાર્થીઓ માટે આ વર્ષે ઘણી વધારે મહેનત માંગી લેશે. રસાયણશાસ્ત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ફેબ્રુઆરીથી મે દરમિયાન પ્રયોગો કરતી વેળા કાળજી રાખવી.



## કન્યા (પ, ઠ, ણ)

■ **શનિ મહારાજનું ફળ :** ધીરજ, ધૈર્યતા સાથે કામથી નોકરી-ધંધામાં સફળતા મળે. વધારે પડતો ઉત્સાહ બતાવવામાં આર્થિક નુકસાન સંભવ. ડિસેમ્બરથી એપ્રિલની વચ્ચે વાહન ચલાવવામાં તકેદારી રાખવી. છરી, ચાકા, તલવારને પિસ્તોલ જેવા હથિયારોનો દુરુપયોગ ના કરવો. ભાઈ-ભાંડુ કે બહેન, સ્વજનોની ઓચિંતી વિદાયના યોગ છે.

■ **ગુરુ મહારાજનું ફળ :** એપ્રિલ સુધીમાં દીકરી-દીકરા, ભત્રીજા-ભત્રીજી તેમજ ભાણિયાના વિવાહ પ્રસંગો ગુરુ મહારાજની કૃપાથી મુશ્કેલી વગર પતાવી શકશો. સંતાનો માટેના ભવિષ્યના પ્લાનમાં સફળતા અપાવશે. જુલાઈથી ઓક્ટોબરની વચ્ચે આર્થિક સ્થિતિ મજબૂત થતા બેંકલોન કે ફાઇનાન્સરોના પૈસા પાછા આપી શકશો. અવિવાહિતો તેમજ પ્રેમલગ્નવાળા માટે જુલાઈથી વર્ષના અંત સુધીનો સમય શ્રેષ્ઠ છે.

■ **રાહુ મહારાજનું ફળ :** રાહુ આપનાં પતિ-પત્ની તેમજ ભાગીદારો સાથે મિસ-અન્ડરસ્ટેન્ડિંગ ઊભી કરાવશે. પતિ-પત્નીના કોર્ટ કેસમાં ઉકેલ ન આવે. પૂજા-પાઠ તેમજ ધર્મપારાયણ પ્રત્યે આર્થિક ખર્ચાઓ આપનું બજેટ ખોરવી શકે છે. રાજકીય લોકો, માફિયાઓ, ગુંડાઓ જેવા લોકો સાથેની બેઠક-ઉઠકમાં વધારો કરાવશે તેમજ એમનો ભરપૂર ફાયદો પણ આપ ઉઠાવશો. ખોટી દોડધામ આપને શારીરિક રીતે કમજોર બનાવી શકે.

■ **આર્થિક બાબત :** શનિ મહારાજની દયાથી ઘણો ફાયદો થશે. બુદ્ધિ, કૌશલ્ય, કાર્યશૈલી દ્વારા ખૂબ આગળ વધશો. આ વર્ષે કોઈ પણ ફળની આશા વિના નિઃસ્વાર્થ ભાવે કામ કરવાની સલાહ છે. ઉત્સાહની ખરાબ અસર આપના ધંધા-વ્યવસાયમાં પણ પડી શકે છે. જેથી આપને શાંત રહી કાર્ય કરવાની સલાહ છે. સેલ્સમેન, ધર્મપ્રચારકો, ટીવી સ્ટાર્સ, રિપોર્ટર્સ, કથાકારો માટે આ વર્ષ ખૂબ સફળતા અપાવનારું રહેશે.

■ **પારિવારિક તથા વૈવાહિક જીવન :** પારિવારિક રીતે ખૂબ ખુશ રહો. પરિવારનાજનોમાં ભાઈ, દાદા, પિતાજીના આરોગ્યથી આપ થોડા ચિંતિત જણાશો. મે-જુલાઈ વચ્ચે પતિ-પત્નીના સંબંધો સુધરતા જણાશે. આપની સમજણ શક્તિ આ વર્ષે ઘણી વધી જશે. રાજકીય લોકો, ગુંડાઓ, માફિયાઓ સાથેના સારા સંબંધો આપના પરિવારજનોને યોગ્ય નહિ લાગશે. પતિ-પત્નીની ગેરસમજનો સારા લોકોની મધ્યસ્થીથી અંત આવશે.

■ **સંતાન બાબત :** નૂતન વર્ષમાં સંતાનો પર વિશ્વાસ રાખવો ખૂબ આવશ્યક છે. સંતાનો ધંધા યોગ્ય હોય તો જુલાઈથી વર્ષના અંત સુધીમાં વ્યવસ્થા કરવાના સારા યોગ છે. ઉચ્ચ અભ્યાસાર્થે જવા ઈચ્છતા સંતાનોને વિઝામાં અથવા બીજી ઘણી રીતે વિઘ્નો આવતા જણાય. નિઃસંતાન દંપતીઓ માટે આ વર્ષ ખુશીના સમાચાર લાવનાર રહેશે. અભ્યાસાર્થે બહાર રહેતા બાળકોની સંગત વિશે આપે ખાસ જાગૃત રહેવું.

■ **આરોગ્ય બાબત :** આરોગ્યને સ્વસ્થ રાખવામાં મુખ્ય ભાગ દેશી ઓસડિયાઓ, આયુર્વેદ, યોગ, પ્રાણાયામ, કસરત ભજવશે. આપના વડીલો આપના આરોગ્ય બાબતે જાગૃત રહીને આપને દેશી ઉપચારો કરાવશે. આ વર્ષમાં સર્જરીથી આપ દૂર રહેશો. જો આપ પહેલેથી ગેસ, વાત, પિત્ત, કફ જેવા રોગોથી પીડાતા હોવ તો યોગ્ય દવા લેવી. પારિવારિક ચિંતાઓની ઝાઝી અસર મગજ તથા હૃદય પર ન પડવા દેવી.

■ **નોકરી-ધંધા બાબત :** આપના વ્યવસાય ક્ષેત્રે ઘણા સમયની મહેનતનું ફળ મેળવતા હોય એ સમાન મોટી સફળતા પ્રાપ્ત કરશો. નોકરિયાત વર્ગને વર્ષના પ્રારંભમાં જ સુખદ સમાચારો મળે. ઘણાં વર્ષો પછી આ વર્ષે આપ ધંધામાં મોટા પ્રમાણમાં ઈન્વેસ્ટ કરી ભવિષ્યનો પ્લાન સેટ કરશો. સરકારી નોકરિયાત માટે માર્ચથી ઓગસ્ટ વચ્ચે લાંચરૂશ્વતમાં કે અન્ય કોઈ બાબતમાં આપ ફસાઈ ન જાવ તેનો ખ્યાલ રાખવો.

■ **સ્ત્રીઓ માટે :** આ વર્ષની શરૂઆતમાં ભેટ-સોગાદો મળતા ખૂબ પ્રસન્ન રહેશો. પતિ, ભાઈ, પિતા દ્વારા સોના-ચાંદી, ગાડી, ઘર વગેરે ભેટ સ્વરૂપે પ્રાપ્ત કરશો. આપના ગુણોનો મહિમા આપના પરિવારજનોમાં ગવાતો રહેશે. પતિ-પત્નીના થોડા ઝઘડા ગેરસમજના કારણે થશે, પરંતુ સમય જતાં સારા લોકોના સલાહ-સમજૂતી દ્વારા સમાધાન થશે. એપ્રિલથી જૂનની વચ્ચે પ્રેમસંબંધોમાં તિરાડ આવી શકે છે.

■ **યાત્રા-પ્રવાસ :** આપ દર વર્ષની જેમ આ વર્ષે પણ નાના-મોટા ઘણા પ્રવાસો કરશો. પ્રવાસ દરમિયાન નવા લોકોને મળવાથી આપના સારા સ્વભાવ દ્વારા આપ એમને પણ સારા મિત્રો બનાવશો. આપના અટવાયેલા વિઝાના પ્રશ્નો થાળે પડશે. પ્રવાસ દરમિયાન આરોગ્ય પણ સાથ આપશે. વ્યવસાયિક પ્રવાસોમાં પણ ઘણો ફાયદો મેળવશો. હવાઈ મુસાફરી દરમિયાન કાળજી રાખવી.

■ **વિદ્યાર્થીઓ માટે :** આપનાં માતા-પિતાએ જોયેલા સપનાંઓ આપ પૂરા કરશો. સાયન્સના વિદ્યાર્થીઓ ધાર્યું પરિણામ મેળવશે. રાજ્ય દ્વારા કે કેન્દ્ર દ્વારા સન્માનીત થવાના યોગો છે. જૂન માસથી વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પોતાનો ખર્ચ જાતે ઉપાડતા થઈ જશે. વિદ્યાર્થીઓએ બહારનું ખાવામાં સાવચેતી રાખવી. ઈન્ટીરિયલ ડિઝાઈનર, ફાર્મસી, આર્કિટેક, મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે વર્ષ સારું સફળતાદાયક રહેશે.

# ભારત-સા.આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સેમીફાઈનલમાં નક્કી

## ન્યુઝીલેન્ડનું સેમિફાઇનલ રમવાનું લગભગ નક્કી : છેલ્લી લીગ મેચમાં શ્રીલંકાને 5 વિકેટથી હરાવ્યું

ન્યૂઝીલેન્ડે વર્લ્ડ કપ 2023ની સેમિફાઈનલમાં પોતાનું સ્થાન લગભગ નિશ્ચિત કરી લીધું છે. ટીમે ગુરુવારે તેની છેલ્લી લીગ મેચમાં શ્રીલંકાને 5 વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે ન્યૂઝીલેન્ડના તમામ લીગ મેચ બાદ પોઈન્ટ ટેબલમાં 10 પોઈન્ટ થઈ ગયા છે. જ્યારે શ્રીલંકા છેલ્લી લીગ મેચ હાર્યા બાદ 4 પોઈન્ટ સાથે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. આઈસીસી વન-ડે વર્લ્ડ કપની સેમિફાઈનલમાં તેનો મુકાબલો સાઉથ આફ્રિકા સામે થશે પરંતુ ભારત સામેની સેમિફાઈનલ રમવા માટે હજુ પણ ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન એમ ત્રણ ટીમો રેસમાં છે.




## મેક્સવેલે બેવડી સદી ફટકારી બાજી પલટી, ઓસ્ટ્રેલિયાને વિજય અપાવ્યો

વર્લ્ડકપ-2023ની 39મે મેચમાં ગ્લેન મેક્સવેલની બેવડી સદીના કારણે ઓસ્ટ્રેલિયા હારતા-હારતા બચ્યું છે. એક સમયે ઓસ્ટ્રેલિયાની 91 રનમાં 7 વિકેટ પડી ગઈ હતી, જોકે ગ્લેન મેક્સવેલે 128 બોલમાં 21 ફોર અને 10 સિક્સ ફટકારી 201 રન કરતા ઓસ્ટ્રેલિયાનો ભવ્ય વિજય થયો છે. અફઘાનિસ્તાના 50 ઓવરમાં 5 વિકેટે 291 રનના જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમે 7 વિકેટે 293 રન ફટકારી જીત મેળવી છે. ઓસ્ટ્રેલિયાને જીત અપાવવામાં ગ્લેન મેક્સવેલે સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. મેક્સવેલે અફઘાનિસ્તાન સામે 157.03ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા અણનમ 201 રન બનાવ્યા હતા. આ સાથે તેણે 40 વર્ષ જૂના કપિલ દેવના રેકોર્ડને તોડી દીધો છે. કપિલ દેવે ODI World Cup 1983માં ઝિમ્બાબ્વે સામે રન ચેઝ કરતા અણનમ 175 રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાન સામે મેક્સવેલે 21 ચોગ્ગા અને 10 છગ્ગા ફટકાર્યા હતા

### સંક્ષિપ્ત સમાચાર

- ઓસ્ટ્રેલિયા સામે અફઘાની બેટ્સમેન ઈબ્રાહીમ ઝાદરાને શાનદાર સદી ફટકારી
- કુસલ પરેરાએ ન્યુઝીલેન્ડ સામે 28 બોલ પર 2 છગ્ગા અને 9 ચોગ્ગાની મદદથી 51 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે માત્ર 22 બોલમાં ફિફ્ટી ફટકારી દીધી હતી.
- ટ્રેન્ટ બોલ્ટે ત્રણ વિકેટ ઝડપી લેતા વર્લ્ડ કપમાં પોતાની 50 વિકેટ પણ પૂરી કરી લીધી છે.
- ઈંગ્લેન્ડ અને નેધરલેન્ડ્સ વચ્ચે રમાયેલી મેચમાં બેન સ્ટોક્સે સદી ફટકારી ઈતિહાસ રચી દીધો હતો. સ્ટોક્સ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 10 હજારથી વધુ રન બનાવનાર અને 100થી વધુ વિકેટ લેનાર પ્રથમ ઈંગ્લીશ ખેલાડી બની ગયો છે.
- ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી મેચમાં ઈબ્રાહીમ ઝાદરાને શાનદાર સદી ફટકારી છે. તે અફઘાનિસ્તાન માટે ODI World Cupમાં સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયો છે.



## 146 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર બન્યું આવું, ટાઈમ આઉટ થયો એન્જેલો મૈથ્યૂઝ

શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં World Cupની 38મી મેચ રમાઈ રહી છે. આ મેચ દરમિયાન કંઈક એવું બન્યું જે ક્રિકેટના 146 વર્ષના ઈતિહાસમાં ક્યારેય બન્યું ન હતું. શ્રીલંકાના ઓલરાઉન્ડર એન્જેલો મૈથ્યૂઝને ટાઈમ આઉટ આપવામાં આવ્યો હતો. આજ સુધી કોઈપણ બેટ્સમેનને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આ રીતે આઉટ આપવામાં આવ્યો નહોતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલ શ્રીલંકાના બેટ્સમેન સદીરા સમરવિક્રમાના આઉટ થયા બાદ એન્જેલો મૈથ્યૂઝ બેટિંગ કરવા આવ્યો હતો. પરંતુ મૈથ્યૂઝનો હેલ્મેટ ઠીક ન હતો, તેને પહેરવામાં મૈથ્યૂઝને સમસ્યા થઈ રહી હતી. જે પછી તેણે પવેલિયનથી બીજો હેલ્મેટ લાવવાનો ઈશારો કર્યો. પરંતુ આ દરમિયાન બાંગ્લાદેશના કેપ્ટન શાકિબ અલ હસને મૈથ્યૂઝ સામે ટાઈમ આઉટની અપીલ કરી હતી. શાકિબની અપીલ બાદ અમ્પાયર મૈથ્યૂઝ પાસે ગયા અને તેને પાછા જવા માટે કહ્યું હતું.

### કોહલીએ સદી ફટકારી સચિનના 49 સદીના રેકોર્ડની બરાબરી કરી



કોલકાતાઃ ભારતના રન મશીન વિરાટ કોહલીએ રવિવારે દક્ષિણ આફ્રિકાની ટીમ સામે અણનમ સદી ફટકારી પોતાની વન-ડે કેરિયરની 49મી સદી પૂરી કરી હતી. તેણે કોલકાતાના ઇડન ગાર્ડન પર એક યાદગાર ઈનિંગ દર્શાવી હતી. કોહલીએ રવિવારે પોતાના 35મા જન્મદિવસ પર જ સદી ફટકારીને સૌથી વધારે વન-ડે સદી ફટકારવાના સચિન તેંડુલકરના 49 સદીના રેકોર્ડની બરાબરી કરી લીધી હતી. વિરાટે 277મી ઈનિંગમાં જ આ સિદ્ધિ હાંસલ કરી લીધી છે. કોહલીએ દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં 49મી ઓવરમાં જ 49મી સદી પૂરી કરી હતી.

## ICC ODI રેન્કિંગ ગિલે બાબરને, સિરાજે શાહીન આફ્રિદીને પછાડ્યો

**દુબઈ**

ભારતીય ટીમ વર્લ્ડ કપ 2023માં શાનદાર ફોર્મમાં છે અને અત્યાર સુધીના તમામ મેચ જીતીને સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે જેમાં ટીમના તમામ ખેલાડીઓનું યોગદાન મહત્વનું છે ત્યારે આજે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ વનડે બેટ્સમેન અને બોલરની નવી રેન્કિંગ જાહેર કરી છે જેમાં ભારતીય ખેલાડીઓએ બેટિંગ અને બોલરની રેન્કિંગમાં પાકિસ્તાનને પાછળ રાખીને ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. બેટિંગમાં શુભમન ગિલ અને બોલરમાં મોહમ્મદ




સિરાજે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ભારતીય ટીમનો યુવા બેટ્સમેન અને ઓપનર શુભમન ગિલ આઈસીસી દ્વારા જાહેર કરવામાં આવેલી નવી વનડે બેટ્સમેનની રેન્કિંગમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે. તેણે પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમને પાછળ રાખીને નંબર વનનું સ્થાન મેળવ્યું છે. જો કે બંને બેટ્સમેન વચ્ચે નવા રેન્કિંગમાં રેટિંગ પોઈન્ટનો તફાવત ખુબ જ ઓછો છે. બાબર આઝમના 824 પોઈન્ટ છે જ્યારે શુભમન ગિલના 830 રેટિંગ પોઈન્ટ છે.

ભારતના ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે આઈસીસીની નવી વનડે બોલરોની રેન્કિંગમાં પણ પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેણે શાહીન શાહ આફ્રિદી પાસેથી નંબર 1 બોલરનું સિંહાસન છીનવી લીધું છે. બીજા સ્થાને સાઉથ આફ્રિકાના કેશવ મહારાજ છે. નવા રેટિંગમાં સિરાજને 709 પોઈન્ટ છે અને મહારાજને 694 પોઈન્ટ છે.

### સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પંજાબ પ્રથમ વખત ચેમ્પિયન બન્યું




મોહાલી : મનદીપસિંહના નેતૃત્વમાં પંજાબની ટીમ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની ફાઈનલમાં બરોડાને 20 રનથી હરાવીને પ્રથમ વખત ચેમ્પિયન બન્યું હતું. પંજાબ અગાઉ ચાર વખત ફાઈનલમાં પહોંચ્યું હતું પરંતુ ત્યારેય ટાઈટલ જીતી શક્યું નહોતું. મેચમાં બંને ટીમે 200નો આંકડો પાર કર્યો હતો અને મેચમાં કુલ 426 રન બન્યા હતા. પંજાબનો અનમોલપ્રીત સિંધ પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો જેણે 61 બોલમાં 113 રનની ઈનિંગ રમી હતી. પ્લેયર ઓફ ધ મેચ બનેલા પંજાબના અભિષેક શર્માએ કુલ 485 રન બનાવવા ઉપરાંત બે વિકેટ પણ ઝડપી હતી. પંજાબે ચાર વિકેટે 223 રન બનાવ્યા હતા. જેની સામે બરોડે સાત વિકેટે 203 રન બનાવી શક્યું હતું. અર્શદીપે પોતાની ચાર ઓવરમાં માત્ર 23 રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. તેણે નાખેલી 19મી ઓવર મેચનો ટર્નિંગ પોઈન્ટ બન્યો હતો.

## અફઘાનિસ્તાને ચેમ્પિયન્સ ટ્રોફી માટે કર્યું ક્વોલિફાઈ

**અમદાવાદ**

અફઘાનિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ટક્કર થશે. અફઘાનિસ્તાનની ટીમ હાલ ODI World Cup 2023માં શાનદાર પ્રદર્શન કરી રહી છે. તેણે છેલ્લી ત્રણ મેચમાં જીત મેળવી છે. પરંતુ આજે ઓસ્ટ્રેલિયા સામે જીતવું તેના માટે અઘરું રહેશે. અફઘાનિસ્તાને ODI World Cup 2023માં શાનદાર પ્રદર્શન કરી ઈતિહાસ રચી દીધું છે. તે પ્રથમ વખત ICC Champions Trophy 2025 માટે ક્વાલિફાઈ થયું છે. અફઘાનિસ્તાન વર્ષ 2025માં રમાનાર ICC Champions Trophyનો ભાગ બનશે. બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે ગઈકાલે દિલ્હીમાં રમાયેલી મેચમાં બાંગ્લાદેશે શ્રીલંકાને 3 વિકેટથી હરાવ્યું હતું. શ્રીલંકાની હાર સાથે જ અફઘાનિસ્તાનની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ક્વાલિફાઈ થઈ હતી.

## પાકિસ્તાન બોર્ડે ઇન્ઝમામનું રાજીનામું સ્વીકાર્યું લીધું

**ઈસ્લામાબાદ**

ઈન્ઝમામ-ઉલ-હકે તાજેતરમાં પાકિસ્તાન ક્રિકેટ ટીમના મુખ્ય પસંદગીકાર પદ પરથી રાજીનામું આપ્યું હતું. હવે PCB એ પણ તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે. આવી સ્થિતિમાં સૌથી મોટો સવાલ એ છે કે ઈન્ઝમામ બાદ મુખ્ય પસંદગીકાર પદની જવાબદારી કોને આપવામાં આવશે. ઈન્ઝમામે 30 ઓક્ટોબરે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું, ત્યારબાદ આ પદ હજુ પણ ખાલી છે. વર્લ્ડકપ દરમિયાન ચીફ સિલેક્ટરનું પદ ખાલી રાખવું પણ પાકિસ્તાન ટીમ માટે નુકસાનકારક છે, આવી સ્થિતિમાં PCB જલ્દી જ આ પદની જવાબદારી કોઈને સોંપી શકે છે. ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટર અબ્દુલ રઝાકે તાજેતરમાં જ PCBને એક દિગ્ગજ ક્રિકેટરનું નામ સૂચવ્યું હતું. અબ્દુલ રઝાકે આ ઓલરાઉન્ડર ખેલાડી શાહિદ આફ્રિદીનું નામ સૂચવ્યું અને કહ્યું કે તે મુખ્ય પસંદગીકાર માટે શ્રેષ્ઠ રહેશે.

# મનના અંધકારને દૂર કરવાનું પર્વ દીપાવલી

દીપાવલી એ હિન્દુ ધર્મનો મોટામાં મોટો તહેવાર છે. મહાકવિ કાલીદાસે ભારતના લોકોને ઉત્સવપ્રિય કહ્યા છે. ભગવાન શ્રીરામ રાવણ સામેનું યુદ્ધ જીતીને અયોધ્યા પધાર્યા ત્યારે તેમને વધાવવા આખી અયોધ્યા નગરીએ દીવડાં પ્રગટાવ્યાં હતાં. તે પરંપરાની યાદમાં ભારતીયો દીપાવલીના દિવસે પોતાના ઘરના આંગણામાં દીવડાં પ્રગટાવે છે. જૈનોના તીર્થંકર મહાવીર સ્વામી આજના દિવસે જ નિર્વાણ પામ્યા હતા. સ્વામી રામકૃષ્ણ પરમહંસનો જન્મદિવસ અને જળસમાધિ આજના દિવસે જ થયાં હતાં. શીખોના ધર્મગુરુ હરગોવિંદજી અને પરાક્રમી રાજા વિક્રમાદિત્યે પણ દીપાવલીના દિવસે જ વિજયપર્વ મનાવ્યું હતું.

દીપાવલીનો દિવસ લક્ષ્મીપૂજનનો દિવસ છે. સમુદ્રમંથન દરમિયાન જે 14 રત્નો સમુદ્રમાંથી બહાર નીકળ્યાં તેમાંથી સહુથી વિશિષ્ટ રત્ન લક્ષ્મીજી હતાં. આ અનુપમ સુંદરી, સુવર્ણમયી, તિમિરહારિણી, વરદાત્રી, પ્રસન્નવદના, શુભ્રા અને ક્ષમાશીલ એવાં આ અનુપમા લક્ષ્મીજીને ભગવાન વિષ્ણુએ પોતાનાં અર્ધાંગિની રૂપે સ્વીકાર્યાં હતાં. આ પ્રકાશમયી દેવીએ અમાવસ્યાની રાત્રે જ ઘટાટોપ અંધકારને પોતાના પ્રકાશપુંજથી ચીરીને સમુદ્રમાંથી પ્રગટ થઈને સમગ્ર વાતાવરણને જ્યોતિર્મય બનાવી દીધું હતું. અમાવસ્યાની કાળી રાત્રે જ આપણે પ્રતિવર્ષ સમગ્ર વાતાવરણને દીવડાંઓથી પ્રજ્વલિત કરીને મા મહાલક્ષ્મીનું સ્વાગત અને પૂજન કરીએ છીએ. આ પાવન દિવસે આંબા અને અશોક વૃક્ષનાં



પાંદડાંઓનું તોરણ બનાવી તેને ઘરના મુખ્ય દ્વાર પર લટકાવવાથી ધનધાન્યની વૃદ્ધિ, વંશવૃદ્ધિ તથા મનની શાંતિ પ્રાપ્ત થાય છે. લક્ષ્મીજી શુક્ર ગ્રહનાં કિરણોથી આકૃષ્ઠ થાય છે. પૂજન કરતી વખતે નવી સ્યાહીનો ઉપયોગ કરવો જરૂરી છે. ચાદર ઈત્યાદિ વસ્ત્રો શ્વેત હોવાં જોઈએ.

દીપાવલી એ પ્રકાશપર્વ છે. દીપાવલી એ પ્રકાશનો તહેવાર છે. દીપાવલીના દિવસે ઘેર ઘેર દીવડાં પ્રગટાવવામાં આવે છે. ત્યારે એ વાત સમજી લેવાની જરૂર છે કે દીપાવલી એ આપણી આસપાસની માત્ર ભૌતિક દુનિયાના જ અંધકારને દૂર કરવાનું નહીં પરંતુ આપણા મનની ભીતર રહેલા અજ્ઞાનતાના અંધકારને દૂર કરવાનું પર્વ છે. દીપકને જીવનની પરંપરા અને `તમસો મા જ્યોતિર્ગમય'ને આકાંક્ષાઓનો આધાર માનવામાં આવે છે. હિંદુ ધર્મશાસ્ત્રો અનુસાર જે નવ પ્રકારની પૂજા-અર્ચનાનું વિધાન છે તેમાં દીપપૂજા અને દીપદાનને શ્રેષ્ઠ માનવામાં આવ્યાં છે. દીવડાં પ્રગટાવવાનું એક આગવું મહત્ત્વ છે. દીપક તન અને મન એમ બેઉ પ્રકારના અંધકારને દૂર કરે છે. દીપક માત્ર અંધકારને જ દૂર કરે છે તેવું નથી પરંતુ તે અંધકાર સામે લડવાની પ્રેરણા પણ આપે છે. જ્યારે સૂર્ય અને ચંદ્ર અસ્ત થઈ જાય છે ત્યારે મનુષ્ય એ અંધકારમાં માત્ર આ અગ્નિના સહારે જ બચે છે. આ જ્ઞાનબોધ છાન્દોગ્ય ઉપનિષદમાં આપવામાં આવેલો છે. આ નાનકડો દીપક સૂર્ય, ચંદ્ર અને અગ્નિનો પ્રતિનિધિ બનીને આપણા ઘરમાં રોજ તેની દૈવી ભૂમિકા નિભાવે છે. તેનો દેહ ભલે ભૌતિક હોય પરંતુ વસ્તુતઃ તે રોશનીની જ પ્રજા છે. અહીં પ્રજાનું તાત્પર્ય સંતાનથી છે. ગામેગામ, નગર નગર તે પોતાની દેદીપ્યમાન ભૂમિકામાં અસંખ્ય દીપશીખાઓ જ રોશનીની પ્રજા છે. રોશની એક ભગવતી શક્તિ છે. રોશનીના પરિવેશમાં જ મનુષ્યની ઈચ્છા, જ્ઞાન અને ક્રિયાનો સમુચિત વિકાસ થાય છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે અંધકાર એ કપટ, અસત્ય, કુટિલતા, વ્યભિચાર અને ક્રૂરતાનું પ્રતીક છે. આ પ્રકારના અંધકારને સત્ય, અહિંસા, અપરિગ્રહ અને દાનના દીપકથી દૂર કરવાનું આ પર્વ છે.

# દિવાળી પૂજનમાં ઉપયોગી શુભ વસ્તુઓ વિશે જાણો

દેવી મહાલક્ષ્મી સંપૂર્ણ ઐશ્વર્ય, ચલ-અચલ સંપત્તિ, ધન, યશ, કીર્તિ તથા સકળ સુખ વૈભવને આપનાર સાક્ષાત્ જગત્ માતા નારાયણી છે. શ્રી ગણેશજી સમસ્ત વિઘ્નોને હરનાર, અમંગળને દૂર રાખનાર, સદ્વિદ્યા તથા બુદ્ધિના દાતા છે. કારતક માસની અમાસ અર્થાત્ દીપાવલીના દિવસે તેમની સંયુક્ત પૂજા, અર્ચના કરવાથી કુટુંબ, પરિવારમાં ધન-સંપત્તિનું સુખ ચિરકાળ સુધી જળવાઈ રહે છે

દિવાળીના દિવસે જો કોઈ પણ વ્યક્તિ પોતાના ઘરમાં વિધિપૂર્વક લક્ષ્મી-ગણેશની મૂર્તિ તથા યંત્રની મંત્રો દ્વારા સમ્યક્ પ્રાણપ્રતિષ્ઠા કરીને પૂજા કરે તો તેના જીવનમાં શ્રી મહાલક્ષ્મી તથા ગણેશજીની કૃપાથી ક્યારેય ધનનો અભાવ રહેતો નથી. દિવાળીમાં અનેક શુભ વસ્તુઓ છે જેના ઉપયોગ થકી પ્રાર્થના કરવામાં આવે તો સુખ-સૌભાગ્ય, ધન-સંપત્તિની પ્રાપ્તિ થાય છે. જેમ કે, પારદ ધાતુમાંથી બનેલી લક્ષ્મી-ગણેશની મૂર્તિઓ, શ્રીમહાલક્ષ્મી યંત્ર, સ્ફટિક શ્રી યંત્ર, કુબેર મૂર્તિ, લક્ષ્મી જપ માટે કમળગટ્ટાની માળા, લઘુ નારિયેળ, ગોમતીચક્ર, કોડી, સિંદૂર વગેરે વધારે શુભ ફળદાયી માનવામાં આવે છે. લક્ષ્મી જપ માટે ખાસ કરીને દિવાળીના દિવસે કમળગટ્ટાની માળા - સ્ફટિકની માળા વડે જપ કરવાથી શીઘ્ર મનોવાંછિત ફળ મળે છે. દિવાળીના દિવસે ધનાધ્યક્ષ કુબેર મૂર્તિનું પૂજન કરવાથી ધનપ્રાપ્તિના નવીન સ્ત્રોત ઊભા થાય છે.

**પારદ લક્ષ્મી-ગણેશ :** દિવાળીના દિવસે શુભ મુહૂર્તમાં આ બંનેની પૂજા કરવાથી વિઘ્નો અને અંતરાયોનું સંપૂર્ણ નિરાકરણ આવે છે. વ્યાપાર તથા નોકરીમાં સારી પ્રગતિ થાય છે. ઘર-પરિવારમાં સુખ-સમૃદ્ધિ, મંગળ થાય છે.

**લઘુ નારિયેળ :** લઘુ (નાનું) નારિયેળને દિવાળીના શુભ અવસર પર ભક્તિભાવથી નાડાછડી બાંધીને ધૂપ, અક્ષતથી પૂજન કરીને લક્ષ્મીજીને ચઢાવો. તેના પ્રભાવથી લક્ષ્મીજી શીઘ્ર પ્રસન્ન થાય છે અને ધન-ધાન્યનાં દ્વાર ખોલે છે.

**ગોમતીચક્ર, કોડી તથા સિંદૂર :** દિવાળીના કોઈ પણ શુભ મુહૂર્તમાં ગોમતીચક્રને શુદ્ધ ગંગાજળ, પંચામૃતથી શુદ્ધ કરીને ગંધ, અક્ષતથી પૂજન કરીને મંદિર કે પૂજાસ્થાન પર તેની સ્થાપના કરો. તેના પ્રભાવથી ઝડપથી ધનાગમન તથા બરકત રહે છે. કોડીઓને શુદ્ધ ગંગાજળથી પવિત્ર કરીને પૂજાસ્થાનમાં સ્થાપના કરો. કોડીઓનું પૂજન સ્થાપન ખૂબ જ શુભ માનવામાં આવે છે. સિંદૂર લક્ષ્મીજીને ખૂબ જ પ્રિય છે. તેને ભક્તિભાવથી લક્ષ્મીજીને અર્પણ કરો.

**મહાલક્ષ્મી યંત્ર :** મહાલક્ષ્મી યંત્રની વિધિવત્ પૂજા કરવાથી ભગવતી લક્ષ્મીની કૃપાથી અપ્રાપ્ત લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે તથા પ્રાપ્ત લક્ષ્મીનું ચિરકાળ સુધી રક્ષણ થાય છે. લક્ષ્મી ઘરમાં સ્થિર થાય તેના માટે આ યંત્રનું પૂજન કરવામાં આવે છે. લક્ષ્મીજીનો લઘુ બીજ મંત્રઃ **ૐ શ્રીં હ્રીં શ્રીં મહાલક્ષ્મ્યૈ નમઃ॥**

### કમળગટ્ટાની માળા

આ માળા લક્ષ્મીજીને સૌથી વધારે પ્રિય એવા કમળ પુષ્પના બીજમાંથી બનાવવામાં આવે છે. લક્ષ્મીજીને કમળ પ્રિય હોવાને કારણે તેમનું નામ પદ્મા, કમલા, પદ્મહસ્તા પડ્યું છે. આ માળા વડે લક્ષ્મી મંત્રનો જપ કરવાથી સાધકને શીઘ્ર મનોવાંછિત સફળતા મળે છે. મંત્રઃ **ૐ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ શ્રીં હ્રીં શ્રી ૐ મહાલક્ષ્મ્યૈ નમઃ॥**

### સ્ફટિક શ્રી યંત્ર

યંત્રરાજ શ્રી યંત્રની જેટલી પ્રસંશા કરવામાં આવે તેટલી ઓછી છે. જો તે સ્ફટિકમાંથી બનેલું હોય તો તેના મહિમામાં ઓર વધારો થાય છે. શ્રી યંત્રનાં દર્શનમાત્રથી જ મનુષ્ય ધન્ય થઈ જાય છે. આ યંત્રની પૂજા, સાધના કરવાથી સાધકની સમસ્ત મનોકામનાઓ વર્તમાન જન્મમાં જ પૂર્ણ થઈ જાય છે. ધનની સાથે યશ-કીર્તિ પણ વધે છે.

### વૈભવ ચોકી

આ ચોકી (એક પ્રકારનો પાટલો) પારદ ધાતુમાંથી બનાવેલી હોય છે, તેના ઉપરના ભાગ પર અષ્ટ લક્ષ્મીઓનાં ચિત્ર અંકિત હોય છે તથા આસન પર યંત્રરાજ શ્રી યંત્ર બનાવેલું હોય છે. તેથી આ ચોકીનું મહત્ત્વ વધી જાય છે. તેથી આ ચોકીનું મહત્ત્વ વધી જાય છે. આ ચોકી પર યંત્ર, મૂર્તિ વગેરેની સ્થાપનાથી તે હંમેશાં જાગૃત રહે છે. જેનાથી સાધકને વધારે શુભત્વની પ્રાપ્તિ થાય છે.

આ બધી શુભ વસ્તુઓનો ઉપયોગ કરીને તમે ઘર, ઓફિસ, ફેક્ટરી વગેરે જગ્યાએ પૂજન કરી શકો છો. તેના પ્રભાવથી ઘર, પરિવારમાં સુખ, સંપત્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થાય છે. ધનની બરકત થાય છે. અટવાઈ પડેલું ધન પાછું મળે છે.

# દીપાવલીમાં વાસ્તુ દ્વારા સકારાત્મક ઊર્જા મેળવો

શાસ્ત્ર કહે છે કે કલિયુગનો યુગધર્મ `શક્તિ ઉપાસના' અને શક્તિ મા ભગવતી ભવાની છે. ધનતેરસ, કાળીચૌદશ અને દિવાળી આ ત્રણ દિવસમાં શક્તિ ઉપાસના કરવામાં આવે છે. વાસ્તુ પ્રમાણે આ શક્તિ એટલે ઊર્જા જે સકારાત્મક છે અને આ શક્તિ દરેક દિશામાં અલગ અલગ છે. વાસ્તુ એવું કહે છે કે શક્તિ જ જીવન છે, શક્તિ જ ધર્મ છે, શક્તિ જ ગતિ છે, શક્તિ જ આશ્રય છે અને શક્તિ જ સર્વસ્વ છે. આ સમજીને પરમાત્મા રૂપી શક્તિને આપણે આપણા ઘર, ફેક્ટરી, ઓફિસ વગેરે જગ્યાએ સ્થાપિત કરવી. દીપાવલીના આ દિવસોની ઉપાસના આખા વર્ષ સુધી સકારાત્મક ઊર્જાથી ભરી દે છે અને સુખ, સમૃદ્ધિ અને શાંતિ આપે છે. દિવાળી પહેલાં ઘરની સાફસફાઈ કરવામાં આવે છે તો આ વખતે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખીને સફાઈ કરશો.

- ઘરના દરેક ખૂણાને વ્યવસ્થિત સાફ કરવા, ખૂણામાં રહેલા કરોળિયાનાં જાળાં વગેરે દૂર કરવા. બધી જ ઘરવપરાશની વસ્તુઓ સાફ કરીને ચોખ્ખી કરવી.
- બાથરૂમ, ટોઈલેટની અંદરની ટાઈલ્સ ખરાબ હોય અથવા ઘરની અંદર કોઈ ટાઈલ્સ તૂટેલી હોય તો બદલી નાખવી.
- આખા ઘરની અંદર પાણીમાં આખું મીઠું નાખીને પોતું કરવું. દરેક રૂમને પાણીથી ધોવા.
- તૂટેલા લેમ્પ, ખરાબ રમકડાં, તૂટેલી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, ખરાબ ફોન, મોબાઈલ વગેરેનો સંગ્રહ કરવો નહીં. નિકાલ કરી દેવો.
- ન જોઈતી ફોટોફ્રેમ, જૂનાં કપડાં, ન પહેરાતાં બૂટચંપલ કાઢી નાખવાં.
- તૂટેલા અરીસા કાઢી નાખવા. નવા અરીસા ખરીદી લેવા.
- મંદિર ઉપરથી બધો કચરો સાફ કરવો. મંદિર ઉપર અગરબત્તી, દીવા કરવા માટેનું રૂ, ધાર્મિક પુસ્તક કે ફોટો એવું કશું જ રાખવું નહીં.
- ઘરનો મુખ્ય દરવાજો તૂટેલો કે ત્રાંસો ન યોવો જોઈએ. તૂટેલો હોય તો રિપેર કરાવી લેવો.
- બારીઓના કાચ તૂટેલા હોય તો તાત્કાલિક બદલી નાખવા અને બારીઓને લાલ રંગ કરવો નહીં. જો લાલ હોય તો આઈવરી રંગ કરવો.
- પ્રવેશદ્વારની સામે ટોઈલેટ ન હોવું જોઈએ. જો હોય તો તાત્કાલિક એક પડદો કરવો.
- ઘરની અંદર બંધ પડેલી ઘડિયાળ રાખવાની નહીં અને હાથમાં પહેરવી પણ નહીં. બંધ ઘડિયાળને ચાલુ કરવી. વાસ્તુના નિયમ મુજબ ભેટ તરીકે કોઈને ઘડિયાળ આપવી કે લેવી નહીં. જો લેવી પડે એમ હોય તો સામે કંઈક પૈસા આપી દેવા.

### ઉપાયો

- કાળીચૌદશના દિવસે પશ્ચિમ દિશામાં સરસિયાના તેલનો દીવો કરવો અને બજરંગબાણનો પાઠ કરવો.
- કાળીચૌદશના દિવસે દરવાજે આસોપાલવનું તોરણ બાંધવું અને આ તોરણમાં વચ્ચે ડમરાનાં ફૂલ અથવા પાંદડાં બાંધવાં.
- દ્વારદોષ દૂર કરવા માટે દરવાજે દર્ભને બાંધવો જરૂરી છે.
- પશ્ચિમ દિશામાં મુખ કરીને હનુમાનજીની ઉપાસનાથી પશ્ચિમ દિશાનો દોષ દૂર થાય છે અને કાર્યમાં સફળતા મળે છે.
- દિવાળીના દિવસે ઘરના મુખ્ય દરવાજે બંને બાજુ કેળનાં પાન લગાડવાં અને આસોપાલવનું તોરણ બાંધવું તથા લાલ કલરના નાના લેમ્પ આખી રાત ચાલુ રાખવા.
- મુખ્ય દરવાજાની બંને બાજુ ગોળ મૂકવો. તેના પર દીવો કરવો જેથી વાસ્તુદોષ દૂર થાય.
- દિવાળીએ ચોપડાપૂજન કરતી વખતે ચોપડામાં હળદર, કેસર, કંકુના છાંટણા કરવા અને મુખ ઉત્તર કે પૂર્વ દિશામાં રાખવું.
- પૂજા કરતી વખતે પીળી અથવા લાલ ધોતી પહેરવી. આ દિવસે કાળા કલરનાં કપડાં પહેરવાં નહીં.
- શ્રી યંત્ર અથવા લક્ષ્મીધારા યંત્રનું વિધિસર પૂજન કરવાથી વાસ્તુદોષ દૂર થાય છે. માટે આ ત્રણ દિવસોમાં તેનું અચૂક પૂજન કરવું.
- આ દિવસોમાં વાસ્તુદેવનું પૂજન કરવું અને ઈશાન ખૂણામાં લાડુનો નૈવેદ્ય ધરાવવાથી ઈશાન દોષમાં રાહત મળે છે.
- પૂર્વનો દોષ દૂર કરવા ઈન્દ્રાવતી યંત્રને આ દિવસોમાં સિદ્ધ કરાવવું અને તેને પૂર્વની દીવાલ ઉપર લગાડવું. યોગ્ય બ્રાહ્મણ અથવા જાણકાર વ્યક્તિ પાસે સિદ્ધ કરાવવું.
